ૐ

સંસાર તરવાનું સાધન.

રચનાર

ખંડુભાઇ પરાગજી દેસાઇ.

થાણદાર અને ફ. ક. મેજીસ્ટ્રેટ.

ઝઘડીઆ-સ્વસ્થાન

રાજપીપળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

રાણજી ખંડુભાઈ દેસાઈ. બી. એ.

સંવત ૧૯૬૭ ના જેઠ સુદ ૯.

ને વાર સોમ.

સને—૧૯૧૧.

કીંમત રૂ ૦—૧૦—૦

ધી ‘ફોર્ટ’ પ્રીન્ટીંગ પ્રેસમાં ગણપતરાવ રામાજીરાવ સીંધે
છાપ્યું છે.



ચોપાઈ.

આરાધો પ્રથમ ગણપતિ
કરો પ્રેમે શંકરની ભક્તિ
છોડી પ્રવૃત્તિ રાખો નિવૃત્તિ
તો, સહેજે મળશે જગપતિ.

(સાખી)

રમણીક આ સંસાર છે,
મણી રત્નથી ભરપુર.
નરદેહી ઉત્તમ મળ્યો,
મનવા ભમણુ કર દુર.
નિર્મળ કર આ મન તણું
ભાગે મનની ભૂખ.
ઇશ્વરને રાખ હૃદયમાં,
તરી સંસાર પામે સુખ.

अर्पण पत्रिका.

અહો ! જેણે સાત દિવસ અને રાત દૃઢ શ્રદ્ધા રાખી તારૂં પૂજન કર્યું, એવા ભક્તરાજ નરસીંહ મહેતાને, માત્ર સાત દિવસની ટુંક મુદતમાં, દર્શન આપી શ્રી કૃષ્ણ પરમાત્માની રાસ લીલા દેખાડી; ઋષિ માર્કન્ડનું બારમે વર્ષે મૃત્યુ હતું, જેણે તારી અપૂર્વ ભક્તિ કરી તેથી તેના કાળને દુર કર્યો અને તેમને દીર્ઘાયુષિ બનાવ્યા; એજ પ્રમાણે દૃઢ શ્રદ્ધા રાખી જેઓએ તારી ભક્તિ કરી તેઓનો તેં ઉદ્ધાર કર્યો. યોગીનાં વેશમાં આવીને, આ રંક સેવકને દર્શન આપવાથી આ અસાર સંસારમાંથી તારવાવાળું આ સાધન તૈયાર થયું, એવા મહાકૃપાળુ, ઉદ્ધાર કરનાર, ઓ શંકર પરમાત્મા ! તારી પ્રેરણાથી બનેલું આ નાનું સરખું પુસ્તક તને ઘણા પ્રેમ પૂર્વક અર્પણ કરૂં છું. તથાસ્તુ.

લી૦ દીન સેવક,

ખંડુભાઈ પરામજી ના સાષ્ટાંગ.

પ્રેમ પૂર્વક પ્રણામ.

પ્રસિધ્ધ કર્તાની પ્રસ્તાવના.

ભૂમિકા.

"પ્રેમ" એ કોઇ અલૌકીક શબ્દ છે. એ શબ્દનાં ઉચ્ચારણ-થીજ હૃદયમાં શાન્તીનું ભાન થાય છે; અંતઃકરણમાં આસુરી વૃત્તિ લુપ્ત પડી રહી જાણે શુદ્ધ સાત્વિક વૃત્તિનું સામ્રાજ્ય વ્યાપી જાય તે પણ શાન્ત પડી ગયું હોય એવો તત્ક્ષણ અનુભવ થાય છે. કારણ સ્પષ્ટ છે. "પ્રેમ" એજ પરમાત્માનું સ્વરૂપ છે. એવા અલૌકીક શબ્દોનોજ જેનો મહિમા છે એવો પ્રેમ પ્રાપ્ત કરવા આપણાં શાસ્ત્રો બોધે છે; અને એજ વસ્તુ પ્રાપ્ત કરવાથી મનુષ્ય ધર્મ અર્થ કામ અને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે, એ સિદ્ધ વાર્તા છે. દરેક મનુષ્યનાં હૃદયમાં તેમનાં માત પિતા તરફથી એ પ્રેમનું બીજ રોપાય છે, અને એ મા બાપોમાં જેટલે અંશે પ્રેમની વૃદ્ધિ હોય તેટલે અંશે તેનું પોષણ પણ થાય છે. પોતાનાં કર્તવ્યપરનાં પ્રેમને લીધેજ મનુષ્ય કર્તવ્ય પરાયણ, સત્યપર પ્રેમને લીધે સત્ય પરાયણ, ધર્મપર પ્રેમને લીધે ધર્મ પરાયણ થઇ વ્યવહારમાં ઉત્તમ ચારિત્રવાન થઇ શકે છે, અને એવા ચરિત્રથી જેણે પોતાનું અંતઃકરણ શુધ્ધ કીધું છે એવા પુરૂષોજ પોતાનાં હૃદયમાં વૃધ્ધિ પામેલા શુધ્ધ પ્રેમને વિશ્વરૂપ, સર્વજ્ઞ અને સર્વ શક્તિવાન એવા શ્રી પરમાત્મા પર રોપી પરમાર્થે પણ કૃતકૃત્ય થાય છે.

આ લેખકનાં પરમ પુજ્ય, ભક્તરાજ પિતાજી શ્રીયુત ખંડુભાઇ પરાગજી દેસાઇનાં તેનાં ઉપરનાં તેમજ તેમનાં કુટુંબ પ્રત્યેનાં અદ્ભુત પ્રેમથી પ્રસાદ પામી આ પુસ્તક બહાર પાડવાની પ્રવૃત્તિ થઇ છે.

શ્રીયુત ખંડુભાઇએ પોતાનાં પરમાત્મા પ્રત્યેનાં પ્રેમથી ઉત્પન્ન થઇ જે જે ગદ્ય લખેલું તેમજ જે જે પદ્ય બનાવેલાં તેજ આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે. શ્રીયુત ખંડુભાઇ ગુજરાતી ભાષાના સાક્ષર ન હોવાથી ભાષામાં કાંઇ ખામી હોય એવું વાંચકવૃંદને જણાય તો તે દરગુજર કરવા લેખકની વીનંતી છે. પરમાત્માનાં પ્રસાદથી જે વાણી નીકળેલી તેનેજ કાંઇ પણ સુધારા વધારા વગર આ ચોપડીમાં દાખલ કીધી છે. પ્રસ્તાવના પણ તેમનાં હાથનીજ લખાયેલી છે એટલે તેમનો હેતુ સ્પષ્ટ થશે તેથી તે બાબતમાં વધુ વિવેચનની જરૂર નથી. કેટલાક ભાગોમાં પુનરોક્તિ પણ દેખાશે પણ તે વાંચકવર્ગને મગજમાં વધારે ઠસાવવાનાં હેતુથી છે એમ માની તેઓ તેનો યોગ્ય સત્કાર કરશે એવી આશા છે.

આવાં પુસ્તકો ફક્ત વાંચવાથીજ કાંઇ ફળની પ્રાપ્તી થતી નથી પરંતુ તે વાંચી તેમાંથી સાર ગ્રહણ કરી તેને આચારમાં મુકવાથીજ થાય છે. માટે આ પુસ્તક વાંચી તેમાં સમાયલી ભાવનાનું મનન કરી આર્યબંધુમાંથી કોઇપણ ચારિત્રવાન થઇ પોતાનું જીવન ઉન્નત કરશે તો હું મારો શ્રમ સફળ થયલો માનીશ.

સંવત ૧૯૮૭ ના
જેઠ સુદ ૯ ને સોમવાર.
પોપટવાડી,
ગીરગામ-મુંબઇ.

લી૦
દયાળજી ખંડુભાઇ દેસાઇ.

ગ્રંથ કર્તાની.

પ્રસ્તાવના.

દરેક માણસ આપણા સનાતન ધર્મનાં સઘળાં પુસ્તકો વાંચી શકતા નથી; અને તે સઘળાં પુસ્તકો વાંચવાનો વખત પણ મળી શકતો નથી. કેટલાએક વાંચી શકે તેવા છે પરંતુ તેમાં સંસ્કૃત વિગેરે ભારે શબ્દો હોવાથી ફક્ત ગુજરાતી ભણેલા તેનો લાભ લઈ શકતા નથી.

કેટલાંએક પુરાણમાં વિદ્વાનોનાં મતભેદ હોવાથી, આ ખરૂં કે તે ખરૂં, એવા સંશયને લીધે, ગુંચવાડામાં પડે છે, અને પોતાની જીંદગી નકામી ગુમાવે છે. તેમજ તેવાં વધારે પુસ્તકો વાંચી મતભેદ હોવાથી કંટાળે છે, અને ખરૂં શું છે તે સમજી શકતા નથી.

ભાગવત્, ગીતા, મહાભારત, યોગવશીષ્ઠ વગેરે પુસ્તકો જોવાથી માલમ પડશે કે, દરેક મનુષ્યે નીતિ ધર્મને અનુસરીને સાચી પરમાત્માને મળવાની શુભ ઇચ્છા રાખી છેવટ પોતાનું રૂપ પરમાત્મામાં જોડી દેવું એજ મોક્ષ; અને તે મેળવવો એજ આપણાં શાસ્ત્રનો હેતુ છે.

મનુષ્યને ચૈતન્ય જ્ઞાનની ઉત્તમ બક્ષીશ મળેલી છે. બીજા પશુ વિગેરે જડ પ્રાણીઓને પ્રારબ્ધ પ્રમાણે ભોગવવું પડે છે. મનુષ્ય દેહમાંજ મોક્ષ મેળવી શકાય છે. તેથી દરેક મનુષ્યે તે મેળવવાનો પ્રયત્ન કરવોજ જોઈએ.

મનુષ્યો પોતાનાં પાપકર્મો ભક્તિથી બાળી શકે છે અને ઉપરાંત પરમાત્માને મળી શકે છે. મીરાંબાઇ, નરસીંહ મહેતા, તુકારામ બાબા, સુરદાસ, સુદામા વીગેરે ભક્તોનાં ચરીત્રો જોવાથી સમજાશે.

કેટલાંક પુસ્તકો લાંબાં હોવાથી સાધારણ માણસો તેનું તત્વ સમજી શકતા નથી, અને ગોથાં ખાધા કરે છે, ને પોતાની જીંદગી એળે ગુમાવે છે ને સાર્થક કરી શકતા નથી.

આપણા શાસ્ત્રનો હેતુ સહેલથી પાર પડે, ઘણાં વિદ્વાનો તેમજ સાધારણ ભણેલા માણસો પણ તેનો લાભ લઇ શકે, એવા હેતુથી આ ટુંકું અને ન્હાનું સરખું પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં પહેલાં પગથીઆંથી અનુક્રમ લીધા છે; જેમકે નિશાળમાં પ્રથમ એકડેએકથી ભણવાનું શરૂ કરે તોજ ઉપરાંત સાતમાં ધોરણ સુધી જઇ શકે; તેમ પહેલે પગથીએથી ક્રમવાર દરેક મનુષ્ય અભ્યાસ કરે તો છેવટના પગથીએ પહોંચી સીદ્ધિ મેળવી શકે. જો મનુષ્ય અનુક્રમ છોડી એકદમ કુદકો મારશે તે ભરાટ-ગીના ફેરામાં અટવાયા કરશે-ને પત્તો લાગશે નહીં એ ખચીત સમજવું.

એકંદર સાત પગથીઆં છે:-(૧) બાહીર કર્મ. (૨) મનને જીતવું. (૩) માયામાંથી મુક્ત થવું. (૪) અહંકારમાંથી મુક્ત થવું. (૫) જ્ઞાન માર્ગ. (૬) જીવન મુક્ત. અને (૭) મોક્ષ.

સાતમાં પગથીઆમાં કાંઇ કરવાનું રહેતું નથી. દરેક મનુષ્યે અનુક્રમે છઠ્ઠાં પગથીઆં સુધી ચઢવાનું છે. એટલે સાતમું (મોક્ષ) એની મેળે પ્રાપ્ત થશે.

જ્ઞાન માર્ગમાં બે ભાગ કર્યા છે, તેમાં પહેલા ભાગમાં પરમાત્માનાં ગુણાદિક છે. બીજા ભાગમાં સંસારમાં શું જોયું, સંસાર કેવો છે, પણ પ્રાર્થના વગેરેનો સમાસ થાય છે.

દરેક ભજનમાં નીતિ, ધર્મ, પરમાત્માના ગુણાદિક, મનને ઉપદેશ, વૈરાગ્ય વગેરે સંસાર તરવાનું રહસ્ય સમાવ્યું છે.

આ નાનાં સરખાં પુસ્તકમાં પ્રેમ ભક્તિનાં હૃદયનાં ઉભરા જે નીકળ્યા તે દાખલ કર્યા છે.

આ લેખક હમેશાં શંકરની ભક્તિ પચ્ચીશ વર્ષ થયાં કરે છે. દરમ્યાન ગયે વરસ એક મહાત્મા બાવા ઘેર આગળ આવી દર્શન આપી ગયા. ત્યાર પછી હૃદયમાં કાંઇક ચમત્કારિક ફેરફાર થયો અને તેને લીધે સંવત ૧૯૬૫ ના અધિક શ્રાવણનાં શુક્લ પક્ષમાં માત્ર એક ભજન બન્યું. ત્યાર પછી સર્વ ભજનો જ્યારે મન એકાગ્ર થતું ત્યારે એકાએક એની મેળે આવતાં. જે વખત ઉભરો આવતો હતો તે વખત તે ભજનો કાગળનાં કકડાપર લખવામાં આવતાં હતાં, પછી તેનાં શબ્દોમાં ઉલટ સુલટ સુધારો કરવા જેવો હોય તે કરી ચોપડીમાં દાખલ કરવામાં આવતાં હતાં.

મારી ભલામણ છે કે દરેક માણસે બહુ મનન કરી, હૃદયમાં પરમાત્માનું રૂપ ધારણ કરી, તે સાથે દરેક ભજન મેળવી, ખરા પ્રેમથી તે ગાવા, કે જેથી તે પરમાત્માને મેળવી શકે.

આપણાં સનાતન શાસ્ત્રમાં એવું તત્ત્વ છે કે નીતિ ધર્મથી ચાલવું, સત્કર્મ કરવાં. અને પરમાત્માની પ્રેમભક્તિ કરવી:— આ પુસ્તકમાં પણ તેજ મતલબ છે. અને જો એનો કોઇ વખત

પણ ચીત્ત દઈને મનન કરશો, અને તેજ પ્રમાણે વર્તન રાખશો તો મોક્ષ મેળવી શકશો.

ભગવાન ભક્ત વત્સલ છે. ભક્તિ નવ પ્રકારની ગણાય છે; તેમાંની કીર્તન—પ્રેમ—ભક્તિથી પરમાત્માને બહુ જલદીથી મેળવી શકાય છે. અને આ પુસ્તકમાં તેમને મેળવવાનાં સઘળા પ્રેમનાં ઉભરા છે. માટે હે વાંચકો! દરેક જણ પ્રેમ આણી ભક્તિ કરો કે જેથી તમારી ઉમેદ પાર પડે.

કર્મ પ્રમાણે વાસના બંધાય છે, અને વાસના પ્રમાણે લિંગ દેહ બંધાય છે, તેથી બીજી ગમે તે યોનિમાં જન્મ લેવો પડે, માટે આ મનુષ્ય દેહ એળે જવા દેશો નહી. મનુષ્ય દેહમાંજ જીવનુ મોક્ષ મેળવી શકશો. માટે આ પુસ્તકનાં વિવેચન તથા કીર્તનો ઉપર દૃઢ શ્રદ્ધા રાખી લક્ષ આપો અને વાંચેલું વર્તનમાં મુકો એવી દરેક ભાઈઓ તથા બેનોને વિનંતી છે. તથાસ્તુ!

ઝમડીયા.
અંકલેશ્વર—પર્વને
સંવત ૧૯૬૬.

લી૦ સેવક.
બાપુભાઈ પરાગજી દેસાઈ.

અનુક્રમણીકા.

પગથીઉં પહેલું.

પાનું.

પગથીઉં બીજું.

પગથીઉં ત્રીજું.

પચવીશમું.

પગથીઉં ૧ લું.

બહિર કર્મ સ્થૂળ દેહ.

વિવેચન.

જેમ આપણને રહેવાને ઘર છે, તેમ જીવને રહેવાને સ્થૂળ દેહ છે. ઘરને બહારથી જેમ આપણે ચુના વિગેરેથી રીપેર કરાવીએ છીએ દરસાલ છાપરૂં દુરસ્ત રાખીએ છીએ, કચરો કાઢી નંખાવીએ છીએ અને તેથી બહારના ડાઘ ધોવાઇ જાય છે, એટલુંજ નહીં પણ તે ઘર એ પ્રમાણે રીપેર કરવાથી તેમાં સુખથી આપણી જીંદગી ખતમ કરીએ છીએ તેજ પ્રમાણે કર્મથી બંધાએલો આપણો સ્થૂળ દેહમાં જીવ છે. તેને સત્કર્મ કરવા સારૂં એ સ્થૂળને હમેશાં નાહી ધોઇ ભસ્મ અને કેશર ચંદન લગાવી સાફ રાખવું જોઇએ. આ સ્થૂળની મદદથી જીવ સત્કર્મ કરી પોતે કર્મમાંથી મુક્ત થઇ કર્મ રહીત બની જીવનો શીવ થાય છે, એટલે પરમાત્માને મળે છે જેને મોક્ષ કહે છે. સૌથી ઉત્તમ મનુષ્ય દેહછે. મનુષ્ય પ્રાણીમાં ઇશ્વરે જ્ઞાનની બક્ષીસ આપેલી છે. બીજાં જડ પ્રાણી છે તે કર્મ પ્રમાણે પ્રારબ્ધ ભોગવનારાં છે. મનુષ્યમાં બુદ્ધિ છે તેથી તેને લીધે મનુષ્ય દેહમાં પૂર્વનાં સંસ્કાર નબળા હોય તો તે પણ ભક્તિથી બાળી શકે છે, અને સારાસારનો વિચાર કરી શકે છે અને તેથી ચાલુ જીંદગીમાં પણ સત્કર્મ કરવા ધારે તો કરી શકે છે. કહ્યું

છે કે "સંસારમાં સરસો રહે મન મારી પાસ" આ વાક્ય શ્રી કૃષ્ણચંદ્રે અર્જુનને સમજાવ્યું છે. તેજ પ્રમાણે મનુષ્યે સંસારમાં રહીને કરવાનું છે. આપણા શાસ્ત્રમાં ચાર આશ્રમ બતાવ્યાં છે—બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ, અને સંન્યસ્ત—એ આશ્રમો ખોટાં નથી. હાલનાં જમાનામાં મનુષ્યનું સો વર્ષનું આયુષ્ય ગણાય છે. પ્રથમ ચોવીસ વર્ષ બ્રહ્મચર્ય પાળવું, ત્યાર પછી ચોવીસ વર્ષ ગૃહસ્થાશ્રમ, પછી ચોવીસ વર્ષ વાનપ્રસ્થ, છેવટ સંન્યસ્ત. હાલમાં બ્રાહ્મણ વિગેરે લોકોમાં પાંચ કે આઠ સાત વર્ષના છોકરાઓને ઉપવિત ધારણ કરાવે છે, જેનામાં ગાયત્રી મંત્ર એટલે શું તેનું પણ ભાન હોતું નથી, ગુરૂ-ઉપદેશ એટલે શું તે પણ તે સમજતા નથી; આજકાલ ઉપવિત ધારણ કરવાની તથા દરસાલ બળેવ પર ઉપવિત બદલવાની ક્રિયા ચાલે છે. અરે! તેતો એક તમાસા જેવી છે. ધારો કે પહેરનારા તો અજ્ઞાન છે, પણ પહેરાવનારાં વિદ્વાનમાં ગણાવે છે. તો પછી તેમણે ધર્મના કાર્યમાં શા માટે ટુંકાણમાં પતાવવું જોઈએ! પરંતુ તે લોકો એવું ધારે છે કે એક દીવસમાં દશ ઘેર ઉપવિત પહેરાવ્યાં હોય તો દશ ગણી દક્ષણા મળે અને એક ઘેર જે સઘળો વખત ગુમાવીએ તો કમી દક્ષણા મળે. અરે મારા બ્રાહ્મણ બંધુ! કેટલાક બ્રાહ્મણો તો દક્ષણાની લાલચમાં સંધ્યાવંદન, નાંહાવું ઉંચું મુકી કપાળે ભસ્મ ચંદન લગાવી મળસ્કે ઉઠી સાંજ સુધી ઘર ગણતા ફરે છે, અને પૈસાની લાલચને લીધે ક્રિયા વીગેરે કરાવવાનું નષ્ટ પામ્યું છે, પૂર્વેનાં બ્રહ્મદેવો યોગ્ય ક્રિયા કરાવતા હતા, ત્યારે શું તે લોકોને દ્રવ્ય મળતું નહોતું? ના, હાલનાં કરતાં વિશેષ મળતું હતું અને દરેક પ્રજા તેમનાં માન જાળવતી હતી. પરંતુ

હાલતો ભેળ થાવાય બીજું કાંઇ દેખાતું નથી; અને તે ભેળથી એવા વિદ્વાનોની કીંમત મનમાં હલકી પડતી ગઇ છે.

ચોવીસ વર્ષ બ્રહ્મચર્ય પાળવામાં આવ્યાથી અને ત્યારબાદ ગૃહસ્થાશ્રમમાં દાખલ થવાથી, પ્રજા કદાવર અને નિરોગી ઉત્પન્ન થાય છે; અને તેવી પ્રજા ધારે તે કરી શકેજ. પરંતુ હાલ બાળ લગ્નને લીધે પ્રજા ઓછા આયુષ્ય વાળી અને કમજોર ઉત્પન્ન થતી દેખાય છે. આ ચોવીશ વર્ષનું બ્રહ્મચર્ય પાળવા ઉપર ધ્યાન નહીં આપો તો, આખરે નાનાં છોકરાં ચીથરાંના ઢીંગલા અને ઢીંગલી રમવા સારૂ બનાવે છે તેવી પ્રજા થશે. માટે મારા આત્મ બંધુઓ! તે ઉપર ખાસ લક્ષ આપો. આ સંસાર તરવામાં પણ બ્રહ્મચર્ય વ્રત પહેલ્લેજ દરેકે પાળવાનું છે. કેમકે બ્રહ્મચર્ય પાળ-વાથી તમારૂં સ્થૂળ નિરોગી ને સ્વચ્છ રહેશે, અને તેવા સ્થૂળની મદદથી જીવ દુષ્ટ કર્મમાંથી મોકળો થઇ સત્કર્મ કરવાને ભાગ્ય-શાળી થશે.

જે લોકોએ વાનપ્રસ્થ પછી સન્યસ્ત ધારણ કર્યું છે, તે સન્યા-સીઓતો મહાત્મા હોવા જોઇએ—તે તો મુક્તદશા કહો કે જીવન મુક્ત કહો તે દશાએ પહોંચેલા હોવા જોઇએ. અને તેવી દશાવાળાજ સન્યાસી ગણાય. હાલ તો તેવા સન્યાસી ભાગ્યેજ દેખાય છે.

સંસારમાં કેટલાક મહેનતથી કંટાળીને, તથા કેટલાક દેવાદારો થવાથી, અને કેટલાકને કન્યા નહીં મળવાથી સંસાર-માંથી નાસી જાય છે, પછી ભગવાં પહેરીને માથું મુંડાવી નાંખી મંદિરોની ખાલી જગ્યા ઢુંઢતા ફરે છે. અરે! પૂર્વે દરેક ગામમાં આપણાં ઋષી મહાત્માઓએ ઓંકારજીના મંદિરો તથા શીવનાં દહેરાં

બંધાવેલાં હજુ ચાલુ છે. કારણ કે ત્યાંના રહેનાર મનુષ્યો પોતાના વ્યવહારીક ધંધામાંથી વખત મેળવી, અગર નવરાશ મળે ત્યારે, ત્યાં જઇ આપણું શાસ્ત્ર મંદીરનાં મહન્તો પાસે સાંભળતા હતા. અને તે મહન્તો તો વિદ્વાન હતા, કથા વીગેરે કરી લોકોને ધર્મનું રહસ્ય સમજાવતા હતા; અને તેથી કેટલાક મનુષ્ય પ્રાણી આ અસાર સંસાર તરી પણ જતા હતા; અને તે વખતનાં મહાત્મપુરૂષો-ઓએ તે મંદીરનાં નિભાવાર્થે તે વખતના રાજ્ય કર્તાઓ પાસે, માફી જમીન, રોકડ હક વીગેરે કરાવી આપ્યાં હતાં તે હજુ ચાલે છે; પરંતુ તે સંસ્થાઓ હાલતો જુદા રૂપમાં ફેરવાઇ ગયલી જણાય છે; અને સંસાર તરવાનું તો બાજુએ રહ્યું પણ તેતો સંસારમાં ડુબાવનારી થઇ પડી છે. આગળ કહી ગયા તેમ બોતેર વર્ષ પછી સન્યસ્ત ધારણ કરવાનો નિયમ છે, તે પણ બાજુએ રહયો અને હાલના જુવાનીઆ કામ ધંધો કરવામાં આળસુ બનવાથી અગર બૈરી છોકરાં મરી જવાથી તથા બીજી રામડી કરવાની લાલચોથી ત્યાગી બની, જુવાન વયમાં ભગવાં પહેરી, મંદીરોમાં દાખલ થતા જણાય છે, અને રામડીઓ કરે છે; વળી બાર કર્મ કરનારી કર્મ બધ્ધ થયલી વિધવાઓને ઓરત તરીકે રાખી મંદીરોમાં મહાલે છે, પછી છોકરાં થાય છે, તેનાં લગ્ન કરવાં, બંગલા કરવા, એવા મોટા મોટા ખરચો કરવામાં દોરાયા છે; અને દેવસ્થાનનાં અંગની જમીન ગીરે મુકે છે. અને દેવનાં શણગાર અને વાઘા વસ્ત્ર કરાવવાનાં તો બાજુએ રહયાં, પણ તે દેવી તેનાં નાણાં પોતાનાં જીવનમાં વાપરવા લાગ્યા છે, અને સંસ્થાની પાયમાલી કરી દીધી છે. મારા બીરાદરો! હાલના એ મહન્તોની સભાઓમાં કૃપા કરી ભરાશો નહીં; ને ભરાઓ તો આપણ-

થાઓ. ઉપર ચઢવાનો તમારો બીલકુલ વારો આવશે નહીં. જે માણસો સંસારી છતાં ભગવાં પહેરી સંસાર ત્યાગ કરે છે તેઓ તો ચોરાશીનાં ફેરામાં વારંવાર પડે છે, અને કાંઇપણ સાર્થક કરી શકતા નથી. સંસારમાં રહી સંસાર પરથી આસક્તિ ઉઠાવી જનક વિદેહિની પેઠે સંસારનો ભોગ, નીતિને રસ્તે રહી ભોગવવાનો છે, અને મનની વૃત્તિ ભગવાન પદમાં જોડી દેવાની છે. જનકે પણ તેજ પ્રમાણે કર્યું હતું. પોતે રાજ્યને ભગવાનની સોંપેલી ગુમાસ્તાગીરી માનતો હતો, અને છેવટે ભગવાનને હીસાબ આપવાનો છે એમ સમજતો હતો, તે પ્રમાણે સમજી સંસારમાં વિરક્ત રહી પરમાત્મામાં પોતાનું મન જોડી, સંસાર વ્યવહાર અને રાજ્ય ચલાવતો હતો. છોકરાં તથા ઓરત કુટુંબબંધને લીધે આવી મળે છે કોઇ કોઇનું કોઇ નથી, તેમાંથી કોઇ જાય તો આપણે ઘેરી શકતા નથી તેમ આપણો દેહ પડશે તો આપણને કોઇ અટકાવી રાખવાને સમર્થ નથી. તો પછી જે કર્તા હર્તા છે, જેને વેદ અને છ શાસ્ત્રોએ તથા ભગવદ્ગિતાએ પરિબ્રહ્મ નિરંજન નિરાકાર માન્યો છે, તેને મળવા સંસારમાંથી આસક્તિ ઉઠાવી દેવા મહેનત કરો, નહીં તો જન્માને વળી જન્મો, સંસારનો રચેલ કર્મ પ્રમાણે વારંવાર જન્મ લઇને ભોગવવો પડશે. એમાં કાંઇ સાર જણાતો નથી. મનુષ્યદેહ વારે વારે આવતો નથી; અને મનુષ્ય દેહ શીવાય કાંઇપણ સત્કર્મ કરી સાર્થક કરી શકતા નથી. માટે ભાઇઓ, આ મનુષ્ય દેહ કે જે ઉત્તમમાં ઉત્તમ છે, તેને એળે જવા દેશો નહીં, અને પગથીઆંવાર આ ગ્રંથમાં ચઢવાનો સરળ માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચઢશો તો છેવટ પરમાત્માને મળી શકશો.

૧

ભાગવતમાં પુનરપિ જન્મ લેવા પડે છે એવું બતાવ્યું છે તે તદ્દન ખરું છે કેમકે સૃષ્ટીમાં જોઈએ છીએ તો કોઇ શ્રીમંત છે, અને કોઈ કંગાળ છે. ત્યારે પૂર્વેનાં કર્મ પ્રમાણે એ પુતળાં ગોઠવાયાં છે. આ બ્રહ્માંડમાં આપણને ઘણું શીખવાનું મળે છે. પરંતુ દરેક ચીજ નિહાળી તેનું નીરિક્ષણ કરશો તોજ તમને સ્હેજ સમજાશે. આ તો બહીર કર્મનું વિવેચન છે. તેથી વળી આગળનાં પગથીઆંમાં વિશેષ સમજાશે. હવે મુળ સ્થૂળ દેહપર વિચાર કરો.

સ્થૂળ કાચી કાયા છે. માટીનાં ઘડા જેવી છે. અગર કાચનાં વાસણ જેવી કહીએતો તે ખોટું નથી. એ કાયા ક્ષણિક છે, ક્યારે પડશે તેનો ભરોસો નથી. કેટલાક અજ્ઞાનો સંસારનાં વીષયોમાં મચી રહી, આ કાયા તો જાણે પડવાનીજ નથી, ને ઘડપણમાં ભક્તિ કરીશું એવું માની બેઠા છે. પરંતુ સેંકડો જુવાનો કાળનાં મોંમાં દરરોજ ગરક થાય છે, તે નજરે જોવા છતાં તે ઉપર વિચાર નહીં કરતાં વીષયનાં મોહમાં લપટાયલા રહે છે. પણ ભાઈઓ, તમો જગતનું બંધારણ, તથા જગતનાં બનાવોનું નિરિક્ષણ કરવાને જરા તસ્દી લ્યો. આપણાં સનાતન ધર્મનાં પુસ્તકો વાંચો, તેમાંથી અતિશયોક્તિ બાદ કરી તત્વજ્ઞાન તમારા મનમાં ઠસાવો, પછી શુદ્ધ બુદ્ધિથી વિચાર કરી જુઓ, એટલે સમજાશે કે કાયાનો એક પળ પણ ભરોસો રાખી શકાય તેવી નથી; વળી આ સ્થૂળ પડયા પછી પાછો મનુષ્યદેહ આવશે એવો પણ ભરોસો નથી; તો પછી જે પળ ગુમાવીએ છીએ તેવી પળ ફરી મળશે નહીં, માટે નીતિને રસ્તે રહી સંસારનો વેષ ભજવો, અને ભક્તિ કરીને પરમાત્મામાં લગ્ની લગાવી લો, કે આત્માનું કલ્યાણ થાય. ક્ષણભંગુર કાયાનો તમે બીલકુલ ભરોસો રાખો નહીં. શું મનુષ્ય

ભક્તિ અને વ્યવહાર એ બંને સાથે કરી શકતો નથી એમ તમે માનો છો? એ માટે તો આપણા સનાતન પુસ્તકોમાં હજારો દાખલા છે અને તે સઘળા લખવા જઈશું તો વાંચનારને કંટાળો આવે. અને ટુંકમાં સંસાર તરવાનું તત્ત્વ સમજાવવા આ લેખકની ઇચ્છા છે તે પુર્ણ થાય નહીં, માટે ટુંકમાં બયાન કરવામાં આવે છે.

પ્રથમતો સુર્ય ઉગતાં પહેલાં નિંદ્રામાંથી ઉઠવાની ટેવ પાડો, મળમુત્ર ત્યાગ કરો, દંત ધાવન કરો પછી સ્વચ્છ પાણીથી નાહી લ્યો, અંગે તથા કપાળે ભસ્મ લગાવો, કેસર ચંદન લગાવો. આ પ્રમાણે જો નહીં કરશો તો શરીર ઉપર મેલ ચઢશે, તેથી ત્વચાનાં રોગો થશે, અને તે રોગનાં દુખાવા ઉપર વૃત્તિ ખેંચાશે, એટલે સંસારીક વ્યવહારોમાંથી ટળશો, અને વળી પરમાત્મા ઉપર પણ વૃત્તિ ચોંટશે નહીં. ધારોકે સ્થુળ સાફ નહીં રાખવાથી ને મેલ ચઢવાથી એક ગુમડું થયું, તેનો દુખાવો થશે એટલે વૃત્તિ તેનાપર ચોંટેલી રહેશે અને આખો દીવસ અને રાત કંટાળામાં કાઢશો, કેમકે દુખાવાને લીધે રાત્રે ઉંઘ આવશે નહીં. અને ઉંઘ ન આવવાથી, શરીરનાં અંદરનાં ભાગમાં પણ વીકાર થશે, પછી તે વીકારથી દેહ પણ પડશે, પછી નહીં સંસારનું સચવાશે અને નહીં પરમાત્માનું સચવાશે. માટે જરા મનન કરો, ઉંડા ઉતરો, એટલે સ્થુળ દેહનું ઉપયોગી છે, અને તે સ્વચ્છ રાખવું જોઇએ એ તમને સહેજ સમજાશે. માટે વિચાર કરો, મનને બુદ્ધિથી સમજાવી નકી કરો અને પહેલું પગથીઉં બહુ ઉત્સાહથી ગ્રહણ કરો. જો તમે પહેલું પગથીઉં દ્રઢ નિશ્ચયથી પકડશો તો ભવિષ્યમાં પરમાત્માને મળવાની સીડીનાં પગથીઓમાં

અનુક્રમે ચઢવાને તમને બહુ ઉત્સાહ આવશે, અને તેથી આ મનુષ્ય દેહમાંજ ઝપાટા બંધ ચઢી શકશો. કાંઈક અધુરૂં રહેશે તો કરેલું કાંઈ જતું નથી, એ નીયમ પ્રમાણે વખતે જન્મ લેવો પડે તો તે બહુ સારી જગ્યાએ જન્મ થશે, અને ત્યાં તમને આગળ ચઢવાનાં સારા સંજોગો પણ આવી મળશે, એવો ઇશ્વરનો સાધારણ નિયમ છે. આપણા પુનરપી જન્મોનાં જમા ખર્ચનું ઇશ્વરને ત્યાં ખાતું છે. જેવાં કર્મ તે પ્રમાણે જમા ખર્ચ થયા કરે છે. તેને લક્ષ ચોરાશી માન્યા છે, તેમાં આપણે અટવાયા કરીએ છીએ, માટે ભાઈઓ, એ ફેરા ટાળવો હોય ત્યારે તો ભગવાનને મેળવવાની સીડીનું આ પહેલું પગથીઉં છે, માટે લાંબા ટુંકા વિચાર અને સંકલ્પને પાણીચું આપો અને ટુંકમાં સમજી લઈ શરૂઆત કરી દો, અને જમા ખર્ચનું ખાતું—એટલે કર્મનું કરજ પતાવી ખાતું બંધ કરાવી દો.

અરે આતો હજુ શરૂઆત છે. પણ આગળનાં વિષયો મનન કરશો અને તમારા હૃદયમાં પ્રેમનો અંકુર ઇશ્વરની મહેરબાનીથી જ્યારે ફુટશે ત્યારે એવી મઝા પડશે કે હંમેશાં આનંદ, આનંદ અને આનંદનો ધોધ ઉભરાઇ જશે. પણ ભાઈઓ પહેલાં પગથીઆં ઉપર પગ મુક્યા શીવાય આગળ ચઢી શકાતું નથી, માટે હસતે હૈડે શ્રદ્ધા રાખી આ પગથીઆં ઉપર ચઢો. અને આ પગથીઆં ઉપર બરાબર મુસ્તપણે તમારા પગ ઠરે, ત્યારે બીજા પગથીઆં ઉપર પગ મુકજો. વળી પગથીઆં અનુક્રમે ચઢજો, અને આળસ મરડી નહીં પડો તેની કાળજી રાખજો. બીજાં પગથીઆમાં તમારૂં મન બરોબર દૃઢ કરી, અને ત્યારે ત્રીજું પગથીઉં

જ્યારે, ભાઈ શું પુછ્યું ! અરે બીજું પગથીઉં મનો નિગ્રહ—મન જીતવાનું છે. જેણે મન જીત્યું તે શું નહીં કરી શકે ! હવે બીજા પગથીઆંની હકીકત તો તેમાં આવશે આ પગથીઆમાં જે કરવાનું છે તે કરો, વખત ગુમાવો નહીં. ઊંઘશો કદી ઉંઘવું નહીં, ખોરાક સાત્વીક અને સહેલથી પાચન થાય તેવો લો. અરે કેટલાક ગ્રંથોમાં એજ વાત લખી છે, અને આ સંસાર તરવાની બાબત સ્થુળને કાયમ ગુમવાની બાબત સાથે ઘણુ સંબંધ ધરાવે છે.

આ પહેલાં પગથીઆંનાં વિવેચન નીચે કીર્તન દાખલ કરવામાં આવશે, તે એકામ ચીત્તે દરેક કીર્તનની દરેક લીટી મનન કરી બારીકીથી તે ઉપર લક્ષ આપજો. તેમાંથી તમને આ સ્થૂળ ક્ષણીક છે અને ભરોસા મુકવાને પાત્ર નથી તે તુરત સમજાશે, અરે કાન ઉંઘડી જશે અને જાણે ઉંઘમાંથી ઉઠ્યા હોય તેમ લાગશે. એટલે વીષયરૂપી જંગલમાં સપડાયેલા છો તેમાંથી કાંઈક ભાન થશે, અને લાગશે કે આ કાયા ક્ષણભંગુર છે, અને ભેટ પરમાત્માને મળ્યા શીવાય આપણો નીકાલ આવશે નહીં. માટે જ્યાં સુધી આ સ્થૂળ છે ત્યાં સુધીમાં આટોપી લ્યો. કેમ જાણ્યું કે ફરી મનુષ્ય દેહ આવશે ! માટે મારા બીરાદરો, આ આવેલી તક ગુમાવશો નહીં.

સવારમાં વહેલા ઉઠી મળમુત્ર ત્યાગ કરી નહાવા પીવાથી આળસ તો કાંઈ જાણે ક્યાં પલાયનમ: કરી જાય છે. આળસ જેનામાં દાખલ થયું તે કાંઈ પણ કરી શકતો નથી. માટે તે આળસરૂપી દુશ્મનને નમસ્કાર કરજો. જો બરાબર રીતે કાળજીપુર્વક આ પહેલું પગથીઉં તમે સિદ્ધ કરશો તો હું નથી ધારતો કે આળસ તમારી પાસે આવવાની હીંમત કરી શકે.

જેમ ઘરને બહારથી રીપેર કરીએ છીએ તેમ શરીરને અંદરથી પણ કચરો વિગેરે કાઢી નાંખી સાફ કરવું જોઈએ. અંદરનો કચરો સાફ થયો બાદ સ્થૂળરૂપી ઘર તદ્દન સ્વચ્છ થશે, સંધ્યા વંદન કરવાથી અંદરનો કચરો સાફ થાય છે. બીજું પગથીઆમાં તમને સમજાશે. હમણાં તો આ સંસારમાં ધારીને જોઈએ તો ઘણા મનુષ્ય પ્રાણીઓ પગથીઆં બહાર દેખાય છે, અને સંસારનાં મોહમાં સપડાઈને પગથીઆં ઉપર ચઢવાની કાંઈપણ ઇચ્છા કરતા જણાતા નથી, અને જેમ સુવર્ણ સરખી દીવાની જ્યોત ઉપર મોહીને પતંગો પોતાનો જીવ ગુમાવે છે તેવી સ્થિતિ પગથીઆં બહારનાં મનુષ્ય પ્રાણીઓની થતી જણાય છે, પગથીએ ચઢનારા કોઈ કોઈ વિરલા ક્વચિતજ ગણ્યા ગાંઠ્યા નજરે માલુમ પડે છે.

ગૃહસ્થો, મારા પ્રીય આત્મબંધુઓ, મારા સ્નેહીઓ, હું વારંવાર હાથ જોડીને, અને કાલાવાલા કરીને કહું છું કે, તમે દૃઢ શ્રદ્ધા રાખી પરમાત્માને મેળવવાનો સંકલ્પ કરો. આ નાના સરખાં પુસ્તકમાં બતાવેલી પ્રસ્તાવના લક્ષપૂર્વક ધ્યાન દઈને વાંચો, અંતઃકરણમાં તેને દૃઢપણે રહેવાની જગ્યા આપો, તેમજ પહેલી સાખીનાં અર્થ ઉપર પણ લક્ષ આપો. બાદ તમને બહુ ગમ્મત પડશે. આપણાં સનાતન ધર્મનાં લાંબાં લાંબાં પુસ્તકો વાંચવાનો તમને કંટાળો આવતો હશે, તે પણ બહુ વાંચવાની ખટપટ મટી જશે, અને તે પુસ્તકોમાં પણ કીર્તન-પ્રેમ-ભક્તિથી પરમાત્મા જલદી મેળવી શકાય એજ રહસ્ય સમાયલું છે, અને તે ખરૂં છે. આપણા ઋષી મહાત્માઓ, વિદ્વાનો તેમજ ભક્ત લોકો બુમ પાડી પાડીને કહી ગયા છે કે તમે પ્રેમ ભક્તિથી કાલાવાલા કરી પ્રભુને મેળવવાને પ્રયત્ન કરશો તોજ જલદી મેળવી શકશો.

વાચકો તમોએ કોઈ દીવસ એવું સાંભળ્યું નહીં હોય કે અમુક વેદીઓ કે અમુક શાસ્ત્રી ભગવાનને મળી શક્યો છે; એમાંથી તો કોઈકજ પહોંચ્યો હશે, તેઓને વિદ્વતાનો અહંકાર ચઢ્યો હોય છે. અહંકાર બહુ વિચીત્ર છે, તેનું વર્ણન ચોથાં પગથીઆમાં આવશે. પરંતુ આ પહેલું પગથીઉં-શરૂઆત છે, અને તે ઉપર ચઢવાને મનુષ્યને દૃઢ શ્રદ્ધા થવી જોઇએ; માટેજ ટુંકાણમાં સાર લખવામાં આવે છે. ચાલો મુળ વાતપર આવો. વેદીઓ વેદ ભણ્યો એટલે મારા જેવો કોઈ વેદ જાણનાર નથી એવો તેને અહંકાર થાય છે, શાસ્ત્રીને પણ એવોજ અહંકાર થાયછે; અને એવો અભ્યાસ કરીને ઘણે ભાગે તેમનો હેતુ પૈસા મેળવવાનોજ હોય છે. પરંતુ તે લોકો જો મનો વૃત્તિ સાધ્ય કરતા હોય, યોગવશિષ્ઠમાં બતાવેલા ઉદાહરણો મનન કરી સઘળાને આત્મબંધુ માની અહંકારને તિલાંજલી આપતા હોય, તો અજ્ઞાની કરતાં એવા વિદ્વાનો પરમાત્માને બહુ જલદીથી પ્રાપ્ત કરી શકે. એટલી વાત તો ચોક્કસ છે કે નરસીંહ મહેતા, તુકારામ બાવા, દામાજીપંથ, કબીર ભક્ત, રોહીદાસ વિગેરે ભક્તો પ્રેમ ભક્તિથીજ પરમાત્માને જલદી મેળવી શક્યા છે. તેમ આ પ્રેમ ભક્તિનો વિષય છે, આ ઘણું લંબાણ વાંચવાથી વખતે વાચકોને થાક લાગશે, અને આ લેખકનો વિચારનો તત્વજ્ઞાન બહુ ટુંકાણમાં સમજાવવાનો છે. વળી આગળ પણ વાંચવાને તસ્દી લેવી પડશે. માટે મારા આત્મબંધુઓ પૈકી જેઓ પગથીઆં બહાર વિષયોની જાળમાં લપટાઇ રહ્યા છે તેવા આત્મબંધુઓ! ઉંઘમાંથી જાગો. આવો અમુલ્ય તક ફરી મળશે નહીં, માટે આડા તેડા વિચાર બાજુએ મુકી આ પગથીઆં ઉપર એકદમ ચઢો એવી આ લેખકની આગ્રહપૂર્વક વિનંતી છે.

પગથીઉં પહેલું

કીર્તનો.

દેહ શુદ્ધિ.

કીર્તન ૧ લું.

રાગ-ધનાશ્રી.

જીવડા તારી સ્થૂળ દેહ સંભાળ,
જેથી આવે ન કર્મ ને આળ. (જીવડા)
પ્રાતઃકાળે મળમુત્રને ત્યાગી,
દંતધાવન કર મુખદ્વાર. (જીવડા)
નાહી ધોઈ અંગે ભસ્મ લગાવી,
કપાળે કેસર ચંદન ધાર. (જીવડા)
એ પ્રમાણે શુદ્ધ દેહ કરીને,
તારા અંતઃકરણમાં ઉતાર (જીવડા)
દાસ કહે, ઓ પ્રભુજી મારા,
સ્થૂળ દેહનો ધર્મ સુધાર. (જીવડા)

કીર્તન ૨ જું.

[રાગ-પીલુ.

કીચડ સરખી કાયા તારી
રહ્યો શું મૂરખ મોહી ભારી.
ચેત ચેત અલ્યા માહુલ પ્રાણી
નહીં આખર એ રહેનારી. (કીચડ)

હાડ માંસની પુતળી નિહાળી
બાંધી આંખે અચળ અંધારી,
રાત દીવસ રહ્યો તેમાં મોહી
માન્યું સંસાર એ તારનારી. (કીચડ)

કાચી કાયાનો વિચાર ન કીધો
લીધી, ક્ષણિક અમર ધારી.
જડપણનું તેં ભાન ન રાખ્યું
બન્યો તું મહાંધ અવિચારી. (કીચડ)

મનુષ્ય દેહને એળે ગુમાવ્યો
બાંધી કર્મનાં ભારની ભારી,
ચૈતન્ય તારૂં ધુળમાં દટાયું
કાઢ્યું નહીં તેં પ્રયત્ન કરી. (કીચડ)

કર પ્રયત્ન સંસાર તરવા,
નહીં ચુકીશ પળ તું પ્યારી.
દાસના પ્રભુને પાયે પડીને,
માગ માગી તું પારંવારી. (કીચડ)

કીર્તન ૩ જું.

રાગ—ગઝલનો.

કાચી પ્રભુ આ માટીની કાયા,
તેના પર લાગી છે માયા.
ફુટતાં વાર નહીં લાગે,
મટોડાનો કુંભ જેમ ભાગે;
રહ્યો મોહી રાતને દહાડો,
બન્યો રૂપ જોઈ બહુ ગાંડો. (કાચી)

નથી ભાન દેહી પડવાનું,
માન્યું સૌ કાયમ રહેવાનું;
બંધ કર્મનાં બાંધતો ચાલ્યો,
પુનર્જન્મનો વિચાર ન લાવ્યો. (કાચી)

ભોગવશે તું નર્કનો ભારો,
આવે નહીં મનુષ્યનો વારો;
તરવાની પળજો ખોવાશે,
પાછળથી જરૂર પસ્તાશે. (કાચી)

હવે દુષ્ટ કર્મ તજી તારાં,
બાંધને સત્કર્મનાં ભારા;
હવે પ્રભુ પદને ભજને,
કલ્યાણ તું આત્માનું કરને. (કાચી)

કીર્તન ૪ થું

રાગ–લાવણી.

રે મન તું પ્રભુ પ્રાર્થના વાચે,
તારી કાયાવાડી પાવે છે કાચે. (૧)

છે ગંદી દેહનો આ પાડવો,
તેનાં ઉપર મોહી શું રાચે;
જોઇ તન શું મલકાય છે,
અરે નથી રહેવાનું સાચે. (૨)

કર વિચાર તું બાળ દેહીનો,
દીસે ફેરફાર કેટલો આંચે;
રંગ જોઇ શું મોહી રહ્યો છે,
તન મુકાઇ બેસી જશે કાચે. (૩)

અરે કાળનાં મુખમાં સૌ દીસે,
મુરખ તન જોઈ શું નાચે;
ભંગુર થતાં નહીં વાર તેને,
ભરોસો નહીં પળનો વાચે. (૪)

બે, ભજી કૃષ્ણ ગીરિવરધારી,
આવે નહીં કો દિ તને આંચે;
દાસ પ્રભુનું ધ્યાન ધરીએ,
છે પરપોટો તનનો કાચે. (૫

કીર્તન ૫ મું.

ફુટતાં ન લાગે વાર
પ્રભુજી ફુટતાં ન લાગે વાર.
છે પરપોટો પાણીનો પ્રભુ
ફુટતાં ન લાગે વાર.
તેનાં પર શું મોહી રહ્યા છે;
બન્યો તું લોભા ગમાર.
જોઇ કાયા શું મગ્ન થાય છે
નથી તેમાં કાંઇ સાર. (ફુટતાં)

દીઠી પ્રાણીની કાયા સ્મશાને
બળતી વાર હજાર;
પણ તારાથી મોહ ન છુટયો,
રહ્યો બની તું નાચાર. (ફુટતાં)

આસક્તિ જ્યારે ટળશે તારી,
થશે ભાન હૃદયે પાર;
પરમાત્મા એક ચિત્તે ભજો,
થશે તારો ઉદ્ધાર. (ફુટતાં)

કાયા તારી કારમી છે કાચી,
છે વસમો આ સંસાર;
ઝટ પ્રભુને પાયે પડો તો,
ઉતરશે બેડો પાર. (ફુટતાં)

કીર્તન ૬ ઠું.

રાગ-લાવણીનો.

કાયા કુંભ છે પરપોટા પાણી
થશે આખર ધુળધાણી. (કાયા)

જેમ કાયા તેમાં મસ્ત થયો તું
દેખાય છે પામર પ્રાણી,
ગઇ ફુંકાઇ ઘણી કાયા એવી,
નથી રહી કાંઇ એંધાણી. (કાયા)

કુંભ ઘડ્યો છે માટીનો તારો
ફુટે જેમ કાચની બરણી
શું ભંગુર કાયા કાયમ જાણી
પડશે તૂટી એ ધરણી. (કાયા.).

લીધાં પ્રાણીઓને ઝડપી કાળે,
નથી મળી તેની નીસાણી.
કુટાયો અજ્ઞાનતામાં ભરોસે,
કાળની ગતિ ન પીછાણી. (કાયા.)

છાને ભોળી મોહ કાચી કાયાનો,
માન એ નથી રહેવાની;
દાસનાં પ્રભુની મહેર માગો,
ટાળશે ફેરા દયા આણી. (કાયા.)

કીર્તન ૭ મું.

રાગ—લાવણી.

કાયર થઇને ક્યાં તું ભાગે
શું પ્રભુનો ડર લાગે છે? (કાયર.)

અંધારામાં સઘળું ગુમાવ્યું,
પાપ ક્લેશ નવ ધુવે છે.
કડવું નામ પ્રભુનું લાગે,
નામ સાંભળતાં નાસે છે. (કાયર.)

તારા જેવો મૂર્ખ ન જોયો,
સદ્વસ્તુને વગોવે છે.
માયામાં તું ખરે સપડાયો,
મનુષ્ય દેહ ગુમાવે છે. (કાયર.)

મેંસ ચઢી છે કાળજે જોને,
ચક્ષુ તારાં નહીં જુએ છે.
નીચ યોનિમાં આવ્યો જ્યારે,
કર્મ ચંડાળ તું દીસે છે. (કાયર.)

સમજ અરે તું મૂઢ પ્રાણી,
શાદને શિર દુખાવે છે.
મેળવને તું દાસનો પ્રભુ,
સંકટો સઘળાં ટાળે છે. (કાયર.)

કીર્તન ૮ મું.

રાગ—આશાગોડી

પ્રભુ દેખાય છે મનુષ્ય વેષ,
અંતે જાવું પડશે પરદેશ. (પ્રભુ)

મનનાં માન્યાં તે ભોગવી લીધાં,
તોએ ધરાયો નહીં લવલેશ;
કાચી કાયાનો વિચાર ન કીધો,
લીધું માની રહેશેરે હંમેશ. (પ્રભુ)

થયો પણ જડ બુદ્ધિને વશ,
ઘણી ચઢી છે અંતરમાં મેશ.
કાળ ચક્રમાં ગયા ઘણા ખપી
ગરીબ તવંગરને નરેશ. (પ્રભુ)

કર ભક્તિનું ધારણ કરવત
નાંખ ઘસી અંતરનો કલેશ;
હૃદય નિર્મળ કરી દેને તારૂં
ધરી લેને વૈરાગનો વેષ. (પ્રભુ)

રે છે દીનનો પ્રભુ દયાવંત
રહેશે હૃદયમાં હર હંમેશ;
દાસ મુકીદે મનનો કલેશ
રાખી લેને અંતરે પરમેશ. (પ્રભુ)

કીર્તન ૯ મું.

રાગ–પીલુ.

પંચ તત્વનું પુતળું બનાવ્યું
મેળવ્યાં રસ પાણીને આહાર.
પડશે કાયા ભુમીપર જ્યારે
જશે તત્વો ઉડીને બહાર. (પંચ)

કર્મનાં તાંતણે બંધાયા જીવો
મોહી રહ્યા છે વારંવાર.
નથી રહેવાની કાયા તાહારી
નહીં સમજ્યો મૂઢ ગમાર. (પંચ)

ધોવાશે કાટ કર્મના સઘળા
ત્યારે તુટશે બંધનાં તાર.
ધરી ધ્યાન કાચી કાયાનું જ્યારે
જશે તરી તું સંસાર પાર. (પંચ)

નહીં રાખ ભરોસો આ કાયાનો,
એને જાણ તમો ફિરતાર.
ન મળે મનુષ્ય દેહમાં રામ
જરૂર પામશો નહીં પાર. (પંચ)

છે હયાત જ્યાં સુધી કારમી કાયા
ઉડાવો પ્રેમ ભક્તિ ધાર.
કહે દાસ કાયાપર ન લોભાશો
ન રાખો ભરોસો તલભાર. (પંચ)

કીર્તન ૧૦ મું.

રાગ—આશાગોડી.

(આ પીંજરા નહીં તેરા હંસ રાજા)

અરે કોઇ બતલાદો રામ મેરા
તનમેં ઉડ જાયગા પંખેરા. (અરે)

નહીં મન મેરા નહીં તન તેરા
મુરખ કાયકુ ગફલતમેં પરા. (અરે)

પંચ તત્વકા તેરા મહેલ બનાયા.
માંહિ રહત પવનકા સંચારા. (અરે)

ઉડ જાયગા જબ તેરા જીવરા,
રહે જાયગા પીંજરકા ઠઠારા. (અરે)

જલ જાયગા તેરા હાડ પીંજરા,
બન રહેગા ઉનકા રખોરા. (અરે)

માલ ખજાનાં કુછ નહીં તેરા,
કાયકુ વેઠલે રાત અંધેરા. (અરે)

ભાત, માત, તાત નહીં-તુમેરા,
કાળકુ નહીં કોઇ રોકનારા. (અરે)

ઓરત બેંન સબ સ્વાર્થકે પ્યારા,
ઇશ્વર વિનાં નહીં દુસરા તેરા. (અરે)

પ્રભુ પદકે સ્મરણ કર્યા વિનાં,
નહીં મીટે ચોર્યાસીકા ફેરા. (અરે)

કયા કે મોહકુ છોડદોને યારા,
મીટ જાયગા સબ બખેરા. (અરે)

દાસ કહે મુક્તિ ભીખાના હોજસો,
રખલો હૃદયમાં રામ પ્યારા. (અરે)

કીર્તન ૧૧ મું.

રાગ–આશાગોડી.

પ્રભુ દર્શન કરવું હોય વીરા,
નહીં ચુકીશ પલ તું પ્યારા;
કેમ જાણ્યું આવશે મનુષ્ય દેહ,
નહીં ગુમાવીશ પલ અધીરા. (પ્રભુ)

પશુ પ્રાણી સૌ જડ અજ્ઞાન,
પુરા પ્રારબ્ધ ભોગવનારા;
મનુષ્ય પ્રાણી છે ચૈતન્યવાળા,
પૂર્વ સંસ્કારનાં જાળનારા. (પ્રભુ)

આ ભકતો ઘણા મનુષ્ય પ્રાણી.
જ્ઞાન માર્ગે કર્મ કરનારા;
નીતિ ધર્મથી સત્કર્મ કરવાં,
આવે નહીં જન્મનાં વારા. (પ્રભુ)

સઘળાં ધર્મ શાસ્ત્રો એમ બોલે,
ચૂકશો નહીં પગથીઆં પ્યારા;
કર સઘળાં પગથીઆં પુરાં,
રહે નહીં કર્મ અધુરાં. (પ્રભુ)
વૈરાગ્ય મંત્ર સાધ્ય કરી જોને,
તે છે મુક્ત દશા પામનારા;
દાસ મેળવ, પ્રભુ આ દેહમાં,
નાસે ખોટી ચોરાશીનાં ફેરા. (પ્રભુ)

કીર્તન ૧૨ મું.

રાગ-ભેરવી.

અબતો હુવે રખલો રામ પ્યારા
કોઇ દીન ઉડ જાવગા પંખેરા. (અબતો)

ગઇ બોત વીતી અબ થોડી રહી,
કુછ ગયે દીન હો રહે અંધેરા.
તનકા ભરોસા નહીં રખો યારો,
દેખગા દમ કોઇ દીન જીવરા. (અબતો)

યાદ કીયા નહીં દિનદયાલકુ,
ગયે ભુલી ખટપટોમેં નમેરા.
વિષયકી ચુંગાલમેં આનંદ પાયે,
અબ નહીં મીટેગા તુમેરા ફેરા. (અબતો)

કરદો જીંદગી અર્પણ રામકુ,
કુચ હોવગા તુમેરા બહેતેરા.
પકડલે, દાસ, રામચરણકુ,
ફેરા સફલ કર દેગા તુમેરા. (અબતો)

કીર્તન ૧૩ મું.

રાગ—પીલુ.

કારમી કાયા દીસે છે તારી,
શું રહો મોહી મુરખ ભારી;

જોઈ કાયા સ્વરૂપ બળીહારી,
તેનાપર શું જાયે તું વારી. (કારમી)

કાયા તારી જાણું છે ઠગનારી,
થઇ ઘણી કાયાની ખુવારી.
જોઇ હશે તેં પાણીની વેરી,
ફરી ફરી જન્મ ધરનારી. (કારમી)

ખુટે આયુષ્ય ન રહે ઘેરી,
કેમ રહેવા છો ગાંધી અંધારી.
મુઢ ગમારો એ અમર ધારી,
અંતે બળીને ખાખ થનારી. (કારમી)

ક્ષણ ભંગુર એ કાયા ધુતારી,
દેશે દગો ન આપશે યારી:
જ્ઞાની યોગીઓએ માની અકારી,
પામી મોક્ષ ધરી દેહ ન ફરી. (કારમી)

જા તરી સંસાર પ્રયત્ન કરી,
આપશે અક્ષય સુખ હરી.
કહે દાસ બે ભજી કિરતારી,
મુકે સંસાર પાર ઉતારી. (કારમી)

બોલો શ્રી શંકર પરમાત્માકી જય !
બોલો શ્રી હુસ્નબંદે માતકી જય !
બોલો શ્રી રામચંદ્ર મહારાજકી જય !
બોલો શ્રી કૃષ્ણ પરમાત્માકી જય !

પગથીઉં બીજું.

મનની વૃત્તિ સાધ્ય કરવી.

મનો નિગ્રહ.

વિવેચન.

" મનને જીતવું " અક્ષર માત્ર છ છે જે બોલતાં જરાપણ વિલંબ લાગતો નથી, પણ જીતવાનું તો બહુ મુશ્કેલ છે. ફીકર નહીં, ગમે તેવું મુશ્કેલ કામ હોય, તો પણ ચીવટપણે તેની પાછળ રાત દિવસ મચ્યા રહેવાથી પાર પડે છે. પૂર્વના સંસ્કાર પ્રમાણે મનની વૃત્તિઓનાં વેગ હોય છે. વૃત્તિ કહો કે સ્ફુરણા કહો એ એકજ છે. જ્યારે બાળપણનો વખત પસાર થઇ રહે ત્યારે આપણામાં સમજ શક્તિના અંકુરો ખીલેલા હોય છે, તે વખત કોઇ પણ જાતના પક્ષપાત રાખ્યા સિવાય બુદ્ધિ બળથી જુઓ કે આપણી વૃત્તિ કયા માર્ગે દોડે છે. જો વૃત્તિઓ નીચકર્મ કરવા પ્રેરાતી હોય તો જાણવું કે પૂર્વનાં સંસ્કાર ઘણા નબળા છે અને જો સત્ય માર્ગે વહેતી હોય મતલબ સારાં કામ કરવાની ઇચ્છા થતી હોય તો માનવું કે પૂર્વનાં સંસ્કાર ઉત્તમ છે. તમારામાં સમજ શક્તિ આવે તે વખત ધારો તો, આ પરિક્ષા કરવાની મુશ્કેલ નથી. અરે સહેલથી એક પળમાં થઇ શકે. પણ કોણ તસ્દી લે ? બાળકો, સમજ શક્તિવાળા અને યોગ્ય વયે પહોં

એવા આદમ જણ્યો! જરૂર તમો આ વાક્ય ઉપર ધ્યાન આપ-વાને ચુકશો નહીં. માત્ર તમો એટલો વિચાર કરશો તો તમારું ખરું કર્તવ્ય બરાબર જણાશે, ને તમે છેવટનો મોરચો ફતેહથી મારી શકશો.

આપણામાં ઇશ્વરે બુદ્ધિ આપેલી છે અને તેને લીધે સારા સારનો વિચાર કરી શકીએ છીએ. પ્રથમતો આપણી વૃત્તિ દુષ્ટ માર્ગ તરફ દોડતી હોય તે તરફ જોઇએ. જ્યારે ખરાબ માર્ગપર વૃત્તિ વહન કરતી હોય, ત્યારે બુદ્ધિનો ઉપયોગ કરી તેને અટકાવવાની ટેવ પાડો, અભ્યાસ જારી રાખો, તેને ઠપકો આપો; અને એકદમ બંધ કરી દો, અને સન્માર્ગે તેને વાળવા પ્રયત્ન કરો.

જો આપણી વૃત્તિઓ પૂર્વના સારા સંસ્કારને લીધે સારા માર્ગ તરફ જતી હોય, ત્યારે તો થોડી મહેનતે તમે ફતેહ મેળવી શકશો. સપડાવી દે એવા આ સંસ્કારના વિષયોમાં જતી તેમને અટકાવવી અને સત્વગુણો તરફ હમેશાં દોરવવી. સઘળા મનુષ્યે સત્વ ગુણ ધારણ કરવા જોઇએ. પેલા દુષ્ટો અને કાળાં મોંના દુર્ગુણો (કામ, ક્રોધ, લોભ, મોહને માયા) તરફ જરા પણ નજર કરશો નહીં. આ બાબત આગળના પગથીઆમાં વિસ્તારથી આવશે, પરંતુ આ પગથીઆમાં એટલું જણાવવાનું છે કે એ પાંચ દુષ્ટોમાંથી જો એકાદમાં તમારી વૃત્તિ સપડાશે, તો પછી એ પાંચ ખરા સ્નેહી છે તેથી સઘળા ધીમે ધીમે તમારામાં ભેગા થશે અને તમને મોટા ખેતરમાં પકડશે; ચોરાશીનાં ફેરાની ફંદમાળમાંથી તમારો છુટકો થશે નહીં. તમે ૨૮ તો

જોયા કરી. અગર નહીં જોયો હોય તો જરા તસ્દી લઈને જ્યાં રેંટ હોય ત્યાં જઈને જોજો. અને તેનું નીરિક્ષણ કરજો. તેમાં એવી ગમ્મત હોય છે કે માટીનાં કે ત્રાંબાના કે લોઢાનાં ઘડીઆની માળનો લાંબો હારડો હોયછે. ને કુવામાં રેંટનું ચક્કર હોય છે. તે ઉપર ઘડીઆંવાળી માળ નાંખેલી હોય છે. જ્યારે ચક્કર ફરે છે ત્યારે પાણીવાળાં ઘડીઆં ભરાઈ ઉપર કુવાને મથાળે આવે છે ને ત્યાં આપો આપ ઠલવાઈ જાય છે, પાછાં નીચે પાણીમાં પહોંચે છે, વળી ભરાય છે, ને ઉપર આવી પાછાં ઠલવાય છે. પેલાં બીચારાં ઘડીઆનો તો પાર આવતો નથી. તેવીજ રીતે પુનર્પી જન્મ થયા કરે છે. જો આપણે મનુષ્ય દેહમાં સંસાર તરવાનો કાંઈ પણ પ્રયત્ન કરતા નથી તો છેવટ આપણો હાલ રેંટના ઘડીઆં જેવો થાય છે. એવા એ પાંચ અવગુણો છે. અરે ભગવદ્‌ગીતા જુઓ, તેમાં દુર્યોધનરૂપી દુષ્ટ ગુણો કલ્પેલા છે, અને પાંચ પાંડવો સત્વગુણી ગણેલા છે. દુર્યોધનરૂપી દુષ્ટગુણ અને પાંડવો રૂપી સત્વગુણ એ બન્નેનું યુદ્ધ થયું, શ્રી કૃષ્ણ પરમાત્મા ભગવાન સત્વગુણ પાંડવોને સાહ્ય થયા અને આખરે દુર્યોધનરૂપી દુષ્ટ ગુણોનો પરાજય કરાવ્યો આ ઉપરથી તમને ખાતરી થશે કે ખરેખર પરમાત્મા તો છેવટ સત્વગુણ ધારણ કરનારને મદદ કરે છે. અને તેજ પરમાત્માને મેળવવાનો આપણો આ ભગિરથ પ્રયત્ન છે; અરે ભગિરથ રાજા પણ દૃઢ શ્રદ્ધા રાખી છેવટ સ્વર્ગમાંથી ગંગા લાવી શક્યા, તો દૃઢ શ્રદ્ધા શું નહીં કરી શકે? જુઓ દૃઢ શ્રદ્ધા ઉપર એક મહાત્માનો ઇતીહાસ સંક્ષેપમાં કહું છું જરા વૃત્તિ શાંત રાખીને વાંચજો અને મનન કરજો. એક તપેશ્વરી પરમાત્માને મળવાની ઇચ્છા રાખી, એક આમલીના વૃક્ષ નીચે બેસી

હમેશાં તપ કરતો હતો. ત્યાં એક પ્રસંગે નારદજી આવ્યા. તપેશ્વરીએ તેમની આગ્રહ પૂર્વક પુંજા કરીને આસના વાસના કરી બેસાડયા, ને કહ્યું કે મહારાજ તમે તો ભગવાનનું મન કહેવાઓ છો, ને હમેશાં તેમનાં હૃદયમાં રહેનારા છો. તમારી વીણાના તાર એજ ભગવાનના તાર છે; માટે મારો સંદેશો ભગવાનને નહીં કહો ? નારદજી બોલ્યા કે ઘણી ખુશીની સાથે કહીશ પછી પેલા તપસ્વી બોલ્યા કે ભગવાનને પુછજો કે આ રંક સેવકને તેઓ દર્શન ક્યારે આપશે ? નારદજી સંદેશો કહી જે જવાબ મળે તે કહેવાનું વચન આપી રવાના થયા. પછી ભગવાનને મલ્યા અને તપસ્વીની વાત કહી ત્યારે ભગવાન બોલ્યા કે તપેશ્વરીને કહેજો કે જે આમલી નીચે તેઓ બેઠા છે તે આમલીનાં જેટલાં પાન છે તે દરેક પાનના એક હજાર વર્ષ એ પ્રમાણે ગણી તેટલાં વર્ષ એજ આમલી નીચે તપ કરશે તો હું તેમને જરૂર મળીશ. નારદે વિચાર કર્યો કે તપસ્વીના ભોગ મળયા. નારદજીને તો આ સંદેશો કહેવાને પણ શરમ આવી, પણ કરે શું ? વચનથી બંધાઇ ચુકેલા તેથી ફરતા ફરતા પાછા તપસ્વી પાસે આવ્યા ને ભગવાનનો સંદેશો કહ્યો. તપસ્વી તો બહુ પ્રેમ ભક્તિવાળો તથા શુભ ઇચ્છાવાળો હોવાથી આનંદમાં આવી ગયો, ને નાચી કુદીને બોલ્યો કે " મહારાજ ફીકર નહીં એટલાં વર્ષ તપ કર્યા પછી પણ પરમાત્મા મળશે એ મારા મનને નક્કી થયું. ફીકર નહીં ભગવાન તો જરૂર મળવાના. નારદજી તો ચાલ્યા ગયા. પછી તુરત ભગવાને આમલી નીચે આવી પેલા તપસ્વીને ચતુર્ભુજ દર્શન આપ્યું, અને તેને વિમાનમાં બેસાડી સાથે લઇ ગયા. અરે હદ ભલા શું નહીં કરે ! આ પ્રમાણે શું કારણથી થયું તે જાણ-

વાની તમારી જીજ્ઞાસા જણાય છે. પેલા તપસ્વીની દઢ શ્રદ્ધા જોઈ? તે બીલકુલ ન સમજાતાં આનંદમાં આવી ગયો, પ્રેમનો ઉભરો ઉછળ્યો ને જોઈ ભગવાનને વિચાર થયો કે આતો દઢ શ્રદ્ધાવાળો ને ખરો ભક્ત છે, તેથી તત્કાળીક દર્શનનો લાભ આપ્યો. ગૃહસ્થો આ ઉપરથી એટલું ધ્યાનમાં રાખો કે પૂર્વનાં સંસ્કારોને લીધે ગમે તેવું કષ્ટ આવી પડે તે તમે સહન કરજો. ને પરમાત્માને મેળવવાની તમારી વૃત્તિ દઢ રાખજો, જરા પણ દોરી ઢીલી મુકશો નહીં. જ્યારે તમારી અને ભગવાનની વૃત્તિ એકાકાર થશે, કે પછી પરમાત્માને મળવાને એક પળ કરતાં પણ વધુ વખત જોઈશે નહીં. એજ પ્રયત્ન આપણે કરવાનો છે.

કેટલાક અજ્ઞાનો ધારે છે કે આપણે તો પુતળાં છીએ, ભગવાન નચાવે તેમ નાચીએ છીએ, પણ તેમ નથી. પ્રયત્ન કરી કર્મો બાળવાનું તથા સુધારવાનું કામ આપણું છે; ફળ આપવાનું કામ પરમાત્માનું છે. માટે સનાતન ધર્મના ગ્રંથોને અનુસરી મનુષ્યદેહમાં જ પ્રયત્ન કરવો જોઈએ, તેમ કર્યા શીવાય આપણી ઇચ્છા ફળીભુત થાય નહીં. ભગવાન પુતળાં નચાવે તેમ નાચતા હોયતો, ટુંકો વિચાર કરો કે એક રાજા થાય છે અને એક હુમકરી થાય છે તો તેનું શું કારણ ? એ સઘળું કર્મ પ્રમાણે થાય છે. માટે દુર્ગુણો તજવા અને સત્ય ગુણો ધારણ કરવા એજ આપણું કર્તવ્ય છે અને મનની વૃત્તિ સાધ્ય કર્યા શીવાય કાંઇ પણ કરી શકાતું નથી માટે અભ્યાસથી વૃત્તિઓને સાધ્ય કરવા દરેક મનુષ્યે યત્ન કરવો જોઈએ.

મન કેવું છે ? તેને માટે વિદ્વાનોએ ઠરાવેલું છે કે, મન વગર નાથના આખલાં જેવું, વગર લગામના ઘોડા જેવું ને વગર

અંકુશનાં હાથી જેવું છે. આપણને ઈશ્વરે બુદ્ધિ આપી છે; હવે આ ઠેકાણે બુદ્ધિને નાથ, લગામ અગર અંકુશ ગમે તે કહો. જેમ નાથથી આખલો વશ થાય છે, લગામથી ઘોડો વશ થાય છે, અંકુશથી હાથી વશ થાય છે તેમ બુદ્ધિથી મન વશ થાય છે. જો મનની વૃત્તિઓ છુટી મુકાશું, ને બુદ્ધિનો ઉપયોગ કરીશું નહી તો જુઓ કે વગર નાથનો આખલો કેવો રસ્તો મુકીને ભટકે છે? વગર લગામનો ઘોડો પણ કેવા આડહાડ નજરમાં આવે ત્યાં દોડાદોડ કરી મૂકે છે? વગર અંકુશનો હાથી છુટો હોય તો મદાંધ થઈ ભટકી કેવી ખરાબી કરે છે? વખતે અડફટમાં આવે તો તે પ્રાણી અથવા ઇમારતનો તેઓ નાશ કરે છે. તેજ પ્રમાણે નાથરૂપી કહો કે લગામરૂપી કહો કે અંકુશરૂપી કહો—જ્યારે મનને એમ બુદ્ધિરૂપી લગામ, નાથ કે અંકુશ નો ઉપયોગ કરશો ત્યારે જેમ એ ત્રણે જાતનાં પ્રાણીઓને સીધે મારગે ચાલ્યા વગર છુટકો નથી, એટલુંજ નહીં પણ વશ કરનારા મનુષ્યો તેના પર બેશી ગમે ત્યાં દોડાવે તોપણ તે રસ્તો ચુકતા નથી, તેજ પ્રમાણે બુદ્ધિથી આપણા કબજા વગરનું મન ભટકતું અટકશે. નહીં તો આ સંસારમાં બહુ જાતનાં વીષયો આપણને અંધ કરવાને ગોઠવાયલા છે તેમાં આપણને પછાડી દેશે અને તેથી છેવટ આપણા આત્માનું આપણે કાંઈપણ સાર્થક કરી શકીશું નહીં. એવા ભટકતા મનવાળા, આ જગતમાં જર જમીન અને જોરૂ આ ત્રણ બાબતમાં પોતાની વૃત્તિ સાધ્ય નહીં હોવાથી, ભયંકર ખુન વિગેરે મોટા ગુન્હા કરે છે, અને તેથી દુષ્ટ કર્મો બાંધે છે, અને તેનાં ફળ આખરે ભોગવવાં પડે છે. વળી જેની વૃત્તિઓ સાધ્ય નથી હોતી તે હંમેશા લડાઈ ટંટાનાં કજીઆ વહોરી લેવામાં ગમ્મત માને છે, અને એવા ગુન્હાઓ કર્યા જાય

છે, મન ભોગવે છે પણ વૃત્તિ સાધ્ય કરવાનું ભાન થતું નથી. આપણા શાસ્ત્ર પ્રમાણે મનની વૃત્તિ સાધ્ય કરવામાં આવે તો દેશમાં ઘણા ગુન્હા થતા અટકે, એટલુંજ નહીં પણ પરમાત્માની મહેરબાની મેળવી શકીએ. અને નીચેનાં પગથીએ ન ઉતરતાં ઉપલાં પગથીએ એટલે ઉપરનાં પગથીઆંએ અનુક્રમે ચઢતા જઇએ.

જેની વૃત્તિ સાધ્ય નથી તે પોતાનો સંસારી વેષ પણ ભજવી શકતો નથી; અને પરમાત્માને પણ મળી શકતો નથી. એક વૃત્તિ તમો છુટી મુકો ને પછી જુઓ તેની ગમ્મત; તમને કેવા આફળે છે. દાખલો લો કે આપણી કમાઇ મહીને માત્ર રૂ. ૧૦ ની હોય ને ઇશ્વરકૃપાને લીધે પાંચ સાત છોકરાંને બાઝી વળગ્યાં હોય, ને વૃત્તિ રોજ દુધપાક તથા લાડુ ખાવાને દોરાયા કરે. ક્યાંથી પૈસા લાવીએ! દશ રૂપીઆમાં ફક્ત દાળ, ભાત અને રોટલા જેમ તેમ પુરા થશે, ત્યારે શું બાપુજી થોડી ઘણી મીલકત મલી હોય તે વેચી દેવી ને લાડુ દુધપાકનાં મીષ્ટાન્ન ઉડાવવાં! જરા વિચાર કરો, મળે તેમાં સંતોષ રાખો અને બુદ્ધિનો ઝપાટો વૃત્તિને લગાવો કે—આવક તો છે નહીં ને શું જખ મારવા લાડુ દુધપાક ઉપર મન દોડે છે! એને તેજ વખત તેના ઉપર બુદ્ધિનો દાબ રાખશો તો તે અટકશે, અને છુટી મુકશો તો તમને ખુવાર કરશે.

વળી બીજો દાખલો જુઓ કે એક જવાન માણસ નીતિ નહીં ગ્રહણ કરવાથી તેમજ વૃત્તિ છુટી હોવાથી એક વેશ્યા રાખી દીવસને રાત તેના ઘર પોઢી રહે છે, વૃત્તિ ભટકતી રહે

છે, તેનાં પર મન દોરાવાથી કામ ધંધો પણ થઈ શકતો નથી. ધારો કે મહીને સારો પગાર મળતો હોય તેમાંથી ઘરનો ખરચ ચલાવવાનો હોય, વ્યવહારમાં પણ ખરચ કરવો પડતો હોય અને પેલી વેશ્યાનું પણ પુરૂં કરવાનું હોય. તેનું મન આખો દીવસ વેશ્યામાં ચોટેલું હોવાથી પોતાનો ઘર ધંધો તેમજ નોકરી બરાબર કાળજીપુર્વક કરી શકતો નથી. તેથી તેનાં કેવા હાલ થાય છે તે વીચારો. નોકરી બરાબર નહીં થવાથી પગાર વધવાને બદલે ધીમે ધીમે ઘટતો જશે અને વખત જતાં વગર રોજગારનો થઈ ઘેર બેસવાનો પણ વખત આવશે. પેલી વેશ્યા તો લુંટવાનેજ વળગેલી હોય છે તે ધન લુંટી લેશે, અને રાત્રે પણ તેનામાં મન હોવાથી ઊંઘ આવશે નહી ને ઉજાગરો થશે જેથી તબીઅત પણ બગડશે છેવટ ક્ષય રોગ થશે અને જીવ ગુમાવશે. આવી વૃત્તિવાળાઓ નહીં સંસારનું સાધ્યું કે નહીં પરમાત્માને મળવાનું સાધ્યું. ભ્રષ્ટ થવાથી કોણ જાણે કયા ખાડમાં પડશે. મોહ મણી ખરાબ વસ્તુ છે એણે તો પગથીઆ પર ચડેલાને પણ વૃત્તિઓ દૃઢ નહીં હોવાથી અફાળી દીધા છે તેનો વિસ્તાર ત્રીજા પગથીઆમાં આવશે. હાલ તો આપણું ચાલે છે તે ચલાવો. જુઓ એક વૃત્તિ છુટી મુકવાથી પેલા મનુષ્ય પ્રાણીની કેવી ખરાબી થઈ ! ધન ગયું, દુષ્ટ કર્મો ના ભારો બાંધ્યો, જીંદગી પણ ઓછી કરી, અને મરી ગયા પછી પણ ઋણાનુબંધને લીધે વળગેલાં સ્ત્રી, છોકરાં અને છોકરાઓની વહુઓએ તો ગાળનો વરસાદ વરસાવ્યો. કોઈ કહેશે કે વહુઓને ગાળ દેવાની શું જરૂર પડી ? ભાઈઓ ! બાપનું કરજ છોકરાઓએ ભરવું પડે છે, તેથી પૈસા હાજર પડતા નથી અને આજની પણ મુશીબત પડે

છે. વહુઓ છોકરા સાથે વળગેલી હોય છે, તેને ખાનપાન અને શણગાર મનમાનતા મળતા નથી, તેથી મુઓઆની પાછળ પણ ગાળનો વરસાદ વરસાવે છે. ગરૂડ પુરાણમાં બતાવ્યા પ્રમાણે તેનું શ્રાદ્ધ તથા પિંડતો મુકવાના બહાનામમાં ગયા પણ આવા ગાળ રૂપી શ્રાદ્ધનાં પિંડ મૂકાય છે. વીરાઓ ! તમે આવા દાખલા જગતમાં શું નથી નીહાળતા ? નહીં જોયા હોય તો અજ્ઞાન માણસો પીછો એવી ક્ષુદ્ર વૃત્તિવાળાઓનાં હાલ બારીકીથી તપાસજો. તમને ઘણું શીખવાનું આ જગતમાંથી મળશે. આપણા શાસ્ત્રમાં કહ્યું છે કે સ્વર્ગમાં દેવ લોકો બહુ ઐશ્વર્ય ભોગવે છે, પણ દેવમાં રહી તેઓ મોક્ષ મેળવી શકતા નથી; અને મોક્ષ મેળવવાની ઇચ્છાવાળાઓને ફરી મનુષ્ય દેહમાં જન્મ લેવો પડે છે, અને જન્મ લઇ આ જગતનાં વિષયોથી વિરક્ત રહી, દુર્ગુણોને દૂર રાખી, સત્ ગુણ ધારણ કરી, ઉત્કટ આશક્તિ રહીત બની, વૈરાગ્ય ધારણ કરી, પ્રેમ ભક્તિથી પરમાત્માને મળી મોક્ષ મેળવી શકે છે.

વૃત્તિઓ સાધ્ય કર્યા સિવાય આપણે માયા, અહંકાર, કામ, ક્રોધ અને લોભને જીતી શકીશું નહીં. જો મન ઇચ્છ્યું તો ધીમે ધીમે એ પતંગીઆંઓનો ભાર શો ! આપો આપ ઉડી જશે. માટે વૃત્તિઓને સાધ્ય કરો. તમે જો એક વૃત્તિ સાધ્ય કરશો અને એક સત્ગુણ તમારામાં દાખલ થશે તો એક સત્ગુણ તેમનાં બીજા સત્ગુણ મિત્રોને એક પછી એક બોલાવી લાવશે, પછી જુઓ તમારું હૃદય કેવું આનંદ મય થઇ જાય છે ? અરે એ આનંદનું તો કોઇ મહાત્મા પણ વર્ણન કરી શકયા નથી તો આપણે તે ક્યાંથી ગણત્રીમાં ! બાઇઓ ! આપણે પણ

ધીમે ધીમે ગણત્રીમાં આવીશું તમે કાળજી પૂર્વક એક પછી એક પગથીઉં ચઢને ઉપર તમે પણ મહાત્મા થશો. પછી ભગવાન અને ભક્ત એકમેક. પછી કોની મગદૂર છે કે તેમને જુદા પાડી શકે ?

દુર્ગુણોનાં નામ તો આવી ગયાં, પણ સત્વગુણોનાં નામ હજુ તમારા ખ્યાલમાં નહીં હશે. દયા, પરોપકાર, સંતોષ, પરમાર્થ અને ધર્મ—આ પાંચ સત્વગુણ જ્યારે તમારી વૃત્તિ દુર્ગુણને તજવાની અને સત્વગુણને ધારણ કરવાની થશે ત્યારે ધીમે ધીમે પૂર્વના સંસ્કારને લીધે જે દુર્ગુણો ઉદ્ભવેલા હશે તે એક પછી એક પલાયનમ: કરી જશે, અને સત્વગુણ એક પછી એક દાખલ થશે. મહેનત જારી રાખો. મન અને વૃત્તિ સાધ્ય કરી મન સ્વજે કરો તોજ આ વાનાં થશે. જ્યારે દુર્ગુણો નષ્ટ થઈ સત્વગુણ ધારણ થશે ત્યારે વૈરાગ્ય આવીને ઉભો રહેશે. અરે પેલી દુષ્ટ વાસના દૂર થશે, અને ભક્તિ દેવી આવીને દાખલ થશે. અને જ્યાં વૈરાગ્ય દાખલ થયો કે ભગવાન હાજરા હજુર. અરે આતો બીજું પગથીઉં છે ને આપણે તો આગળ દોડ્યા; નવાઇ નથી, કેમકે પ્રેમ ભક્તિનાં અંકુર આપણે ગ્રહણ કર્યાં છે તે કુદકા મરાવે છે. ફીકર નહીં, ધીમા પડો. ઉતાવળા નહીં થાઓ, સાહસીક નહીં બનો, ધીરજ પકડો; હાલતો મનની સ્ફુરણાઓ કે જેને જુદાપણામાં સ્હાને દોડવાની કુટેવ પડી ગઇ છે તેમાંથી તેને ધીમે ધીમે વાળો, તેને દ્રઢ કરો. આપણામાં ઇશ્વરે બુદ્ધિ આપી છે, તેનો સત્વર ઉપયોગ કરો, અને દરેક વૃત્તિને કાબુમાં રાખવા સાધ્ય કરો એજ દ્રઢ શ્રદ્ધા. મન જીત્યા એટલે સામાજનનું શું પુછવું ? અરે સુખેથી સંસારનો વેષ ભ-

જાણવાનું અને પરમાત્મા મેળવવાનું બહુ સુગમ થઈ પડશે. મારા મહેરબાનો! આમ બહુ બાબતો આ પત્રીઆઓમાં બતાવેલા દરેક શબ્દને બીલકુલ વાગોળી મનન કરો. લાભ થશે, અધીરા નહીં થાઓ. અભ્યાસથી સઘળું થઈ શકે છે. આપણે જે થોડું ઘણું જાણી વાંચી જાણીએ છીએ તે અભ્યાસથી અને શક્તિ સાબુત રાખી એક ચિત્તે મનન કરવાથીજ થાય છે.

અરે પેલો એડીસન, તેનાં કામો જરા તપાસો. ગ્રામોફોનનું યંત્ર, આખી ઈમારત ચોવીસ કલાકમાં બનાવવી વળી ઉઠાવી બીજી જગાએ મુકવાની યુક્તિ, વળી વાળનો બાંધેલા પુતળાંમાં વીજળી દાખલ કરી એક બીજાને વાત કરાવવી, વગેરે સઘળું શાથી બન્યું? શક્તિને એકાગ્ર કરીને કુદરત ઉપર ચોટાડવાથી. તો પછી સાબુત કરેલી શક્તિ શું નહીં કરી શકે? ઉપર જે સામાન્ય બતાવ્યું છે તે તમે શું થોડું માનો છો?

પહેલાં પત્રીઆઓની શરૂઆતમાં બતાવ્યું છે કે સ્થૂળ જીવને રહેવાનું ઘર છે, તે જેમ બહારથી સાફ રાખવું જોઈએ તેમ આ પત્રીઆઓનો વિષય સૂક્ષ્મ રીતે ઘરની અંદરનો કચરો સાફ કરવાનો છે. તેને માટે આપણે કાંઈક પૂજન કરવું જોઈએ. ગાયત્રી બહુ ઉત્તમ મંત્ર છે, તેનું મનન કરવાથી અંતઃકરણ સાફ થાય છે, તેનું સેવન કરવું, સંધ્યાવંદન કરવું. કે જેથી અંદરનો કચરો સાફ થાય. કેટલાએક, તખ્તામાં ગાદી, પાંગળા કે વાંસાનાં પુષ્કળ પાનો રાખે છે. દીવાની અનેક જાતો સળગાવે છે. સાથ વાજતી ઓઢી ખપકાસન બેસે છે. ખપકાસન પૂજન ચાલતી હોય તેમાં વાતોનાં પણ તડાકા મારે છે, કજીઆ પણ પતાવે છે, વચ્ચે

વખતે વ્યવહારીક લકડાનાં ઉર્ધ્વેરો જોડાબંધ કાઢે છે. આ તો અજ્ઞાન લોકોને બતાવવાનાં આડંબર કહેવાય. તેમ કરવાનું નથી. પણ જે ખરા પ્રેમભક્તિવાળા છે તે તો જરૂર જેટલાં પાત્ર રાખે છે, પછી તે પીત્તળના હોય કે ત્રાંબાનાં હોય. અને એકાંત સ્થળમાં બેસી બરાબર ધ્યાન દઇ એક ચિત્તે પરમાત્મામાં વૃત્તિ જોડી, સંધ્યા ગાયત્રીમંત્ર. પ્રાણાયમ વીગેરે ઉપાસના કરે છે. તેઓજ વૃત્તિ સાધ્ય કરી શકે છે. અરે નરસિંહ ભક્તે પેલા અરણ્યમાં અપુજ મહાદેવનું સાત દિવસ અને રાત ભૂખ્યા તરસ્યા વૃત્તિને શંકરમાં લગાવી એક ચિત્તે ભક્તિ કરી. જો કોઇ પાછળથી તરવારનો ઝટકો મારે તેનું પણ તેને ભાન નહોતું. તેને શંકર સાત દિવસમાં પ્રસન્ન થયા અને દર્શન આપ્યું. તેને ભગવાનની રાસલીલા જોવાનું મન થયું તે પણ શંકર પરમાત્માએ દેખાડી. ભગવાનનાં દર્શન પણ થયાં, એનું નામ વૃત્તિ સાધ્ય કરી કહેવાય. માટે સંધ્યાવંદન કરી ગાયત્રી જપી સ્તુતિરૂપી આ ઘરની અંદરનો કચરો સાફ કરો, કે વૃત્તિઓ ઢાંકણમાંથી ખુલ્લી થાય. પછી જુઓ કે તેઓ તુરતાતુરત સાધ્ય થઇ જશે. નીચેનાં કીર્તનો, મનન કરી પરમાત્માની જોડે વૃત્તિ જોડી, લલકારો એટલે તમે આ પગથીઉં ચ્ઢી શકશો. જ્યારે નીચેના કીર્તનના સૂરો ચાલશે કે જુઓ પછી ગમત, ખરેખર પ્રેમરસ ઝામી જશે, ઘડી ભર પરમાત્મામાં એક તાર પણ થશો, અરે કાંઇક ભાન થશે. અને મન જીત્યા એટલે પછી સામ્રાજ્યમાં શું બાકી ? ધારો તે કરી શકશો, ને આગળનાં પગથીઆં ઝપાટા બંધ ચઢવા માંડશો પણ એટલું યાદ રાખજો કે વૃત્તિઓને સાધ્ય થયા પછી ઢીલી મુકશો નહીં, બુદ્ધિ મંદ કરશો નહીં,

સતેજ રાખી બુદ્ધિરૂપી લગામ ચઢાવેલીજ રાખજો, અને પરમાત્માને મળવાના પ્રેમમાં ઘુમ્યા રહેજો. અરે તમને અપૂર્વ આનંદ આનંદ થઇ રહેશે.

આ વિષય પણ લંબાયો છે, હજુ આગળ ચાર પગથીઆં રહ્યાં છે તેનો વિસ્તાર પણ વાંચવો પડશે. અને મને ફીકર રહે છે કે તમે ઘંભરમાં પડેલા શોખીન આત્મબંધુઓ, રખેને થાકી જાઓ, તે દહેશતથી આ લેખક ટુંકાણમાં સાર સમજાવવા માગે છે તે પાર પડે નહીં.

છેવટ મારી નમ્ર વિનંતી છે કે તમો વૃત્તિઓ છુટી મુકશો નહીં, બુદ્ધિરૂપી લગામથી મનને કબજે રાખશો તોજ આપણો પરમાત્માને મેળવવાનો પ્રયત્ન સફળ થશે.

પગથીઉં બીજું.

કીર્તનો.

કીર્તન પહેલું.

રાગ—આશાગોડી.

અંતઃકર્ણ હોય નિર્મળ કરવું,
કરી ઇષ્ટ પુજન ધ્યાન ધરવું, અંતઃકર્ણ.

સંધ્યા વંદન સતકર્મ કરવાં,
અહોનીશ ગાયત્રી મંત્ર જપવું;
જશે ટળી દુર્ગુણો સૌ તારા,
સત્યગુણોનું થશે દાખલ થવું. અંતઃકર્ણ.

સાધ્ય થશે તેને મનો વૃત્તિ તારી,
થશે જરૂર સંતોષનું પધારવું;
આત્મબંધુઓ સઘળા દેખાશે,
સત્ય સમજાશે સૌને પાળવું. અંતઃકર્ણ.

બનશે અંતઃકર્ણ નિર્મળ તારૂં,
ત્યારે પરમાત્મામાં મન વાળવું;
જ્યારે એકાગ્ર વૃત્તિ થશે તારી,
જરૂર થશે પ્રભુજીનું મળવું. અંતઃકર્ણ.

ચુકી, પગથીઆં કૂદકા ન મારો,
ક્રમવાર પગથીઆં ચડવું;
પ્રભુની સાથ લગાવો દાસ લગની,
હોય સંસાર સાગર તરવું. અંતઃકર્ણ.

કીર્તન—બીજું.

રાગ—ધનાશ્રી.

મનવા મેલ મીથ્યા અભિમાન,
જેથી દૂર થાય અજ્ઞાન. મનવા.
વૃત્તિઓ તારી ચોદિશા ભટકે,
ઝાલ બુદ્ધિરૂપી લગામ. મનવા.
જો વૃત્તિ તારી છુટી મુકીશતો,
ઉતરીશ ચંચલ ધામ. મનવા.
વૃત્તિઓને સાધ્ય કર્યા વિનાં,
ન ચઢાય ઉત્તમ ધામ. મનવા.
માટે તું મનને સાધ્ય કરી લે,
જેથી જીતાય સંસાર ગામ. મનવા.
દાસ કહે, ઓ પ્રભુજી મારા,
આપ મનને દઇ વિશ્રામ. મનવા.

કીર્તન ત્રીજું.

રાગ ગજલનો.

(નાગનકે બચ્ચે નાગ)

જો તરવું હોય ભવપાર,
પ્રભુ પ્રાર્થના કરનાં. જો.

સ્વાર્થી સબ દુનીયાકે પંખી,
પતબાર નહીં હોના;
જો લપટાગે વિષય ખાડમેં,
ફીર ફિર જનમમેં મરના. જો.

મોહ જાળ કે દેખાતે ફંદા,
નહીં ઉસમેં ફસાના;
જો હોયગે કર્મ બદ ખોટે,
ફેંટ માગમેં જોડના. જો.

જ્યાં તક દુષ્ટ કર્મ ન મારે,
ચોગન નવાં લગ ઉડાના;
સુકર્મ કરકે જીવડા,
ફેરા જગકા મીટાના. જો.

જો વૃત્તિ તેરી સાધ્ય હોયગી,
ફીર દુઃખ નહીં આના;
દાસ પ્રભુસેં લગની લગાકે,
જ્યોત મેં જ્યોત મીલાના જો.

કીર્તન ચોથું.

રાગ—લાવણી.

નિર્લજ છે એ નફટ નારી,
પ્રભુ સદ્ભાવથી જાએ વારી. નિર્લજ.

ભલા ભલાના માન મુકાવ્યાં,
રહી બની બહુ અહંકારી,
જ્યાં જોઈએ ત્યાં સઘળે દોડે,
નાથ વિનાની ફરનારી. નિર્લજ.

ત્યાગે લપડાક વિષયોમાં,
તો પણ નહી હારનારી,
જ્ઞાની યોગી સંતને સપડાવ્યા,
છે લંપટ એ વેશ્યા નારી. નિર્લજ.

સાધ્ય કરવા ઇચ્છા ન રાખે,
ફરી ફરીને ભમનારી;
બુદ્ધિ બળનું જે બાણ ચઢાવે,
તે બાણને વશ થનારી. નિર્લજ.

જો લગાવી હોય પ્રભુ પદમાં,
કલ્યાણ તેનું કરનારી:
એવી વૃત્તિ દાસ પ્રભુ પદે,
જરૂર સંસાર તારનારી. નિર્લજ.

કીર્તન પાંચમું.

રાગ—ગજલનો

(નાગનકે બચ્ચે નાગ ઉસસે...)

જો પામવું હોય પ્રભુદ્વાર,

સત્વર ગુરૂ ભાલાના. જો.

પતંગી હૈ દુનીઆ કે રંગા,
નહીં ઉસમેં રંગાના;
દેખાતે મૃગ જગકે ફંદા,
કુછ હાથ નહીં આના. જો.

જીંદગી વીષયોમેં ગુમાઇ,
ન કુછ પાયા ખજાના;
ભુખ-તરશ બની ચાલી,
દીલમેં શાન્તી ન હોના. જો.

જ્યાં તક ગુરૂજ્ઞાન ન પાવે,
મન ન જાય ઘેરાના;
ગ્રુનિ ભટકતી બીટે તેગી,
ફુરે સતોષકા આના. જો.

ગુરૂજ્ઞાન ગ્રહણ કરકે,
જગકે મદ છુતાના;
દાસ કે પ્રભુ ગોત દયાળુ,
ઉસકી ગોદમેં પુરાનાં. જો.

કીર્તન છઠું.

રાગ—આશાગોડી.

રામ બીન નહીં કોઇ તેરા,
ખાલી દેખત સબ સંસારા. રામ.
મૃગજળ દેખત દોડે તરસ્યા,
પાણી બીન મરતે બીચારા. રામ.
મોહ જાળ દેખત સબ દરીઆ,
ડુબકા લગાને મૂર્ખ અધીરા. રામ.
વિષય વાસનામાં જો લપટાગે,
પતંગો માફક ફૂકે ખુવારા. રામ.
અરે નહીં સમજે મૂઢ ગમારા,
કાળે ફૂરી ક્યોં બહોત ચુરા. રામ.
પૂર્વ સંસ્કારકા બંધાણા ભારા,
પ્રયત્ન બીન ટુટે ન બંધારા. રામ.
પુરૂષ પ્રયત્ન ચહીએ ભારે,
જબ છુટે કર્મકા સબ ભારા. રામ.
રખલો સંતોષ દીલમેં ધારો,
નહીં હોના અરે તુમ અધીરા. રામ.
હંમેશ રામ ભજન ક્યોં બિના,
નહીં મીટે ભવર્દ્ધીકા ફેરા. રામ.
વૈરાગ વૃત્તિ રાખો મેરે વીરા,
તબ આયગે હૃદયમેં પ્યારા. રામ.

દાસ કહે રટણુ કર કીતાંરા,
જબ હોવે તુમેરા છુટકારા. રામ.

કીર્તન સાતમું.

રાગ—પ્રભાત.

રામ સ્મરણુ કર ભોરે મન તું,
રહ્યો વખત બહુ થોરોરે. રામ.

ગયો વીતિ પ્રાતઃકાળ તારો,
તે શું તારાથી છે અજાણ્યું રે;
ખોયું હતું તેજ મધ્યાન્હનું જ્યારે,
ઘડપણનું ભાન શું ભુલ્યોરે. રામ.

ગયું જોબન સાંજ થઇ તોયે,
પ્રભુ ભજવાનું નહીં સુઝ્યું રે;
કાળ ચક્ર તારે માથે ભમે છે,
શું, લાગે ઝડપી લેતાં વારરે. રામ.

અરે મૂઢ તું પરમાત્મા સેવી લે,
છુટશે થોડી ઘણી જંજાળ રે;
પ્રેમે દાસના પ્રભુને ભજી લે,
જશો તરી તું ભવ પાર રે. રામ.

કીર્તન આડમું.

રાગ—પીલુ.

(ઇસ તન ધનકી કૌન બડાઇ)

જેને રામ રસ અંતર ન પાયો,
ફેરો ખાલી સંસારમાં ગુમાયો;
ક્યાં કુંડાળાં જગમાં ખડ જુવાં,
દુષ્ટ કર્મથી નહીં ધરાયો. જેને.

જતા જુએ નજરે કાળ મુખમાં,
તો પણ લોભ નહીં મુકાયો,
કર્મ ભ્રષ્ટ થૈને નર્કનો ભાગ્યો,
છતી આંખે અંધો કહેવાયો. જેને.

નહીં ચેતશે અરેરા મૂઢ અજ્ઞાની,
પુનર્પિ જન્મ ન જાય મીટાયો;
યુક્તિઓ સાધ્ય શોધી નથી જેણે,
ઘોર અંધારામાં અટવાયો. જેને.

વૈરાગ્ય ધારણ કરને જીવતા,
માન, ખરે જગમાં કમાયો;
અરજ દાસની ઉરમાં ધરને,
રહું તારા અંતરે ઘેરાયો. જેને.

—o:o—

કીર્તન નવમું.

ભરથી.

વાગે દુંદુભી દેવ દરબારમાંહિ,
પ્રભુ ભગતાને મન બહુ ભાય. વાગે.

કાટ ચઢ્યાછે ઘણા કાયાનાંહિ,
પ્રભુ દર્શન કેમ કરી થાય;
નથી કરી બુદ્ધિરૂપી વાપરીને,
તેનો કાટ શી રીતિ ખોવાય. વાગે.

દેખાય સંસ્કાર પૂર્વનાં નબળાંરે,
પ્રતિમા નીચ સ્થાને દોરાય;
નથી પ્રયત્ન ગાઢ ભવ તરવારે,
પ્રભુ ચરણે કેમ પહોંચાય. વાગે.

ભક્તિ નિષ્કામ ધારણ કરનેરે,
અંતઃકરણ નિર્મળ જેથી થાય;
આવશે હાથની પ્રભુતા દોડનારે,
થશે જરૂર તમને સહાય. વાગે.

કીર્તન ૬૪મું.

રાગ આશાવરી.

(ક્યાંથી આ સંભળાય મધુર સ્વર)

ભવ તારણ કીરતાર,
પ્રભુ તું, ભવતારણ કીરતાર,
દીઠા જગમાં નહીં કાંઇ સાર. પ્રભુ.

વિષય ઝેરનાં કુંડાં ભર્યાં છે,
નહીં લાગે ઝપલાવતાં વાર;
પતંગો પેઠે ફરે ભટકતા,
જોયા નહીં ઉતર્યા કોઇ પાર. પ્રભુ.

કારણ વાદી ગણાવે સઘળા,
સમજ્યા નહીં સાર અસાર;
વાદ વિવાદમાં રહે ગુંચાયા,
સંભાળા જેમ કરોળીએ તાર. પ્રભુ.

અગમ નિગમની ગત ન જાણે,
ભર્યા કાદવ કચરે કોઠાર;
કાટ કર્મનાં શી રીતે ધોવાશે.
વિનાં પ્રયત્ને મૂઢ ગમાર. પ્રભુ.

કર પ્રયત્ન તું પ્રભુ પામવા,
સત્વર અંતઃકર્ણ સુધાર;
દાસના પ્રભુની દયા મેળવી,
કરને પ્રાર્થના વારંવાર. પ્રભુ.

કીર્તન અગીઆરમું

રાગ—આશાવરી.

(ક્યાંથી આ સંભળાય મધુર સ્વર)

મુક્તિનાં છો આપનાર
પ્રભુજી મુક્તિનાં છો આપનાર,
મુજને ઉતારો ભવ પાર પ્રભુજી.
શાસ્ત્ર ભણીને પંડિત થયો પણ,
નહીં સાધ્યા મનનાં તાર;
વેદ ભણીને અહંકારી બન્યા,
ક્યાંથી મળે તને ભરથાર. પ્રભુજી.
મનો વૃત્તિઓ સાધ્ય કરી નથી,
ન છુટયા માયા અહંકાર;
પરમાત્માને શી રીતે ભેટાશે,
નથી જોયા પ્રભુના દ્વાર પ્રભુજી.
દુર્ગુણો સઘળા ટાળી દઈને,
ધરાવો સત્યગુણ સાર;
જીતી મન, વૃત્તિ સાધ્ય કરી લો,
હોને તજી વાસના નાર. પ્રભુજી.
વૈરાગ્ય ચીત્તમાં ધારણ કરીને,
છોડો પ્રેમ ફુવારા ધાર,
દાસનાં પ્રભુજી બહુ છે દયાળુ,
મળશે તને ઝટ પાર. પ્રભુજી.

કીર્તન બારમું.

સંતો રામ નામ હ્રદયે ધરજો,
કીર્તન રામ નામનાં કરજો;
દેહાદીક કર્મોને તજી દેજો,
ગુણાનુવાદ પ્રભુ નામનાં ગાજો. સંતો.

સત્વગુણી શણગાર સજી લેજો,
અંતઃકર્ણ સાફ કરીને ધાજો;
હ્રદયમાં જ્યોત પ્રગટાવી દેજો,
રામનાં દ્વાર નિહાળી લેજો. સંતો.

મૂકે કાદી પાછા નહીં હઠજો,
દ્રઢ શ્રધ્ધાનાં પ્યાલા પ્રીતે પીજો;
યોગ સાધના પ્રેમે વહોરી લેજો,
વૈરાગનાં મંત્ર મુખે ભણજો. સંતો.

એક ચીત્તે રામને નિરખજો,
ભુંડી ભુખ સંસારની તજજો;
મનુષ્ય દેહમાં અટોપી લેજો,
ફરી સંસારમાં નહી પડજો. સંતો.

અનુક્રમે પગથીઆં ચડજો,
ચુકી પગથીઆં નહી પડજો,
ખંતે સંસાર સાગર તરજો.
પાપ સઘળાં અંતરથી હરજો. સંતો.

રાખી ઇચ્છા ફેરા નહીં ફરજો,
વાસનાં રહિત થઇ વિચરજો.
દાસનાં હ્રદયે પ્રભુજી રહેજો,
તેજમાં તેજ મીલાવી દેજો. સંતો.

કીર્તન તેરમું.

રાગ આશાવરી.

(ક્યાંથી આ સંભળાય મધુરસ્વર.)

વૃત્તિઓ રાખો ઠામ,
પ્યારે વૃત્તિઓ રાખો ઠામ.
છો ભોડી વિષયોના ધામ. પ્યારે.

વિના નાથનો આખલો ભટકે,
ઘાલે નાથ થાય નરમ;
અશ્વના હાલ પણ એવા દીસે,
જ્યે ઠામ ઘાલે લગામ. પ્યારે.

અંકુશ વિનાનો હાથી તોફાની,
કરે ઉજ્જડ ગામો ગામ,
વાગે મસ્તકે અંકુશો જ્યારે,
બને નરમ મૂકી મામ. પ્યારે.

વિનાં કબજાનું મન છે એવું,
નહીં બેસે ઠરીને ઠામ,
એથી લગામ કબજે રાખો,
થશે વૃત્તિ સાધ્ય તમામ. પ્યારે.
વૃત્તિઓ તાહારી સાધ્ય થશે તો,
મળશે જોવા પ્રભુ ધામ;
દાસ કહે ઓ પ્રભુજી આનંદ,
આપો વૃત્તિઓને વિશ્રામ. પ્યારે.

કીર્તન ચૌદમું.

રાગ—આશાગોડી.

મેં તો બનીરે જોગનીઆં લેહેરી,
પ્રેમ લગનીસેં પ્રભુ ગાંઠ જોરી,
રામ રસકી મીઠાઈ સબ વારી,
પ્રેમ ભક્તિસેં મીલાયંગે હરી. મેં તો.

ઢુંઢ ફીરી રામકુ સબ નગરી,
અજ હું પાયે ન રામ પાયોરી.
કરંગી ભક્તિ મદ સબ ઉતારી.
કેમ ન મીલે કહાન મોરારી. મેં તો.

નહીં કરના છળ ભેદ દુલારી,
લગા દેયંગે પ્રેમ પીચકારી.
કહાં કીસી ઘર રહોગે છુપાઇ,
નહીં અજાની રહેનેકી બારી. મેં તો.

દો ને બેડી કહાન હક તુમેરી,
રહી બની મીલનેકુ અધીરી.
નીશ દિન ભરી હું હમને વારી,
કીસ તરેહ છુટે પ્રાણ પ્યારી. મેં તો.

મેં તો બની ઠની રહી એક તારી,
વશ કીયા હે કંથ ગીરધારી.
દાસ કહે પ્રભુ હે મીલનસારી,
ઉસકી ગાતે હમ બલીહારી. મેં તો.

બોલો શ્રી શંકર પરમાત્માકી જય !
બોલો શ્રી હરનર્મદે માતકી જય !
બોલો શ્રી રામચંદ્ર મહારાજકી જય !
બોલો શ્રી કૃષ્ણ પરમાત્માકી જય !

પગથીઉં ૩ જું.

માયામાંથી મુક્ત થવું.

માયામાંથી મુક્ત થવું બહુ મુશ્કેલ છે. પરંતુ ફીકર નહીં રાખો. જેઓએ બીજું પગથીઉં પસાર કર્યું છે, વૃત્તિઓ સાધ્ય કરી છે, મન જીત્યું છે, તેને બહુ મુશ્કેલ નથી. જે મનુષ્ય પ્રાણી પગથીઆં બહાર છે, તેઓ તો રાતને દિવસ માયામાં લપટા પટ્યા રહે છે. તે બાબતોને માયા કહે છે, તે વળગવાથી શું નુકશાન થાયછે, તેમાંથી શી રીતે તરાયછે, તે વિચાર કરવાનું ભાન પણ હોતું નથી; અને એવા ઘણા અજાન જીવો આ તોફાની સંસાર તરી શકતા નથી; માયાનાં તારમાં સપડાઇ દુષ્ટ કર્મો કર્યા જાય છે, અને છેવટ અધોગતિને પામે છે; તેમાંથી મુક્ત થાય અને આપણાં કર્તા હર્તા પરમાત્માને મેળવી પોતાનો ફેરો પુરો કરે એજ આ લેખકનો હેતુ છે, અને તેને માટે આ સાધન પરમાત્માની મહેરબાનીથી તૈયાર થયું છે. માટે હે બાઇઓ! દરેક પગથીઆં વાંચવાને મનન કરજો, તમે જલદીથી ચઢ કરશો નહીં, પણ જેમ નિશાળે બેઠા હોય અને એકડો પ્રથમ ઘુંટીએ છીએ, તેમ શરૂથી એક પણ અક્ષર, વાંચ્યા સિવાય જાય નહીં તે ઉપર ધ્યાન આપજો. ડાહ્યા માયાનો માનવી શું નહીં કરી શકે? નરસીંહ મહેતા, તુકારામ, દામાજીપંથ, સુરદાસ,

તુલસીદાસ, રોહીદાસ, કબીર, મીરાંબાઇ એ સઘળાં તરી ગયાં તે પણ મનુષ્ય પ્રાણી હતાં, પણ દૃઢ શ્રદ્ધાવાળાં હતાં, પરમાત્માને મળવાને તેમનામાં પ્રેમ ઉભરાળા મારી રહ્યો હતો, દુર્ગુણોને તો તેઓએ પાણીચું આપ્યું હતું, સત્વગુણ અને વૈરાગ્ય તો હાજરા હજુર હતા. એ બધું શાથી કરી શક્યા? મન તથા માયાને જીતીને. તમે પણ શુભ ઇચ્છા રાખી આ ચોપડીના પગથીઆંનાં અનુક્રમ પ્રમાણે ચઢવા જશો તો પછી જુઓ પરમાત્મા મળે છે કે નહીં! અરે તે તો ઘણો દયાળુ છે, પોતાને જે ભક્ત વળગ્યા છે તેને તુરત તુરત મળે છે, ભેટે છે, તેની સાથે પ્રેમ રસમાં ઘેલો બની જઇ કુદે છે. એની શ્રદ્ધા સારૂ બીજા પગથી-આંમાં તમે આમલી નીચે બેઠેલા તપસ્વીની વાત તો લક્ષપૂર્વક વાંચી છે. અરે આ તો માયાનું પગથીઉં, અને ક્યાં આગળ કુદો મારીએ છીએ? ઓ ભગવાન! તારી શક્તિજ એવી છે, જેણે તારો માર્ગ પકડ્યો છે, તે એકદમ તને મળવાને ઇંતેજારીના આવેશમાં આવી જાય છે; તેને પાયરી દરપાયરી ચઢવાનું ભાન રહેતુ નથી. હશે ચાલો મુળ વાત ઉપર આવો.

એકાદશ ભાગવતમાં શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે કે "માયા મારી મેલી છે, ને પ્રાણીઓ પોતાની સત્તાથી તેને દૂર કરી શકતા નથી."

વાત ખરી લાગે છે. જો એ પ્રમાણે નહીં હોય તો નારદ, એકશૃંગી ઋષી, સુદામા, બાપા જેવા મહા સામર્થ્યવાન હતા છતાં તેઓ માયામાં ભોળવાયા નહીં. વળી વ્યાસજીનો વડો શિષ્ય જમદગ્નિ, મહાજ્ઞાનને પામેલો, તે પણ આ માયાના સપાટામાં

આવી ગયો હતો. એ વિશે ટુંક ઇતિહાસ અને સંક્ષેપમાં કહું છું. ધ્યાન દઈને એક ચીત્ત વાંચજો. આ ચોપડીના સઘળા વિષય એક ચીત્તે લક્ષપુર્વક સાંભળવાના, અને તેજ પ્રમાણે વર્તમાન વર્તન રાખવાના છે. તે પ્રમાણે કરશો તોજ પ્રભુદ્વારનાં દરવાજા જોઇ શકશો. બાકી સહેલાણી ઉપરછલા બની એ અક્ષર આમતેમ વાંચ્યા, ચાર પાંચ કીર્તનનાં રાગડા તાણસુરમાં ખેંચ્યા, તેમાં કાંઇ વળે નહીં; પણ એ ભુલશો. બીજા પગથીઆમાં તમોએ ખાસ લક્ષ આપીને વૃત્તિઓ સાધ્ય કરી છે તેથી હવે તમે એક ચીત્ત બની ગયા છો એટલે બરાબર લક્ષ આપશોજ. ફીકર કરવાનું કારણ દેખાતું નથી.

એક વખત નારદજી, જે ભગવાનનું મન ગણાય છે, માયામાંથી મુક્ત છે, તેમને પણ માયાની બલીહારી જોવાની ઇચ્છા થઇ. ત્યારે ભગવાનને વિનંતી કરી કે મહારાજ ! માયામાં પ્રાણીઓ શા રીતે સપડાઇ જતાં હશે ! મારે પણ એ માયા જોવાની ઇચ્છા છે. ભગવાને કહ્યું ઠીક છે. કેટલાક વખત ગયા પછી એક દિવસે નારદજીએ પોતાની માતાને કહ્યું કે માતાજી ભુખ લાગી છે, ખીચડી મુકી દો કે જલદી ભોજન તૈયાર થાય હું કુવા ઉપર નાહીને તરત આવું છું. એવું કહી પાણીનું દોરડું તથા ઘડો લઇ તેઓ કુવા ઉપર નહાવા ગયા. કુવો પહોળો અને અગાધ હતો, તેથી નારદજીને ઇચ્છા થઇ કે પાણી કાઢવું અને નાવું, તેનાં કરતાં કુવામાં ઉતરી ડુબકી મારી નાહી લઇએ. પાણીનું દોરડું ને ઘડો તો કુવાનાં થાળાં ઉપર પડ્યા છે અને નારદજી તો કુવામાં પડ્યા, ડુબકી મારી, બહાર નીકળતાં કોઇ વિશાળ નદીમાં આવી નીકળ્યા, ત્યાં એક ગૃહસ્થ આવી ચડ્યો,

તેનાં ઉપર તેમને મોહ ઉત્પન્ન થયો, તેની સાથે લગ્ન કર્યું, તેનાં પેટનાં તેમને એકવીશ છોકરાં થયાં. ફરી એક વખત સ્ત્રીનાં વેષમાં તેજ નદીમાં નહાવા ગયા. ડુબકી મારી કે તેઓ પુરૂષની સ્થિતિમાં મુળ કુવા ઉપર નીકળ્યા. દોરડું તથા ઘડો લઈ ઘેર ગયા ને માજીને કહ્યું કે "ભુખ લાગી છે." માજી બોલ્યાં કે "દીકરા! હજુ ખીચડી થતાં થોડી વાર છે, સબુર પકડ" નારદજી બોલ્યા કે અરે અરે સ્ત્રી થઈ. એકવીશ છોકરાં જણ્યાં પણ હજુ ખીચડી ચડી નહીં. યાદ આવ્યું કે આ બનાવ થોડા વખતમાં બની ગયો તેથી પરમાત્મા પાસે માયા જોવાની ઇચ્છા કરી હતી તેજ આ માયા. અહો મને જે દુનીઆનાં લોકો પરમાત્માનાં પરમ ભકત ગણે છે, તેજ હું નારદ પણ આ પરમાત્માની માયામાં સપડાઈ ગયો, ત્યારે આ જગતનાં અલ્પ અજ્ઞાની પ્રાણીઓનો શો આશરો? ખરેખર માયા પરમાત્માએજ મુકેલી છે, એવી ખાતરી મને જરા પણ શક વગર થાય છે.

એજ પ્રમાણે સુદામા જે ભગવાનનાં પરમ મીત્ર હતા, તેમના દીકરાનું સુદામા પુરીમાં ઉપવીતનો સમારંભ હતો. ત્યાં સુદામાનું આમંત્રણ હોવાથી ભગવાન ગયા હતા, સુદામો અને ભગવાન નદીમાં નહાવા ગયા, સુદામાએ પણ માયાની લીલા જોવાની ભગવાનને ઇચ્છા જણાવી હતી. સુદામાએ પણ નારદની પેઠે ડુબકી મારી, અને બીજી જગ્યાએ નીકળી બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યું, અને તેનાં પેટની પ્રજા પણ થઈ; પાછા જયારે ડુબકીમાંથી નીકળ્યા ત્યારે સુદામાને માલુમ પડયું કે તેઓ મુળ સ્થિતિમાં હતા. આ બનાવ એક પળમાં બની ગયો. ભગવાન તો ત્યાં હતાજ. તેમની ભારે સ્તુતિ કરી કે ઓ મહારાજ! તારી

માયાની લીલા અદ્ભુત છે, તેમાં જગતનાં પ્રાણી સપડાય તેમાં નવાઇ નથી, માયા નારી મૂરતી એ વાત ખરી છે મારા મનનો સંશય ટળ્યો, એમ કહી ભગવાનને લાંબા પડી સાષ્ટાંગ પ્રણામ કર્યા.

એકલશૃંગી ઋષિ નામે તો સાંભળ્યા હશે. અગર શક હોય તો સ્પષ્ટીકરણ કરૂં છું. હરણાં તો તમોએ જોયાં હશે, હરણીના ટોળાંમાં મરદ હોય છે તે કલીઆરના નામથી ઓળખાય છે. એક રૂષીને પ્રારબ્ધ યોગે કલીઆરનો જન્મ લેવો પડયો હતો. એક વખત એક રાજાનાં દરબારમાં જોષીઓની સભા વરસાનું પરીણામ જોવાને રાજાએ ભેગી કરી હતી. જોષીઓએ વરસાના ફળ વિશે એક મત થઇ કહ્યું કે રાજ્યમાં બાર વર્ષનો દુકાળ પડશે. રાજા તો આ સાંભળી મુર્છા પામી બેભાન થઇ ગયો, ઘણે વારે શુદ્ધિમાં આવ્યો, અને બોલ્યો કે, મહારાજો ! બાર વરસના દુકાળમાં તો આ રાજ્ય તારાજ થઇ જશે, માટે દુકાળ મટે એવો કાંઇ ઉપાય બતાવો, ત્યારે જોષી બોલ્યા કે એકલશૃંગી રૂષી વનમાં ફરે છે તેના પગલાં જો દરબારમાં આવે તો દુકાળ મટે રાજા મહા સંતાપમાં પડયો કે, અરે જંગલનું હરણ કે જે મનુષ્યનાં પડછાં જોઇને નાસી જાય, તે દરબારમાં શી રીતે આવશે ? આ વાત ઉપર રાજાને ભરોસો પડયો નહીં, ને ધાર્યું કે કાર્ય બનવું બહુ અશક્ય છે. વખતે જોષીઓએ આપણું મન રાખવાને કલ્પીત જોડી સમજાવ્યું નહીં હોય ! વળી વિચાર થયો કે શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખો. આ જમાનાનાં બ્રાહ્મણો હજુ નષ્ટ થયા નથી, તે જમાનો તો આગળ કળીયુગમાં આવશે, તે વિચારથી ભરોસો પડયો. બીજે દીવસે દરબાર ભર્યો ને પાનનું

બીડું ફેરવ્યું કે જે કોઈ એકલશૃંગી ઋષીને મારા દરબારમાં લાવશે તેને બાર ગામ ઇનામમાં મળશે. જાગીરી મેળવવાની હોંસ તો ઘણા સભાસદોને થઇ, પણ કરે શું! ઋષીને લાવવાની કોઇની નજર પહોંચી નહીં. મોટા મોટા સામંતો નીચું ભાળીને બેશી રહ્યા, કોઇએ બીડું ઝડપ્યું નહીં. રાજા મનમાં અકળાયો પણ કરે શું? પોતે જાણતો હતો કે એકલશૃંગી ઋષિ એ અસાંસારીન છે. એટલામાં તે દરબારમાં એક નાચ કરનાર ગુણીકા હતી તેણે તે બીડું ઝડપ્યું. તે વખતની ગુણીકાઓ હાલના જેવી કુલટાઓ નહીં હતી, પણ અકલબાજ હતી તેને ત્યાં તો ઘણા પંડીતોને હુનર શીખવા જવું પડતું હતું. આ પણ તેમાંની હતી. તેણે બીડું ઝડપી તૈયારી કરવા માંડી. મગજ પુરી વીગેરેનાં ગાડાં ભરાવ્યાં, જાજમ તથા સંગીતનાં સઘળા સાજ ગાડાંમાં ભર્યાં, તબલચી, સરોદા, સારંગી, તંબુરા અને સતાર બજાવનારા પણ લીધા, અને જે અરણ્યમાં એકલશૃંગી રહેતા હતા ત્યાં ગઈ. જાજમ પાથરી રાતને દહાડો ગાન તાન ચલાવ્યું. અરે મોહ એજ બહુ ખરાબ છે મહા દુસ્તર છે. હરણને ગાન તાનનો રણકાર જ્યારે કાનમાં જાય ત્યારે ઘણા મુગ્ધ બની જાય છે. તમોએ હાલનાં જમાનામાં હરણનાં શિકારનો તમાસો જોયો હશે. શિકારી મોટા ગાડામાં બંદુક લઈને બેસે છે અને બળદને ઘુઘરા બાંધે છે; તેનાં અવાજથી દોડતા મૃગો અટકી જાય છે, પેલા નાદમાં લુબ્ધ બેભાન થાય છે, એટલે શિકારી બંદુકની ગોળી લગાવે છે. તરત દેહ પડે છે. તેવીજ રીતે આ સંસારમાં પ્રાણીઓ મોહમાં લપટાઇ પોતાનો પ્રાણ તજે છે. વળી તમે પતંગો તો જોયા હશે. દીવો મુકેલો હોય ત્યાં દીવાની જ્યોત

ઉપર મોહી તેને પકડવા જાય છે, તેવાજ અગ્નિની ઝાળથી ટપા-
ટપ મરે છે. એમજ મુગ્ધ પતંગીઆં બહારનાં મનુષ્ય-પ્રાણીની
હાલત થાય છે, અરે આપણે તો આગળ આવ્યા, મુળ વાર્તાને
પુરી કરો, પછી તમારી હીંમત હોયતો ક્રમ આગળ ચલાવજો.
હવે તો પરમાત્માને મેળવવાની હમારામાં શક્તિ આવી છે, ગમે
તેમ થશે પણ સંસાર તરીશું તરીશું ને તરીશું. પ્રથમના પત-
ગીઆથી ને આજ સુધીનાં ચીંતવન અને કીર્તનો વાંચવાથી અમારા
કાન ઉઘડયા છે જેથી હમને લાગે છે કે હમે જરૂર પરમાત્માને
મેળવીશું. શાબાશ! ઉતાવળા ન થાઓ, વાહ! આટલી તમારી
હીંમત જોઈને મને ઘણો આનંદ થાય છે. પણ ધીરા પડો,
પરમાત્માનું દ્વાર તો હજુ છેટું છે. હજુ ઘણું કરવાનું છે. હાલતો
આપણે ગયા પતંગીઆં ઉપર ફરીને હવે બીજી અધુરી વાત શરૂ
કરીશું તે ઉપર જરા લક્ષ આપો. ફરી વાંચવાની તસ્દી
પડશે નહીં, એક વખત મનન કરી વાંચવું કે બેડો પાર. પેલી
ગુણીકાના પગના ઘુઘરાનો ઝમકારો, વળી સાજનાં રણકારો, ગાયનનાં
આલાપ તથા લાંબા સુરે સાંભળી, ઘણી દૂર હતા ત્યાંથી કાને સ્પર્શ
થવાથી જે બાજુથી અવાજ આવતા હતા તે તરફ ધીમે ધીમે
આજુબાજુ જોતા જોતા અને બીહતા બીહતા આવવા લાગ્યા. એમ
કરતાં કરતાં કેટલેક દહાડે તે ગુણીકાના બીસ્તરાથી થોડે છેટે એક
ઝાડ હતું ત્યાં આવવા લાગ્યા. તે ઝાડ નીચે હરરોજ સાંજે તે
ગુણીકા પુરી ને મગજ મુકાવતી હતી. તે તેમણે પ્રથમના સુંઘવા
માંડયા, પછી જરા જરા ચાટવા માંડયાં, પછી મોહનો સ્વાદ લાગ્યો.
શું પુછવું! જેટલું મુકયું તેટલું હોઈઆ—ધીમે ધીમે બીસ્તરાથી
નજીક ખાવાનું મુકતાં મુકતાં આવ્યાં, અરે મોહની જાળમાં ફસાયા.

ખોરાકથી સ્વાદ ઇંદ્રી જાગી, પરીબળ થઇ, ગાનતાનનાં મોહમાં લુબ્ધ બન્યા, માયા વશ બનવાથી હાથ પકડ્યો તેની ફીકર દબાઇ ગઇ, પથારીમાં બેસી ખાવા લાગ્યા, ગાનતાનમાં એકતાર થઇ ગયા, પછી ગુણીકા મહા ચતુર હતી તેથી તેણે ધીમે ધીમે ગાડામાં બેઠક જમાવી, તેમાં ગાનતાન ચલાવ્યું, ઋષીજીને પણ ગાડામાં ચઢાવ્યા, તે વગર આનાકાનીએ ચઢયા, નવાં નવાં મીષ્ટાન્ન ઝાપટવા લાગ્યા. આતો ઘણું લંબાયું. હવે ટુંકું કરીએ ગાડામાં ગાનતાનની ધુન મચી રહી છે, મગજ પુરી ઉડે છે, ધીમે ધીમે ગાડું ચાલે છે, પણ તેનું ભાન ઋષીને નથી. એમ કરતાં કરતાં રાજાનાં નગરમાં આવ્યા, ને છેવટ ઋષીજી રાજાનાં દરબારમાં પધાર્યા. રાજાનાં આનંદનો પાર રહ્યો નહીં કેમકે બાર વર્ષનો દુષ્કાળ મટયો. મતલબ કે એકશૃંગી ઋષી, જે વનમાં રહેનાર મનુષ્યનાં પડછાયાથી નાસનાર, તે પણ સ્વાદ ઇંદ્રી પ્રબળ થવાથી, અને ગાયનની લેહેથી ગુલતાન બની, માયામાં સપડાઇ ગયા, તો આપણે પગથીઆં બહારનાં અલ્પ પ્રાણીઓ દુસ્તર માયામાં પકડાઇએ તેમાં શી નવાઇ !

આતો લાંબા સમય ઉપર થઇ ગયલા મહાત્મા ભકતોનાં દાખલા આપ્યા, પણ થોડા કાળ ઉપર એક જ્ઞાની શિષ્ય, જ્ઞાનના પાંચ પગથીઆં ચઢેલા, સમાધી યોગ સાધનારા ઋષી પણ સપડાઇ ગયા હતા તેનો ટુંકો ઇતીહાસ કહુંછું તે ઉપર લક્ષ આપો.

વ્યાસજી તો મહા પ્રખ્યાત થઇ ગયા છે. એક નાનું બચ્ચું પણ તેનું નામ જાણે છે, એટલે તેમનું જીવન ચરીત્ર કહેવાની અગત્ય નથી, પણ આ પગથીઆનાં સંબંધે તેનો શિષ્ય એવો તે માયામાં સપડાયો હતો કે પાંચમાં-જ્ઞાન-માર્ગનાં પગથીઆંની ટોચે

ચઢેલો એકદમ પડછાયો પડયો. એક કીર્તનમાં તમને વાંચવાનું મળશે કે "બડે બડે જ્ઞાની લટક ગયે હૈ. તુમ્હેરો પતંગ બિચારા રે" ત્યારે આપણે તે શી ગણત્રીમાં ! પ્રભુ આપણી લાજ રાખે અને દુસ્તર માયામાંથી ઉગારે ત્યારે આજ સિદ્ધાંત ખરો છે. અને તે આ વાત ઉપરથી તમારા ધ્યાનમાં બરાબર આવશે.

મહાત્મા વ્યાસજીએ ધર્મનો એક ગ્રંથ તૈયાર કર્યો. વ્યાસજીને જમદગ્ની કરીને એક વડો શિષ્ય હતો, જ્ઞાનની ટોચે પહોંચેલો હતો. તેને પેલો ગ્રંથ વ્યાસે આપ્યો ને કહ્યું કે વાંચી જુઓ, કંઇ ખામી હોય તો કહો. કંઇ વાંધો નહીં હોય તો પ્રસિદ્ધ કરીએ. શિષ્યે આખો ગ્રંથ વાંચ્યો તેમાં એક ઠેકાણે એવું લખ્યું હતું કે "એકાંત બહુ બુરી છે; વખતે એકાંતમાં રહેનારા જ્ઞાની પણ માયાના આવરણને લીધે તેમાં લપટાઇને લટકી જાય છે." આ વાક્ય પેલા શિષ્યને ગળે ઉતર્યું નહીં. પોતે જ્ઞાનના ફાંકાવાળો હતો તેથી મોં ચઢાવી વ્યાસને આખરે કહ્યું કે આ વાત હું માનતો નથી. વ્યાસે કહ્યું કે છેકી નાંખો. પણ ગુરૂના શબ્દ છેકવાની તેની હિંમત ચાલી નહીં. તે શિષ્ય, ત્યાંથી થોડે છેટે એક જંગલમાં એક મઢીમાં એકાંતમાં રહેતો હતો, ત્યાં ચાલ્યો ગયો. ગુરૂએ આ વાક્ય શા માટે લખ્યું હશે તે વિચાર આખે રસ્તે તેના મનમાં ઘોળાયા કર્યો. તેણે મઢીમાં પહોંચી, નાહી ધોઇ સમાધી ચઢાવી. તે વખતે ચોમાસું નહીં હતું છતાં કવખતે એક વરસાદનું ઝાપટું પડી ગયું. પાણી પાણી થઈ રહ્યું. ઋષી સમાધીમાંથી ઉઠી બહાર નીકળ્યા તો જણાયું કે પવન ફુંકાતો હતો, પાણી પાણી થઇ રહ્યાં હતાં તેથી તે કુદરતની લીલાનું અવલોકન કરવા લાગ્યો. એટલામાં એક નવ યૌવન,

સ્વરૂપવાન, સોળ વર્ષની બાળા એકલી એક બાજુએ વરસાદમાં પલળી ગયેલી, પવનથી લુગડું વારે વારે ઉડે છે એવી સ્થિતિમાં જોઇ શિષ્યનાં મનમાં આવ્યું કે આ કોઇ રાજકુંવરી છે, દુઃખી થઇ છે, તેથી એની આસનાવાસના કરવી જોઇએ. ઋષીએ બેન બેન કરી બોલાવી. ઋષીનાં મનમાં કોઇ પણ જાતનો બીજો વિકાર નહોતો બાળા શરમાતી અંદર આવી ને મઢીને ઓથે ઋષીએ બેસવાનું કહેવાથી ત્યાં તે બેઠી. તેનું લુગડું પવનથી ઉપર તળે ઉડવા લાગ્યું; વરસાદથી ભીંજાઇ ગયલી હતી તેથી ટાઢને લીધે ધ્રુજવા લાગી. ઋષીને દયા આવવાથી અંદર બોલાવી બેન અંદર આવ ને ધુણી આગળ બેસ. ધુણી તો સળગાવેલી હતીજ તેથી તે આવીને તાપવા બેઠી. ઋષીએ કહ્યું કે બેન લુગડું પલળેલું છે માટે મૃગચર્મ પહેર. બાળાએ લુગડું કાઢી નાંખી મૃગચર્મ પહેર્યું. ઋષી પણ તાપવા બેઠા. જે ઋષી એક ઘડી અગાઉ કુદરતનું નિરિક્ષણ કરતા હતા તેજ ઋષી તે બાળાનું મોં, ગુલાબી ગાલ, ઉઘાડાં સ્તન, તથા સ્વરૂપ જોઇ મોહી પડયા, અરે ગગડી ગયા, અને કામાતુરને મદાંધ આપસાનાં જેવા બની ગયા; જ્ઞાન તો કોણ જાણે કયા ખુણે ભરાઇ બેઠું. ધીરજ રહી નહીં, બાળા ઉપર હાથ નાખ્યો. એટલે તે બાળાનું સ્વરૂપ બદ-લાઇ ગયું અને વ્યાસજીનું દાઢું હાથમાં આવી ગયું. તેજ ક્ષણે જાણે તે શિષ્યને ઝાટકો લાગ્યો હોય તેમ આ બનાવથી મુર્છા પામી ભોંયપર ચત્તાપાટ પડયા. ગુરૂએ પાણી છાંટી શુદ્ધિમાં આણ્યા પછી કહ્યું કે કેમ બચ્ચા ! તું તો જ્ઞાની હતો ને આમ કેમ થયું ! ત્યારે તે શરમાઇ ગયા અને લાંબા પડી પ્રણામ કરી કહ્યું કે મહારાજ તમે જે લખ્યું છે તે ખરૂં છે. વ્યાસજી

મોહીની રૂપ ધારણ કરી આવ્યા હતા ને શિષ્યને પ્રત્યક્ષ અનુભવ દેખાડવાનો તેમનો હેતુ હતો." ભાઇઓ ! આગળ હજુ તો ઘણું વાંચવાનું આવશે ને આપણે તો થાકયા જઇએ છીએ. હવે ટુંકાણમાં આટોપીએ કે તમને વધારે વાંચવાનો કંટાળો આવે નહીં. આવી રીતે ઘણાં મહાત્માઓ પરમાત્માની માયામાં સપડાઇ ગયા છે. હજુએ એવા દાખલા તો ઘણા છે. પરંતુ આપણો હેતુ તો ટુંકાણમાં પતાવવાનો છે. આટલા દાખલા ધ્યાનપુર્વક મનન કરશો તો ઓછા નથી. હવે તમને ખાતરી થશે કે જે આપણે આ પગથીઆંની શરૂઆતમાં એકાદશ ભાગવતનું વાકય "માયા ભગવાને મુકેલી છે" એવું તમને સ્મરણ કરાવ્યું હતું તે ખરૂં છે.

હવે આ માયામાંથી આપણે શી રીતે મુકત થઇએ ? એ સવાલનો ફડચો કરવાનો રહ્યો. જવાબ બહુ સહેલો ને ટુંકો છે. ભગવાને ભાગવતમાં પોતે કહ્યું છે કે "માયા મારી મુકેલી છે અને તેનું આવરણ હું ખેંચી લઉં તોજ તેમાંથી પ્રાણી મુકત થાય છે." આપણે ગમે તેટલાં ફાંફાં મારીએ તોપણ શી રીતે માયામાંથી મુકત થઇએ ? ચૈતન્યવાળા મનુષ્ય અને જડ પ્રાણી જેમાં જોઇએ તેમાં સઘળે માયા માયાને માયાજ. માયામાં સઘળાં મશગુલ આંધળાં ભીંત જેવાં થઇ ગયાં છે, અને એ પ્રમાણે માયામાંથી મુકત નહીં થવાથી વીર્યની જાળમાં લપટાઇ ચોર્યાસીના ફેરાની ઘુમરીમાં સડયા કરે છે. ભાઇઓ ! પ્રયત્ન કરો, વ્યવહારીક બાબતમાં નજર કરો. આપણા વિરૂદ્ધ આપણાં ઉપરી અમલદારે કાંઇ હુકમ કર્યો હોય અને તેનાં કાલાવાલા કરવાથી તે ઉપરી અમલદાર તે હુકમને દયા આવવાથી ફેરવે પણ છે,

તો આતો જગત કર્તા આત્માના આત્મા જેણે માયા મૂકેલી તેનાં અહોનીશ કાલાવાલા કરીએ તો શું તે આપણા ઉપર દયા નહીં લાવે ? અરે લાવશેજ. પરંતુ તમારામાં દૃઢ શ્રદ્ધાથી ચીવટપણે રહી કાલાવાલા કરવાની શક્તિ જોઇએ. માંગો પરમાત્મા પાસે હાથ જોડીને, જમીન ઉપર બે ઘુંટણીએ પડીને, મનની વૃત્તિને પરમાત્મામાં લગાવીને કે હે પ્રભુ આ માયાનો તમે મૂકેલી છે, તમારા વિના હમને ઉગારે એવો આ સૃષ્ટીમાં કોઇ વીરલો દેખાતો નથી, માટે એ માયાનું આવરણ તમેજ ખેંચી લેવાને સમર્થ છો એવી મને ખાત્રી થાય છે. આ પ્રમાણે અહો-નીશ પગે પગે કાલાવાલા કરો. જુઓ પછી તમે માયામાંથી મુક્ત થાઓ છો કે નહીં ? અરે થશોજ. આ સમજણ વિના સંસારનાં વીષયો ટળશે. અને પેલા રૂપાળાંપને યોગે રહી છોકરાં રોજ ગોદમાં રાખીને ફરો છો તેનાં પરથી આસક્તિ ટળશે; પેલા મહેલ હવેલી અને ખજાના ઉપરથી પણ મન ઉતરી જશે, માયાનાં પડદામાંથી નીકળ્યા પછી જુઓ તમારી સ્થિતિ ! એ સ્થિતિનો અનુભવ જેઓ માયામાંથી મુક્ત થાય છે તેનેજ થાય છે. તમે આત્મબંધુઓ ! આ પગથી-આનાં વિવેચનપર શ્રદ્ધાપૂર્વક લક્ષ આપો, મનન કરો, અને ભગવાનનાં કાલાવાલા પ્રેમભક્તિથી કરો. આ ગ્રંથમાં કાલાવાલાના કીર્તન છે તે હંમેશાં પ્રેમ મેળવી એકતાર બની ગાવાનો મહાવરો રાખો. તમો પણ મુક્ત થશો, અને આનંદના પ્રવાહમાં મહાલશો. સઘળી ખટપટ મટી જશે. ખરેખર આ પગથીઆનો વીસ્તાર વધી ગયો છે હજુ કલમ અટકાવવા ઇચ્છા થતી નથી. પણ જો કલમને રોકી રાખું તો ટુંકમાં સમજાવવાનો લેખકનો ઇરાદો

નાબુદ થાય. લખવાનું મન તો બહુ થાય છે, પણ મારા બીરાદરોને વધારે વાંચવાનો શ્રમ પડે તેથી ટુંકાણમાં આટોપવું એજ ઉત્તમ દેખાય છે. હું નથી ધારતો કે મારા આત્મબંધુઓને થાક લાગ્યો હોય. આ દુસ્તર માયાનો સપાટો જોઈ આગળ વાંચવાનો ઉત્સાહ પેદા થયો હશેજ પરંતુ પૈસો સંતાન કીર્તિ અહંકાર જેણે ઘણાંનાં ઘર માર્યાં છે, અરે ઘર તો શું પણ સમૃદ્ધિ અને રાજ્ય વગરનાં કર્યાં છે અને છેવટે દેહ પતન કર્યાં છે તે બહુ ખલેલ નાંખે છે. જ્યારે ચોથું પગથીઉં તમે મનન કરશો ત્યારે તમને લાગશે કે શ્રમ વેઠવો પડે છે તે દૂર નાસતો ફરશે મન જીતવું, માયામાંથી મુક્ત થવા, અને અહંકાર છોડયો, પછી શું પુછવું! પ્રભુ દરબારમાં પહોંચ્યા સમજવું. શું પ્રભુદ્વારની શોભા! ભગવાનનાં ગુણાર્વિંદ! પ્રેમ ભક્તિનાં ઉદ્‌ગારો! અરે આનંદ આનંદની છટા! તે લીલા જોનારાઓને તેની તૃષ્ણા મટતી નથી. એ ભગવાનની લીલાનો જેને અનુભવ થયો હોય તેજ જાણે. અરે હવે પાંચમાં પગથીઆ ઉપર ચઢવા. આ તો ચોથું પગથીઉં છે. બીરાદરો. પરમાત્માનું નામ આવે છે કે પ્રેમનાં ઉભરા ઉછળી આવે છે. હે પ્રભુ! મારા આત્મબંધુઓને મોહમાયાની જાળમાંથી મુક્ત કરજે એવી આ લેખકની પ્રાર્થના છે.

પગથીયું ત્રીજું

—o:o—

કીર્તનો.

કીર્તન ૧ લું.

અભાગી જીવ જોને તું જાગી,
તાહારા દેહમાં હોળી લાગી. અભાગી.

તું અંધારામાં કેમ ભટકે,
તારો જીવ માયામાં લટકે. અભાગી.

તારૂં અંતર જોને વિચારી,
તાહારી બુદ્ધિમાં આગ લાગી. અભાગી.

અરે તું માયાને મુક ત્યાગી,
તાહારી શંકરે ભુખ ભાગી. અભાગી.

તાહારાં કર્મને મુક ત્યાગી,
તાહારી ભાંજ શંકરે ભાંગી. અભાગી.

દાસ શંકરને રહે ભાગી,
તારાં પાપ કલેશ દે ટાળી. અભાગી.

કીર્તન ૨ જું.

રાગ–પીલુ.

પ્રભુ તારી માયાની જાળ ભારી,
આખા જગમાં સઘળે વિસ્તારી;
જેમ કરોળીએ જાળ લંબાવી,
અસંખ્ય જીવ બંધાયા ભારી. પ્રભુ.

દીવાની જ્યોત સુવર્ણ મોહરૂપી,
થઇ ખાખ પતંગોની ખુવારી.
ઋષી એકશૃંગી વનમાં ફરનારા,
વેશ્યા લાવી માયામાં ઉતારી. પ્રભુ.

ભક્ત નારદે ડુબકી, કુવામાં મારી,
એક પળમાં બનાવ્યો નારી.
થયાં છોકરાં એકવીશ, એક ક્ષણમાં,
એમ તારી માયાની બલિહારી. પ્રભુ.

મીત્ર સુદામાએ લીલા જોવા માગી.
તેને બનાવ્યો ફરી સંસારી.
બ્રહ્માજી સરખાને પણ ભોગવ્યા,
દુસ્તર માયાએ લીધા ઘેરી. પ્રભુ.

આખું જગત મોહ માયામાં સપડાયું,
ન મળે છુટવાની એકે બારી.
દાસ પર કૃપા કરો પ્રભુ પ્યારા,
મોહ જાળથી લ્યોને ઉગારી. પ્રભુ.

કીર્તન ૩ જું—રાગ-મહાડ.

વીઠ્ઠલજી મ્હારા પ્રાણથી પ્યારાં
તમે જાણો મનનો તાર. વીઠ્ઠલજી.

સંસાર સાગરમાં ગોથાં ખાધાં તેં,
ન મળ્યું ઉગારવા દ્વાર;
અવળે રસ્તે તું દોરાઇ ગયો,
ન સમજ્યો મૂઢ ગમાર. તમે.

વિષય વાસનામાં મગ્ન રહ્યો તું,
કેમ ઉતરે ભવ પાર;
શા માટે મૂરખ રંજ ખેંચે છે,
ઉતાર ઉપાધીનો ભાર. તમે.

ખરાડ પાડી વીઠ્ઠલાને જ્યારે,
પ્રભુ ચઢ્યા મ્હારી વ્હાર;
વીઠ્ઠલવર મ્હારો મહા દયાળુ,
તેના કાને ગયો સંચાર. તમે.

મરતા ગજેંદ્રને જેણે ઉગાર્યો,
છે ભક્તનો તારણહાર;
તે દીનદયાળે તેને કૃપા કરીને,
ઉતાર્યો સાગર પાર. તમે.

માયાની જાળ તમે છોડો ને પ્યારા,
નથી તેમાં કાંઇ સાર;
દાસ કહે પ્રભુ તાહારી કૃપાથી,
તાર્યો બુડતો બેડો પાર. તમે.

કીર્તન ૪ થું રાગ—આશાવરી.

રણછોડજી માહારા પ્રાણથી પ્યારા,
તમે જાણો મારા પ્રાણ. રણછોડજી.
ભર દરીયામાં તરફડીયાં મારીં,
ન મળ્યું તરવા વહાણ;
માયાની જાળમાં લપટાઇ ગયો તું,
કેમ મળે તને નવાણ. તમે.
કર્મનાં ગાંસડા તારા વધી ગયા છે,
તેમાં રહ્યો તું અજાણ;
ગર્ભસ્થાનમાં પ્રતિજ્ઞા કીધી તેં,
ગયો ભૂલી તેનું ભાન. તમે.
અંતર જ્યારે મરણે બોલીને જોયું,
સમજ્યો ત્યારે અજ્ઞાન;
મૂઢમતિ પ્રભુને ખોળવા દોડ્યો,
કીધી ભક્તિ દઇ ધ્યાન. તમે.
રણછોડજી માહરા ભક્ત વત્સલ છે,
રાખ્યું બોડાણાનું માન;
તે પ્રભુ પરમાત્માએ મહેર કરીને,
કર્યું આત્માનું કલ્યાણ. તમે.
દુઃખરૂપી દરીઆને દૂર કરીને,
ઉતરે તારૂં અભિમાન;
દાસ કહે પ્રભુ તાહારી મહેરથી,
પ્રગટ્યો હૃદયમાં ભાણ. તમે.

કીર્તન ૫ મું રાગ માહાડ

કૃષ્ણજી મ્હારા પ્રાણથી પ્યારા,
તમે જાણો મનની વાત. કૃષ્ણજી.
જગ નગર આ રમણિક દીસે,
દેખાય જાતજાતની ભાત;
મહેલ હવેલીના ઠાઠ બાંધ્યા,
વસે છે જુદી જુદી ન્યાત. તમે.
ચોરાશીની કોઈ દેખાતા નથી,
ઉડી ગયા છે ઘણા ઘાટ;
કાળનાં મુખમાં મગન થયા છે,
દેખાય નજરે સાક્ષાત. તમે.
માયાની જાળમાં બંધાય રહીને,
થાય મુરખ બહુ ભ્રાત;
તમ્હારી મતિ ખરૂ થાશે કેની,
છોડાવનાર નથી માત. તમે.
કોઈ કોઈનું કોઈ સગું નથી,
તમે માનોને મારા ભ્રાત;
વસમું દિસે આ સંસારનું ચક્ર,
ઉંઘ ઉતરો મારા તાત. તમે.
ખાલી ખોખાં સંસારનાં દિસે છે,
તેમાં વેઠો નહીં તમો રાત;
દાસ કહે કાળથી બચવું હોય તો,
સોંપો પ્રભુને તમારી જાત. તમે.

કીર્તન ૬ ઠું રાગ-માહુડ.

પ્રાણપતિ માહારા પ્રાણથી પ્યારા,
તમે જાણો મનનો સાર. તમે.

દાસની અરજપર ધ્યાન આપીને,
રાખો હૃદયે મારા કિરતાર;
ત્રિવિધ અગ્નિથી તપી રહ્યો છું,
વર્ષાવો પ્રેમપાણીની ધાર. તમે.

નિર્મળ કરો અંતઃકરણ મારૂં,
દૂર અહિતનો અંશ લગાર;
તાહારી કૃપા જો હોય મારા પર,
તરાય ભવસાગર પાર. તમે.

વૃત્તિઓ સઘળી ચોફેર ભટકે,
દૃઢ કરોને એક તાર;
માયાની જાળથી મુક્ત કરીને,
ઉતારો કર્મ ઉપાધિ ભાર. તમે.

હૃદયે રાખો તમો પ્રભુજી માહારા,
અંતરમાં રાખી બહુ પ્યાર;
દાસ તાહારાની પત રાખોને,
પ્યારા ઉતારો સંસાર પાર. તમે.

કીર્તન ૭ મું રાગ આહાડ.

પ્રભુજી મ્હારા પ્રાણથી પ્યારા.
તમે નોધારાનાં આધાર. પ્રભુજી

આશા તૃષ્ણા બન્ને છે આ દોરી,
જેને વળગી બે નાર;
ચૂસી તનનાં ખોખાં કર્યાં તેણે.
કર્યાં ખાલી તેનાં ભંડાર. તમે.

ગફલ પીશાચણીની છે જોડલી,
જેણે દીધો આવકાર;
ભૂખ નિંદ્રા સૌ તેઓનાં ટળી જશે,
રહેશો ખાંડાની ધાર. તમે.

થશો મસ્ત જો આશા તૃષ્ણામાં,
વેઠશો નરકનો ભાર;
ધીમે ધીમે વેલીઓ વધી જશે,
નહીં ટૂટે તેનાં તાર. તમે.

જો આશા હોય ફળ પામવાની,
છોડી બેને બને નાર;
રાખો શ્રદ્ધા દાસ પ્રભુ પદમાં,
મળે મુક્તિ સત્વાર. તમે.

——o:o——

કીર્તન ૮ મું.

રાગ—પીલુ.

મન તું રામ સ્મર્ણ કરી લેરે,
તારાં પાપ કરમ તજી દેરે. મન તું.

સંસારનું સુખ ઝાંઝવાં જેવું,
તેપર મોહી રહ્યો શું ભારે;
છૂટે નહી આસક્તિ જ્યાં સુધી તારી,
આવે જન્મ ફરી વારે વારે. મન તું.

દેખાય ખેલ બાજીગરનાં જેવા,
નાચે પુતળાં તારે તારે;
નહીં તુટે વાસના વેલી પ્યારી,
કેમ કરી આવે તું કીનારે. મન તું.
દે છોડી આસક્તિ વાસના નારી,
તરી ઉતરશે ભવ પારે;
દાસ બની વિરક્ત પ્રભુ ભને,
જશે તુટી બંધનનાં તારે. મન તું.

કીર્તન ૯ મું.

રાગ—હોળી.

રહો રામ રંગસેં મોહ લગાય,
જસી મોહ માયા મેલ ટળાઈ રહો.

હાડ માંસમાં શું મોહિ રહ્યો છે,
વિષમ કીચડમાં લપટાઈ;
અબ ચાદી તારી ઉખ્યું થશે જ્યારે,
શરીર તમો ખાખમાંથી પસ્તાશ. રહો.

જુવાનીનો રંગ પતંગી છે તેમાં,
રહ્યો શું મૂરખ અરે લોભાઈ;
હે ભોળી આત્મા! એ પતંગી મોહને,
રહો રામસેં પ્રીત જમાઈ. રહો.

મોહ માયા પ્રભુની સાથ લગાવો,
રહે આનંદ ઉરમાં છવાઈ;
દાસ હ્રદયમાં રામ રંગ જમાવો,
કિચડ મોહનો જશે ધોવાઈ. રહો.

કીર્તન ૧૦ મું—રાગ-ભૈરવી.

અબતો ગુમ ગઈ જીંદગી પ્યારી,
પાઈ નહીં રામ નામકી કોરી. અબતો.
લંપટ રહે માયા કે કિચડમેં,
લગા ચિત્ત નહીં રામકે પ્યારી;
ક્યાંસે આવે ઓર કહાં જાયગે,
આદી વાત નહીં સુમને વિચારી. અબતો.
અરે ડુબ ક્યો જાકે ખાડેમેં,
લગી રહે નિત્ય લંપટ નારી;

જખા અખમારોમેં અટક રહે,
જેને ખોલી આંખ અંતરમાં ધારી. જાગતો.
ઝટપટ શિર નમાવો રામકુ,
મીટ જાયગી ખટપટવીકી ફેરી;
ધાર પકડ દાસ હાથ જોડુકે,
રખજો લાજ દીનાનાથ હમેરી. જાગતો.

કીર્તન ૧૧ મું.

રાગ-ભેરવી.

સો જપો માળા પ્યારે રામ નામકી,
મીટ જાયગી સબ અંધેરી. સો.
કુડ કપટ કરકે માયા જોરી,
એક કોરી નહીં રહેનારી;
રામ બિના કોઈ કામ નહીં આવે,
ખાલી દેખત સબ સંસારી. સો.
જબ પીંજરસેં હંસા ઉડ જાયગે,
બન રહેગી ઉનકી રખોરી;
ઐસી બિચાર રખો દિલમેં પ્યારે,
તબ યાદ આયગે રામોરી. સો.
રામ મસ્તુકુ પકડલે જબરા,
કુચ્ચ મોટેગી તુમેરી ફેરી;
દાસ રામકે ખીજમતદાર હે,
ઉસકે હમેશ તાબેદારી. સો.

કીર્તન ૧૨ મું.

રાગ રામગ્રી.

કર પ્રભુ સંગાથે દઢ ગોઠડી,
અંતે નહીં આવે કોઇ કામ. કર.

સગાં વહાલાં મુકશે ભાગી તને,
અંતરથી છોડી દઇ પ્રેમ;
આરત છોડ્ સ્વપનાં ભૂલી જશે,
જશે પુરાઇ વખત જેમ. કર.

ઘરબાર જ્યાંનાં ત્યાં રહેશે પડયાં,
બાગ બગીચા ખજાનાં ઠામ;
યાદ કરશે નહીં કોઇ તમને,
જશે ભુંસાઇ નિશાન નામ. કર.

માયાની જાળમાં શું ફસાઇ રહો,
નીકળ બહાર રાખી હામ;
રહેશે વળગી જો લોભ મોહને,
બનશે વાસનાનો ગુલામ. કર.

માટે હે ભક્ત ભજ તું રામને,
કરી સાર્થક સુકૃત કામ,
દાસ પ્રભુ જોડે પ્રીત જમાવીને,
થશે કાર્ય અટપી ત— કર.

કીર્તન ૧૩ મું

રાગ રામગ્રી.

કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી,
જેથી જાવું ન પડે પરદેશ. કર.

બેઠા નથી વચ્ચે હાટ વાણીઆ,
આયુ મળશે નહી અવશેષ;
કેને બાધ્યાં સત્કર્મનાં બાંધીને,
છોડવો હોય જો જંજાળી સ્વદેશ. કર.

જો લપટાશો તમો માયા જાળમાં,
ભોગવશો કર્મ પ્રમાણે હંમેશ;
નહીં મળશે છુટકારો જીવને,
રહેશે જ્યાં સુધી મનને કલેશ. કર.

માટે ભજીલે જીવડા તું નાથને,
ધરી લેને અંતરમાં સંતોષ;
દે છોડી કર્મ ઉપાધીનાં પોટલાં,
કરને ધારણ વૈરાગનો વેષ. કર.

કર્મ સઘળાં જીવનાં મીટાવીને,
દેને જીવને બનાવી શીવ વેષ;
કહે દાસ મળશે મોક્ષ તમને,
તેજે તેજ દેશે મીલાવી પરમેશ. કર.

કીર્તન ૧૪ મું.

રાગ–પીલુ.

જેને જાણ્યું માયાની જાળી,
પ્રભુ કૃપાથી જાયે ટાળી. જેને.

વેદ પુરાણો સઘળાં ભાખે,
રંગે રૂપે બહુ રસીલી;
પ્રાણી સઘળાં ચાહીને માગે,
લાગે હૃદયે પ્રીય વહાલી. જેને.

બ્રહ્મા નારદ સૌને ભોળવ્યાં,
એકલશૃંગી વનમાં આવી;
સઘળું જગત તાંતણે બાંધ્યું,
રહી છે બ્રહ્માંડે માહાલી. જેને.

ઘણા માયાને વશ જે પ્રાણી,
લાગે તેને ઘણી કૃપાળી;
પુરા યોગ સાધ્યા છે જેણે,
ઓળખી ધૂતારી એ કાળી. જેને.

કૃષ્ણે ભાગવતમાં ભાખ્યું છે,
મેં આ વીના ન જાયે ટાળી;
દાસ કહે પ્રભુ પાસ માગો,
ટળી અંતરથી એ વેહેલી. જેને.

કીર્તન ૧૫ મું.

રાગ-ચાબખાનો.

માનો માનોને માહરા પ્રાણરે,
પ્રભુ, માનો મારા પ્રાણ. માનો.

સંસારનું ચક્ર ફરયું ફિરી,
થઇ છે ખ્યાની હાણ;
માયામાં રહી સઘળું ગુમાવ્યું,
રાખ્યું નહીં કાંઇ ભાન. માનો.

કારમી કાયા કાચી છે તાહારી,
રહ્યો શું મોહી નાદાન;
અક્કલહીન બન્યો છે આકુલ,
આવી નહીં તને સાન. માનો.

આશક્તિ તાહારી વધતી ચાલી,
રોકવા ન ખેંચ્યું કમાન:
પ્રભુ પરમાત્માને યાદ ન કીધા,
ક્યાંથી મળે વિમાન. માનો.

કાલાવાલા તું પ્રભુનાં કરને,
છોડી દઇને અજ્ઞાન;
જે દાસનો પ્રભુ બહુ માયાળુ,
કરશે તારૂં કલ્યાણ. માનો.

કીર્તન ૧૬ મું.

રાગ-લલીતનો.

પરમાત્મા પ્રભુ મહેર તો કરો,
અરજ દાસની ઉરમાં ધરો. પરમાત્મા.

સંસાર તાપનો લાગે છે ભડુ,
અલ્પ બુદ્ધિનો શી રીતે સહુ;
લાહ્ય અગનની રહી છે વર્ષી,
વરસાવો અમી, દીર્ધ છો દર્શી. પરમાત્મા.

વિષય ઝેરનો જગતમાં ભર્યું,
પ્રયત્નનો ઘણું છુટવા કર્યું;
આવરણ માયાનું નડ્યું છે તમે,
ખરે હૃદયમાં ભાસા સમ દમે. પરમાત્મા.

મળે સાધ નો એ માયાને હણું,
તું વિના કોઇ ખાલી નહીં ભણું;
દયા કરી પ્રભુ જ્ઞાનનો કાપો,
અભય કોલ તો દાસને આપો. પરમાત્મા.

કીર્તન ૧૭ મું.

રાગ-લાવણી.

માયાને તાંતણે બાંધિયા પ્રાણી,
શીદને માયામાં ફૂલાઓ છો. માયા.

મૂરા છે જાળ માયાની પ્રભુએ,
શી રીતે તમે એ તોડાવો છો:
વશીકરણ માયાનું છે ભારે,
આંધળી આંખે નહીં જુઓ છો. માયા.

ઝાડ પાન પશુ પ્રાણી સઘળાં,
મશગુલ માયામાં દિસે છે:
જંજાળ એ માયાનાં બંધાયા,
કેમ કરી ગાંઠ છોડાવો છો. માયા.

યોગપતિ સૌ માયામાં ગુંટાયા,
હાંસાં ફોગટ કેમ મારોછો;
કરો યત્ન એ માયા ટાળવા,
વખત શું કામ ગુમાવો છો. માયા.

ભક્તિ પરમાત્મા પ્રભુની કરીને,
મદદ કેમ નહીં માંગોછો:
મુક્ત કરશે દાસનો પ્રભુ,
આળસ તમે શીદ રાખોછો. માયા.

કીર્તન ૧૮ મું.

રાગ કાફી.

અરે પસ્તાશો સંસારમાંરે,
જેણે પ્રભુને યાદ ન કીધા. અરે.

લાલચોમાં રહ્યા લપટાઈ,
અમૃત પ્રેમરસ ન પીધા;
સેવ્યાં નહીં જેણે પ્રભુ સાચું.
તે નરોએ ભુમિ ભાર દીધા. અરે.

ન કર્યું રટણ પરમાત્માનું,
કદિ પ્રભુને હૃદયે ન લીધા;
ન જપી માળા પૂર્ણ પ્રીતથી,
મીટી ન આખર તેની ક્ષુધા. અરે.

મનુષ્ય દેહ વૃથા ગુમાવી,
કાટ કર્મનાં ચઢાવી દીધા;
ગુરૂજ્ઞાન શ્રવણ ન કર્યું,
બાંધ્યાં લક્ષ ચોર્યાસીનાં સીધાં. અરે.

મનુષ્ય દેહ આ દુર્લભ છે,
લ્યો બાંધી સત્કર્મનાં ભાથાં;
સાહ્ય માંગો દાસનાં પ્રભુની
પકડો મારગ તમો સુધા. અરે.

કીર્તન ૧૯ મું.

રાગ—આશાગોડી.

જાગ જાગ જીવ તું અજ્ઞાની,
ગુરૂ દીક્ષા લે અંતર માની. જાગ.

રહ્યો હિચકડમાં તું ફુલાઇ,
ચૈતન્ય રહ્યું છે જડ બની;
જાણ્યું મૂર્તપણું તારૂં ભાઇ,
વળગી માતા માયા ભવાની. જાગ,

છૂટવા કર્યું ન પ્રયત્ન કાંઇ,
નહીં મુકાયાં લોભનાં પાની;
બન્યો મહાંધ તું અહંકારી,
રહી ભારી તરવા અજાની. જાગ.

બળે પતંગો દીવાઓ જોઇ,
તેમ બળશે અપંગ માની;
એવી મંદ બુદ્ધિ તારી થઇ,
થશે ગતિ કેવી તે ન જાની. જાગ.

કરી પ્રયત્ન કાટ તું ધોઇ,
જા ને તરી સમુદ્ર તોફાની;
દાસ બની રહો એક તારી,
વરસાવે પ્રભુ પ્રેમ પાની. જાગ.

કીર્તન ૯૦ મું.

રાગ-ત્રીતાલ ચોપાઈ.

પ્રભુ તારી ગતિ નહીં જાણી,
આજ સુધી રહી છે અજાણી. પ્રભુ.

વગોવ્યું, પાણી તત્ત્વ નહીં જાણ્યું,
મોહ માયામાં સઘળું ગુમાવ્યું; પ્રભુ.

અરે મન વાસનામાં લોભાયું,
પ્રભુ કૃપાથી હવે સમજાયું. પ્રભુ.

કદાપિ પગથાઉં હવે નહીં ચુકું
તને મારા હૃદયથી નવ મુકું. પ્રભુ.

અલ્યા, ચુકાશ નહીં પણ પ્યારી,
કેમ જન્મું આવશે ફરી વારી. પ્રભુ.

કાળ ચક્રની ગતિ બહુ ન્યારી,
ભરોસો નહીં રાખને તું ભારી. પ્રભુ.

ગાઉં તારી હવે હું બલિહારી,
હો દર્શન ગીરિવરધારી. પ્રભુ.

દાસ કહે ધીરજ ન રહે મારી,
લો દીનાનાથ હવે તો ઉગારી. પ્રભુ.

કીર્તન ૨૧ મું. રાગ—જંગલ કવાલ.

પ્રભુ સાથ પ્રીતડી જોડી,
સંસારની જાળતો તોડી;
ગર્ભનો ખાડતો જોયો,
તેમાં ઉંધા મસ્તકે રોયો. પ્રભુ.
પ્રતિજ્ઞા કીધી તેં ભારી,
મળી ત્યારે છૂટની બારી;
પવન સંસારનો લાગ્યો,
ઝપાટો માયાનો વાગ્યો. પ્રભુ.
બન્યો ચકચૂર તું ઘેલો,
ડાહાપણમાં મૂકયો છે પૂળો;
અલ્યા તું જાળ નાંખ તોડી,
છોડી દેને પ્રેમની પીડી. પ્રભુ.
પ્રભુને પ્રેમ રસ વાહાલો,
તેમાં પુર જોસથી માહાલો;
દાસ પ્રભુ પદને સેવો,
અવસર કદી ન આવે એવો. પ્રભુ.

બોલો શ્રી શંકર પરમાત્માકી જય !
બોલો શ્રી હુસ્નમંદે માતકી જય !
બોલો શ્રી રામચંદ્ર માહારાજકી જય !
બોલો શ્રી કૃષ્ણ પરમાત્માકી જય !

પગથીઉં ૪ થું.

અહંકારમાંથી મુક્ત થવું

વિવેચન.

અહંકાર આ શબ્દ તો એટલો ભયંકર છે કે જ્યારે અહંકારી મનુષ્યનાં કૃત્યનાં દાખલા સાંભળશો ત્યારે તમારાં રૂવાં ઉભા થઈ જશે. ખરેખર તમને ધ્રુજારી આવશે. અહંકારની સાથે તો પેલા બીજા પગથીઆમાં પાંચ દુષ્ટ ગુણો બતાવેલા છે, તેમાંનાં ત્રીજા પગથીઆમાં માયા, મોહ ને કામ તો આવી ગયા, અને બાકીનાં લોભ, ક્રોધ તો આ બાહ્યબંધની સાથે હાજરા હજુર ઉભા રહે છે. અહંકારે તો ઘણાને પાયમાલ કરી નાંખ્યા છે, પરંતુ તમે ગભરાશો નહીં, આપણે તો ત્રણ પગથીઆં ચડ્યા છીએ, એટલે ત્રણ પગથીઆં ચડેલા મનુષ્ય આગળ એમનું જોર બહુ ચાલી શકતું નથી; પરંતુ જે પગથીઆં બહાર છે તેને તો એવા પછાડ્યા છે કે શાથી ભક્તિ કરવાને જીવને રહેવાનાં ઘર રૂપી પોતાનાં સ્થુળને પણ ગુમાવ્યાં તે લોક સાધારણ નહીં પણ મોટા ચક્રવર્તિ રાજા હતા જેમણે પોતાની દેહ ગુમાવી એટલુંજ નહીં, પણ સાથે પોતાનાં સૈન્ય વિગેરે લાખો માણસોનો ઘમસાણ કરાવ્યો; અને દેહ પડ્યા છતાં પણ, અને આ વાતને

હજારો વરસ થઇ ગયાં તોપણ લોકોની નજરોમાં અહંકારીને અહંકારી ઠરેલા રહ્યા; ને તેઓનાં નામ હજુ કોઇ ભુલતા નથી. તે અહંકારીઓનાં દ્રષ્ટાંતો વિદ્વાનોએ શાસ્ત્રમાં દાખલ કરી દીધાં છે, જેથી ભવિષ્યની પ્રજામાં પણ તે ભુલાવાનાં નથી, એતો વંશપરંપરા ધિક્કારનાં બોલમાંથી મુક્ત થાય એમ લાગતું નથી. બીજા પગથીઆમાં વગર અંકુશનાં હાથી મદાંધ બનીને નુકશાન કરે છે એવા એ મદાંધ હાથી હતા. તે લોકોની અંદર અહંકાર દાખલ થવાથી મદાંધ બની ગયા હતા. એવા અહંકારવાળાને કોઇ પણ કૃત્ય કરતી વખતે સારાસારનું ભાન રહેતું નથી, વિચાર કરવાનાં દ્વાર પણ બંધ થઇ જાય છે, ને આંધળા ભીંત જેવા થઇ જાય છે ઉન્માદ બની નાથ વગરનાં આખલાની પેઠે ઘુમ્યા કરે છે, વહુ દીકરી કે બેટાબેટી કોઇને જોતા નથી, તેમનામાં ન્યાયતો બાંધ્યા થઇને સુઇ જાય છે, છેવટ તેઓ કર્મભ્રષ્ટ થઇ અધોગતિને પામે છે, તેમનો કોઇ વખત ઉદ્ધાર થતોજ નથી, તેઓનો હાલ રેંટમાળનાં ઘડીઆં જેવો થાય છે, અને નર્કની ખાડમાં વરસોના વરસ સડ્યા કરે છે, ને પરમેશ્વરનું નામ પણ યાદ આવતું નથી. દારૂ પીને છાકટા બનેલા મનુષ્યો તમોએ જોયા હશે, દારૂની નીશામાં તેઓ કેટલાક પ્રસંગે મોટા ભયંકર ખુન જેવા ગુન્હા કરવાને અચકાતા નથી, તેવાજ એ અહંકારી મદાંધ બનેલા હોય છે. દારૂ પીધેલો દારૂ પીવાથી આંધળો જેવો થાય છે ત્યારે અહંકારી પોતાના અહંકારથી ખુલી આંખે આંધળા જેવોજ થાય છે. પગથીઆં બહારનાં મનુષ્યો આવા અહંકારી બને છે તેનાં જુદાં જુદાં કારણો પણ છે. કોઇને પ્રારબ્ધયોગે રાજ્ય મળ્યું હોય,

કોઈને ઓચિંતું ધન મળ્યું હોય, અગર કોઈ હરામનાં ધનથી મોટા મહેલ હવેલીઓનાં ઠઠારા બંધાવે, અગર કોઈને કુદરતથી સુંદર દેહ મળી હોય, અગર કોઈ ગુણવાન જન્મ્યો હોય; આવી રીતે જુદી જુદી રીતે માણસમાં અહંકાર દાખલ થાય છે ને પાછળથી તેમનાં હાલ કૌવા જેવા થાય છે. વગર લગામનાં ઘોડા જેવા, વગરનાથનાં આખલા જેવા, અને વગર અંકુશનાં હાથી જેવા બની આ જગતમાં તેઓ મહાલે છે. પણ તેમની અડફ-ટમાં હજારો ગરીબ પ્રાણી ચગદાઈ જાય તો પણ તેની તેઓ પરવા કરતા નથી. પરંતુ તેઓને ભાન હોતું નથી કે આપણાં જેવી કેટલી દેહો આપણે રોજ ફૂંકાઇ જતી જોઈએ છીએ, મહેલ હવેલીઓ તો ધરતીકંપમાં ગરકાવ પણ થઇ જાય છે, ઘણા રાજાઓનાં રાજ્યપણ બળવાન રાજાએ તેમને જીતી તેમની પાસે ઝુંટવી લીધાં છે, અને આપણી સ્થિતિ પણ એવીજ થશે. પણ એ વિચાર નહીં આવે. કારણ પગથીઆંપર ચડવાનો કોઇ વખત તેમનો વિચારજ થયેલો નહીં. કેટલાક ગુણવાન ગૃહસ્થો પણ સમજતા નથી કે સઘળા પ્રાણીઓનાં જીવ એક સરખા છે, અને સુખ દુઃખ સઘળાં જીવને સરખું છે. હવે તો પૈસા મદાંધનાં નામ જાણવાને તમો ઘણા આતુર બનેલા જણાઓ છો ને ઉત્કંઠિત થઇ રહ્યા છો; તેથી મારે તમને કહેવુંજ જોઇએ કે તે બીજા કોઇજ નહીં પણ લંકાધિપતિ, ત્રણ ચોકડીનાં રાજ્યવાળા અને સુવર્ણની લંકાવાળા મદાંધ રાવણ રાજા; અને રાજ્યના લોભે હકદાર છતાં તેમનો ભાગ પચાવી પાડવાની ઇચ્છાવાળા પાંડવોનો ગમે તે રીતે સંહાર કરવાની પ્રબળ ઇચ્છાવાળા કૌરવ-દુર્યોધન

ચક્ર. આ બે રાજ્યવંશી તો બહુ અહંકારી હતા. અને તેને લીધે તો રામાયણ અને મહાભારત બે મોટા ગ્રંથો બન્યા છે. ગ્રંથોમાં પાનાનાં પાનાના થોકના થોક ભરાયા છે અને આખી દુનીઆનાં હીંદુ લોકોમાં તે પુસ્તકો વંચાય છે, અરે તે હીંદુ લોકોની ગાથા કહેવાય છે. જેનો સાર ઘણા લોકો જાણે છે તેથી આ જગાએ તે વિસ્તારથી કહેવાની જરૂર નથી; પણ સંક્ષેપમાંજ તમને કહું છું પછી વધારે જાણવાની ઇચ્છા હોય તો રામાયણ અને મહા-ભારત, જે ઘણા કીંમતી ગ્રંથો છે, મહાન વિદ્વાનોએ બનાવેલા છે, ને જેમાંથી ઘણું જાણવાનું મળે છે, તે એક વખત તસ્દી પડે તો પડે પણ વાંચી જોજો. હાલના જમાનામાં પણ હીંદુ લોકો ચોમાસામાં ઘેરેઘેર રાગડા તાણી તેને વાંચતા માલુમ પડે છે, ને તેને ઘણા માણસો તેમજ વિધવાઓ પણ સાંભળે છે પણ અફસોસની વાત છે કે કોઈ વીરલોજ તેમાંથી પગથીઆં પર ચડતો જણાય છે. એ પુસ્તકો સાંભળવાનો હેતુ જાણે મોટી મોટી કથાઓ સાંભળવાનો હોય એમ લોકોનાં આચરણ ઉપરથી જણાય છે. પરંતુ તે પ્રમાણે સાંભળીને જો લોકો અંદરનો સાર આચરણમાં મુકતા હોય તો અહંકાર તો કોણ જાણે ક્યાં પલાયનમ: કરી જાય કે તેનું મોં પણ જોવાનું મળે નહીં. આપણે બહુ લંબાણપર ચાલ્યા, હજુ તો કહેવાનું ઘણું છે, માટે હવે તો કલમ અટકાવી આપણો મુળ વિષય ઝડપથી આટોપવો જોઇએ, નહીંતો મારા ભીરાદરો અહંકારનું પગથીઉં વાંચી રહીને મારી ઉપર ગુસ્સે થઇ જાય એવી આ નમ્ર સેવકને બીક રહે છે, પણ બીક રાખવાની જરૂર નથી કારણકે જેણે ગમ્મે પગથીઆં પસાર કર્યાં છે તેને

તો બહુ આનંદ થશે, પણ જેઓ પગથીઆં બહાર કરી તે કમ-ચારી; થોડાચાર કરનારી પણ જો તેઓ શરૂથી વાંચવાની તસ્દી લેશે તો તેમને પણ જ્ઞાન થશે.

જ્યારે આ જગતમાં રાક્ષસોનો બહુ જુલમ થયો અને બ્રાહ્મણ તથા દેવલોકો જ્યારે યજ્ઞ કરતા હતા ત્યારે તે યજ્ઞમાં મળમુત્ર કરી નડતર કરવા લાગ્યા, અને સાત્વિક ગુણવાળા બ્રાહ્મણ તથા દેવોને બહુ પીડવા લાગ્યા. દુઃખ સહન થયું નહીં ત્યારે તેત્રીસ કોટી દેવતા વિષ્ણુ ભગવાન પાસે ગયા અને તેમને સઘળી હકીકત નિવેદન કરી, ત્યારે ભગવાને વચન આપ્યું કે હું અયોધ્યામાં દશરથ રાજાને ત્યાં કૌશલ્યા રાણીને પેટે જન્મ ધરીશ, રામચંદ્ર નામ ધારણ કરીશ અને દુષ્ટ રાક્ષસોનો સંહાર કરીશ. માટે તમારી ફીકર તમો દુર કરો. ભગવાને દેવતાઓને વચન આપવાથી ખુશ થઈ તેઓ પોતપોતાને સ્થાનકે ગયા. દશરથને ત્યાં થોડા વખત પછી શ્રી ભગવાને જન્મ લીધો, તેમને મહાત્મા ઋષીઓએ તથા દેવતાઓએ ઓળખ્યા. પછી ઉમ્મર થયે રાજા જનકની પુત્રી સીતા સાથે પરણ્યા. શ્રી રામચંદ્રજીની નાની ઉમ્મર હતી ત્યાં જ્યારે ઋષીઓ યજ્ઞનું રક્ષણ કરવા બોલાવતા ત્યારે ત્યાં જવાને ચુકતા નહીં, અને રાક્ષસોના ત્રાસથી તેમને બચાવતા. બાળપણથી શેષ નામે પણ દશરથને ત્યાં જન્મ લીધો તેનું નામ લક્ષ્મણ પાડવામાં આવ્યું. જ્યાં જોઈએ ત્યાં રાક્ષસોનો સંહાર કરવાને રામ અને લક્ષ્મણ હાજર થતા હતા. સીતાનો ઇતિહાસ તો લખ્યો છે, તેની ઉત્પત્તિ રાવણનાં સંહાર અર્થે હતી રાવણે પોતાના રાજ્યમાં રત્નાગર કિનારે બેઠેલા ઋષીઓ પાસે કર ઉઘ-

રાવણે ઘણું જુલમ કર્યું, ત્યારે તે ઋષીઓએ કાયર થઇ તેઓની ટચલી આંગળીમાંથી લોહીનાં ટીપાં કાઢી એક ઘડામાં ભર્યાં અને તે ઘડો દાબું ઉઘરાવનારને આપ્યો ને કહ્યું કે આની અંદરનાં ટીપાં રાવણનો, તેના કુળનો ને તેની સમૃદ્ધિનો નાશ કરતા થઈ પડશે. તે ઉક્ત ઘડો દાણ ઉઘરાવનારે રાવણ આગળ રજુ કર્યો, ત્યારે રાવણે પરરાજ્યમાં તેને દાટી દેવા ફરમાવ્યું. તેથી તે ઘડો જનક રાજાની હદમાં દટાયો, જે એક ખેડુતને મળ્યો. તેણે અંદર જોયું તો એક કન્યા તેની નજરે પડી. જનક રાજાને છોકરાં નહીં હતાં તેથી તે ખેડૂતે તે છોકરી રાજાને આપી આવ્યો. જનકે તે છોકરી પોતાની દીકરી જેવી ગણી ઉછેરી મોટી કરી. જનક રાજાને શીવજીએ ધનુષ્ય આપેલું હતું, તેની પોતે એક ઓરડીમાં રાખી સેવા કરતો હતો. સીતા પોતાનાં બાપની દેવ સેવાની ઓરડી સાફ કરતી તેમજ દેવસેવાની બધી સામગ્રી તૈયાર કરતી હતી. ધનુષ્ય વજનમાં બહુ ભારે હતું તેથી કોઇ પણ ઉંચકી શકતું નહીં. એક દીવસ એવો બનાવ બન્યો કે રાજા જનક જ્યારે સ્નાન કરીને તે ઓરડીમાં આવ્યો તે વખત સીતાએ પેલું ધનુષ્ય એક હાથે ઉંચકી રાખી બીજે હાથે દર્ભની સાવરણીથી તેની નીચેની જગ્યા વાળી સાફ કીધી. જનકરાજા આ જોઈ અજાયબ થયો અને તે વખતે પોતે એવી પ્રતિજ્ઞા લીધી કે આ ધનુષ્ય જે ઉંચકી તે પર બાણ ચઢાવે તેની સાથે પોતાની પુત્રી સીતાનું પાણી ગ્રહણ કરાવવું. સીતા જ્યારે લાયક ઉમરની થઈ ત્યારે સ્વયંવર મંડપ રચાયો, દેશ દેશનાં નૃપ-તિઓ આવ્યા, રાવણ પણ આવ્યો અને રામચંદ્રજી મહારાજ

પણ પધાર્યાં. ત્યારે જનકે પોતાની પ્રતિજ્ઞા સર્વને વિદિત કીધી જેથી ઘણા નૃપતિઓએ પેલું ધનુષ્ય ઉંચકવા પ્રયત્ન કર્યો પણ કોઇથી ઉંચકાયું નહીં; પેલો અહંકારી મહાંધ રાવણ, જેના મનમાં એવી હોંશ હતી કે એ ધનુષ્યનાં તો ભાગીને ચુરેચુરા કરી નાંખીશ, તેણે ઉંચકવા માંડ્યું; ઉંચકતાં તેની નીચે તેના આંગળાં દબાયાં, ઝંખવાણો પડ્યો, ને છેવટ કાળું મોં થયું. ક્ષણ-વાર રાજા જનક પણ ચીંતાતુર થયો, સીતાનાં મોંપર પણ ગમગિનિ ઉત્પન્ન થઇ ને વિચારવા લાગી કે ' અરે હું કેવી અભાગણી કે મારા પિતાએ કઠણ પ્રતિજ્ઞા લીધી. લાખો નૃપતિ માંથી કોઇથી પણ તે ધનુષ્ય ઉંચકાયું નહીં, હવે મારા પિતાના શા હાલ થશે ?" જનકે પણ ધાર્યું કે હવે જીવનનું કાંઇ સાર્થક નથી. તેવીજ રીતે આખો મંડપ પણ ગમગિનિમાં ગીરફતાર થયેલો જણાયો. સઘળાંનાં નુર તો કોણ જાણે ક્યાં ઉડી ગયાં ! રાવણ કે જે મહા બળવાન ગણાતો હતો તેના પણ ગજા નહીં તો બીજા તો શા વિસાતમાં ? પણ એ ભગવાન તારી શક્તિ અદ્ભુત છે, તેને કોઇથી પહોંચી શકાય એમ નથી, સન્માર્ગે ચાલનાર પ્રેમી ભક્તો ને સાહ્ય કરનાર, તે શું પોતાના ભક્ત જનક રાજાને તે વખતે દુઃખી અવસ્થામાં જોશે ? રામચંદ્ર તથા લક્ષ્મણ ને યજ્ઞનાં બંદોબસ્ત માટે ત્યાં વિશ્વામિત્ર ઋષી લઇ ગયા હતા. વિશ્વામિત્રને પણ આ સ્વયંવરમાં આમંત્રણ હતું, તેથી તેઓ રામ લક્ષ્મણ બન્ને જણને સાથે લઇને આવ્યા હતા. ઋષીએ રામચંદ્રજીને ધનુષ્ય ઉપાડવાની આજ્ઞા કીધી. રામચંદ્રજીએ આજ્ઞાને અનુસરીને ધનુષ્ય ઉંચકવા માંડ્યું સઘ-

બાની અજાયબી વચ્ચે તેમણે એક હાથે ધનુષ્ય ઉંચકી બાણ પણ ચઢાવ્યું. આ જોઈ સીતાએ તુરતજ તેમને વરમાળ આરોપી, લગ્નગાંઠ બંધાઈ, અને આનંદ આનંદ સઘળે વ્યાપી રહ્યો. હે ભગવાન! ખરે તું ભક્ત લોકોની લાજ રાખનારો છે, સત્યનો બેલી છે, તે કહેવત આ જગ્યાએ ખરી કરી દેખાડી. ભાઈઓ! જરા વિચાર કરો કે એવા ભક્ત વત્સલ ભગવાન સચરાચર સઘળે વ્યાપી રહ્યા છે. અને તે પરમાત્માને મેળવવાને આપણો પ્રયત્ન છે, તેમને મળ્યા એટલે પછી બાકી શું રહે? તેને પ્રેમપૂર્વક ભજો, તેની સેવા કરો અને તેનાં ધ્યાનમાં મશગુલ બનો. પણ ખરે આપણે પાળ મૂળ વાત છોડી આડા ચાલ્યા; પ્રેમ ભક્તિનાં લક્ષણોએ આપણામાં વાસો કર્યો છે તેથી જ્યાં જગકર્તાનું નામ આવે છે કે પ્રેમને લીધે આપણું અંતઃકરણ ગદ્ગદ થાય છે તેથી મૂળ વિષયનું ભાન રહેતું નથી.

ચાલો આગળ ચાલો. શ્રી રામચંદ્રજી મહારાજનાં સીતાજીરે લગ્ન નક્કી થયાં, તેથી રાવણની આંખમાં વેરરૂપી રાઇ ભરાઇ. અરે રાક્ષસો શું પણ મરચાં ભરાયાં, આંખમાં ખુનસ ચઢી આવ્યું, ને મુછપર હાથ દઈ મનમાં બબડ્યો કે "અચ્છા રામકા ફીકર નહીં, સીતાને લઈને તું ક્યાં જવાનો છે?" આ પ્રમાણે મનમાં બબડી વેરનાં આવેશમાં કોઈને પણ મળ્યા વગર અને બોલ્યા વગર ત્યાંથી ચાલ્યો ગયો. અને નામોશીને લીધે લંકામાં જઈ પોતાનાં મહેલનાં એકાદ ખુણામાં ભરાઈ બેઠો. મંદોદરી જે રાવણની રાણી હતી તે મહા સતિ અને પતિવ્રતા હતી, તથા ભગવાનની ભક્તિ કરનારી હતી, તેનાં જાણવામાં

આ વાત આવી ત્યારે ખુણામાં સંતાઇ બેઠેલા રાવણ પાસે જઇને કહેવા લાગી કે "હે મહારાજ તમો આજે આમ ઉદાસ તથા શોકાતુર કેમ દેખાઓછો !" અહંકારીને બોલવાનું ભાન પણ રહેતું નથી. તેણે કહ્યું "અરે પેલો દશરથનો કુંવર રામલો સીતાને પરણી ગયો, તે શું હું સાંખી રહીશ, ને સીતાને તેની પાસે રહેવા દઇશ ! તેને ચોટલો પકડીને થોડા વખતમાં લાવી મારી પટરાણી બનાવીશ" મંદોદરીએ આ સાંભળી કહ્યું "મહારાજ તમારા ચંદ પુરા થવા લાગે છે, મારી આંખે તમારૂં તેમજ તમારા રાજ્યનું અહીત દેખાય છે. મને ગઇ કાલે રાત્રે એવું ખરાબ સ્વપ્ન આવ્યું છે કે આપણા રાજ્ય કુટુંબનો, નગરનો અને રાજ્યનો નાશ થયો. આવું ખરાબ સ્વપ્ન આવ્યું હતું તે તમારા વેરનાં શબ્દો સાંભળી ખરૂં પડે એમ લાગે છે. ઓ મારા શીરનાં મુગટ ! રામચંદ્ર સાધારણ મનુષ્ય નથી, પણ તેતો સાક્ષાત વિષ્ણુ ભગવાન છે. તેઓ અવતાર ધારણ કરી આ પૃથ્વી પર આવ્યા છે. માટે તેની ભક્તિ કરો, ને તેનાપર વેર લેવાનો તમારો નિશ્ચય માંડી વાળો." પણ જેના મનમાં અહંકાર ઉત્પન્ન થયો હોય તેને સારાસારનો વિચાર ક્યાંથી હોય ? એટલે મંદોદરીની સઘળી પ્રાર્થના વ્યર્થ ગઇ.

દશરથ રાજા વૃદ્ધ થયા અને જ્યારે રામચંદ્રજી લાયક ઉમરનાં થયા ત્યારે તેમને રાજ્ય સોંપવાની ઇચ્છા થઇ. દશરથની રાણી કૈકેયીને ભરત નામનો કુંવર હતો. રાજ્ય ભાગમાં કાંઇને કાંઇ ખટપટ તો હોયજ. ત્યાં પણ કૈકેયીનો વિચાર રામચંદ્ર

ને બાજુ મુકી, ભરત કે જે તેમનાથી ઉમ્મરે નાનો હતો, તેને રાજ અપાવવાનો થયો. તેથી ભરત કે જે મોશાળમાં ગયો હતો ત્યાંથી બોલાવી મંગાવ્યો. લોભી માણસને લોભ આગળ ન્યાય અન્યાયનો વિચાર હોતો નથી. લોભને લીધે કૈકેયીને સમજાયું પડતી નથી કે ખરો હક્કદાર પાટવી કુંવરજ હોય, અને જો હક્કદારને રાજ્ય નહીં મળે તો આખા રાજ્યની રૈયત બેદીલ થાય, અને વગર હકે ખોટી રીતે ગાદી પચાવી પડનાર રાજા બેદીલ થયલી પ્રજામાં સારી રીતે રાજ્ય કરવાને અસમર્થ નીવડે છે. કેટલીક વખત એવા પણ દાખલા બને છે કે ખોટી રીતે વગર હકે ગાદીએ આવનાર રાજાઓનાં જીવ પણ જોખમમાં આવી પડે છે. આમ છતાં કૈકેયીનાં સઘળાં લક્ષણ લોભને લીધે વિચિત્રજ હતાં, તેને આખો દીવશને રાત એજ વિચાર આવતો કે રામને બાજુએ મુકી ભરતને કેવી રીતે રાજ્ય અપાવવું? ઝેટ તેને યાદ આવ્યું કે તેણે દશરથ રાજા પાસે પોતે કહે તે કરવું એવું વચન લઈ લીધેલું છે, માટે તેનો ઉપયોગ આ જગ્યાએ કરવો ઉચીત છે. તેથી તે દશરથ પાસે ગઈ ને કહેવા લાગી કે "માહારાજ! આપે મને વચન આપ્યું હતું તે આપને યાદ હશે. મારે હાલ તે વચનનો અમલ કરવાની જરૂર પડી છે માટે હું માગું તે આપો." દશરથ રાજા બિચારો ભોળો હતો. તેને સ્વપ્નામાં નહીં હતું કે કૈકેયી ભરતને રાજ્ય અપાવવાનું તેની પાસે વચન લેશે. તેથી તે વચન પણ આપવા તૈયાર થઈ ગયો, ને કહ્યું કે "તારે શું માગવું છે?" લોભી રાણી બોલ્યાં કે "ભરતને રાજ્ય આપો અને રામને વનવાસ કાઢો." આ સાંભળી

દશરથ રાજા મુર્છાંગત થયા. પ્રોગ્રામ પ્રમાણે બીજે દીવસે સવારે રામચંદ્રજીને રાજ્ય મળવાનું હતું, તેથી રાજ્ય કુટુંબ, નોકરો, તથા પ્રજામાં સઘળે આનંદ ફેલાઇ રહ્યો હતો. પણ કૈકેયીની વાત ચાક-ણથી એક ક્ષણમાં સઘળે જાહેર થઇ ગઇ. બાઇઓ આપણે પાપ કરીએ તેને પણ પ્રસરતાં વાર લાગતો નથી. માટે પાપ કરતાં પહેલાં વિચાર કરજો, આંધળા બનશો નહીં. લોભ પણ અહંકારનો મીત્ર છે, સ્નેહી છે, એ કૈકેયીનાં દૃષ્ટાંત પરથી સહજ સમજાઇ આવે છે. દશરથરાજા બિચારો વચનથી બંધાયલો હતો, તેથી લાચાર બની ગયો, ને રામચંદ્રને કહેવાને તેની હીંમત પણ ચાલી નહી. પણ રામચંદ્રજીતો પોતે ભગવાન હતા: શું થવાનું છે તે તથા પોતે શાને માટે અવતાર ધારણ કર્યો તેઓ પોતે જાણતા હતા. તેથી પોતે અને લક્ષ્મણ બંને ભાઇઓ વનવાસનાં વલ્કલ પહેરી દરબારમાં હાજર થયા. સીતા પણ તેવાજ વેષમાં આવ્યાં. ત્રણે જણાંઓ દશરથ તેમજ કૌશલ્યા કૈકેયી વીગેરે સઘળી રાજમાતાઓને પ્રણામ કરી વનવાસ જવા નીકળી પડયા. તમને અજાયબી લાગશે કે કૈકેયી કે જેમણે તેમને વનવાસ કઢાવ્યાં તેઓએ તેમને પ્રણામ કેમ કર્યાં? પણ ભાઇઓ તેઓતો કોઇને પણ દુશ્મન માનતા નહોતા, અને જાણતા હતા કે મનુષ્ય માત્રે પ્રારબ્ધના યોગે જે ભોગવવાનું છે તે ભોગવ્યા વગર છુટકો નથી, કૈકેયી તો માત્ર અપવાદરૂપજ હતી.

•તમને નરસીંહમહેતા ઘર બહાર નીકળી ચાલતા થયા હતા તેનું કારણ તો ખબરમાં હશે. તેમનાં ભાભીએ મહેણું માર્યું હતું તે ઉપરથી તેમને લાગણી થઇ આવી અને શ્રી શંકર પરમાત્માની ભક્તિ કરવા ત્યાંથી ચાલ્યા ગયા હતા, ને છેવટ પરમાત્માનાં દર્શન

પણ કરવા સમર્થવાન થયા હતા. માટે હે ભાઇઓ! તમો પણ એવી જાતનાં અપવાદથી ડરશો નહીં; તમો પ્રેમભક્તિનો રસ્તો ગ્રહણ કરશો ત્યારે પગથીઆં ભણનારનાં અજ્ઞાન મનુષ્યો તમારી જડ ટીકા કરશે તથા તમને ઢોંગીમાં પણ ખપાવવા યત્ન કરશે, એટલુંજ નહીં પણ તમને તમારા નિશ્ચયથી ડગાવવા પ્રયત્ન કરશે, પણ તમો તમારી દૃઢ શ્રદ્ધા કાયમ રાખજો, અને તેના ફળ તમને પાછળથી ઇશ્વર સારાંજ આપશે. એવા અપવાદી કે વિઘ્ન સંતોષીથી તમારી શ્રદ્ધા દૃઢ થશે ને તેથી તમને લાભપણ થશે. એવા વિઘ્નસંતોષીઓનો તો તમો આભાર માનતા રહેજો. કહેવત છે કે “માથે દુશ્મન હોજો” મતલબકે માથે દુશ્મન હોય તો આપણે આપણું કર્તવ્ય બહુ સાવચેતીથી કરીએ છીએ, ને ગાફલતમાં રહેતા નથી. તેમજ એવા અપવાદી મળવાથી તમારી સચોટ પ્રેમ-ભક્તિની ધીમે ધીમે પરીક્ષા થશે, અને અપવાદીઓ કર્મનો બોજો વધારતા જશે, ને છેવટ ભ્રષ્ટ થશે. અરે વળી કુવાં ખાડા ચાલ્યા.

રામચંદ્રજી, લક્ષ્મણ અને સીતાજી વનમાં ગયાં છે, પંચવ-ટીમાં પર્ણકુટી બાંધીને રહ્યાં છે, ફળાહાર કરે છે, દર્ભની સાથરી ઉપર સુએ છે, લક્ષ્મણ નિરાહાર રહી રાત અને દીવસ ચોકી કરે છે. આ વાતને ૭ માસ થયા છે. પેલા અહંકારી રાવણનું ચીત્ત સીતા ઉપર લાગી રહ્યું છે, તે કાંઇ રાણી મંદોદરીનું કહ્યું કરે એવો નહોતો. જેના હૃદયમાં અહંકાર ભરાયો છે તેને કાંઇ સુઝતું નથી, સારા નરસાંનો વિચાર થતો નથી. રાવણે જાણ્યું કે સીતા, રામ અને લક્ષ્મણ પંચવટીમાં છે, ત્યારે તેનો વિચાર સીતાને ત્યાંથી ઉપાડી લાવવાનો થયો. અને તે વિચારથી પોતાના મામા મરીચ

પાસે ગયો ને તેને કહ્યું કે "તું મૃગ બન અને તને મારવા રામચંદ્ર નીકળશે, એટલે લક્ષ્મણજીને જાણે રામચંદ્ર બૂમ પાડે છે એવી કારમી ચીસ પાડજે, ત્યારે લક્ષ્મણજી નીકળી જશે. એટલે સીતા એકલી પડશે ત્યારે હું તેનું હરણ કરી નાસી જઈશ." મરીચ એક રાક્ષસ હતો છતાં તેનામાં કાંઈક ભક્તિનાં અંકુર હોવાથી રાવણને કહેવા લાગ્યો કે "હે રાવણ, એ વાત જવા દે" પણ રાવણે પોતાની હઠ છોડી નહીં. મરીચ રાવણનાં તાબામાં હતો તેથી તેની ઈચ્છાનુસાર મૃગનો વેષ ધારણ કરી તેની સાથે ગયો, અને પંચવટીમાં રામચંદ્રજીની પર્ણકુટી આગળ ચરવા લાગ્યો. તેને જોઈને સીતાને તેના પીછાંની કાંચળી સીવડાવવાનો મોહ ઉત્પન્ન થયો તેથી રામચંદ્રજીને પ્રાર્થના કરી કે "આ મૃગને મારી એના પીછાંની કાંચળી મારે માટે સીવડાવો." રામચંદ્રજી તો અંતરયામી તેથી તેઓ સઘળું ભવિષ્ય જાણતા હતા. લક્ષ્મણજીને સીતા સોંપી, ધનુષ્ય બાણ લઈ પોતે મૃગનો શિકાર કરવા ગયા. મૃગ આગળ અને રામચંદ્રજી પાછળ એમ કરતાં થોડેક દૂર નીકળી ગયા. મૃગને બાણ લાગ્યું કે તરત તેણે જાણે રામચંદ્રજી બોલતા હોય એવી કારમી ચીસ પાડીને બોલ્યો કે "લક્ષ્મણ વીર ધાજો" એ સીતાનાં સાંભળવામાં આવ્યું અને તેઓ ફીકરમાં પડ્યાં, તેથી લક્ષ્મણજીને જવાની આજ્ઞા કરી પણ લક્ષ્મણે ના પાડી, સીતાએ તોપણ હઠ લીધી, આખરે લક્ષ્મણજીને જવું પડ્યું. જ્યારે લક્ષ્મણ જવા થોડેક ગયા એટલે રામચંદ્ર મૃગને મારીને ઉંચકી લાવતા સામા મળ્યા. દરમ્યાન રાવણ તપસીનાં વેષે આવી સીતાને ખભા ઉપર બેસાડી લંકા તરફ રવાના થઈ ગયો, ને ત્યાં સીતાજીને અશોક વનમાં રાખ્યાં. આ વાત જ્યારે

મંદોદરીનાં જાણવામાં આવી ત્યારે તેણે રાવણ પાસે આવી બહુ કાલાવાલા કરી કહ્યું કે 'તમારે બચવું હોય તો રામચંદ્રજી કે જે અંતરયામી છે, તેમની પાસે જઇ તેમની માફી માંગો, અને સીતા દેવી પાછાં તેમને સોંપી આવો." પણ રાવણ અહંકારનાં મદથી છકી ગયલો જેથી તેને ભવિષ્યમાં શું થશે તેનું ભાન ન હોવાથી તેનું કહ્યું માન્યું નહીં, ને તેને તીરસ્કાર કરી કાઢી મૂકી. રામ અને લક્ષ્મણ જ્યારે પોતાની મઢીએ પહોંચ્યા ત્યારે સીતા અંદર નહીં જણાવાથી લૌકીક પ્રમાણે દીલગીર થયા પણ તે તો માત્ર દેખાવજ, મનમાં તો આનંદ પામ્યા, કારણ કે હવે પોતાની મુરાદ પાર પડશે. પછી તેમને જટાયુ મળ્યો તેણે સઘળી વાત કરી, પછી સુગ્રીવે હનુમાનનો પક્ષ લઇ વાંદર સૈન્ય ભેગું કરી લંકાપર ચઢાઇ કરી રાવણનાં ભાઇ દીકરા ને છેવટ રાવણ વીગેરે સઘળાં માર્યાં ગયાં આખરે રામચંદ્રજીની જીત થઇ. રામચંદ્રે રાવણના ભાઇ વીભીષણ કે જે રામનો ભક્ત હતો. તેને રાજ્ય આપ્યું. આવી રીતે યુધ્ધમાં ઘણા રાક્ષસોનો સંહાર કરી બ્રાહ્મણો તથા દેવોને સુખ આપ્યું. મતલબ તો તમો સમજ્યા હશો કે રાવણનાં પાપનો ઘડો ભરાયો ત્યારે તેની વૃત્તિ, સાત્વિક વૃત્તિવાળા પરમાત્માની ભક્તિ કરનાર અને સમુદ્રકિનારે રહેનારા કે જેમની સમૃદ્ધિમાં દર્ભની સાદડી તથા ઝુંપડી હતાં એવા રૂષીઓની પાસે, કર લેવાની થઇ જેના પરીણામમાં તેઓનાં આપરૂપી લોહીનાં ટીપામાંથી ઉત્પન્ન થએલી સીતા, રાવણનો સંહાર કરવાને ઉત્પન્ન થઇ અને તે પૂર્વનાં સંસ્કારને લીધે આ રામચંદ્રજીની અર્ધાંગના બની ને આખર રાવણનો અહંકાર ઉતાર્યો તથા તેના દેહની પાયમાલી

હરી નાંખી. આ પ્રમાણે રાવણે રાજ્ય ગુમાવ્યું કુટુંબ ગુમાવ્યું, પ્રજા ગુમાવી, સૈન્ય ગુમાવ્યું સમૃદ્ધિ ગુમાવી આખર પોતાની દેહ ગુમાવી લોકોમાં ફીટકાર થઇ ગયો.

અહંકાર તો બહુ ખરાબ છે. પ્રેમભક્તિ કરનારને દુઃખ દેનારા વિઘ્નસંતોષીઓનાં પણ છેવટે એવાજ હાલ થાય છે. માટે આર્યો તમો અહંકારને દૂરથીજ નમસ્કાર કરજો.

દુષ્ટ દુર્યોધનનાં પણ એવાજ હાલ થયા હતા. યુધિષ્ઠિર મનનો ભોળીઓ હતો, તેને ભોળવી કૌરવો ધુત રમ્યા. દુર્યોધનનાં પક્ષમાં શકુની વગેરે કપટી ભેગા થયા હતા તેથી કપટને લીધે દુર્યોધન ધુતમાં જીત્યો. જુગાર બહુ ખરાબ ચીજ છે. જેમ જેમ મનુષ્ય હાર પામે છે તેમ તેમ તેને તે વધારે ખેલવાનું મન થાય છે. તેવીજ રીતે યુધિષ્ઠિરની સ્થિતિ થઇ તે એટલે સુધી રમ્યા કે પોતાનું સઘળું ગુમાવ્યું, ને છેવટે-સતિ દ્રોપદીને પણ જુગારમાં હાર્યા. દ્રોપદી, મહાસતિ તેમજ ઇશ્વરની પ્રેમભક્તિ કરનારી હતા, તેને દુર્યોધને પોતાને કબજે લેવા ભર સભામાં પોતાનાં માણસો મોકલી ખેંચી મંગાવી. દુર્યોધનનાં હૃદયમાં પણ અહંકારે વાસો કર્યો હતો, તેથી તેને ભાન રહ્યું નહીં કે જેવી પોતાની રાણી તેવીજ પોતાના ભાઇની પત્નિ. પણ એવું ભાન નહીં થાય એમાં નવાઇ નથી. •જેનાં ગ્રહ ગામ ગયા હોય, જેને અહંકારના ફળ ભોક્તમાન કરવાનાં હોય, જેનાં દુષ્ટ કર્મનાં કાટનાં ચોક જેમની શીરપર ચોટી ગયા હોય, અને તેથી બુદ્ધિનો લોપ થઇ ગયો હોય, તેવાઓનો પાપનો ઘડો ભરાયેથી આખરે ફુટે છે. એવાઓને સારા વિચારો સુઝતા નથી. દ્રૌપદી રજસ્વલા હતી તોપણ દુષ્ટ દુઃશાસન તેને

દુર્યોધનનાં કહેવાથી ભર સભામાં ચોટલો પકડી ખેંચી લાવ્યો. પાંડવોથી આ સહન થઇ શકે એવું નહોતું, પણ વચનથી બંધાયલા એક વચની તથા સત્ય પાળનારા હતા, અને તેઓ દ્રોપદીને જુગટામાં હારી ગયા હતા, એટલે જે થયું તે નીચું માથું ઘાલીને જોયા કર્યું. ભીષ્મપીતા, વ્યાસ, વીગેરે સજ્જનોએ દુર્યોધનને ઘાતકીપણું કરતો અટકાવવા ઘણુંએ કહ્યું પણ જે વગર અંકુશના હાથી જેવો મદાંધ બનેલો તેને કેમ કરીને સારી શીખામણ ધ્યાનમાં આવે? આખરે દુર્યોધને દ્રોપદીનાં ચીર કાઢવા હુકમ કર્યો પણ દ્રોપદીએ તે વખતે પોતાની વૃત્તિ ઈષ્ટ ધ્યાનમાં ચોંટાડી દીધી. ભગવાન ભક્તનો બેલી છે તે શું ભક્તોના કષ્ટ જોઇ રહે? જેમ જેમ તેનાં ચીર કાઢતા ગયા તેમ તેમ તે દીનદયાળ અંતરીક્ષથી પુરતો ગયો, એવી રીતે નવસો નવ્વાણું ચીર નવાં નવાં આવતાં ગયાં. આવું થવાનું કારણ શું, તે દુર્યોધન કળી શક્યો નહીં અને એ કારણનો વિચાર આવવો એ તેની બાબતમાં અસંભવિત હતું, કારણ કે તેની બુદ્ધિ રૂપી લગામપર કાટનાં થોકનાં થોક બાઝી ગયા હતા. હે ભાઇઓ! સમાજને આ અહંકારને પાસે આવવા દેશો નહીં, તેમજ તમારામાં દાખલ થવાનો માર્ગ આપશો નહીં, નહીં તો તમારા પણ હાલ જોવા જેવાજ થશે. આગળ જતાં લાખનું ઘર બનાવી તેની અંદર પાંડવોને બાળી મુકવાની યુક્તિ રચાઇ, પણ તેમાંથી પણ પરમાત્માએ તેમને બચાવ્યા. બાર વર્ષ વનવાસ ભોગવી એક વરસ ગુપ્ત રહે તોજ રાજ્યમાં ભાગ આપવો એવી સરત ભીષ્મપીતા વીગેરેએ દુર્યોધન પાસે પાંડવો સંબંધી

કબુલ કરવી હતી. દુર્યોધનને હીંમત હતી કે ગુપ્ત રહેશે ત્યાંથી તેમને ખોળી કાઢી તેમની સરત ફોક કરવી. સરત પ્રમાણે તેર વર્ષ પાંડવોએ કાઢવાં અને છેવટનાં વર્ષમાં દુર્યોધન તેમને ખોળી શક્યો નહીં, તેથી પાંડવોએ સરત મુજબ રાજ્યમાંથી અડધો ભાગ આપવા દુર્યોધનને કહ્યું, પણ દુર્યોધને આપવા ના પાડી. જેનાં પરીણામમાં યુદ્ધ થયું, જેમાં દુર્યોધનને મદદ કરનારા રાજાઓ પણ કુટુંબ, ધન, રાજ્ય વિગેરે ખોઇ બેઠા, અને પાંડવો અડધા ભાગના તો શું પણ આખા ભાગનાં માલીક થઇ બેઠા. હવે કારણ તપાસો. પાંડવો પરમાત્માના ભક્ત હતા તેથી તે પરમાત્માએ યુધ્ધમાં તેમને પૂર્ણ મદદ આપી, જેથી તેઓ જીત મેળવવા સમર્થવાન નીવડ્યા. પાંડવોએ ગમે એટલું કષ્ટ સહન કર્યું છતાં પોતાની ભક્તિમાં અચળ રહ્યા, અને ઇષ્ટ દેવની દૃઢ શ્રધ્ધા પૂર્વક ભક્તિ કરી કે જેથી રાજ્ય મેળવ્યું. બીજી બાજુ દુર્યોધન કે જેનામાં અહંકારે વાસ કીધો હતો, તે એટલે સુધી કે તેની સઘળી ખાના ખરાબી થઇ ગઇ, અને તે અહંકારને લીધે ઉંડા કોતરમાં જઇને પટકાઇ પડ્યો. ઓ પ્રભુ ! તારી લીલાનો પાર નથી. હે ભાઇઓ ! ભક્તિ કરતાં ગમે એટલા વિઘ્ન કે કષ્ટ આવી પડે પણ તમે અચળ રહેજો, ધૈર્ય મુકશો નહીં તો છેવટ તમારો જય થશે. વિશ્વામિત્ર ઋષીએ હરીશ્ચંદ્રનું સત્ય મુકાવવા શું ઓછા દુઃખ દીધાં હતાં ! હરીશ્ચંદ્રને ગમે તેવાં કષ્ટ પડ્યાં, ભંગીને ત્યાં નોકર પણ રહેવાનો વખત આવ્યો, ને ત્યાં તેને મુડદાંનું દાણ ચુકવવાની ફરજ આપવામાં આવી, અને મુડદાં સાથે આવે તે ચોખાથી પોતાનો ઉદર નિર્વાહ કરવાનો સમય આવ્યો છતાં પણ પોતાનું સત્ય મુક્યો નહિ,

વળી રાણીને એક વાણીઆને ઘેર પોતે સત્યને ખાતર વેચેલી, અને તેનો છોકરો જે બીજાને ત્યાં વેચાયલો અને તેનું જ્યારે સાપ કરડવાથી મૃત્યુ થયું ને જ્યારે તેની મા તેને બાળવાને મશાણમાં આવી ત્યારે તેની પાસે પણ પોતાનાં નિયમ પ્રમાણે પોતે દાણનો પૈસો લેવા ચુકયો નહી! દઢ થઈ, પણ સત્ય ચુકયો નહીં, ધન્ય છે એવા દઢ આદમીને! આવો જેનો દઢ નિશ્ચય તેને શ્રી પરમાત્મા છેવટ દર્શન આપે તેમાં શી નવાઇ? શ્રી પરમાત્માએ આયદથી તે દંપતીને પાછાં રાજ્ય સોંપી પોતાની જગ્યાએ જવા કહેવાથી તેઓ પાછાં પોતાની મુળ જગોએ જઈ શકયાં. વાહ તારી અથાગ ભકિત અને વાહ તારો દઢ નિશ્ચય!

જર જમીન અને જોરૂ, આ ત્રણ બાબતમાં અહંકાર ધારણ કરનારા માણસો ખુન કરે છે અને આખર પોતાનું સ્થૂળ પણ ગુમાવે છે. સીતાને લીધે રાવણની પાયમાલી થઇ. દુર્યોધનનાં છેવટનાં હાલ તમોએ જોયા. જર અને જમીન એટલે સમૃધ્ધિ અને રાજય એ બે માટે સઘળું ખોયું અને આખર દેહ પણ ગુમાવી.

આ વિષય બહુ લંબાયો, હજુ આપણે આગળ વાંચવાનું ઘણું છે માટે હવે ટુંકાણમાં પતેતો સારૂં. મારા હિતેસ્વરી આત્મ બંધુઓ તમો વાંચી વાંચીને થાકી ગયા હશો. પણ અરે હું ભુલ કરૂં છું—આ પુરાતની ઐતિહાસીક દષ્ટાંતો વાંચી તમારા મનતો એ વિષયને હજુ વળગી રહેતાં દેખાય છે. ગમે તેમ હો પણ મને તો લંબાણ લાગે છે, ભાઇઓ અધીરા બનશો નહીં, હવે ટુંકાણમાં પતાવવા યત્ન કરીશ.

હવે તમને મહા અહંકારી દૈત્યરાજનો ઇતીહાસ સંક્ષેપમાં કહ્યું છું તે તમે ચીત્ત દઇને વાંચી જોજો એટલે અહંકારનો અંશ તમારામાં રહેશે નહીં; અને તમો વગર વિઘ્ને ભક્તિનાં પ્રવાહમાં ખેંચાતા જશો. હીરણ્યકશ્યપ મહા અહંકારી દૈત્ય હતો, શંકરની ભક્તિ કરવાથી તેને મહા સીદ્ધિ પ્રાપ્ત થઇ હતી. મહાસિદ્ધિનો ઉપયોગ સુમાર્ગે નહીં કરતાં કુમાર્ગે કરવા લાગ્યો ને બીજા દૈત્યોનાં રાજ્ય તથા સમૃદ્ધિ ખુંચી લેવાં, દેવોને દુઃખ દેવું વિગેરે બાબતોમાં ઉપયોગ કરવા લાગ્યો. તેને ભાન નહોતું કે સાત્વિક વૃત્તિ વાળા દેવોને દુઃખ દેવાથી તેનું અનિષ્ટ થશે. જેનું બુરું થવાનું હોય તેને એવા વિચાર ક્યાંથી ઉદ્ભવે ? ભાઇઓ ! તમો પણ અહંકારને પાસે આવવા દેશો નહીં, નહીં તો તમને મોટા ઊંડા કોતરમાં અફાળી પાડશે કે જેમાંથી બહાર નીકળવાનો માર્ગ દુર્લભ છે; એટલુંજ નહીં પણ તમારા હાલ વગર નાથનાં આખલા જેવા થશે, તમો અહંકારી બની વગર કારણે ઘણા પ્રાણીઓને દુઃખ દેવા લાગશો અને વખતે કોઇનો જીવ લેવાની તમારી પ્રબળ ઇચ્છા પણ થશે. વગર અંકુશના હાથીને છૂટો મુકયો હોય અને જેમ તે નિર્દોષ માણસોનો કચરઘાણ કાઢી નાંખે તેવા હાલ તમારા પણ થશે. યાદ રાખજો આ શબ્દો તમને અનુભવ કરાવનારાં છે. માટે મારી નમ્ર વિનંતી છે કે મહેરબાની કરી અહંકારને તો • દૂરજ રાખજો.

લોકોમાં માન્યતા છે કે જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે બ્રહ્માની પુત્રિ વિધાતા છઠ્ઠે દીવસે આવી તે બાળકનાં મગજપર 'છઠ્ઠીનાં લેખ' લખી જાય છે, જે લેખ ફરી શકતા

નથી. એ લેખ આગળનાં પ્રારબ્ધ પ્રમાણે લખાય છે. અને તેમાં લખ્યા મુજબ તેને તે પ્રમાણે સુખ દુઃખ નિઃસંશય મળે છે એવું આપણા લોકોનું ધારવું છે. પણ ભાઇઓ પ્રેમ ભક્તિનો પ્રભાવ તો અદ્ભુત છે. જુઓ, કે જો એક વખત તમો આ ચોથું પગથીઉં ખંત-સુધી ચઢી જશો, ને તમારામાં પ્રેમભક્તિ દાખલ થઇ, એટલે પછી એ વિધાતાનાં લેખ પણ કંઇ હીસાબમાં નહીં. તમો ધારોતો તે પણ ફેરવી નાખવાને તમો સમર્થવાન થશો. આપણું ભાગવત ઢુમ પાડીને કહે છે કે પ્રેમભક્તિથી પૂર્વેનાં કર્મો બળીને ભસ્મ થઇ જાય છે. તેનાં પર ભરોસો રાખો. પ્રેમભક્તિનો પ્રભાવ તો મહાનશક્તિવાળો છે. એટલે સુધી કે દેવી વિધાત્રીનાં લેખને પણ ચોકડ મારી ક્યાં ને ક્યાં ઉડાવી મૂકે છે. પાછા આપણે આડા ચાલ્યા. ચાલો મૂળવાત પાછી હાથપર લઇએ. દુષ્ટ હીરણ્યાકશ્યપ દેવોનાં યજ્ઞભંગ કરતો એટલુંજ નહીં પણ તેમને વારંવાર ભયંકર ત્રાસ આપતો હતો; જેથી દેવતાઓની ફરીયાદ વારંવાર શ્રી વિષ્ણુ ભગવાનને કાને જતી—વિષ્ણુ ભગવાન, જ્યારે એવા દુષ્ટો આ દુનીઆ પર પેદા થતા ત્યારે તેનો સંહાર કરવાને અવતાર ધારણ કરી, આ દુનીઆમાં મનુષ્ય પ્રાણીમાં અવતરતા, અગર કોઇ મહાત્માને અવતાર આપતા. તે પ્રમાણે તે દૈત્યને ત્યાં ભક્તરાજ પ્રહ્લાદનો તેના પુત્ર તરીકે જન્મ થયો મ્હારા વીરાઓ તમને સંશય ઉત્પન્ન થશે કે આવા પાપીને ત્યાં ભક્તરાજનો જન્મ! પણ જરા સબુરી રાખો. દૈત્યને ત્યાં ભક્તરાજ જન્મ્યા પણ તેઓતો પૂર્વેનાં સંસ્કારી હતા તથા અહંકાર વીગેર દુર્બુદ્ધિને તિલાંજલી આપી પોતે પ્રભુ પ્રેમમાં મહાલનારા હતા. તેમને કાંઇ લેપન થાય એમ હતુંજ નહીં. એવા પ્રભુ-

જનાં પ્રાણભક્તને, અહંકારનાં આવેશમાં ભગવાનનો વેરીલો અને તે હીરણ્યકશ્યપ. જગતનાં દુઃખ દેશે અને તેથી થોડા વખતમાં તેનાં પાપનો ઘડો ભરાશે અને આખરે તે ફુટશે એટલે દેવોને સુખ થશે. એ હેતુથી ભક્તરાજનો જન્મ થયોહતો. દીવસે દીવસે પ્રહ્લાદ મોટો થતો જાય છે, એ પ્રમાણે જ્યારે તેની સાત વર્ષની ઉંમર થઇ ત્યારે તેને નિશાળે ભણવા મુક્યો. મહેતાજીએ પ્રથમથી ભણાવવાનું શરૂ કર્યું, પણ પૂર્વનાં જે ભણેલા તેમને શું ભણવાનું? નિશાળમાં દૈત્યોનાં ઘણાં છોકરાઓ ભણતા હતા મહેતાજી પોતાના નિર્વાહ પગાર તેમજ મજુરી પર ચલાવતા હતા. આગળનાં મહેતાજીઓ ભણાવવામાં બરાબર લક્ષ ન આપતા, અને વર્ગમાં હુશીઆર છોકરો હોય તેને વર્ગ સોંપી, પોતે બહાર ગામમાં મજુરી કરવા જતા હતા, જેથી કરીને છોકરાઓનો વિદ્યાભ્યાસ બરાબર થઇ શકતો નહીં. હાલનાં મારા વ્હાલા આત્મબંધુ માસ્તરો! બાળકોને કેળવણી આપવાનું મહત્વનું કામ સરકારે તમને સોંપેલું છે, સારા પગારો તમને મળે છે, માટે ખંત અને કાળજી રાખી તમારા તાબાનાં કુંપગારનાં આસીસ્ટંટ શીક્ષકના વર્ગ વારંવાર તપાસજો. તેમને બોધ આપજો, અને મારા મહેતાજીના બાળકવર્ગ પર તો પોતે જાતેજ લક્ષ આપજો. માસ્તરો વિદ્વાન હોય અને નીતિ ધર્મને અનુસરી વર્તન રાખતા હોય, તો તેની હાથ નીચે સોંપાયેલા બાળકો ભવિષ્યમાં પોતાનું વ્યવહારીક અને પરમાત્માને મેળવવાનું કાર્ય સફળ કરી શકે છે. અને હાલની નજરે પડતી અજ્ઞાનતા દુર થશે. માટે મારા સ્નેહી માસ્તરો તમો ખાસ કાળજી રાખી તમને સોંપાયેલા કુમળા અંતઃકરણમાં સારા સંસ્કાર પાડવા ચૂકશો નહીં. હાલ કેટલાક માસ્તરો

બાળવર્ગ તરફ નિહાળતા પણ નથી, અને ત્રણચાર કે પાંચસાત રૂપીયાનાં દરમાવાવાળા અને પુરતી કેળવણી નહીં પામેલા શીક્ષકનાં તાબામાં સોંપે છે, તેથી બાળકો ભવિષ્યમાં ધારવા પ્રમાણે સારા દીપી આવતા નથી. માટે એ બાબત પ્રથમ નાહાન છોકરાંઓનાં અંતઃકરણપર સારી છાપ પાડવાનું જાણેલા તથા સારી કેળવણી પામેલાઓ જાતે પોતાનાં કલાસમાં રાખી તેમને ધર્મ નીતિની સમજણ આપવાનું રાખે અને સારૂં શીક્ષણ આપેતો તેમનાં પરમાણુંઓ પ્રથમથીજ સુધરી જાય પણ અફસોસની વાત છે કે હાલમાં ઘણા બેકાળજીવાળા માસ્તરો પોતાની નોકરી દરમ્યાન કેટલાંક છોકરાંઓનું ભવિષ્ય બગાડે છે. જેથી આગળ જતાં તે છોકરાંઓ પોતાનું સાર્થક કરવા અસમર્થવાન દેખાય છે. સારા હુશીઆર માસ્તરો બાળવર્ગને હલકા શીક્ષકોને કદાપિ સોંપતા નથી, પણ પોતાની પાસે રાખી તેમને કેળવણી આપે છે. ધન્ય છે એવા માસ્તરોને કે જેમને, તેમના માબાપોએ પ્યારમાં ઉછારેલાં છોકરાં સોંપવામાં આવે છે તેમને સારૂં શીક્ષણ મળવાથી તેમનું ભલું થાય છે. તેથી તેમનાં માબાપોનાં આશીર્વાદ તે માસ્તરો પર ઉતરે છે. અને તે આશીર્વાદવાળી વૃત્તિનાં પરમાણુંથી તે માસ્તરોનું શ્રેય થાય છે, અને સંસારમાંથી તરવા પણ સમર્થવાન થઇ શકે છે. બાળકોને માસ્તરો હલકા શીક્ષકનાં હાથમાં મૂકે છે તેથી બાળકો બેવકૂફ બને છે જેથી તેમનાં માબાપોનાં નીશાસા તેમની વૃત્તિપર સચોટ ચોટે છે, જેના પરિણામમાં તેવા માસ્તરોના નબળા સંસ્કારો બંધાવાથી તેઓ આ ભવાટવીનાં ફેરામાંથી મુક્ત થઇ શકતા નથી. માટે મારા આત્મબંધુ માસ્તરો! તમો આ બાબતપર બહુ લક્ષ આપો, અને બાળકોને હુન્નર તથા નીતિ ધર્મની કેળવણી આપો, કે ભવિષ્યમાં તે

બાળકોનાં આશીર્વાદ તમને લાગશે. એટલુંજ નહીં પણ બાળો બાળકોને નીતિધર્મ ઉપર વગેરેનું શીક્ષણ મળવાથી જે રાજ્યનો તેઓ દરબારો આપોઆપ તે રાજ્યમાંથી મળેલા પગારનો બદલો વાળેલો ગણાશે, અને એવી રીતની કેળવણી પામેલી પ્રજા રાજ્ય ભક્તિવાળી થશે. અને તેમનાં તથા તેમનાં માબાપોના આશીર્વાદથી તમારું પણ ભલું થશે.

હીરણ્યકશ્યપે પસંદ કરેલા માસ્તરો કાંઈ ઉંચા તેવાં નહોતા. દૈત્યનાં સહવાસને લીધે તેમની મતિ પણ તેવીજ હતી. હીરણ્યકશ્યપને રામચંદ્રજીની સાથે વેર હતું. તેનાં રાજ્યમાં કોઇ રામનું નામ લેતું તો તેને જુલમ વેઠવામાં આવતો, એવા રાજાનાં પસંદ કરેલા માસ્તરમાં નીતિનો અંશ ક્યાંથી હોય! એક વખત તે માસ્તર પ્રહ્લાદને વર્ગ નાની નિશાળમાં બાળવા રાખમાં ગયા ત્યારે પ્રહ્લાદે આખી સ્કૂલનાં વિદ્યાર્થી પોતાનાં કબજામાં આણ્યા તથા દરેક વિદ્યાર્થીની પાટીપર "રામ રામ" શબ્દો લખી આપ્યા અને દરેક છોકરાને શીખા-મણ આપી કે બોલો રામ રામ બોલો કે જેથી આપણું કલ્યાણ થાય. આવો નિશાળ રામરામના અવાજથી ગાજી રહી શું પ્રેમ ભક્તિનો પ્રભાવ! દુષ્ટ કર્મવાળા માસ્તરોનાં બાળકોના પરમાણુ તો સારા નહીં હતાં. છતાં જુજ વખતમાં બાળકો બદલાઇ ગયા વાંચકોને શંકા ઉત્પન્ન થશે કે શું થોડા વખતમાં દુષ્ટોનાં બાળકોનાં પરમાણુ સુધરી ગયા? અરે એવો બહુ ભાગ પ્રહ્લાદનાં પ્રેમભક્તિ રૂપની દાખલ થઇ હતી તેથી સઘળાંનાં હૃદયમાં અંતઃકરણ પર છાપ પડી જેથી 'રામ' શબ્દ ત્યારથીજ ઉપાડી લીધો. તેવીજ રીતે મારા આત્મબંધુ! આ પુસ્તક વાંચી તેનું મનન કરશો તો એમાં બતાવેલી પ્રેમભક્તિની છાપ તમારા હૃદયમાં જરૂર પડશે. ને તેથી તમે પણ

રાતને દિવસ રામનું નામ રટણ કરવાથી છેવટ મોક્ષ મેળવી શકશો. મહેતાજી મધુગરી ઉઘરાવી નિશાળ છુટવાના વખતે આવી પહોંચ્યા. પોતાનું પેટ ભરવાનું મૂકી કોને ભણાવવાની દાગજ હોય! છોકરાંનું ગમે તે થાય પણ પોતાનો ખાડો ભરવો એવા વિચારવાળા માસ્તરોનો કાંઇ ઉદય થતો નથી. રાજ્યનાં પગાર ખાવા અને સહેલ સપાટા મારવા, ગામની ખટપટમાં દાખલ થવું, લોકોમાં વેર કરાવવું, તડ પડાવવાં, તેમાંથી એકાદ પક્ષ પાસેથી થોડાઘણા પૈસા મેળવવા—જે મહેતાજીની વૃત્તિ એવી ખટપટમાં રોકાઇ હોય તે શું ભણાવે! તેવાજ પ્રકારનાં આ માસ્તર પણ હતા તે જ્યારે નિશાળમાં આવ્યા ત્યારે રામ રામ નો અવાજ સાંભળ્યો—સાંભળવાની સાથે ધુજી ગયા, છોકરાંને બોલતાં અટકાવવા પ્રયત્ન કર્યો, ને સઘળાંને શીખામણ દીધીકે હવે પછી કોઇ દીવસ રામનું નામ લેશો નહીં. પછી છોકરાંને ઘેર જવા રજા આપી. પ્રલ્હાદ જ્યારે પોતાને ઘેર જતો હતો ત્યારે તેનો બાપ તેને સામે મળ્યો ને બહુ વહાલ બતાવી પોતાનાં પુત્રને પુછ્યું "દીકરા પાટી લાવ, જોઉં શું ભણ્યો!" પુત્રે પાટી આપી તે જોતાંજ દૈત્યનાં રુંવેરુંવાં ઉભાં થઇ ગયાં. પાટીમાં રામ રામ સઘળે લખેલું તે જોઇ દૈત્ય એકદમ બુમ પાડી ઉઠ્યો "આ કમબખ્ત! આપણા વેરી રામનું નામ શું કામ લખ્યું!" એકદમ સીપાઇ ને બોલાવી નિશાળનાં માસ્તરને બોલાવી મંગાવવા ફરમાવ્યું. શું મહેતાજી આવું દરેક છોકરાંને ભણાવતો હશે? મહેતાજીને જ્યારે આ બાબતની ખબર બાણુસોઢારા પડી ત્યારે તેનાં હાંજા તો ગગડી ગયા, ધ્રુજવા લાગ્યો, અને ગભરામણ થવા લાગીકે હવે આપણું શું થશે, દૈત્ય પોતાને મારી નંખાવશે એવી ધાસ્તી તેનામાં પેઠી. હરામની

મજુમરી તથા હરામનો પગાર ખાધેલો તેનો બદલો મળવાનો સમય પાસે આવ્યો જણાયું. એ મારા વાહાલા માસ્તરો ! તમારામાંથી પણ કોઈ સરકારનાં હરામનાં પગાર ખાઈ ગાગડખાંના કરતા હશે અને કુમળાં બાળકોનું ભવિષ્ય બગાડતા હશે તેમની પણ કોઈ વખત એવીજ દશા થવાની—પેન્શન મળવાનું તો જહાનમમાં ગયું પણ બરતરફ થવાનો પણ વખત આવશે. અને પછી મસાલનાં ધુમાડા લાગેલા હોવાથી નોકરી સીવાય બીજો કાંઇ ધંધો સુઝશે નહીં, તેથી પેટ ભરવાને વાસ્તે કુતરાંની માફક અહીં તહીં ફાંફાં મારવાં પડશે. હરામનો પગાર ખાઇ, બાળકોને પુરતું શીક્ષણ આપનાર, તથા ગામની ખટપટમાં પડી ભિન્નસંતોષી અને ખટપટી બનેલા મહેતાજીઓ છેવટ બરતરફ થયા છે, અને એવા બરતરફ થયલા મહેતાજીની દશાનું તમો નીરિક્ષણ કરજો કે જેથી તમોને તેમના હાલ કુતરાં કરતાં પણ ભુંડા નજરે જણાશે. પ્રલ્હાદનાં મહેતાજી ધ્રુજતા ધ્રુજતા દૈત્ય પાસે આવ્યા. દૈત્યરાજ બરાડપાડી કહ્યો કે એ દુષ્ટ હરામખોર, ચંડાળ, પાપી, આવી રીતનું છોકરાંને શિક્ષણ આપે છે કે? મારા વેરીનું નામ લેતાં શીખવે છે! જેનું નામ નહીં લેવા મેં આખા પ્રજાને હુકમ આપેલો તેનું નામ લેતાં શીખવે છે? મહેતાજી બિચારાથી હબક્યા બંધ થઇ જવાથી કાંઇ બોલી શકાયું નહીં. દૈત્યરાજે પછી હુકમ કીધો કે આ ચંડાળ મહેતાજીનું શિરચ્છેદ કરો. જેનો અમલ તુરતજ કરવામાં આવ્યો. જો કે મહેતાજીએ તો રામનું નામ લખાવ્યું નહોતું છતાં તેનું ટોપલું ઉડાવી મુક્યું તેનું શું કારણ હશે? એવી શંકા વાંચક વર્ગને થશે. પણ એતો બીજું કાંઇ નહીં પણ હરામનો પગાર અને હરામની મજુમરી આખી જીંદગી ખાધી ને બાળકોને કાંઇ પણ

કેળવણી નહીં આપી, પોતે મસ્તાન બની એ કાળજી રાખી રખડયા કર્યું તેનોજ બદલો. પ્રલ્હાદે કહ્યું "પિતાજી ! મહેતાજીનો આ કામમાં કાંઇ દોષ નહોતો અને તમોએ તેને અન્યાયથી વીના કારણે મરાવ્યો, રામનું નામ તો મેં લખાવ્યું હતું ને મહેતાજીતો તે વખત ગામમાં ગયા હતા. રામ એજ સાક્ષાત પરમાત્મા છે તેમનું તમે પણ સેવન કરો કે જેથી તમારી પણ મુકિત થાય એ ભગવાનનું તમે અપમાન કરશો નહી." આ સાંભળી દૈત્યરાજ આંખ ફાડીને બોલ્યો "રે આ હરામખોર આજ પછી એ દુષ્ટનું નામ તું લેશે તો તારા પણ એ મહેતાજીનાં જેવાજ હાલ કરીશ, માટે હવે પછી એનું નામ લઇશ નહીં." આ દૈત્યે કોઇપણ વખત "રામ" શબ્દનો ઉચ્ચારજ નહોતો, કારણ કે તેના ગ્રહ ગામ ગયા હતા અને પોતે થોડા વખતમાં પૂર્ણાહુતીમાં હોમાવાનો હતો, તેનાથી રામનું પવિત્ર નામ શી રીતે લેવાય? "અહા બેવકુફ નાદાન પ્રલ્હાદ, જો રામનું નામ લીધું તો તારે માટે શુળી તૈયારજ છે." ભક્તરાજને રામની અવગણના થતી જોઇ બહુ માઠું લાગ્યું. જેને પ્રેમભક્તિથી પરમાત્મા હાજરા હજુર હતા તેને હીરણ્યાકસ્યપનો કાંઇપણ ધાક નહોતો "પિતાજી ! એજ રામ આપણો ઉદ્ધાર કરનાર છે, એની ભક્તિથી ઘણાનાં ઉદ્ધાર થયા છે, એવા રામનું રટણ હું મુકવાનો નથી, હું તો તેમનેજ ભજીશ, અને તમો મારા પિતાજી છો એટલે હાથ જોડી પ્રાર્થના કરૂં છું કે એ જગત તારક ભગવાનને તમો પણ પ્રણામ કરો, ને આજ સુધી જે વેર રાખ્યું હતું તેને માટે માફી માગો ને કાલાવાલા કરો કે તમારાં પાતીકો ટળી તમે મોક્ષમેળવવાને લાયક થાઓ, નહીંતો આ સમૃદ્ધિવાન રાજ્ય તમો થોડા વખતમાં ખોઇ બેસશો અને તમારા દેહનો પણ અંત આવશે.

માટે હે પિતાજી મારૂં કહ્યું માનો, હું તમને હાથ જોડી એટલી વિનંતી કરૂંછું તે ધ્યાનમાં ઉતારો." દૈત્યે ઉત્તર દીધો કે "ગુસ્સામાં પડે નાદાન પિતાજી હું તારો પિતાજ નથી. જો નાદાન પિતા હોઉં તો તું મારા વેરીનું નામ લેત નહીં. પણ તારી માતાએ તને વ્યભિચારથી ઉત્પન્ન કરેલો જણાય છે. તેને હવે તારા જેવા હાલ કરૂંછું તે." જ્યારે પ્રાણીઓનું ભૂંડું થવાનું હોય છે ત્યારે તેમનાથી અશુભ વાક્ય અનાયાસે બોલાઈ જાય છે, તેવીજ રીતે આ દૈત્યરાજ પણ ગુસ્સામાં પડવાનું બોલી ગયા. ખરૂં બોલ્યા, તેજ પ્રમાણે થવાનું છે. તુરત તેણે દશપંદર રાક્ષસોને હુકમ કરી બોલાવ્યા ને હુકમ કર્યો કે "આ પાપી ચંડાળને" (હવે તે ભક્તરાજનું નામ પણ લેવાનું બંધ કર્યું) "બેડી જડી દો અને ડુંગર ઉપરથી અફાળી દઈ મારી નાંખો." દૈત્યોએ હુકમ પ્રમાણે ડુંગરપરથી ભક્તરાજને નીચે ફેંકી દીધા પણ પરમાત્મા તેને સહાય કરતો હતો એટલે તેની બેડી તુટી ગઈ અને તેને કાંઈ પણ વાગ્યું નહીં અને જાણે ફુલની તળાઈમાં ગબડતો હોય એવું તેને લાગ્યું. જેને રામ રાખે તેને કોણ મારી શકે ? પ્રલ્હાદનાં અંતરમાં તો તે વખત રામ નામનો એકદી શ્વાસ ચાલી રહ્યો હતો તેથી શું થયું તેનું તેને ભાન પણ રહ્યું નહીં. દૈત્યરાજે વળી પાછળથી પોતાની બેન હોળીકાને બોલાવી કહ્યું કે "આ ચંડાળ ને બાળી નાખ." હોળીકાએ કાષ્ટનો એક ઢગલો બનાવી મોટો ભડકો સળગાવ્યો તેને તેમાં સુચના મુજબ નાંખ્યો. તેમાંથી પણ તે જીવતો નીકળ્યો જરા પણ આગની આંચ લાગી નહીં! વળી તેલની કઢા ઉકળતી કરી તેમાં પ્રલ્હાદજીને નાંખવામાં આવ્યા પણ તેમાંથી પણ જાણે પાણીમાં નાહી નીકળ્યા હોય તેમ

તેઓ અંદર નાહી નીકળ્યા! દૈત્ય આથી ગભરાયો કે હવે આને શી રીતે મારવો ! છેવટ હુકમ કર્યો કે "એના હાથ પગ બાંધી સમુદ્રમાં નાંખી દો." સમુદ્રમાં ફેંક્યો, ત્યાંથી પણ સહી સલામત નીકળ્યો અને બાંધેલા બંધ પણ તૂટી ગયા ! શું પ્રેમ ભક્તિનો પ્રભાવ ! આ પ્રભુ તું ભક્તોના કષ્ટ વખતે હંમેશ તેમને મદદ આપે છે. ધન્ય છે પ્રેમ ભક્તિ કરનારા મારા ભક્તરાજોને કે જેમણે તો એવા પ્રભુની પ્રેમ ભક્તિ કરી તેમને પોતાને વશ બનાવી દીધા છે. પણથીઓ બહારના મારા આત્મબંધુઓ ! જરા તમારા કાનનાં પડદા ખોલવાની તસ્દી લ્યો. ક્યાં દૈત્ય હીરણ્યકશ્યપ અને ક્યાં આઠ વરસનું બાળક ! પણ જુઓ પ્રેમ ભક્તિનાં ચમત્કાર ! જેણે પ્રેમ ભક્તિ ગ્રહણ કરી છે તેને કોઇપણ પ્રકારની જરાપણ આંચ આવતી નથી-છેવટે પેલા દુષ્ટ રાક્ષસે એક લોખંડનો જાડો સ્થંભ બજાર વચ્ચે ઉભો દટાવ્યો. ફરતે કાષ્ટનાં ઢગલા કરી તે સળગાવી મૂક્યા. સ્થંભ તપીને લાલ ચણોઠી જેવો બની ગયો-પછી તે દુષ્ટે રાક્ષસોને હુકમ કર્યો કે, "આ ચંડાળને એ સ્થંભ સાથે ભેટાવો કે એ મરી જાય." બિચારો આઠ વર્ષનો બાળક આ લાલ સ્થંભ જોઇને પ્રથમતો બીધો, પણ થોડા વખતમાં તે થાંભ લાપર લાલ કીડીની હાર ચાલતી તેની નજરે પડી. ત્યારે તેને હીંમત આવી ને હુકમ મુજબ સ્થંભને પોતે ભેટ્યો. સ્થંભ તો તે ભેટે તે પહેલાં ઠંડોગાર બની ગયો હતો, ને કીડીની હાર જોવાથી તેને સમજણ પડી હતી. દૈત્યતો અજાયબ થઇ ગયો ને વિચાર કરે છે કે હવે કયો ઉપાય કામે લગાડવો, એટલામાં તો સ્થંભ ફાટ્યો ને અંદરથી નૃસીંહ રૂપ નીકળ્યું. તેણે દૈત્યરાજને એકદમ ઉંચકી દરબારનાં ઘરનાં ઉંબર આગળ પછાડ્યો; સંધ્યાનો વખત થયો

હતો તે વેળાએ તે દુષ્ટની છાતીપર ચઢી બેઠા તે મૂર્તિએ પોતાના નખે કરી તેની છાતી ફાડી કાઢી તેનો પ્રાણ લીધો—હીરણ્યાકશ્યપ યમદ્વાર પહોંચી ગયો. ભાઇઓ ! એ રૂપ ધારણ કરી આવનારને તો તમે ઓળખ્યા હશે. જેને મેળવવાને આપણે મહેનત કરીએ છીએ તે શ્રી કૃષ્ણ પરમાત્મા કહો, કે રામચંદ્રજી કહો, કે ભગવાન કહો તેઓએજ આ રૂપ ધારણ કરી આ દુષ્ટનો સંહાર કર્યો. ભગવાને જાતે નૃસીંહરૂપ ધારણ કરી પોતાનાં ભક્તની કુમકે આવી દૈત્યનો સંહાર કર્યો. પછી પ્રલ્હાદને પોતાનાં ખોળાપર બેસાડી ચુંબન આપ્યું, ને બહુ લાડ લડાવ્યા તેમજ તેમને ચતુર્ભુજ દર્શન આપી રાજ્યપાટ સોંપ્યું. પછી તે રાજ્ય રામરાજ્ય જેવું સુખ શાન્તીવાળું નીવડયું.

આ ઉપરથી પ્રેમભક્તિનો પ્રભાવ કેટલો છે તે તમો સમજ્યા તો હશો. કોઇપણ ગૃહસ્થને કાંઇપણ સમૃદ્ધિ મળવાથી અહંકાર ચઢી જાય ને પાપાચરણ કરવા માંડે તો તેની પણ હીરણ્યાકશ્યપના જેવીજ દશા થશે. માટે મારી વિનંતી છે કે હે સુજ્ઞ બંધુઓ તમો કોઈપણ અહંકારી જગામાં જરાપણ સપડાશો નહીં. અહંકારને દુરથીજ નમસ્કાર કરી છેટે રાખજો, તમારા અંતઃકરણમાં તેને પગ પણ મુકવા દેશો નહીં.

ક્રોધનો સમાવેશતો અંહકારમાં થાય છે. જ્યાં અહંકાર દાખલ થયો કે તેની સાથે ક્રોધ જોડાયલોજ હોય છે. માણસોમાં અહંકારથી ક્રોધ ઉત્પન્ન થાય છે, તેથી તેઓ વગર વિચારના કામો કરે છે. એટલે હવે ક્રોધ સંબંધી કાંઇપણ સ્પષ્ટીકરણ કરવાની જરૂર રહેતી નથી.

તમોએ યોગવશીષ્ઠનો ગ્રંથ વાંચ્યો તો હશે. નહીં વાંચ્યો હોયતો એક વખત પણ મનન કરી વાંચી જોજો. રામચંદ્રજીને જયારે યજ્ઞના બંદોબસ્ત માટે વિશ્વામિત્ર બોલાવવા ગયા હતા તે પહેલાં રામચંદ્રજી યાત્રા વિગેરે કરી આવ્યા હતા, જેથી આ અસાર સંસાર તથા રાજ્ય ઉપરથી તેમનું મન ઉઠી ગયું હતું. તેવા પ્રસંગે વિશ્વામિત્રે દશરથ રાજા પાસે વચન લઇને રામ લક્ષ્મણને યજ્ઞના બંદોબસ્ત માટે મોકલવા માગણી કરી. પણ દશરથે ના પાડી અને પોતે મૂર્છિત થઇ પડયા. પણ દશરથના ગુરૂ વશિષ્ઠે તેમને સમજાવ્યા કે તમો વચનથી બંધાયા છો માટે આ વખત રામચંદ્રજીને મોકલવાજ જોઇએ. બને ઋષીઓ તો જાણતા હતા કે રામચંદ્રજી તો ભગવાનનું સ્વરૂપ છે. પણ દશરથ બિચારો માયામાં ભોળવાયલો હતો, તેથી તે રામચંદ્રજીના ખરાં સ્વરૂપને ઓળખતો નહોતો. પછી દશરથે રામચંદ્રજીને સભામાં બોલાવ્યા, રામચંદ્રજીએ પોતાનો સંસારપરથી મોહ ઉતરી જવાના કારણો વિશ્વામિત્રને પુછ્યા. વિશ્વામિત્રે તેમના પ્રશ્નનાં ખુલાશા કરવા વશિષ્ઠને કહ્યું. વશિષ્ઠે તે પ્રમાણે રામચંદ્રજીનાં પ્રશ્નના યોગ્ય ઉત્તર આપી સમાધાન કર્યું. આ પ્રશ્નોત્તરનો જે ગ્રંથ બન્યો તેજ યોગવશિષ્ઠ—મહા કીંમતી, ગુણનો ભંડાર, ત્યાગી મહાત્માને હાથે લખાયલો, મનુષ્યનાં અંહકારને તો કોણ જાણે કયાં ઉડાવી મુકે તેવો એ ગ્રંથ છે. તમે વાંચવાને ચુકશો નહીં. ઉપલક નહીં વાંચતાં મનન કરીને વાંચજો. તેની અંદર લીલા રાણીનો વૃતાંત છે તે હું અંત ટુંકાણમાં વાંચક વર્ગની જાણને માટે આપું છું. તે લક્ષ દઇને ધ્યાન પૂર્વક વાંચશો તો શીખવાનું મળશે.

લીલા રાણીએ સરસ્વતીનું આરાધન કરી તેમને પ્રસન્ન કર્યાં અને તેમનાં દર્શન પણ કર્યાં. સરસ્વતીએ લીલા રાણીને પૂર્વે બનેલો તેનો સઘળો વૃત્તાંત કહી બતાવ્યો. તેઓ એક જન્મમાં પહાડ નામનાં ગામમાં વ્યાસ નામના ગરીબ બ્રાહ્મણનાં પત્નિ હતાં. તે વખતે તેઓ, દર્ભની સાદડી ગુંથી, એક બે પૈસા રળી તેનું દુકાળું કરી, તથા ભિક્ષાવૃત્તિથી પોતાનો ગુજારો કરતાં હતાં. દર્ભની સાદડી કરતાં કરતાં તેના હાથનાં ટુકડાં તેના પેડામાં લાગતાં હતાં જેથી ત્યાં આંટણ પડી ગયા હતાં. તે જન્મની જગ્યા સરસ્વતીએ તેમને દેખાડી. બીજા જન્મમાં તેઓ પોપટી તરીકે હતાં. તે વખતની તેમની રહેવાની જગ્યા પણ દેખાડી. અને ત્યાર પછીનાં જન્મમાં ચક્રવર્તી રાજા વિદુરથનાં પટરાણી થયાં હતાં. તે દેખાવ પણ બતાવ્યાં. શું કુદરતની લીલા! એકજ જીવ—એક વખત ગરીબ બ્રાહ્મણી, બીજી વખત પોપટી, અને ત્રીજી વખતે પટરાણી.

જનક રાજાને પણ એવીજ રીતે પોતાનો પૂર્વનો વૃત્તાંત જાણવાની ઇચ્છા થઇ હતી. જનકરાજા આગલા જન્મમાં પણ રાજાજ હતો. તે વખતની તેની પટરાણી બીજા જન્મમાં એક નગરશેઠ વાણીઆની સ્ત્રી થઇ હતી અને તે વખતનો તેનો મોટો છોકરો હતો તે બીજા જન્મમાં જન્મ ધરતો અને તુરત મરણ પામતો, તે મોટા છોકરાની વહુ બીજે જન્મે એક ગરીબ બ્રાહ્મણનાં છોકરા સાથે પરણી હતી, અને વીશ વર્ષની ઉમ્મરે વિધવા થઇ હતી—આ પ્રમાણે કર્મોને લીધે થયું હતું. આ વાત લાંબી છે ને જગ્યા ટુંકી છે. માટે આખી વાત પડતી મકવી પડે છે, કારણ કે લંબાવવામાં આપણો ટુંકાણમાં સમજાવવાનો હેતુ બરબાદ જાય. અરે ભાઇઓ!

ટુંક હકીકતપરથી આપણે જે મુદ્દો છે તે સમજવાનો છે. ચાલો હવે એક તાર બની જાગ્યા ને ગતિને અહીં નહીં અટકવા દેશો નહીં.

આપણે પણ કર્મ પ્રમાણે કોઇ વખત કુતરા, તો કોઇ વખત બિલાડા, કોઇ વખત રંક તો કોઇ વખત મોટા રાજા હોઇશું. જ્યાં સુધી પ્રેમ ભક્તિ કરી ભગવાનને મળીશું નહીં ત્યાંસુધી પુનરપિ જન્મનો આપણાં કર્મમાં ચોંટેલોજ છે. કર્મ પ્રમાણે જન્મ ધરવા પડશે. આવા પુનરપિ જન્મમાંથી મુક્તિ શી રીતે મળે તે બતાવવાનો આ લેખકનો હેતુ છે. કહોકે આપણે અહંકાર શાપર રાખવો બિલાડાપર કે રાજાપર. તેજ પ્રમાણે આ સૃષ્ટિમાં કર્મ પ્રમાણે સઘળાં પુતળાં ગોઠવાયલાં છે, તેમાં કોઇ નાનો નથી તેમ કોઇ મોટો નથી, સઘળાનાં જીવ સરખા છે, સઘળાને મરવાનું છે, સઘળા જીવોને સુખ દુઃખ કર્મ પ્રમાણે ને વગર પક્ષપાતે ભોગવવાં પડે છે, પછી રાજા હો કે રંક હો. માટે વિચાર કરો કે અહંકાર શેની પર રાખવો આપણી સુવર્ણ સરખી દેહ હશે તે પણ આખર ઢંકાઈ જશે, ઘણા જણ ખજાના અને મહેલ હવેલી મુકીને ચાલતા થયા છે. રાવણ તથા દુર્યોધનની દશા પણ તમે જોઇ તો પછી અહંકાર કરવાનું પ્રયોજન શું રહ્યું ? કેટલાક પુરાણી શાસ્ત્રી બાવા પણ શાસ્ત્ર વાંચીને પ્રેમભક્તિ કરવાને બદલે અહંકારી બની ગયા છે. ને સમજે છેકે હમારા જેવા હુશીઆર દુનીઆમાં કોઇ નથી. આથી અહંકારમાં રહી તેઓ, તેમની મનોવૃત્તિને સાધ્ય કરી શકયા નહીં જેથી લક્ષચોરાશીનો ફેરો તો કાયમજ રહ્યો. તેઓ રાત ને દીવસ વાદ વીવાદમાં ખેંચાયા કર્યા. એવામાંથી તો કોઇકજ પ્રેમભક્તિ કરી શકયા છે. એવા વિદ્વાનોને મનોનિગ્રહ કરતાં શું કઠણ પડે ? તેઓતો અજ્ઞાનીનાં કરતાં વહેલા મોક્ષ મેળવવા

સમર્થવાન થાય. માટે હે વિદ્વાન શાસ્ત્રી અને પુરાણી પુજ્ય દેવો ! મનો નિગ્રહ કરવા પર ખાસ કાળજી રાખો કે જેથી તમારી કરેલી મહેનત સફળ થાય.

હવે તમો સમજ્યા તો હશો કે અહંકાર બહુજ ખરાબ છે, ભક્તિ પણ કરવા દેતો નથી, અને ઉંચેથી નીચે અફાળી નાંખે તેવો છે. માટે ભાઈઓ અહંકારને બાજુએ મુકી દો અને જે ભગવાને હરીશ્ચંદ્રનો ઉદ્ધાર કર્યો, અને રામચંદ્રજીનો અવતાર ધારણ કરી રાવણ વિગેરે દુષ્ટોને મારી સાત્વિક વૃત્તિવાળા દેવ તથા બ્રાહ્મણોને બચાવ્યા. એવા માયાળુ પરમાત્માને હજારવાર પ્રણામ કરો, અહંકારથી વાસના બંધાય છે અને વાસના પ્રમાણે પુનરપિ જન્મ લેવો પડે છે, માટે અહંકારને તો બુદ્ધિરૂપી લગામ થી સ્વાધીન કરી પાંચમાં પગથીઆં-જ્ઞાનમાર્ગ-ઉપર ચઢી જજો. પછી જુઓ મજા—પરમાત્મામાં એક લીન થઈ જશો અને તમો પોતાને સંસાર તરવાની ટોચ પર ચઢેલા દેખશો; કાળી ભુત જેવી વાસના નાશી જશે પછી ભક્તિ દેવી આવી ઉભી રહેશે. પછી જુઓ તેનાં ચમત્કાર, અને તમને એકતાર બનાવી દેશે.

હે અહંકાર, લોભ અને ક્રોધ ! તમોને તો છેટેથીજ નમસ્કાર કરૂં છું હવે તમારાં કાળાં મોં હમને દેખાડશો નહીં; અને તમો મારા આત્મબંધુઓને અડકશો પણ નહીં.

પગથીઉં ચોથું.

કીર્તનો.

કીર્તન—૧.

અજ્ઞાની જીવ અહંકાર દેને મુકી,
ગયા અહંકારી પગથીઆં ચુકી. અજ્ઞાની.
દુર્યોધને અહંકાર જેને રાખ્યો,
કૌરવ કુળતણો નાશ કરાવ્યો. અજ્ઞાની.
ચૌદ ચોકડીનું રાજ્ય રાવણે ખોયું,
સુવર્ણમય લંકાપુરી ગુમાવ્યું. અજ્ઞાની.
સઘળું જગ્ત અહંકારથી રચાયું,
પુનરપિ વાસનાએ ઘર ઘાલ્યું. અજ્ઞાની.
આત્મા તું અહંકારને દે બાળી,
તાહારી બાંય દીન દયાળે ઝાલી. અજ્ઞાની.
દાસ તાહારો પ્રભુએ હાથ ઝાલ્યો,
ફેરો લક્ષ ચોર્યાસી તારો ટાળ્યો અજ્ઞાની

—0:0—

કીર્તન—૨.

અજ્ઞાની જીવ અહંકારમાં લુંટાયા,
છુટી ન જેનાથી સંસારની માયા. અજ્ઞાની
વેદાભ્યા વેદ શાસ્ત્ર ભણીને ફુલાયા,
ખાલી મોટાઇમાં પંડીતો પજવાયા. અજ્ઞાની.
યોગ સાધના યોગીઓ સાધતા ભુલ્યા,
અહંકારમાં સૌ લપટાઇ લેવાયા. અજ્ઞાની.
ચઢયો અહંકાર પુરાણીઓને જ્યારે,
નિશદીન વિવાદમાં ગુંચાયા. અજ્ઞાની.
કરી શક્યા જતિઓ સાધ્ય નહીં તેથી,
યાગપતિ અહંકારમાં સપડાયા. અજ્ઞાની
મન સાધ્ય કરી મદ માયા છોડો,
તો જાય જરૂર અહંકાર મીટાયા. અજ્ઞાની.
કહે દાસ પ્રભુની મહેર માગોને.
જશે મેલ અંતઃકરણનાં ધોવાયા. અજ્ઞાની.

કીર્તન—૩.

અભિમાની અહંકારી જીવડા
અહંકાર શાપર રાખે છે ? અભિમાની.
સુવર્ણ સરખા દેહ જોઇને,
શું તેનાંપર તું રાચે છે ?
એવી દેહતો ભસ્મીત થઇ છે,
તે યાદ તને નહીં આવે છે. અભિમાની.

ખજાના પર શું મોહી રહ્યો છે ?
નથી જોતો દેવાળાં ફુટે છે.
મહેલ જોઇ શું મગ્ન થાય છે ?
ધરતી કંપે નહીં જુએ છે. અભિમાની.

શું કુળ જોઇ તું મસ્ત બન્યો છે ?
જીવોમાં ફરક શો લાગે છે ?
સુખદુઃખ સઘળાને સરખું;
ભુલાવો તું શીદને પામે છે. અભિમાની,

અહંકાર મૂકી દીધા જેણે,
લાજ પ્રભુ તેઓની રાખે છે;
દાસ કહે સંતોષી અભિમાની,
જીવ સરખા એક ભાસે છે. અભિમાની.

કીર્તન ૪ થું.

રાગ—ગઝલનો.

અભાગી જીવ જાગ જાગ જાગ,
દયા પ્રભુની માગ માગ માગ. અભાગી.
રિપુઓ સઘળા મસ્ત બન્યા છે,
રાખ્યો રોકી તાહારો માગ;
ખરે સપડાયો તું જંજાળમાં,
નહીં મળે છુટવાનો લાગ. અભાગી.
અકલ તાહારી ધુળમાં છુપાઇ,
બેઠા ઝેરી વિષધર નાગ;
લપડાકો એ દુષ્ટોને લગાવી,
રાખી હીંમત સત્વર ભાગ. અભાગી.

કટાર બુદ્ધિની ઝાલને પ્યારા,
કરને કર્મ ઉપાધી ત્યાગ;
રિપુઓ તારા કમજોર થાશે,
જરૂર કરશે ભાગાભાગ. અભાગી.

અંતઃકરણ નિર્મળ બનશે,
ત્યારે ખીલશે પ્રેમનો બાગ;
દાસનાં પ્રભુને શરણે જાને,
રિપુને બાળશે મૂકી આગ. અભાગી.

કીર્તન ૫ મું.

રાગ-લાવણી.

અરે શું જીવ રહ્યો છે તું તલપી,
દીન દયાળને રાખ હૃદયમાં કલ્પી,
કર્યાં તેં સાચાં જુઠાં બહુ જગમાં   અરે.

ધરાયો નહીં હજુ તું અલ્પી;
કરશે ક્યાં સુધી કર્મનાં કુંડાળાં,
કેમ રહેશે અટાપી તું ઝડપી.   અરે.

ખરે થયો કર્મબંધ તું જંજાળી,
છતાં બંગુર લાગે નહીં અલ્પી;
સમજ મંદ ગમાર દીવાના,
રાખ પ્રભુને હૃદયમાં કલ્પી.   અરે.

દે હરી ચીત્ત તારૂં એક તારી,
રહે પ્રભુ ભક્તિમાં તું મલ્પી.
કહે દાસ કરતું દ્રઢ ભક્તિ,
લેશે હૃદયમાં પ્રભુ તને જલ્પી   અરે.

કીર્તન ૬ ઠું.

રાગ કાફી.

પ્રભુ પાપી લોભ તજાવો રે
તેમાંથી જીવ રંકને બચાવો. પ્રભુ.

લોભનાં લક્ષણ છે બહુ ભુંડાંરે,
તેમાં નહીં આયુષ ગુમાવો;
લોભે દુર્યોધને રાજ્ય ખોયું રે,
એવો લોભ દૂર કરાવો. પ્રભુ.

લોભે બુદ્ધિબળ બગડે રે,
કર્મ ભ્રષ્ટ નહીં બનાવો;
દુષ્ટ કર્મો લોભ કરાવેરે,
તેથી પ્રભુ દૂર રખાવો. પ્રભુ.

આશા તૃષ્ણા લોભનું મૂળરે,
તેનાથી પ્રાણનાથ બચાવો;
ભક્તિમાં લોભ રખાવીરે,
સંસાર સાગર તરાવો. પ્રભુ.

પ્રભુમાં પ્રેમ લોભ રાખીરે,
કરી ભક્તિ મુક્તિ મીલાવો;
દાસની અરજ માની લેજોરે,
નાથ પાપી લોભને મટાવો. પ્રભુ.

કીર્તન ૭ મું.

રાગ કાફી.

અરે કોઇ સંતને તેડાવોરે,
હરીનું ભજન કરાવો. અરે

ભવાટવીનો ફેરો બહુ ભારીરે,
તેમાંથી મુક્તિ અપાવો;
દુષ્ટ દુર્ગુણો સૌ ટળાવોરે,
સત્વ ગુણ ધારણ કરાવો. અરે.

છે મીથ્યા સંસારનો રગડોરે,
તેમાંથી પાર ઉતરાવો;
કોઇ સચ્ચા ગુરૂનાં ચેલારે,
મુક્તિ મારગ બતલાવો. અરે.

ભકિતનું કાર્ય છે બહુ વસમુંરે,
તેની ચોટ અંતર લગાવો;
પ્રભુ તમો છો પરમ કૃપાળુરે,
દીનની વ્હારે ચઢી આવો. અરે.

પ્રભુ તેં ભક્તજનોને તાર્યારે,
એક ભક્ત હૃદયમાં રખાવો;
દાસની અરજ ઉર ધરજોરે,
તેજમાં તેજ મીલાવો. અરે

કીર્તન ૮ મું.

રાગ પીલુ.

અરે કોઇ મહાત્મા યોગી,
રામ મીલાનેકી જુગ્તી બતાદો. અરે.

તામસ ગુણ છે બહુ તોફાની,
શાન્ત પાણીસેં બુઝાવીદો. અરે.

કામ લોભ અહંકાર છે અભિમાની,
બુદ્ધિ રૂપી આગસેં જલાવીદો. અરે.

મોહ માયાછે બહુ જંજાળી,
નિર્મળ વૃત્તિથી ફુંકાવી દો. અરે.

વાસનાછે ઘણી તેજવાળી,
થડ મુળથી બળાવી દો. અરે.

પુનરપિ જન્મ છે નરકની ખાડી,
જન્મોની દાઝ બુઝાવી દો. અરે.

સત્વ ગુણ છે બહુ આભારી.
નિર્મળ હૃદયમાં ધરાવી દો. અરે.
નીતિ ધર્મ ગુણ ઘણા સારા,
હૃદય કમળમાં શોભાવી દો. અરે.
પરમાર્થ પરોપકાર દયા છે સારી,
તેને અંતરમાં જમાવી દો. અરે.
સંસાર સાગર દેખાય છે વસમો,
કોઈ સચ્ચા ગુરૂ તરાવી દો. અરે
દાસ ગુરૂ પ્રસાદી માગે,
ભવાટવીનો ફેરો ટાળી દો. અરે.

કીર્તન ૯ મું.

રાગ આશાગોડી.

અબતો કરૂંગા રામ ફકીરી,
નહીં ચાહીએ તુમેરી અમીરી. અબતો
કામ ક્રોધ લોભ મોહ ભારી,
છોડ દીયા સબ અંધેરી. અબતો.
નહીં હોના મહેલ હવેલી,
સબ ખાલી ખંડેર રહેનારી. અબતો.

ખજાના ઔર દોલત તેરી,

જહાં કે ત્યાં સબ પડનારી. અબતો.

નહીં રહેગા હાડ ઔર પીંજરા,

કહાંથી રહેગી દોલત તેરી. અબતો.

સબ દુનીઆકા નહીં ભરોસા,

કોઇ દી હોજાયગી રખોરી. અબતો.

કાયકુ મોહ જગમાં ફસાતા,

નહીં રહેગી એક કોવરી. અબતો.

અબતો છોડદે સબ સંસારા,

પંડા રામકે તુમ પાયોરી. અબતો.

સબ દેખત હું મોહકા ફંદા,

જળવાય ન ટેક તુમેરી. અબતો

રામ, હૈ બંધનકા છોડનારા,

પ્યારી લગાદે પ્રેમ કટારી. અબતો.

દાસ ધરદે ચીત્તમાં હમારી,

છુટ જાયે તુમેરી અનારી. અબતો.

કીર્તન ૧૦ મું

ભાઇઓ અહંકાર તજી દેજો,
વશ અહંકારને નહીં થજો;
કદી મદાંધને નહીં અડજો,
તેઓની છાયામાં નહીં ફરજો. ભાઇઓ.

દુર્યોધન રાવણ જેવા આંધા,
ખેહા ખોઇ સમૃદ્ધી અને રાજે;
મુવા રણુમાં લડીને તે વીરા,
તેના ઈતિહાસ નિહાળી જોજો. ભાઇઓ.

ભસ્માસુર જેવા મદાંધ દૈત્યો,
બની અહંકારી થયા તારાજે;
મદયો મદ હીરણ્યાકશ્યપને ઝાઝો,
ગુમાવ્યાં પ્યારાં દેહ ને તાજે. ભાઇઓ.

વીચરે અહંકારી નરનારી,
તેનું નીરિક્ષણ તમો કરજો;
હાલ તેના ઉંડ ઉતરી જોજો,
એવા મદાંધમાં નહીં ભળજો. ભાઇઓ

દુર્બુધ્ધિ અહંકાર સાથી જુઠા.
તેને સ્વપ્નાવશ નહીં ગણજે;
દાસના પ્રભુની મદદ લેજે,
તેના શરણે જઇને રહેજે. આછ્યા.

કીર્તન-૧૧

રાગ-આશાવરી.

દેખલાદો હમકુ રામ,
પ્યારે, દેખલાદો હમકુ રામ,
મીટાવે ચોર્યાશીકે ધામ. પ્યારે.

કાશી દેખે, જગનપુરી દેખે,
દેખે નગર સબ ગામ;
પર્વત પાણી પહાડોમેં દેખે,
પણ ન મીલે ઘનશ્યામ. પ્યારે.

મદ માયા મોહ સબકુ છોડા,
ધો છોડી પાપી દુષ્ટ કામ;
તજી આશક્તિ વૈરાગ રખેલા,
જબ પાવેગા પુર્ણ રામ. પ્યારે.

રામ નામસેં પથર તરાવે,
તરાવે બાંદર તમામ;
એવા રામકું અંતર રખકે,
રટો દાસ રામકે નામ   પ્યારે.

કીર્તન-૧૨ મું

રાગ-લાવણી.

દીધા તજી અહંકાર જોગાજોગ,
અહમત્તાનું શાને ભાળે છે;
થયું નથી ભાન પૂર્વેનું જેને,
મસ્ત થઈને માહાલે છે.   દીધા.

હતી લીલા પર્વે વ્યાસની પત્નિ,
ઝુંપડી પહાડ ગામે છે,
ગુંથી સાદડી દર્ભની હંમેશાં;
નીસાન પેડામાં દીસે છે   દીધા.

બીજે. અવતારે પોપટી જન્મી,
માળા ઝાડે લટકે છે;
ત્રીજે જન્મે શીહુસ્થની રાણી,
મહેલ તેના શોભાવે છે.   દીધો.

સરસ્વતીએ વૃતાંત જણાવ્યું.
અહંકાર મુકી દીધો છે;
કર્મ પ્રમાણે જીવો ભોગવાના,
નાના મોટા ભેદ માને છે. દીધો.

દતા દાસ પૂર્વે આપણા જેવા.
યાદ કેમ નહીં આવે છે;
વેઠે સુખદુઃખ કર્મ પ્રમાણે,
જીવ સૌ સરખા લાગે છે. દીધો.

ટાળ્યો છે અહંકાર કે ગોપીનો,
વધુ પ્રેમમાં હિ આવે છે;
દાસનો પ્રભુ બંધુ છે દયાળ,
દંભેશ મોહમાં નાખે છે. દીધો.

કીર્તન ૧૩ મું

રાગ-ગઝલનો.

ભવ તરવાના પ્રયત્ન વિના,
અજ્ઞાની જીવ જાય ન તરી;
નથી લીધા લગાર દુર્ગુણો છોડે,
ન છુટે કર્મ બંધના બારી. ભવ

ભરેલાં માડાં નીચે શ્વાન ચાલે,
માને પેચું હું વહન કરી;
અજ્ઞાની પ્રાણીનાં હાલ છે એવા,
મળે ક્યાંથી તે જીવને હરિ. ભવ.

મનથી અહંકાર તજયા વિના,
ન ટળે ટાળી વાસના નારી.
હંમેશ વિષયોમાં ઝંપલાવે,
નહીં મારે ભવાટવીની ફેરી. ભવ.

અજ્ઞાની અભિમાનમાં ફુલાઇ,
ફરે અંતે દેહની ખુવારી;
ગયા અહંકારમાં ભાન ભુલી,
ન શક્યા પરમાત્માને વરી. ભવ.

બનો આત્મબંધુ વીરો માહારા,
વીચરો સંપે આનંદ ધરી;
દાસનાં પ્રભુની સાથે મેળાવો,
તજી અજ્ઞાન ભજો મોરારી ભવ.

બોલો શ્રી શંકર પરમાત્માકી જય !
બોલો શ્રી હુરનમંદે માતકી જય !
બોલો શ્રી રામચંદ્ર મહારાજકી જય !
બોલો શ્રી કૃષ્ણ પરમાત્માકી જય !

પગથીઊં ૫ મું.

ભાગ ૧.

ગુણાવિંદ

અહો આજતો સુવર્ણનો સૂર્ય ઉગ્યો ! ધન્ય આજનો દીવસ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણુની ત્રીપુટી કહેવાય છે પણ ત્રણે સ્વરૂપ જુદાં છે પણ ખરી રીતે એકજ છે. પછી તેને શંકર પરમાત્મા કહો કે કૃષ્ણ પરમાત્મા કહો. બધી એકજ વ્યક્તિ છે ને નામ ભિન્ન ભિન્ન છે. એવા પરમાત્માને મેળવવાને પ્રાણીઓ ઘણા જન્મ સુધી તલપ્યા કરે છે. તેજ પરમાત્માનો ગુણાવિંદ ગાવાનો આજે પ્રસંગ આવ્યો. અહો ભાગ્ય સમજો કે કામ ક્રોધ વગેરે દુષ્ટોને લાતમારી, ચાર પગથીઆં પુરાં કરી. આ પગથીઆમાં દાખલ થવાને આપણા કર્તા હર્તાએ આપણને આજે શુભ તક આપી તેનો ઉપકાર માનો. આ પગથીઆંના બીજા ભાગમાં સંસાર કેવો છે, તેમાંથી તરવાને માટે આપણે મનુષ્ય પ્રાણીઓએ પરમાત્માનાં કાલાવાલા કરવા તેઓએ વીગેરે સઘળું સંસાર તરવાનું રહસ્ય સમજાવેલું છે, જેથી આપણા કાન ઉઘડી જશે. અને જો તે ભાગ દૃઢ શ્રદ્ધાથી પ્રચાર કર્યો તો પછી શું બાકી ! યોગી દશા કહો કે મહાત્મન દશા કહો, કે જીવન મુક્ત કહો— જેમાં ભગવાન અને ભક્ત એકતાર થઇ જાય છે તે છઠ્ઠાં પગથીઆંમાં પ્રવેશ કરવાને તમને અમુલ્ય તક મળશે. અરે સંસાર તરી જઇ આ ઉપાધિમાંથી મુક્ત થસો. બીજા ભાગમાં તો આપણે મહેનત

કરવાની છે; પરંતુ તે કરતાં પહેલાં આપણે જે પરમાત્માને મળવાની ઇચ્છા રાખીએ છીએ. અને જેવું કેટલાક ભક્તોને ગાયો છે તેવા ઇષ્ટ દેવતાનાં ગુણાનુવાદ ગાશો કે બીજા ભાગમાં તેમની આપણને પૂર્ણ મદદ મળશે. મદદ તો શું પણ કેટલેક પ્રસંગે તો જાતોજાત આવી દર્શન પણ આપી જશે.

આપણા આત્મબંધુમાંથી કેટલાક આ જમાનામાં નાસ્તીક થઈને ફરે છે જેઓ એમજ માની બેઠેલા હોય છે કે પરમાત્મા જેવું નહીં. અને ભાગજોગે તેમનાં કાને ભગવાનનું નામ પડે કે ભારે ક્રોધાવિષ્ટ થઈ જાય છે અને ભક્ત માણસોથી તેઓ દૂરના દૂર રહે છે એવા વીચારથી કે રખેને કાંઈ લેપન થઈ જાય: પણ એટલો વિચાર નથી કરતા કે વેદ, ભાગવત ગીતા જે ઉત્તમમાં ઉત્તમ ગ્રંથો છે તે કોણે બનાવ્યાં છે? તે બનાવવાનું મનુષ્ય પ્રાણીનું ગજું નથી પણ એતો શ્રી ભગવાનનાં વચન છે. માટે ભાઈઓ શ્રદ્ધા રાખો વળી આપણા ભક્તરાજ નરસીંહમહેતા, મીરાંબાઈ, રોહીદાસ, દામાજીપંથ, સુદામા, પીપારાજ, તુકારામ, કબીર વીગેરે મહાત્માઓ જે ચારસો અને પાંચસો વરસની અંદર થઈ ગયા અને જેને લાંબો કાળ વ્યતીત થયો નથી તેનો વિચાર કરો. નરસીંહ મહેતાનાં બાપનું શ્રાદ્ધ કોણે સાર્યું ! સામળશાની જાનનો ખરચ કોણે કર્યો? કુંવરબાઈનું મામેરું કોણે કર્યું ! રોહીદાસની છોક-રીને ખાણીપીણા કોણ લાવ્યું ! દામાજીપંથનાં કોઠારનાં નાણાં કોણે પૂર્યાં? પીપાભક્તને સમુદ્રમાંથી કોણે ઉગાર્યો? શું સઘળું ખોટું ? શું નરસીંહ પાસે નાણાં ભરી મૂકેલાં હતાં? તેની હાલતતો દરીદ્ર જેવી હતી. વળી પેલા ભગવાનનાં મીત્ર સુદામાની ઝુંપડી ઉડી ગઈ અને સુવર્ણના મહેલ થયાં તે પણ શું ખોટું ! વાહ આ બ્રહ્માંડમાં

જે જે વસ્તુઓ ઉત્પન્ન થાય છે તે શું એની મેળે થાય? શું એનો કોઇ પણ કર્તા નથી? વિચાર કરો કે પેટી કે ટેબલ કે ખુરસી બનાવવાને કારીગર જોઇએ. તો શું આ સઘળા પ્રાણી અને વસ્તુ આપો આપ એની મેળે બની ગયાં હશે? જરા ઊંડા ઉતરો, વિચાર કરો. તમારામાં પ્રભુએ બુદ્ધિ આપેલી છે તેનો ઉપયોગ કરો, ભક્ત લોકોનાં દાખલા જુઓ, જેઓ ભક્તો, રાતને દીવસ લાંબા કાળથી કીર્તનમાં મશગુલ રહે છે તે શું વગર સમજે કરતા હશે? ખોટા ખેલ ક્યાં સુધી નભે? માટે તમે હે નાસ્તિકો! તમારા વીચાર, અજ્ઞાન લોકોની સબતથી કુમાર્ગે દોરાઇ જાય છે. તેને ઠેકાણે લાવો. વેદ ગીતા, વગેરે ધાર્મિક પુસ્તકોનું મનન કરી વાંચો કે જેથી તમને ખાત્રી થાય કે આપણો કર્તા હર્તા પરમાત્મા છે અને આપણું તેને ભજવાને પ્રયત્ન કરવાનો છે. આવી રીતે વિચાર કરી ઠેકાણે નહીં આવશો તો રેંટમાળના ઘડીઆની માફક જન્મોમાં ફેરાયા કરશો. તમારો આરો કોઇ યુગે નહીં. અરે આપણો ભવ વીતવા શું અને ક્યાં ધાડા દોડાવ્યા? ઈશ્વર નહીં એમ પણ જરૂરનું છે. કારણ કે મારા સ્નેહિ અને નાસ્તિક વાંચનારના આત્મબંધુઓનાં મનનું પણ સમાધાન થવું જોઇએ.

હે ભક્ત તારણ ભગવાન! આ મારા વહાલા પ્રભુ! જેમણે ભક્તમાળ વાંચી હશે તેમને તો ખાત્રી થઇ હશે કે ભક્તોને કષ્ટ વખતે પરમાત્મા સહાય થયા વિનાં રહ્યા નથી. જે ભાઇઓએ ભક્તમાળ વાંચી નહીં હશે તેમને મારી વિનંતી છે કે એ ઘડી ફુરસદ મેળવી તે વાંચવા ચુકવું નહીં. તે વાંચવાથી તમારું મન પલળી જશે, એટલું જ નહીં પણ મુક્ત થઇ જશે, અને રાતને દહાડો રામ રામ ને રામનું રટણ કર્યા કરશે પણ ભાઇઓ પોપટની

પીંઠ અચરે અચરે રામ કરતાં શીખશે નહીં, આપણે જોઇએ છીએ કે કેટલાકનાં હાથમાં સ્મરણી નાની તુલસી અથવા રૂદ્રાક્ષની માળા ફર્યાંજ કરતી હોય અને ચીત્ત તો કોણ જાણે કઇ ખટપટમાં જખ મારતું હોય, માળાતો રોજની ટેવ પ્રમાણે ફર્યા કરે ને હૃદયમાં મણકા લે મુક થયા કરે આ બાબત એક દ્રષ્ટાંત છે તે ચીત્ત દઇને વાંચી જજો.

રોહીદાસ નામનો એક ચમાર ભકત થઇ ગયો. ચમાર હોય કે ગમે તે જાતનો હોય, પરમાત્માને ત્યાં તો જાતિ ભેદ છેજ નહીં, તેને ત્યાં તો સઘળા જીવ સરખા છે. જે તેને પ્રેમભક્તિથી ભજે તેનોજ તે ઉદ્ધાર કરે છે. રોહીદાસ પણ મહાભકત હતો તેથી જ્યારે તે ચામડાં ખુંદવાનું કામ કરતો ત્યારે શ્રી પરમાત્મા તેમની સાથે અદ્દશ્ય રહી ચામડાં ખુંદવા લાગતા રોહીદાસને એક છોકરી હતી તેને, સાધુસંત વીગેરે કોઇ આવે તેના રસુઇને માટે, છાણા વીણી લાવવાનું કામ સોંપ્યું હતું તે જ્યારે છાણા વીણવા સીમમાં જતી ત્યારે ભગવાન પણ તેને અદ્રશ્ય રહી છાણા વીણવા લાગતા, ચામડાં ખુંદવાની વાત સંતોને મહોડે કબીર ભકતને કાને ગઇ, જેથી તેમને એવા ભકતનાં દર્શન કરવાની ઇચ્છા થઇ, સામગ્રીમાં તુંબી લઇ કબીર ભકત રોહીદાસનાં દર્શનાર્થે નીકળી ચાલ્યા ચાલતાં ચાલતાં રોહીદાસનાં ગામનાં ગોંદરે આવી લાગ્યા તાપ સખત પડતો હતો તેથી તે ગામને ગોંદરે આવેલા મોટા વડની છાયા નીચે વિસામો લેવા બેઠા ત્યાં એક બનાવ બન્યો. રોહીદાસની છોકરી તથા એક બીજા ચમારની છોકરી ત્યાંથી થોડે દૂર અડાયાં વીણતાં હતાં. બને જણીઓએ સાથે વીણવાનું કામ શરૂ કર્યું હતું છતાં રોહીદાસની છોકરીનાં અડાયાં બે ટોપલા ભરીને થયાં અને પેલી બીજી છોકરીનાં ફક્ત

એકજ ટોપલો થયાં તેથી તેમની વચ્ચે તકરાર પડી અને પેલી ભક્તની છોકરીને કહેવા લાગી કે—"રાંડ મારા છાણામાંથી તેં ચોરી કરી." ચમાર ભક્તની છોકરી તો સારા સહવાસમાં ઉછરેલી તેથી સાન્ત હતી. અરે જે પ્રેમભક્તિમાં લીન થાય છે તેના સંતાન પણ તેવાંજ હોય છે, બાપ દારૂડીઆ હોય અગર અફીણી હોય તો તેની પ્રજા પણ તેની સોબતને લીધે નાની ઉમ્મરથી વ્યસન ગ્રહણ કરે છે અને પોતાનું ભવિષ્ય બગાડે છે. જેનાં ઘરમાં દેવ સેવા કે ભક્તિનું નામજ નહીં તેનાં ઘરમાં તો સવારથી કજીઆનું મંડાણ શરૂ થયલું હોય છે તે ઉંઘતા સુધી ચાલે છે અને રાત્રે પણ તેવાંજ સ્વપ્ના આવે છે. જેનાં ઘરમાં પરમાત્માની ભક્તિ અહોનિશ ચાલતી હોય દેવા સેવા થતી હોય તેની ઉગતી પ્રજાનાં મગજમાં નાનપણથીજ સારા પરમાણુંઓ દાખલ થાય છે અને ભવિષ્યમાં તે પરમાણુંઓ દૃઢ થવાથી સારૂં ફળ મળે છે. એવા પ્રજા આગળ જતા પરમાત્માને મળવાને ભાગ્યશાળી નીવડે છે. એવી ભક્તિવાળાનાં ઘરનાં માણસોનાં સંતાનો સંપીને રહે છે અને કજીઆ તો કોણ જાણે ક્યાં રસ્તો પકડી જાય છે. એવા માણસોને પકડી જાય છે. એવા માણસોને રાત્રે પણ સ્વપ્નામાં પરમાત્માજ દેખાય છે. આવી રીતનો ફેર આ બંને બાળકીઓમાં હતો. ચમાર ભક્તની દીકરીએ કહ્યું કે "બેન આકળી ન થા. મેં તારા છાણાંની ચોરી કરી નથી, મને તો વાંકલો છાણાં વીણવા લાગે છે તેથી મારા છાણાં બમણા થયા ચાલો પેલા વડ નીચે કોઇ મહાત્મા જેવા બેઠલા જણાય છે તેની પાસે જઇ ઇન્સાફ કરાવીએ." પછી બંને બાળા છાણા ઉંચકી વડ નીચે ગઇ એ મહાત્મા આપણે કહી ગયા તે કબીર ભક્તજ હતા. પ્રથમ પેલી બીજી બાળાએ પોતાની વાત કરી તેનો ખુલાસો ચમાર ભક્તની

છોકરીએ આગળ કહ્યું હતું તેમજ કહી કર્યાં કબીર ભક્તે રોહી-
દાસની છોકરીને કહ્યું કે વીઠલો વાજવા લાગ્યા તેની ખાત્રી શી?
બાળાએ કહ્યું કે "મહારાજ! દરેક ખાપા આપ પોતાના કાન
આગળ ધરો, મારાં વીંખેલાં ખાપામાંથી કાંઇ પણ અવાજ નીક-
ળશે નહીં પણ વીઠલાનાં વીંખેલા દરેક ખાપામાંથી વીઠ્ઠલ શબ્દ
નીકળશે." તે પ્રમાણે કબીર ભક્તે કરી જોયું તો તે સઘળા
ખાપામાંથી અડધામાં વીઠ્ઠલ શબ્દ સંભળાયો! હદ થઇ ગઇ!
કબીર ભક્ત આશ્ચર્ય ચકિત થઇ વીચારવા લાગ્યા કે "અરે શું
રોહીદાસ ભક્ત મારા કરતાં પણ શ્રેષ્ઠ કે તેની છોકરીને પણ
પરમાત્મા ખાપા વીંખવા લાગે. તેની સાથે પરમાત્મા
ચામડાં ખુંદતા હોય એમાં કાંઇ નવાઇ જેવું નથી.
એ તે ખરો ભક્ત કે જેણે ભગવાનને પુરેપુરો વશ કરી નાંખ્યો
ભાઇઓ જોયો ભક્તિનો પ્રભાવ! ઓ મારા વહાલા બંધુઓ આવા
પ્રકારનાં ભક્ત વત્સલ ભગવાનને મળવાને શું તમારી ઇચ્છા થતી
નથી? તેને લાંબા થઇ પ્રણામ કરો અને કાલાવાલા કરો કે તમારાં
પાતીકો દૂર થાય અરે ક્યાં ચાલ્યા મુળ વાત પર આવો.

એવા પરમાત્માના લાડીલા રોહીદાસ ભક્તના નગરમાં એક
કરોડાધીપતિ વણીક નગરશેઠ રહેતા હતા. તેને ત્યાં ઘણા ચાકર
તથા નોકરો હતાં તે શેઠ કોઇ કોઇ વખત ચમાર ભક્તને ત્યાં
જતો હતો એક દીવસ જ્યારે ચમાર ભક્ત ચાંમડાં ખુંદતો હતો
અને ભગવાનની સાથે તેનો તાર જામી રહ્યો હતો અને ભગવાન
પણ અદ્રશ્ય રહી તેની સાથે એક તાલ થઇ ચાંમડાં ખુંદતા હતા,
તે અરસામાં નગર શેઠ પણ ત્યાં જઇ પહોંચ્યા. તે ભક્તને ખબર
અંતર પુછી ભક્તે વિચાર્યું કે એ નગરશેઠ આપણે ત્યાં કોઇ કોઇ

વખત આવે છે માટે એને ભગવાનનાં પદનું ચરણામૃત આપું કે જેથી એનો ઉધ્ધાર થાય તેથી ગોદડીદાસે કુંડમાંથી ભગતનાં ચરણ આગળથી પાણી લઈ નગરશેઠને આપીને કહ્યું કે આ ભગવાનનું ચરણામૃત છે પી જાઓ શેઠને તો ગામડાંનું પાણી લેવું પડ્યું તેથી કંટાળો આવ્યો પણ પોતે શરમાળ હતા તેથી મનમાં વિચાર્યું કે ચાલો ઘેર જઈ નાહી લઈશું પણ ભક્તને અપમાન નહીં કરવું. હાથમાં પાણી લીધું ને પોતાનો ઢોંગ કરી અંગરખાની બાંયમાં ઉતારી દીધું ઘેર ગયા પછી પોતે નાહ્યા ને તે અંગરખું દાસીને ધોવા આપ્યું પોતે સઘળાં કપડાં અંગત નાહીને શુધ્ધ થયા શું નાહ્યા એટલેજ શુદ્ધ થયા? જ્યાં સુધી મન શુદ્ધ થયું નથી ત્યાં સુધી સઘળું અશુદ્ધજ છે. દાસીએ અંગરખું ધોયું પણ જ્યારે પેલા ચરણામૃતનો ડાઘ ગયો નહીં ત્યારે દાંતે ચુસીને ધોયું. ચુસતાંની સાથેજ તેને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું. ત્યાર પછી ત્રીજે દિવસે નગરશેઠ સંધ્યા કરવાનું ડોળ કરી પૂજન કરવા બેઠા. એક બાજુ ચાંદીનાં પાત્રો પડ્યાં છે, બીજી બાજુ એક ઘીના દીવાની જ્યોતિ ઝગઝગી રહી છે, પોતે શાલ ઓઢી છે, અષ્ટમંજુક ભસ્મ લગાવી છે હાથમાં માળાનાં મણકા ફરી રહ્યા છે. એવી રીતે મહાન ઢોંગ ધારણ કરી ભક્તિ કરવા બેઠા છે. મનમાં વિચારે છે કે અરે પેલા રામસા દેસાનાં ખાતાંની મુદત પુરી થઈ માટે હવે આજે ખાતું બદલાવવુંજ જોઈએ. એમ અરસામાં પેલી દાસી ત્યાં આવી પહોંચી તેણે શેઠનાં વિચાર જાણી લઈને કહ્યું કે શેઠજી માળા ફેરવો છો કે રામસા દેસાનાં ખાતાંનો હીસાબ કરો છો?" શેઠ સમજ્યા અરે રાંડ તેં ક્યાંથી જાણ્યું? તેણે કહ્યું "શેઠજી પરમ દિવસે તમારા અંગરખાનો બાંય આગળનો ડાઘ ચૂસું ધોવા જતાં જતો નહીં ત્યારે

દાંતિ ચુસ્યાને કાઢ્યો ત્યારથી મને ભુત ભવિષ્ય અને વર્તમાન કાળનું ભાન થયું છે. શેઠે આ સાંભળી પોતાનાં કપાળ પર હાથ ઠોક્યો અરે હાથમાં આવેલી તક ગુમાવી, ભક્તરાજ રોહીદાસે મને ભગવાનનું ચરણામૃત આપ્યું પણ મેં અભાગીઆએ ખાબમાં ઓગાળી દઇ પીધું નહીં એ પ્રમાણે શેઠને બહુ પસ્તાવો થયો. શ્રદ્ધા નહીં એટલે નસીબ ક્યાંથી હોય ભાઇઓ એવા વગર શ્રદ્ધાવાળા ઢોંગી પુરૂષોથી દૂરજ રહેજો, નહીં તો તમો પણ વગર શ્રદ્ધાની માળાનાં મણકા ગણતા થઇ જશો અને ચોરાશીનાં ફેરામાંથી ટળશો નહીં ભક્તોએ તો હદ વાળી નાંખી છે. ગમે તેવાં કષ્ટ પડે તો તે પણ સહન કરી પરમાત્મા ઉપર શ્રદ્ધા રાખી પ્રેમ ભક્તિમાં ઝુમી રહી છેવટ ભગવાનને મેળવ્યા પછી શું પુછવું ? તેવા ભક્તોને તો કાંઇ કામ કરવાનું રહેતુંજ નથી પરમાત્માજ તેનાં મેળે ભક્તો તરફથી કામ કર્યો જાય છે.

ધના ભક્તની વાત પણ જાણવા જેવી છે ને પોતે ખેડુત હતો તેથી ઘઉં ઓરવા ઘઉં લઇ ને પોતાનાં ખેતર તરફ જતો હતો. તેવામાં રસ્તે તેને સાધુ મળ્યા તેમણે ઘઉં માગ્યા તે આપી દીધા. અને ઘેર કહીશ બબડશે તે ધાકથી ખેતરમાં ઘઉંને બદલે વેળુ ઓરી આવ્યો વખત જતાં તે ખેતરમાં વેલા ઉગ્યા અને તે પર મોટાં તુંબડાં લાગ્યાં. લોકોએ ધના ભક્તને વાત કરી કે "ભાઇ તારા ખેતરમાં તુંબડાં લાગ્યાં અને તેને સાચવવાને તેં બહુ જબરો રખેવાળ મુક્યો લાગે છે. છે તો નાનો પણ રાતને દહાડો રખેવાળી કરે છે. જરા પણ જંપતો નથી. એ રખેવાળ બીજો કોઇ નહીં પણ આપણો ઉદ્ધાર કરનાર સામલીઓ પ્રભુજ હતો ! હે પરમાત્મા ! શ્રી રામચંદ્ર ! શ્રીકૃષ્ણ પ્રભુ !

અહો તમો ભક્તોને માટે કેટલું બધું કષ્ટ વ્હોરી લો છો! તમારો બદલો કોણ વાળી શકે એવું છે? આ પ્રભુ તું મારા આત્મબંધુને સહાય કરજે અને ભક્તિરૂપી પ્રેરણા તેમનાં મનમાં સ્ફુરાવજે, અને અને તેમને હમેશાં તારી ગોદમાં રાખજે. અરે ક્યાં ચાલ્યા? એ તો પ્રેમનો ઉભરાટ. ભાઈ જ્યાં ભગવાનનું નામ આવે ત્યાં ઠેકાણું રહેતું નથી અને કલમ ક્યાંની ક્યાં દોડી જાય છે તેનું ભાન પણ રહેતું નથી. વારુ ચાલો આગળ. ધનો ભક્ત રોજને રોજ તુંબડાં તથા રખેવાળોની વાત સાંભળતો ત્યારે તેને શંશય થયો કે પોતે વેણુ ઓરી આવ્યા હતા ને ઉગેજ શા રીતે! અને તુંબડાંતો ચાલજ ક્યાંથી? લોકો મશ્કરી કરતા હશે. પણ ભક્ત એવી લોકોની મશ્કરીની દરકાર કરે એવા નહોતા. પોતે તો ગમે એટલી મશ્કરી થતી છતાં આનંદમાંજ રહેતા. પણ જ્યારે ઘણાને મોઢે તુંબડાંની વાત સાંભળી ત્યારે તેમને લાગ્યું કે આ વાત મશ્કરી નહીં હોય. તેથી એક દીવસ ખેતર તરફ જોવા માટે ગયા. ખેતરે પહોંચ્યા ત્યારે લોકોની વાત ખરી લાગી. તુંબડાં જોયાં ત્યારે વિચાર કર્યો કે ઠીક થયું તુંબડાં સાધુ લોકોને આપવા ઉપયોગી થઇ પડશે. પછી રખેવાળને પુછવા લાગ્યા કે ભાઇ તું કોણ છે? અને અહીંઆં શું કામ રખેવાળી કરે છે? પણ રખેવાળભાઇ તો ગોવાળની પેઠે નાસતોજ ફરે ને પાસે આવે નહીં. ત્યારે ધના ભક્તે કહ્યું ભાઇ હવે ઓળખ્યો, તું ક્યાં નાસી જશે? જેણે ખેતરમાં વેણુનાં તુંબડાં ઉગાડ્યાં તે શું મારા હૃદયમાંથી નાસી જશે! વારૂ જા જા. તારાથી વેગળા રહેવાનોજ નહીં. પછી જ્યારે તુંબડાં પરીપક્વ થયાં ત્યારે ભક્ત તોડી લાવ્યા ને અંદરથી બીજ કાઢ્યા

મોઢાં કાપ્યાં તો અંદરથી ચોકબંધ ચોખ્ખા સાફ કરેલા ખડું નીકળ્યા ! ઓ પ્રભુ તમો ભક્તોને માટે તસ્દી લેવામાં શું બાકી રાખો છો ! તમોને મારા હજારો હજાર નમસ્કાર હોજો.

કબીર ભક્તને ત્યાં એક દીવસ ગોરખનાથ આવ્યા. કબીર ભક્તને ત્યાં ઘણા સાધુ આવતા હતા. કબીર ભક્તને કમાલ નામનો એક છોકરો હતો. તે ગામમાંથી ભીક્ષા માગી લાવતો, ભક્તાણી રસોઇ કરતી અને સાધુ સંતોને જમાડતી. કબીર ભક્તતો આખો દીવસ ભક્તિમાંથી પરવારેજ નહીં. ઘરમાં ભંડોળ પણ નહીં. ગોરખને આ જોઇ દયા આવી તેથી પોતાની પાસેનો એક પારસમણી હતો તે આપી કબીરને કહ્યું કે "ભક્તરાજ આ મણી છે તે લ્યો જ્યારે એને લોઢાને અડાડીએ છીએ ત્યારે લોઢનું સુવર્ણ બની જાય છે. કમાલને બહુ મહેનત છે, માટે પાસે રાખી મુકો ને જરૂર પડે ત્યારે જરૂર જેટલું લોઢાનું સોનું બનાવી સાધુ સંતો માટે સીધું મંગાવજો એટલે કમાલની માગી લાવવાની મહેનત મટી જશે." ત્યારે કબીરે કમાલને કહ્યું "બચ્ચા કમાલ, એ પથ્થરકુ પેલા ગોખમેં રખ" ગોરખતો પારસમણી આપીને પોતાને રસ્તે ચાલ્યા ગયા-જયારે એક વરસ દહાડે પાછા ફરી ને આવ્યા ત્યારે ભક્ત કબીરનાં હાલ તો તેવાજ જોયા. ત્યારે પુછયું "અરે મહારાજ તમે પેલા પારસમણીનો કાંઇ ઉપયોગ કર્યો નથી કે શું ? કબીર બોલ્યા "બચ્ચા કમાલ દેખતો એ પથરા ગોખમેં હૈ કે ?" કમાલે જોયું તો તે મણીપર તો હજારો જાળાં વળગી ગયાં હતાં તથા ધુળ ચઢી ગઇ હતી. તેને સાફસુફ કરી લાવતાં ગોરખે પણ જોયો. ત્યાર પછી ભક્ત બોલ્યાકે "બચ્ચા બહારથી દો મુઠી ધુળ લાવ."

ધુળ. આણી તે પોતે પોતાના બન્ને હાથપર ચોળી, ધુળનાં જેટલાં રજકણ હતાં તે સઘળાં સોનાનાં બની ગયાં. આ જોઈ ગોરખનાથ તો ઝાંખા થઈ પગે લાગ્યા ને બોલ્યા "હે મહારાજ જેણે પરમાત્માની ભક્તિ કરી આખી દેહ પારસતુલ્ય કરી છે તેની આગળ પારસમણિ (પથરો) તે શું વીસાતમાં ? અરે જેણે પરમાત્માને મેળવ્યા છે તે તો હીરા મણી માણેક સોને પથરા તુલ્ય ગણે છે. તેને સંગ્રહ કરવાની શી જરૂર ! જેણે ભક્તિ કરીને પરમાત્મા રૂપી ખજાનો મેળવ્યો છે તેને શી ખોટ છે ?

શું ભક્તિનો પ્રભાવ ! અરે હજુ તો એવા પ્રકારની દરેક ભક્તોની વાતો છે પણ તે સઘળી લખવા બેસીએ તો આપણો ટુંકાણમાં સમાવવાનો હેતુ બર આવે નહીં. પણ મારા પ્યારા આત્મબંધુ હું ધારૂં છું કે આટલા દાખલા સમજવાને પુરતા છે. આટલા ઉપરથી તમને ખાત્રી થશે કે આપણે જેને મેળવવા માગીએ છીએ તે પ્રભુ કેટલો દયાળુ અને માયાળુ છે. જ્યારે આ પગથીઆંનાં [illegible] તમે [illegible] ત્યારે ઘણા ભક્તોનાં ઉદાહરણ સંક્ષેપમાં તમને સમજાશે.

એવો જે પરમાત્મા જેને મેળવવાને ઘણા લાંબાકાળથી તલપી રહ્યા છે ને પ્રયાસ કરી રહ્યા છે તે પરમાત્માને મેળવવા તમે પ્રયત્ન કરો. કામ ક્રોધ વીગેરે દુષ્ટ દુર્ગુણો તજી સદ્ગુણ ધારણ કરો. આશક્તિ ઉઠાવી દો વેષધારીની પેઠે આ સંસારમાં વિચરો. વૈરાગ્ય ધારણ કરો. જુઓ પછી પરમાત્મા તમને આવીને ભેટે છે કે નહીં ! અરે ક્યાં જ્હાં પગથીઆંપર ચાલ્યા? ચાલો

ગુણાર્ણદ-પાચમાં પગથ.આનો પહેલો ભાગ છે. આ પ્રભુ તારી-લીલા જોઈ તને મળવાને વૃત્તિ એકદમ દોડી જાય છે. મને લાગે છે કે એનો તારી પ્રેમભક્તિનોજ પ્રભાવ.

દુર્યોધનનાં પાટનગરમાં તેનો કાકો વિદુર કરીને રહેતો હતો. વિદુર દાસી પુત્ર હતો.આસથી દાસીને પેટે જન્મ્યો હતો તેથી દાસીપુત્ર ગણાતો હતો. વિદુર અને તેની સ્ત્રી ભગવાનનાં ભક્ત હતાં, પ્રેમી હતાં. અહરનીશ પ્રેમભક્તિમાં મશગુલ રહેતાં. જ્યારે જ્યારે ભગવાન તેનાં નગરમાં જતા ત્યારે તેમને ત્યાંજ પોતાનો ઉતારો રાખતા. એક વખત વિદુરને ઘેર ભગવાન ગયા, ત્યારે તેની સ્ત્રી નાગી નાગી નહાવા બેઠી હતી. હાલ પણ પાછી સ્ત્રીઓ નાગી નહાય છે તે વિદુરની સ્ત્રીના દાખલાપરથી કે શી રીતે તે સમજવામાં આવતું નથી. પણ ભગિનિઓ ! વિદુરની સ્ત્રી નાગી નાહાતી હતી તે દાખલા ઉપરથી જો તમોએ એવી રીતે નાહાવાની ટેવ પાડી હોય તો વિદુરની સ્ત્રીમાં જેવી પ્રેમભક્તિ હતી તેવીજ પ્રેમભક્તિ પણ તમારામાં દાખલ કરો. પછી ગમે તે રસ્તે નહાશો તેની હરકત નથી. પણ જ્યાં સુધી તમારામાંથી કર્મના કાટ ધોવાયા નથી ત્યાં સુધી એવી ટેવ રાખતાં હો તો તે છોડી દેજો. ગાર્ગી રાજા જનકને ઉપદેશ આપવા ગયા ત્યારે તેઓ પણ વસ્ત્ર રહીત હતા, પણ તેઓતો સંસાર તરી ગયા હતા. બ્હેનો તમો પણ પ્રેમભક્તિ કરી પરમહંસ દશા મેળવશો તો પછી ગાર્ગીના પેઠે વસ્ત્ર વગર રહેવાને તમને શરમ લાગશે નહીં. વિદુરની સ્ત્રીએ નાહાતાં નાહાતાં જાણ્યું કે ભગવાન આવ્યા-જેની વૃત્તિ ભગવાનમાં જોડાયલી છે તેને તેની દેહનું પણ કાંઇ ભાન રહેતું

નથી—ત્યારે લુગડું પહેરવાનું પણ ભાન નહીં ને નાગીનાગીજ આનંદ ભારમાં આવી ભગવાનને ભેટી પડી. ભગવાને ભેટતાં પહેલાં અંતરીક્ષ ચીર તેના પર પુરી દીધું. જે પ્રભુએ દ્રૌપદીનાં નવસો નવ્વાણુ ચીર પુર્યાં તેને એક કપડાંની તે શી ખોટ હતી? વહેલી વહેલી ભગવાનને ઘરમાં લઇ ગઇ ને આસન આપી બેસવા વિનંતી કરી. પછી તેમની પુજા કરી, અને ઘરનાં મંદિરમાં કાંઇ કેળાંની લુમ ચઢાવી મુકું હશે તે લાવી તેમાંનો ગર્ભ છાલ જાણી બહાર નાંખી દેતી, અને છાલ કેળાંનો ગર્ભ જાણી આપવા કરી ને ભગવાન છાલને સ્વાદથી ખાતા ગયા. એટલામાં વિદુર આવી પહોંચ્યા, તેણે આ તમાશો જોઈ કહ્યું. 'અરે તું ભગવાનને છોડાં કયાં ખવરાવે છે?" એટલે તેને ભાન આવ્યું. "અરે મારી ભુલ થઇ મહારાજ" એમ કહી વારંવાર તેમની માફી માંગવા લાગી. ભગવાને કહ્યું "તારી પ્રેમથી અર્પણ કરેલી છાલથી હું બહુ તૃપ્ત થયો છું, જેવો સ્વાદ મને છોડામાં લાગ્યો તેવો મને ગર્ભમાં લાગતો નથી." આ: ભગવાનને તો પ્રેમ વહાલો છે. વિદુરની સ્ત્રીને પ્રેમમાં કાંઇ ભાન રહ્યું નહોતું. એવીજ રીતે એક બીજી વખતે શ્રી ભગવાન રૂક્મણી વીગેરે પટરાણીને લઇને લક્ષ્મીજીનાં આગ્રહથી સૂચના આપ્યા શીવાય વિદુર ને ઘેર પરોણા ગયા. વિદુર ગરીબ સ્થિતિના માણસ હતા. જ્યારે ભગવાન ગયા ત્યારે ઘરમાં ફક્ત તાંદળીઆની ભાજી એક હાંલ્લીમાં ચુલે ચઢાવેલી હતી. ભગવાન પટરાણીઓને સાથે લઇને ગયા હતા, એટલે એ સઘળાંને શું ભોજન કરાવવું એ વિચારમાં વિદુર મુંઝાયા. અને પોતાની મુંઝવણ પોતાની પત્નિને વિદિત કરી. આવી રીતે દંપતિ ફીકરમાં ઘરનાં અંદરનાં ભાગમાં બેઠાં બેઠાં

વિચાર કરે છે એટલે ભગવાન અંદર દોડી ગયા ને બોલ્યા "હમને ભાજી ખાવાનું બહુ દીલથી મન થયું છે, તેથી તમારી ભાજી ખાવા આવ્યા છીએ, માટે હમને તો તમારી ભાજીજ ખાઇને તૃપ્તિ થશે. હમારે બીજું કાંઇ જોઇતું નથી." એમ કહી પોતે જાતેજ હાંલ્લીમાંથી ભાજી કાઢી ખાવા મંડી ગયા અને દરેક રાણીઓને આજ્ઞા કરી કે તમે પણ એ ભાજીજ ખાઇ લો. પટરાણીઓ એક બીજા સામું જોઇ મશ્કરીમાં હસવા લાગી કે ભગવાન જેનાં હમેશાં વખાણ કરે છે તેના ઢંગતો જુઓ ? આપણને પણ પરોણા આવ્યા છીએ છતાં ભાજીજ ખાવાનું કહે છે પણ ભગવાનનાં વચનનું ઉલ્લંઘન થાય નહીં તેથી તેઓ પણ પાત્રામાં ભાજી લઇને ખાવા બેઠી. ખાતાં ખાતાં તેમને એવો અપૂર્વ સ્વાદ લાગ્યો કે તેમનાં મોઢામાં તે સ્વાદ રહીજ ગયો. અને સઘળી તે ભાજીથી તૃપ્ત થઇ ગઇ. પછી ભગવાનને ત્યાં જ્યારે ભાજી સંબંધી વાત નીકળતી ત્યારે હંમેશા વિદુરની ભાજીની ભારે પ્રશંસા થતી.

ફરી એક વખત એવું બન્યું કે જ્યારે ભગવાન વિદુરને ત્યાં આવ્યા એવી ખબર દુષ્ટ દુર્યોધનને પડી ત્યારે તેની આબરૂ લેવાનાં હેતુથી સઘળો રાસત તૈયાર કરી વિદુરને ત્યાં પોતે પરોણો ગયો. અને ત્યાં જઇને કહ્યું કે "આજતો વિદુર કાકાનાં હમો પરોણા છીએ." આ સઘળું જોઇ વિદુર અને તેની પત્નિ ગભ-રાયાં પણ ભગવાને તેમની લાજ રાખી—કામધેનું મંગાવી સઘ-ળાંનું ભોજન પુરું કર્યું અને છેવટ ભોજન વધ્યું પણ ખરું. શું પ્રેમભક્તિનો પ્રભાવ !

મારા ભીરાદરો ! આ જગતના કર્તા શ્રી પરમાત્માનું જે મનુષ્યે સેવન કરી તેમનો પ્રેમ મેળવ્યો હોય તેને કઇ બાબતની ખોટ હોય ! વિદુર અને તેની સ્ત્રીનાં દ્રષ્ટાંતથી તમો સમજ્યા તો હશો કે પ્રેમ ભક્તિનો પ્રભાવ કેટલો છે ! તેવાજ પ્રકારની પ્રેમ-ભક્તિ તમારામાં આવશે ત્યારેજ તમો પરમાત્માને મળવાને લાયક થશો. નહીં તો ફોકટ આશા રાખશો નહીં. તે પ્રેમી જોડાંએ તમામ દુર્ગુણો તજી દઇ સત્વગુણ ધારણ કરી વૈરાગને સેવ્યો હતો, તેથીજ શ્રી પરમાત્મા તેમને દરેક પ્રસંગે મદદ આપતા હતા. ભક્તની ફીકર ભગવાનનેજ હોય છે. આપણે પણ એવીજ પ્રેમ-ભક્તિ પકડી છે તેથી આપણે પણ થોડા વખતમાં એ પરમાત્માને મળવાને શક્તિવાન થઇશું—ખાત્રી રાખજો.

એ પ્રમાણે ઘણા ભક્તો થઇ ગયા છે, તેમાંથી કેટલાક જન્મથી ભક્તિ કરીને ધીમે ધીમે પરમાત્માને મળ્યા છે ને જે પુર્ણ શ્રધ્ધાવાળા હતા તેઓ તો પેલા આમલીના વૃક્ષ નીચે બેઠેલા તપસ્વીની પેઠે તુરત તુરત મળ્યા છે. સદ્ગુરુ પકડી આપણે પણ કૂદકો મારતા નથી-પગથીઆંપર ચઢીએ છીએ. છ પગથીઆંની સીડીને ટોચે આપણે જવાનું છે. આડું તેડું મન નહીં દોડાવશો તોજ સપાટાબંધ ટોચે ચઢી શકાશે. જો સીડીનાં પગથીઆં ઉપર બરાબર ધ્યાન રાખશો નહીં ને એકાદ પગથીઉં ચુક્યા તો યાદ રાખજો કે હજારો હાથનાં ઉંડા કોતરમાં પડશો. માટે ભગવાનને મળવાની શુભ ઇચ્છા રાખી આડી અવળી નજર નહીં રાખતાં, તેની સાથે એકતાર થઇ, નજર ઠેરવી પગથીઆં ચઢવા કરજો કે જેથી તમો પણ રોહીદાસ, નરસીંહમહેતા, તુકારામ, વીગેરે ભક્તો

ની પેઠે પરમાત્માને મેળવવા શક્તિવાન થાઓ. ખાત્રી રાખજો કે કોઇના ભમાવેલા ભમશો નહીં ને પગથીઉં ચુકશો નહીં.

ભાગવતમાં શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે "મારા ગુણા-વીંદ ગાવા ને ભગવચ્ચર્ચા કરવી." આવું કહેવાનો હેતુ એવો જણાય છે કે આ સંસારનાં પ્રાણીઓ વિષયનાં ખાડમાં ઝંખળાં ખાયછે, તેઓ એ સાંભળે અને તેઓમાંથી કોઇપણ તરી જાય, અહો કેટલી દયાળુતા! આપણી કેટલી ફીકર રાખનારા! અને નાસ્તીકના મનમાં તો તેનો ભડકોજ નહીં. આ લેખક સઘળાઓને પોતાનાં આત્મબંધુ ગણે છે પછી તે નાસ્તિક હોય કે પગથીઆમાં ભટકાર હોય કે વિદ્વાન હોય. ઓ મારા વ્હાલા આત્મબંધુઓ! આપણો ઉદ્ધાર કરનાર પરમાત્માને મેળવવાને તમે એક વખત મનમાં નિશ્ચય કરો, અને આ ટુંક પુસ્તક મનન કરીને વાંચો. પછી તમારા હૃદયમાં ભક્તિનાં જે ચમત્કાર થાય તેને નિહાળો—તમારા અંતઃકરણમાં પ્રેમનાં ઉભરા ઉભરાઇ જશે, જ્યોતો પ્રગટી રહેશે, અને આનંદ આનંદ વ્યાપિ રહેશે. માટે તમે હર હંમેશ એ પરમાત્માનાં ગુણાર્વિંદ ગાવાને ચુકશો નહીં. ગુણાર્વિંદ ગાતાં ગાતાં તમારા હૃદયનાં કાટ ધોવાઇ જશે જેથી તમારૂં કલ્યાણ થશે—ને પુનરપિ જન્મ મરણનો ફેરો ટળી જશે અને છેવટ ભગવાનનાં હૃદયમાં મહાલશો પછી શું બાકી? અરે ત્યાંની ખુબી જે ભક્તરાજેઓ જોઇ છે તેઓજ જાણે. ત્યાંના આનંદનું વર્ણન કરવાને કોઇ સમર્થ નથી. તે તો અપૂર્વ આનંદ હોય છે.

પગથીઉં પાંચમું.

ભાગ—૧.

કીર્તનો.

કીર્તન-૧ લું.

રાગ સાખીનો

બહાર કર્મ સઘળાં સાધ્ય કરીને,
ઉતર્યો બીજા પગથીઆં મોઝાર;
ગતિ શાન્ત કરી મન જીતીને,
નીકળ્યો બીજાં પગથીઆં બહાર. ૧

મોહ માયા જાળથી મુક્ત થઈને,
ઉતર્યો ત્રીજું પગથીઉં પાર;
અહંકાર અભિમાન નષ્ટ કરીને,
પકડ્યું જ્ઞાન માર્ગનું દ્વાર. ૨

અલ્યા ચુકીશ ન પગથીઉં પાંચમું,
જો ઉતરવું હોય સમુદ્ર પાર;
અરે ચુકીશ પગથીઉં જો પાંચમું,
તો ભોગવીશ નરકનો ભાર. ૩

જો ઇચ્છા પ્રભુ પામવાની હોય તો,
મેળવ જીવન મુક્તનું દ્વાર;
માગે છે દાસ પ્રભુ પાસે એટલું,
છોડાવ સંસાર સાગરની ધાર. ૪

કીર્તન ૨ જું.

રાગ—લાવણી.

આયે બે યોગી નિગમ પહાડમેં
નહીંયા પવન નહીંયા પાની. આયે.

વસ્ત્ર ભગવાં ધારણ કીયા હે,
દેખત દેહકા તેજ ભારી;
સંસ્કૃતકા જબ શ્લોક બોલતે,
પ્યારી લગતી તોતલી બાની. આયે.

જટાધારી હોકે ભસ્મ લગાયા,
રૂદ્રાક્ષની માલા કંઠ ધારી;
નાગ દેવ સબ ગલે બિરાજે,
ઝલી જટામેં ગંગા પતનિ. આયે.

હાથુમેં કમંડલ કંજ ધરાયા,
પગે પાવડી ત્રીશુળ ઝાલી;
ચલે ગયે યોગી જાયા નહીં દેખી,
તબ પાર્વતિ પતિ પિછાની; આયે.

વિષ્નુ ભગવાનકું પાસ રખાહૈ,
લડનેકુ યુદ્ધ બહુ ભારી;
જગત સંહારક નામ કુવાહૈ,
જબ રૂપ શંકરકા બનની. આપે.

બંબ ભોલા સબ નામ પુકારે,
ભકતજનો બહુ પ્રેમ આની;
દાસ કહે શંકર તેરી કૃપાસેં,
ઉતર જાયગે સમુદ્ર પાની. આપે.

કીર્તન. ૩ જું.

રાગ-લાવણી.

શંકર તું મહા તપસ્વી ભોળો,
હાથમાં ભસ્મ તણો છે ગોળો. શંકર

પાર્વતિ માતા પ્રકૃતિ નારી,
ભાંગ ચરણથી ભોળવાયો;
ગણપતિ સાથે યુદ્ધ કર્યું તેમાં,
પાછળથી બહુ પસ્તાયો. શંકર.

રાક્ષસોનાં તપથી ભોળવાઈને,
વિષ્નુ સામે લડવા દોડયો;
ભસ્માસુરને વચન આપીને,
તેનાથી અરે સપડાયો. શંકર

આયુષ્ય વર્ષ બાર માર્કંડનું,
તેઓનાં કાળને નસાડયો;
મહેતા નરસીંની બાંહ્ય ઝાલી,
રાધાકૃષ્ણનો રાસ દેખાડયો. શંકર.

પાર્થિષ્ઠ તારો અપચારા કર્યો,
તેને એક દીવસમાં તાર્યો;
તારી ભક્તિમાં લીન થયા તેને,
તાત્કાલીક લાભ તેં આપ્યો. શંકર.

બ્રહ્મા વિષ્ણુ મહેશ ત્રિપુટીમાં,
સઘળે એક રૂપ ગણાયો;
દાસ કહે શંકર તારી કૃપાથી,
સંસારનો સાગર તરાયો. શંકર.

કીર્તન ૪ થું.

રાગ—ગીતિનો.

શંકર તું મહા તપસ્વી ભારી,
છે ભોળો નાથ જટાધારી. શંકર.

શંકર તું જન્મનો છે ભોગી,
સેવક તારા દેખાય નિરોગી;
વચન આપ્યાં દૈતોને ભોળવાઈ,
બાધી ખાતા પાછળથી પસ્તાઇ. શંકર

રાક્ષસી બાલાંના વેષથી ભોળવાયો,
તપ ભંગ તેથી અરે તું ગભરાયો;
ઘણા દૈત્ય માનવોને ઉગાર્યા,
આવ્યા શરણે તેને તેં તાર્યા. શંકર

શંકર તું બ્રહ્મચારી ભોળો યોગી,
ગણાયો સેવકોમાં ભાંગનો ભોગી;
તલ્લિન થયા ભક્તિમાં જે નરો,
કીધા ઘણા તેને તેં ઉપકારો. શંકર.

જેને કરવું હોય પ્રભુ દર્શન વહેલું,
તારી ભક્તિથી થાય તે સહેલું;
દાસ કહે શંકરની કર ભક્તિ,
જેથી થાય તારી વહેલી મુક્તિ. શંકર

કીર્તન ૫ મું.

રાગ-પીલુ.

શીવજી યોગેન્દ્ર સ્વરૂપ ભાળી,
રહ્યો મોહી તમને નિહાળી;
આનંદ અંગ શોભે રહીયાળું,
રૂડ દેહ નમે દે વહાલી. શીવજી.

કંઠે માળા રૂદ્રાક્ષની બિરાજે,
ભાસે લલાટે ભસ્મ રૂપાળી;
શોભે જટા શિરપર શોભાગી,
રહ્યાં ગંગા જટામાં માહાલી. શીવજી.

પહેર્યું કંચન કમંડળ હાથે,
રાખ્યું ડમરૂં ત્રિશુળ ઝાલી;
રહ્યું બિરાજી ત્રિપુંડ લલાટે,
પાયે પાવડી છે લટકાળી. શીવજી.

સાથે સૈન્ય ભૂત પ્રેતનું લીધું,
બેઢ ઢંગ પાડે બોલો તાળી;
ખુલ્લું અંગ લંગોટ કચ્છ વાળ્યો,
વાગે શંખ ચાલ્યા પગે ચાલી. શીવજી

કાઢ્યો વરઘોડો પરણવા ચાલ્યા,
પુત્રી હિમાચલ નામે પાલી;
રંગે ચંગે પાણી ગ્રહણ કીધું,
જાન જમાડીને પાછી વાળી. શીવજી.

કર્યો યજ્ઞ નોતરૂં નહીં દીધું,
માર્યો દક્ષ સેના મુકી બાળી;
એવા શીવ શંકર ભંભ ભોળા,
રાખો દાસને હૃદયે સંભાળી. શીવજી.

કીર્તન ૬ ઠું.

ગરબો.

સંતો સંચારે શીવ મહારાજ,
કૈલાસ પર્વત જોવાને;
ચાલો ચાલોરે બીરાદરો આજ,
શીવ શંભુને મળવાને. સંતો.

કરો અંતઃકરણ બહુ સાફ,
કર્મોનાં કાટ સૌ ધોઈને;
નહીં રાખો અંતરે કાંઈ પાપ,
મળો પ્રેમે શુદ્ધ બનીને. સંતો.

જે યોગેન્દ્ર શંકર ભોળા નાથ,
રહ્યા હ્રદયમાં માહાલીને;
ઓજે પાર્વતિ માતા દયાવંત,
રાખશે બાળક જાણીને. સંતો.

જેહએ ભક્તિ કરવાનો દમ,
મળશે જોગમા આવીને;
વળી જોશે તમારૂં દ્રઢ મન,
કરશે પરીક્ષા ધારીને. સંતો.

નહીં ગભરાશો શીવનાં તન,
ન મૂકશો દ્રઢ શ્રદ્ધાને;
જરૂર મળશે દાસનાં કંથ.
લેશે હ્રદયે પ્રેમ આણીને. સંતો.

કીર્તન ૭ મું.

રાગ વણજારો.

તમો શંકર સદાશીવ ભોળા,
પાઓ અમીરસ ભાંગનાં પ્યાલા;
જો પારવતિ પતિ રઢીયાળા,
રાખો ગોદમાં શંકર વહાલા. તમો.

નથી કૃષ્ણ પ્રભુથી નિરાળા,
રાખો અંતરે દીનને ઝીલા;
વાગ્યા છે પ્રેમ બાણનાં ભાલા,
આડાવો પ્રેમભકિતની શાલા. તમો.

ભજો વિષ્ણુની ત્રિપુટીવાળા,
જપું રાત દીવસ તારી માળા;
શોભે ત્રિપુંડ લલાટે છોગાળા,
કરી, ભકિત મેળવીશ પ્રેમાળા; તમો.

અંગે ભસ્મ કંઠે રૂદ્રાક્ષ માળા.
રહ્યા શોભી ગળે નાગ વિષાળા;
કરૂં હમેશાં તારા કાલાવાલા.
બતાવો સેવકને રાસ લીલા. તમો.

હમો પ્રેમ ભક્તો જાચીએ વાલા,
ઉતારો પાર સંસાર ગોપાળા;
જો દાસના શંકર જટાવાળા,
નહીં છોડીશ હવે જગ્તપાળા. તમો.

કીર્તન ૮ મું.

આરતી.

જય શંભુ ભોળા, ૨
હાથમાં ભસ્મના ગોળા. જય

કંઠે રૂદ્રાક્ષની માળા, ૨
શિરપર જટાવાળા. જય

બીરાજે જટામાં ગંગા, ૨
લગાવી ભસ્મ અંગા. જય

ઉછંગે પાર્વતિ માતા, ૨
જો શંકર ત્રાતા. જય

વચન દૈત્યોને આપ્યા, ૨
ઉગાર્યો દુષ્ટો પાપી. જય

ભક્તોનાં કષ્ટ ને હરતા, ૨
પાપ નિવારણ કરતા, જય

એવા શંકર છો ભોળા. ૨
જપું એક ચીત્ત માળા. જય

દાસનાં શંકર દેવા, ૨
કરૂં હું તાહારી સેવા. જય

કીર્તન ૯ મું.

ચોપાઇ ત્રીતાળ

પ્રભુ તારા ગુણની માગું બલિહારી.
રાખી લાજ તેં ભક્તોની ભારી. પ્રભુ.

અહલ્યાની શલ્યા તેને તેં તારી,
દૃઢ ભક્તિમાં મીરાંને ઉતારી. પ્રભુ.

મેતા નરસઇઆંની હુંડી સ્વીકારી,
દેખાડી લીલા ઉગાર્યો વારી. પ્રભુ.

ભક્ત પ્રલ્હાદે ભક્તિ કરી જે તારી,
હીરણ્યકશ્યપને નખથી વધેરી. પ્રભુ.

નવસો નવ્વાણું દ્રોપદીના ચીર પુર્યા,
પ્રેમ ભક્તિ ગ્રહણ તેની કરી. પ્રભુ.

કોઠારનાં ખુટતાં નાણાં દામાજીનાં આપ્યા,
લીધા માહાર વેષ ઢેડનો ધારી. પ્રભુ.

ભક્ત તુકારામને પ્રભુ તેં અંતરે રાખ્યો,
ભવ સાગરથી લીધા ઉગારી, પ્રભુ.

તોબરી પ્રભુ સેના ભક્તની તેં ઝાલી,
લીધા નખ તેં રાજાનાં ઉતારી. પ્રભુ.

ભક્ત વત્સલ છો દાસનાં પ્યારા,
હવે એક ભક્ત હૃદયમાં વધારી પ્રભુ.

કીર્તન ૧૦ મું.

ગરબો

મા ગોવીંદ ગીરિવરધારી,
તારી બંસુરી લાગે પ્યારી. મા.
ગોકુળ ગામડે જમનાને ઘાટે,
નામ ગોવાળનું ધારી. તારી.
ગોપ ગોપીઓમાં રાસ રમ્યો તું,
ગૈ ધેનો તેં ચારી. તારી.
સઘળી ગોપીઓમાં વિરહ રમીને,
બન્યો તું બ્રહ્મચારી. તારી.
અઘા બગાસુર દૈતોને સંહાર્યા,
માસી પુતનાને મારી. તારી
દાસી કુબજાએ તને ચંદન લગાવ્યું,
તેને તેં પાર ઉતારી. તારી.
મામા કંસનુ તેં વેરજ વાળ્યું,
નાંખ્યો ટોટો વિદારી. તારી.
નંદ જસોદાએ લાડ લડાવ્યા,
તેને મૂક્યાં વિસારી. તારી.
ભક્ત અક્રુરને તેં દર્શન આપ્યાં,
લીધો તેને ઉગારી. તારી.

વસુદેવ દેવકીને આનંદ આપ્યો,
પુત્રની ગરજ તેં સારી. તારી.

દાસ કહે શ્રી કૃષ્ણજી મારા,
જાઉં તારી બલીહારી. તારી.

કીર્તન ૧૧ મું.

રાગ—પ્રભાત.

મન તું રામ ભજન કર સેરે,
જીવનું બંધન મુકત કરેરે. મન તું

નગર અયોધ્યાનો પતિ કહાવ્યો,
  દશરથજી કે બાળનરે;
કૌશલ્યા પેટ જન્મ લીધો તેં,
  પુત્ર વત્સલ કહેવાયોરે. મન તું.

જનક તનયા સીતા તું લાવ્યો,
  સીતાપતિ સોહાયોરે;
માતા કૈકેયિએ વનવાસ કહાવ્યો,
  મરીચ મૃગને માર્યોરે. મન તું.

રાજા રાવણે સીતા હરી ત્યારે,
  સુગ્રીવ મીત્ર કીધોરે;
હનુમાનને સેનાધીશ બનાવ્યો,
  લંકાગઢ ઘેરી લીધોરે. મન તું.

રાજા રાવણનો સંહાર કર્યો તેં;
　　સીતા છોડાવી લાવ્યોરે;
વિભીષણને રાજ્ય તેં આપ્યું,
　　તારો ભક્ત તેથી તાર્યોરે. 　　　મન તું.

અયોધ્યા આવી રામરાજ્ય કહેવડાવ્યું.
　　દૈવતને આનંદ આપ્યોરે;
રામલીલા તેં અદ્ભુત દેખાડી,
　　દાસે પાર નહીં જાણ્યોરે. 　　　મન તું.

કીર્તન ૧૨ મું.

ચોપાઈ તાલ

પ્રભુ તારી કપટ કળા તો જાણી,
નથી રહ્યા હવે રે અજાણી. 　　　પ્રભુ.
પ્રભુ તેં સવરીનાં એઠાં બોર ખાધાં,
ગોપીઓનાં મહી લુંટી લીધાં. 　　　પ્રભુ.
જશોદાજીએ ઉખલા સાથે બાંધ્યો,
તેથી માખણચોર કહેવાયો. 　　　પ્રભુ.
છોડાવવા સીતા સુગ્રીવ પક્ષ કીધો,
વિના કસુરે વાલીનો જીવ લીધો. 　　　પ્રભુ.
ધોબીએ લોકને કંઈ વેણ કહ્યું,
સતિ સીતાને વનનું દુઃખ દીધું 　　　પ્રભુ.
બાપપિતાએ પ્રતિજ્ઞા જ્યારે કીધી,
સતિ દ્રોપદીને સાથે લીધી. 　　　પ્રભુ.

દ્રોપદીને સૌભાગ્ય આશિશ અપાવ્યો,
શાખંડી મારી બાહ્મને જમાડ્યો. પ્રભુ.

ભક્ત અર્જુનનો રથ તેં હાંક્યો,
તેનાં કુળનો નાશ કરાવ્યો. પ્રભુ.

અનસુયાનું સત ચુકાવવા ગયો,
માસ છ નો બાળક થઈને રહ્યો, પ્રભુ.

પ્રભુ તાહારી ગતિ નહીં કોઈ જાણે,
ખરો વીરલો હોય તે પાછાને. પ્રભુ.

દાસ કહે પ્રભુજીને કર જોડી.
નહીં મુકાશ અંતરથી છોડી. પ્રભુ.

કીર્તન-૧૩ ગરબી.

મન મોહનજી મારા પ્યારા.
તમો ભાગ્યો છો સૌથી ન્યારા. મન.

મથુરાં નગરીમા તમે જન્મ લીધો છે,
ગામ ગોકુળમાં રહેનારા. તમો.

મધુરી શી મોરલીમાં જાદુ ભરીને,
ગોપીઓમાં રાસ રમનારા તમો.

વંદ્રાવન જઈ વાસ કર્યો તમે,
વ્રીજવાસીમાં ભળનારા. તમો.

મામા કંસનું નિકંદન કાઢીને,
દ્વારિકામાં જઈ વસનારા. તમો.

બીજ સુદામાંના તાંદુલ ખાઈને,
ઝુંપડીની હવેલી કરનારા. તમો.

યાદવ કુળનો તમે નાશ કરાવ્યો,
પારધીનાં બાણે પડનારા તમો.

પ્રભુ દર્શનથી વિમુખ રહ્યા જે,
છે આત્માનાં હણનારા તમો.

તારી પ્રેમ ભક્તિમાં લીન થયા છે
તે છે મોક્ષનાં પામનારા. તમો.

દાસ કહે એવા પ્રભુજી મ્હારા,
છો તમો મુક્તિ આપનારા. તમો.

કીર્તન-૧૪ ગરબી.

મારા કૃષ્ણજી શામળાગાળા,
તમે લાગો છો સૌથી વહાલા. મારા.

કાળાને વળી રૂપે રઢીઆળા,
આંખે દેખાવો છો અણીઆરા. તમે.

મોર મુગટ તાહારા શિરે ધર્યો છે,
કાને હીરાનાં કુંડળ વાળા. તમે.

જરકથી પતામ્બર શોભે છે અંગે,
કેડે મેખલા ઘુઘરમાળા. તમે.

પગે ઝાંઝર ઝમકાર ઠમકે.
શિરપેચ અને તોરાવાળા. તમે.

તારી કમાનવાળી ભ્રકુટી દોરી,
ગળે શોભે છે મોતીની માળા. તમે.

ભાળે કેશર ચંદન આડ બિરાજે,
વાગે નેપુ બાજુના બાલા તમે.

તાહારૂં રૂપ જોઇ રળીઆમણું,
મોહી રહી છે વ્રીજની બાળા. તમે

તારી ભક્તિમાં જે ડુલ થયા છે,
તેને દિસ્યા ઘણા રૂપાળા. તમે.

દાસ કહે પ્રભુ મહેર કરીને,
રાખો અંતર ઉલ છબીલા. તમે.

કીર્તન-૧૫. રાગ-પ્રભાત.

રામ રાજા આયે જનકપુર,
દશરથકે બાલારે. રામ.

સીતા સ્વયંવર મંડપ રચ્યો હૈ,
રાજા જનકે પ્રતિજ્ઞા કીધી રે;
બાણ ચઢાવે ધનુષ તોડે,
સતિ સીતા તેને વરે રે. રામ

દેશ દેશકે નૃપતિ આયે,
ચાંપ ચઢાવવા સબ ઉઠે રે;
કોસીસેં ચાપ નહીં ચઢાયો,
જબ રાવણે અહંકાર કીનો રે. રામ.

ધનુષકે નાથે હાથ ધર્યો હૈ,
દબાયો હાથ જબ રોયોરે;
જંખવાણો પડકે ભાગ ગયો હૈ,
નગર લંકામાં છુપાયોરે. રામ.

રામ હૈ જગતકે કરનહારા,
ઉને ચાંપ તબ ચડાયોરે;
અતિએ રામ ગળે હાર સોહાયો,
રામ પતિ કર દીઓરે. રામ.

રાવણકુ જબ રીસ ચઢી હૈ,
સતિ સીતાકો હરણ કીયોરે;
દાસ કહે સીતા પતિ રામે,
દશ શીષકુ ઉડા દીયોરે. રામ.

કીર્તન ૧૯ મું.

રાગ કાફી.

ભક્ત વત્સલ તો પ્રભુ પ્યારા રે,
તેં ભક્તો ઉપર મહેર કરી. ભક્ત

ધના ભક્તે વેણુ ઓરાવી,
તેનાં ઉપાડયા તેં ખડું.
ગોરનું બાળક ગમાયું રે,
આપ્યું જીવતદાન કરી. ભક્ત.

ભક્ત ગોરાના હાથ કપાણા,
ત્યારે રહ્યો ચાકર તેને ઘેર;
ખુંદી માટી કુંભાર બન્યો રે,
કરી દયા આપ્યા હાથ ફરી. ભક્ત.

બચ્ચાં મંજારીનાં હતાં નિભામાં,
હતી તેના મોતની ત્યારી;
બળતા નિભામાંથી ઉગાર્યાં રે,
પૂર્વનાં ભક્તો તેથી સાહય કરી. ભક્ત.

એવો પ્રભુ તું પરમકૃપાળુ,
છે નોધારાનો આધાર;
દાસ, તેના શરણ પધારો રે,
થાય સફળ જીંદગી તમારી. ભક્ત.

કીર્તન ૧૭ મું

રાગ કાફી.

ભક્તોનો પ્રભુ તું બેલીરે,
છે તારી અકળ કળા ન્યારી. ભક્તો.

રોહીદાસે તારી ભક્તી કરી,
ખુંદ્યાં ચામડાં તેને ઘેર;
વીરણાં ફાળ્યાં તેની દીકરી સાથે,
આવી નહીં તને શરમ જરી, ભક્તો.

કબીરને આકાશવાણી થઈ,
કર્યા તેણે ગુરુ રામાનંદ;
કંચનની તેની કાયા બનાવી,
ભક્તિ તારી અદ્દભુત કરી. ભક્તો.

ગોરાડીએ માળામાં બચ્ચાં મૂક્યાં,
નીચે પારધી ઉપર બાજ;
પારધીના પગે નાગ ડંખ્યો;
છુટ્યું તીર ગયો બાજ મરી. ભક્તો.

એ રીતે તેં ભક્તો ઉગાર્યા,
જેણે કીધી ભક્તિ ભાવે સેવ;
દાસની વ્હાર ચઢજો વાહાલા,
નહી છોડું હવે ભક્તિ ત્હારી. ભક્તો.

કીર્તન ૧૮ મું.

રાગ કાફી.

પ્રભુ તેં ભક્ત ધ્રુવને તાર્યો છે,
પૂર્વે તો હતો સંસારી. પ્રભુ.

ઉત્તમ કુળમાં જન્મ લીધો જેણે,
હતો રાજ્ય વંશીનો તન;
પટરાણી બે રાજાને છે,
એક વહાલી બીજી અકારી. પ્રભુ.

અભાગી પેટ ધ્રુવે જન્મ લીધો,
માનિતીને પણ હતો તન;
તે તન બાપે બેસાડ્યો ખોળેરે,
નહીં જોયું ધ્રુવ તરફ ફરી. પ્રભુ.

અપર માએ ધ્રુવને મહેણું માર્યું,
જોયતું હોય તમને રાજ;
માંડો તપ વનમાં જઈનેરે,
આવો મારા પેટ જન્મ ધરી. પ્રભુ.

ફરી ધા આવ્યો બાળ કુંવરને,
વર્ષ પાંચનો વડીલ તન;
ગયો માતાને મળી વનમારે,
સીધાવ્યો મન આનંદ ધરી. પ્રભુ.

૭ મહીના તપ કર્યું બાળકે,
રહ્યો ધ્રુવ એક પગે ખડો;
છેવટે વાયુનું ભક્ષણ કર્યું રે,
મેળવ્યા પ્રભુ પરમાત્મા હરી. પ્રભુ.

દ્યાળુ પ્રભુએ દર્શન આપ્યું,
વળી અપાવ્યું પીતાનું રાજ;
પરણાવી ઈંદ્રગૌરી ધ્રુવનેરે,
મહેર દાસના પ્રભુએ કરી, પ્રભુ.

કીર્તન ૧૯ મું.

રાગ કાફી.

પ્રભુ તે ભક્ત વિદુરને તાર્યો રે,
પૂર્વનો હતો સ્નેહી તારો. પ્રભુ.

વિદુરસાથે તેં પ્રીતતા બાંધી,
જતો આવતો હતો તેને ઘેર;
ભાજી ખાઇને તૃપ્તી મેળવતો,
હતો નહીં વીદુરથી તું ન્યારો. પ્રભુ.

એક વખત તું વીદુરને ઘેર ગયો,
નાગી નાહાતી હતી તેની નાર;
પ્રેમનાં આવેશમાં આવીને બેઠી,
રાખી લાજ પૂર્ણ તેનાં તેં ચીરા. પ્રભુ.

આપી આસન તારી પુજા કરી,
હતી મંદીરમાં કેળાંની લુમ;
ગર્ભ કાઢી નાંખી છાલ ખવડાવી,
તેમા સંતોષ તું પામનારો. પ્રભુ.

વિદુર ઘેર દુર્યોધન આવ્યો,
માગ્યું ભોજન લેવા કાજ;
સઘળી રાજાનને ભોજન આપાવ્યું,
જે તું ભક્તની લાજ રાખનારો. પ્રભુ.

એવો ભક્ત આધીન ભગવાન છું,
રાખ્યો વીદુર એવું સાથે પ્રેમ;
કહે દાસ એવા પ્રેમી પ્રભુને,
રાખી શ્રદ્ધા સૌ ભજો નરનારી. પ્રભુ

કીર્તન ૨૦ મું.

રાગ-કાફી.

પ્રભુ તેં ઘણા ભક્તો ઉગાર્યા રે,
લીધી પરીક્ષા વેષ ધારી. પ્રભુ.

મોરધ્વજ કરવતથી વહેરાયો,
હતો ભક્ત તાહારો ભારી;
રાજા બલી પાસે માંગી તેં પૃથ્વી,
કમલાં સાડાત્રણ ભરી. પ્રભુ.

તન મન ધન સૌ તેનું લીધું,
આપ્યું રાજ પાતાળનું હરી;
પ્રસન્ન થઇ રાજા બલી ઉપર,
ચોકી પાતાળમાં તેની ભરી. પ્રભુ.

વળી ભક્ત અમરીષને તાર્યો,
કર્યું જેણે તપ તારૂં ભારી;
રાજા શીવાને સમુદ્રથી ઉગાર્યો,
ડુબતા ભક્તને લીધો તારી. પ્રભુ.

એવો પ્રભુ તું પરમ કૃપાળુ,
અકળ ગતિ છે તારી ન્યારી;
દાસનાં પ્રભુ મહેર કરીને,
જોયો એક ભક્તને પ્રેમ ધરી. પ્રભુ.

કીર્તન ૨૧ મું.

ચોપાઈ ત્રીતાળ.

પ્રભુ તારી અકળ ગતિ છે ન્યારી,
કીધા ભક્તોને ઉપકારો ભારી;
નારદે અત્રિ પાસે માથું માગ્યું,
ઉતારી મસ્તક ઋષીને આપ્યું, પ્રભુ.

ઋષી પત્નિ અનસુયા ઘેર ગયાં,
બ્રહ્મા વિષ્ણુ મહેશ બાળક થઇ રહ્યા;
નગ્ન થઈને ત્રણેને ધવડાવ્યા,
ભક્તો આગળ ત્રીપુટી નહીં ફાવ્યા. પ્રભુ.

પારવતી લક્ષ્મી અને બ્રહ્માણી,
ત્રણેને આકર્ષણથી ખેંચી આણી;
પ્રભુપત્નિઓનો અહંકાર ઉતાર્યો,
મહાસતિ અનસુયાનો ટેક રાખ્યો. પ્રભુ.

એવી રીતે ભક્તોનાં લાડ તેં પાળ્યા,
તારા ઉપકારો જાય કેમ વાળ્યા;
દાસ કહે ભક્તોને કર્યાં આભારી,
ભાખી રહી છે ભક્તોમાં કીર્તિ તારી. પ્રભુ.

કીર્તન ૯૯ મું.

રાગ-ધનાશ્રી.

પ્રભુ તમો નોધારાનાં આધાર,
છો ભક્તોનાં તારણહાર. પ્રભુ.

પાંડવોને જુગટુ રમાડીને,
કાઢયા દુર્યોધને બહાર. પ્રભુ.

લેવા ધારી લાજ દ્રોપદીની જ્યારે,
પૂર્યાં ચીર સભા મોઝાર. પ્રભુ.

લાખા ગૃહમાં પુરાવી દઇને,
તેમાં મુકયો હતો અંગાર. પ્રભુ.

તે સમે પ્રભુ મહેર કરીને,
ઉગાર્યા બળતાં તે વાર. પ્રભુ.

ભોગવતા વન દુઃખ પાંડવો,
નહીં હતાં અન્ન કોઠાર. પ્રભુ.

અક્ષય પાત્ર પ્રભુ આપી કરીને,
ભક્તોને બનાવ્યા ઉદાર. પ્રભુ.

ભક્ત પાંડવોને તાર્યાં તેં પ્રભુ,
નાંખ્યા કૌરવો નર્ક દ્વાર. પ્રભુ.

દાસનાં પ્રભુ ભક્ત વત્સલ છો,
કરો પ્રણામ સહસ્રવાર. પ્રભુ.

કીર્તન ૨૩ મું.

રાગ ધનાશ્રી

પ્રભુ તમે દયા કીધી ભગવાન,
રાખ્યું ભક્ત બોડાણાનું માન. પ્રભુ.
ઉંઘતા 'તા ગુજરી દ્વારકામાં જ્યારે,
નાઠા રાખી તેઓને બેભાન. પ્રભુ.
રથ્યા સંતાઈ ગોમતી જળમાં,
કાઢ્યા બાળી ભભાલા નીશાન. પ્રભુ.
ભક્ત બોડાણો ડાકોર રહેનારો:
ચાલી પગે કરતા દર્શન. પ્રભુ.
સવા વાલની વાળીમાં તોલાયા,
કર્યાં ગુજરીનાં અપમાન. પ્રભુ.
આવી ડાકોરમાં વાસ કર્યા તમે,
રચ્યાં જામી કીર્તન ને ગાન. પ્રભુ.
ઘણા ભક્તોને લાભ આપ્યા પ્રભુ,
ગણાયું ડાકોર સ્વસ્થાન. પ્રભુ.
દીનદયાળ પ્રભુ તારા તેજમાં,
થયો બોડાણો અંતરધ્યાન. પ્રભુ.
દાસનાં પ્રભુજી અંતરયામી છો,
આપો હૃદયે રહેવા નિધાન. પ્રભુ.

કીર્તન ૨૪ મું.

રાગ—ગાતિનો.

કૃષ્ણ તું બ્રહ્મચારી છે યોગી,
ધાર્યો મુરખોએ તને સંજોગી;
છે વેશ તારો જાદુગર જેવો,
ન સમજે કળા મનુષ્ય દેવો. કૃષ્ણ.

જોડાં ગોપ ગોપીઓનાં શોભાવ્યાં,
પ્રેમ રસીક ગુલતાન બનાવ્યાં;
વસુદેવ દેવકીને છોડાવ્યાં.
દર્શન નંદ યશોદાને આપ્યાં. કૃષ્ણ.

ગોકુળમાં રાસરંગ જમાવ્યો,
પછાડી હેરત મથુરાં આવ્યો;
અજ્ઞાનો ગુપ્ત કુંચી નહીં જાણે,
હોય ખરા ભક્ત તેઓ પીછાણે. કૃષ્ણ.

એવો પ્રભુ તું ભક્તને છે પ્યારો,
નથી દેખાતો ભક્તોથી ન્યારો;
કહે દાસ પ્રભુ દીનનો બેલી,
લે ભક્ત તારાને હૃદયમાં ભેળી. કૃષ્ણ.

કીર્તન-૨૫
રાગ રામગ્રી.

સત્યવાદી રાખ્યાં શરણે માણીઆં   સત્યવાદી.
દાસ ભક્તોની પ્રભુએ જાણી.

હતો હરીચંદ્ર સતવાદીઓ,
રહ્યો તો ચંડાળ ઘેર દાણી;
દીધાં દુઃખ વિશ્વામીત્ર ઋષીએ,
અંતે ઉતર્યાં ઋષીનાં પાણી.   સત્યવાદી.

આણી સમે વેષ ધરી દેવોએ,
સંશય મીટાડ્યા રાજનરાણી;
મુક્યાં નહીં સત્ય દમ્પતિએ,
દયા આખર પ્રભુએ આણી.   સત્યવાદી.

જોયા તાર ભક્તોનાં તાણાતાણીને,
પણ નહીં મુકી શ્રદ્ધા શાણી,
સત્ય જોયું જ્યારે હરીશ્ચંદ્રનું,
ભેટ્યા ભક્તને સારંગપાણી.   સત્યવાદી

પડ્યાં દુઃખ ઘણાં સત્યવાદીને,
નહીં ઉચ્ચારી અસત્ય વાણી;
છે પ્યારું સત્ય દાસનાં પ્રભુને,
પાળી સત્ય ભજો પ્રેમ આણી.   સત્યવાદી.

બોલો શ્રી શંકર પરમાત્માકી જય !
બોલો શ્રી હુરનર્મદે માતકી જય !
બોલો શ્રી રામચંદ્ર મહારાજકી જય !
બોલો શ્રી કૃષ્ણ પમાત્માકી જય !

પગથીઆં પાંચમું.

ભાગ બીજો.

વિવેચન.

મ્હારા બીરાદરો આપણને આ ભીષ્મ સંસારમાંથી તારનાર શ્રી પરમાત્માનાં ગુણાનુવાદ ગાવાથી કેટલો બધો આનંદ થયો! અરે પ્રેમ સાથે જોડી છું ગ્રંથકાર બની જ્યારે કીર્તનો લલકારતા હતા ત્યારે, અને પરમાત્માએ કષ્ટ વખતે ભક્તોને આપેલી સાહા-તાની વાતો વાંચતા હતા ત્યારે, આપણું હૃદય ગળગળીત થઈ જતું હતું, અંતઃકરણ પાણી પાણી-અરે પીગળી જતું હતું, અને ક્ષણભર અવાચક પણ થઇ જતા હતા. શો પ્રેમ ભક્તિનો પ્રભાવ! તે પરમાત્માં સાથે એક સ્વરૂપ પણ ક્ષણવાર થતા હતા, અને તે વખત આનંદનાં મોજાં કેટલો ઉછાળો મારતાં હતાં! સુજ્ઞવો હજી ધીરજ રાખો, જ્યારે આ પગથીઆમાં સંસાર કેવો છે તે જાણશો અને આપણને ઉપજ અને લય કરનાર-પરમાત્માનાં દઢ શ્રદ્ધાથી જ્યારે સ્તુતિના કીર્તનના રાગડા આ પગથીઆનાં છેવટનાં ભાગપર લલકારીશું, ત્યારે તે પરમાત્માં આપણને પોતાની ગોદમાં લેવાને ચુકશે નહીં, અને પછી જીવન મુક્ત છઠ્ઠા પગથીઆમાં પ્રવેશ કરીશું એટલે બાકી શું? ભગવાનને આપણે આપણા હૃદયમાં રાખીશું અરે! ભગવાનને ભક્ત બેહતાર ભક્તવત્સલ ભગવાન શ્રી બાહર આપણે

ઘણી વાર ઉચ્ચારી ગયાં છીએ, તે વાક્ય ખરૂં છે, તેની દૃઢપણે તમારી ખાત્રી થઈ. બીરાદરો! તમને આજસુધી જરૂ મહેનત વેઠવી પડી છે. પરંતુ મહેનત વીના કાંઇ પણ કાર્ય આપણે સીદ્ધ કરી શકતા નથી. ગમે તેવું કાર્ય હોય પણ દૃઢ શ્રદ્ધા રાખી તેપર મંડયા રહીએ તો હજારો વીઘ્ન આવતાં છતાં તે કાર્ય સફળ થાય છે. તમોએ પણ દૃઢ શ્રદ્ધા રાખી તોજ વીકટમાં વીકટ પગથીઆં પસાર કરી, સુખ દુઃખની માન્યતા (માયા) ટળી જઇ સંસાર કેવો છે, પરમાત્મા કેવો છે, વીગેરે જાણવાની સોનેરી તક મળી. જો તમે મનપર નહીં લેત, પગથીઆંપર પગ નહીં જમાવત, તો પેલા સમસ્ત મણકા ફેરવનારાના, કે જેનું ચીત્ત ક્યાં ને મણકા આપોઆપ ટેવ પ્રમાણે ફર્યા કરે, તેના જેવા તમારા પણ હાલ થાત. ભાઇઓ કયાં ચાલ્યા. પ્રેમભક્તિ હવે આપણામાં વિશેષ દાખલ થઇ છે. અને તેથી ફુદકા મરાય છે એમાં કોઇનો દોષ નથી. અરે પ્રેમભક્તિનો આવેશ એવોજ હોય છે કે, જ્યાં પરમાત્માનું નામ આવે છે કે ભક્તિદેવી આપણા હૃદયને ઉછાળા મરાવે છે. એ સાથે પણ પહેલા ભાગમાં જગકર્તાનાં ગુણાનુવાદ ગાયા તેથી પેલી કાળા મોંની પુનરપિ જન્મના ખાડામાં નાંખનારી કલ્પા વાસના, તે તો કોણ જાણે કયા રસ્તે રહીને પલાયનમઃ કરી ગઇ અને પેલી વગર ક્ષયની સહૃદ વસનારી ભક્તિદેવી આપણામાં દાખલ થઇ. એજ ગુણાનુવાદનાં પ્રતાપ. ચાલો હવે આ પગથીઆનાં વિષયપર કલમને દોડાવો.

ભાઇઓ આ સંસાર મીથ્યા છે, અને મૃગજળ જેવો છે, સ્વપ્નવત છે. તમને કાંઇ કોઇ રાત્રે સ્વપ્નાં તો આવતાં હશે અને

તેનો તમને પુરો અનુભવ હશે. જ્યારે રાત્રે નીદ્રા દેવીને આપણે વશ થઈએ છીએ ત્યારે સ્વપ્નાં આવે છે. એતો રાજા અને રંક સઘળાને આવે છે. રંક કોઈ વખત મહારાજ ધીરાજ બને છે, અને મહારાજ કોઈ વખત રંક બને છે. તે વિષે અત્રે સંક્ષેપમાં એક વાર્તા કહું છું. તે ધ્યાન દઈને વાંચજો કે આ સંસાર સ્વપ્નવત છે તેની તમને ખાત્રી થાય.

પેલા મહાત્મનુ રાજા જનકનું નામ આગળ આવી ગયું પણ તે ધીરાજ કેટલે દરજ્જે પહોંચ્યા હતા તે તમારા જાણવામાં આવ્યું નથી. તમોએ સનાતન ધર્મનાં પુસ્તકોમાં વાંચ્યું તો હશે કે શુકદેવજી જ્યાં જતા ત્યાં હજારો ઋષીઓ ભેગા થઈ જતા; અને પરમાત્મા વીષે જે ખુલાશા કરવા હોય, જે સંશયો બાબત ઋષીઓનાં મનનું સમાધાન થતું ન હોય, તેઓ તે સઘળાનાં મનનું સમાધાન વાર્તારૂપે અગર કથા કહીને કરતા હતા. ત્યારે વિચાર કરો કે હજારો વરશ તપ કરનારા ઋષીઓનાં મનનું સમાધાન શુકદેવજી જ્યારે કરતા હતા ત્યારે તેમનામાં કેટલી શક્તિ હોવી જોઈએ? તે સંસારનાં જન્મ મરણનાં ફેરાથી કંટાળ્યા હતા, તેથી જેવા જન્મ્યા કે ઓળનાં ભરેલા નાઠા—બાપ પાછળ દોડે છે ને બૂમ પાડે છે કે "ઓ દીકરા તું ક્યાં જાય છે" સુકદેવે તેને ઉત્તર દીધો કે "આ અસાર સંસારમાં મારે રહેવું નથી." બાપે વિચાર્યું કે એને ગમે તેટલો સમજાવીશું તો પણ હવે પાછો આવનાર નથી. માટે એણે ગુરૂદીક્ષા લેવી જોઈએ કેમકે " ગુરૂવિના જ્ઞાન નહીં." માટે ગુરૂદીક્ષા લેશે તોજ એનો ઉદ્ધાર થશે. ગુરૂ કેવા જોઈએ ! હાલનાં પોતે ગુરૂ છે એમ માની બેઠેલા, વૃત્તિ સાધ્ય

ક્યાં વગરનાં, કથા કરી ગુજરાન કરનારા, ગાગરો બજાવી બીજાને ઉપદેશ આપનારા, મહાભારત અને રામાયણના મોટા મોટા રાગડા કાઢી દ્રવ્ય અને સંપત્તિ મેળવનારા, કથા વખતે બીજા દીવસનું લાડુ અગર દુધપાક વીગેરે મીષ્ટાન્નનું નોતરૂં મેળવવા આકાંક્ષા રાખનારા, અને એવા ક્ષુદ્ર વૃત્તિવાળા કે જેને પગથીઆ બહારનાં અજ્ઞાન લોકો ગુરૂ માની બેઠા છે તેઓનો આ સંસારનાં રગડામાંથી અંત આવવાનો નથી. અને વૃત્તિ સાધ્ય કર્યા વગરનાં ગુરૂનું ડોળ રાખી કથા કરનારા તો એવું પાપ વહોરી લે છે. તે તો કોણ જાણે કયા નરકનાં ખાડમાં પડશે તે તો પરમાત્માજ જાણે. આપણા સનાતન પુસ્તકમાં ગુરૂ કેવા જોઈએ તેનું વર્ણન કરેલું છે. તેવા લક્ષણ વાળા, યોગદશાને પહોંચેલા—જેને આપણે જીવન મુક્ત અગર મહાત્મા કહીએ છીએ, જેણે ભક્તિ કરીને કર્મોને બાળી મુક્યાં છે, જેને આ સંસાર સાથે લેપન અગર કોઈ જાતનો સ્વાર્થ નથી, અને અજ્ઞાની જીવોની સાથે તેમને જો એક વખત મુલાકાત થાય તો તેની આંખ મળવાથી તેને આ અસાર સંસારમાંથી તરવાનું ભાન થઈ જાય—તે ગુરૂ.

એવા રાજકર્તા જનાં જીવન મુક્ત દશાને પામેલા, વિદેહી જનક રાજાને ગુરૂ કરવા શુકદેવને તેના બાપે આજ્ઞા કરી. શુકદેવ જનક પાસે ગયા—મળવાને પહેરેગીર પાસે વરદી કહેવડાવી, પણ સીપાઈ બચ્ચા પોતાના દમામમાં બોલ્યાજ નહીં. તેથી તેમને લગભગ બે કલાક સુધી ઉભું રહેવું પડ્યું, પણ તેથી તેના મનને કીંચીત પણ લાગણી થઈ નહીં. આપણામાંનો કોઈ ગૃહસ્થ રાજ-

દરબારમાં ગયો હોય અગર કોઇ બીજા નામાંકિત ગૃહસ્થને ત્યાં ગયો હોય, અને જો દશ મીનીટ કરતાં વધુ બહાર ઉભું રહેવું પડે તો, મનતો જાણે ઉપર તળે થઇ જાય, અને બોલાવતો નહીં ત્યારે મનમાં હજારો દોષ કાઢે, અરે સ્વસ્તી વાચન (ગાળ) કાઢવાને પણ ચૂકે નહીં. એજ મનની નીર્બળતા. શુકદેવજીનું મન તેવું નહોતું તેઓનાં તો પૂર્વેનાં સંસ્કાર ઉત્તમ હતા. આ છેવટનોજ જન્મ હતો, એમાં અધુરૂં રહેલું પુરૂં કરી પરમાત્માને મળવાનાં હતા. તેઓએ તો મનને જીતેલું હતું જેથી ગમે તેટલો વખત ઉભું રહેવું પડે તો પણ પત્થરની માફક તેમનું અચળ મન જરા પણ ડગે નહીં. બે કલાક પછી જનકે તેમને અંદર બોલાવ્યા, નીરિક્ષણ કરી તેમને તપાસ્યા તો વૃત્તિઓ સાધ્ય કરેલી તથા મન દ્દઢ જણાયું. મનને જીતેલું દેખાયું. જનકે કહ્યું કે "મહારાજ આ ત્રાંસલું હાથમાં પકડો" શિષ્યોએ જીવનમુકત પામેલા ગુરૂ જેમ કહે તેમ કરવુંજ જોઇએ તેમાં જરા પણ આક્ષેપ લેવો નહીં. ગુરૂઓ શિષ્યોની બહુ વીચિત્ર રીતે પરીક્ષા કરે છે, ને તેમાં શિષ્યો પાસ થાય તોજ ગુરૂ તેને પોતાનો ચેલો સ્વીકારે છે, અને તેથી તે આગળ વધવાને શકિતવાન થાય છે. જે આજ્ઞા જનકે કરી તે શુકદેવે કબુલ કરી, હાથમા ત્રાંસલુ પકડયું, તેમાં કાંઠા સુધી તેલ ભરાવ્યું, ચાર હથીઆરબંધ આરબોને બોલાવ્યા શુક-દેવને આજ્ઞા કરી કે "આ વાડકો લઇ નગરને ફરતે ફરી આવો" ને પેલા આરબોને કહ્યું કે "જરાપણ તેલ ઢોળાયતો એનું માથું ઉડાવી દેજો" શુકદેવજી તેલનું ત્રાંસલું લઇ નગરની પ્રદક્ષીણા કરી આવ્યા. તેમને તો માથું ઉડવાનો જરાપણ ભય નહોતો. પાછા

આવી મહાત્મા જનકની આગળ આવી ભરેલું વાસણ રજુ કર્યું. જનકને ખાત્રી થઇ કે શુકદેવે ચીત્તને એકાગ્ર કર્યું છે, એ પ્રમાણે પોતે તેના એકાગ્રતાની પરીક્ષા કર્યા પછી થોડા દીવસ રહી તેમને જે દીક્ષા લેવાની હતી તે લઇ પોતાની બાકીની જીંદગી દશામાં રહી પુરી કરી.

એવા શુકદેવના ગુરૂ જનક! એનું નામ તે ગુરૂ કે જેણે રાજ્ય અને સંસારને સ્વપ્નવત માન્યો. તે રાજા જનક એક વખતે બપોરે આહાર લઇ મહેલનાં એક દિવ્યભુવન સરખા ઓરડામાં પલંગ ઉપર સુતા હતા. નીદ્રા દેવી પોતાનો ભાર બજાવી રહી હતી, તેવામાં સ્વપ્નું થયું કે કોઇએ તેમનું રાજપાટ લઇ લીધું, તેમને રાજ્યમાંથી કાઢી મુકયા, હદપાર કર્યા, પગે ચલાવી પંદૂરે ગીરા લઇ ગયા, પોતાના શરીરપરનાં રાજ્યનાં અલંકાર તથા કીમતી કપડાં હતાં તે પણ ઉતારી લીધાં, અને પર રાજ્યમાં મુકી આવ્યા. ત્યાં તેમને ભુખ લાગી ત્યારે એક સદાવ્રતમાંથી એક માટીની હાંલ્લી તથા શેર ખીચડી લાવ્યા, ને ત્રણ પથરાનો ચુલો મેલ્હી ખીચડી ચઢાવી. ભુખનો કહ્યું કે મારૂં કામ. કોઇ દીવસ પગે આટલી લાંબી મુસાફરી કરેલી નહીં, એટલે ભુખ લાગે એમાં નવાઇ નહોતી. જેવા તૈયાર થયલી ખીચડીની હાંડી ઉતારવા જાય છે તેવામાં એક મસ્તાન આખલો આવ્યો ને હાંડીના ભાંગીને કકડા કર્યા ને ખીચડી સઘળી ધુળ સાથે એકત્ર થઇ, તેવાજ ઉંઘમાંથી જાગ્યા ને જુએ છે તો પોતે તો પોતાના મહેલની અંદરના છત્ર પલંગપરજ છે. થોડીવાર સુધી પોતાની

સ્થિતિનું ભાન થયું નહીં. પછી સ્વસ્થ થઇ દરબારમાં ગયા અને વિદ્વાનોની સભા બોલાવી તેમને પ્રશ્ન કર્યો કે મહારાજને ! "આ ખરૂં કે તે ખરૂં" એનો જવાબ આપો. મારૂં મન જવાબ જાણવાને બહુ આતુર બની રહ્યું છે, માટે હે ભૂદેવો જ્યાં સુધી મારા મનનો ખુલાશો થાય નહીં ત્યાં સુધી મ્હને ચેન પડશે નહીં, તેથી મને આવી સ્થિતિમાં મુકી મારા વિદ્વાન ભૂદેવોએ આ નગર છોડી જવાનું નથી, માટે ગંગાજીમાં ન્હાઓ, સંધ્યાવંદન કરો, દરબારનાં સાધાંનો ઉપયોગ કરો, અને મારા પ્રશ્નનો ઉત્તર આપો કે મ્હને ચેન પડે." જનક રાજાનાં દરબારમાં બહારના પણ ઘણા પંડીતો આવતા હતા. જે દરબારમાં પંડીતોની બુજ થાય છે, ઉત્તેજન મળે છે, ત્યાંજ વિદ્વાનો જાય છે. હાલના જમાનામાં ઘણે ભાગે તો દરબારોમાંથી વિદ્વાનોનાં પગ ટળેલા જણાય છે. જેથી આપણી માતૃભાષા-સંસ્કૃતનો લોપ થતો જણાય છે, માટે હે મહારાજા ધીરાજો ! પૂર્વેના મહારાજાઓ જેમ વિદ્યાને ઉત્તેજન આપતા હતા, તે મુજબ તમોને પણ લેખકની વિનંતી છે કે તમો પણ તેમનાં શુભ પગલાં ગ્રહણ કરી તેમની પદ્ધતીને અનુસરો. અને તમારા રાજ્યોમાં વિદ્યાની વૃદ્ધીનાં અનુકુળ સંજોગો આણી નાંખો. કેટલાક પંડીતો ગામરીઆ ભટ બની કથા કરે છે તેઓ પોતાની પંડીતાઇનો દુરઉપયોગ કરતાં અટકશે અને દરબારમાં પોતાનું પોષણ થવાથી પોતાની મનોવૃત્તિને પણ ઘણે અંશે સાધ્ય કરવા સમર્થવાન થશે. એટલુંજ નહીં પણ આપણી માતૃભાષાનો પુનરોદ્ધાર થશે અને તેનો પ્રચાર

થવાથી તે ભાષામાં લખાએલાં સનાતન પુસ્તકોનો લાભ લેવા પ્રજા ભાગ્યશાળી નીવડશે, કે જેથી પોતાનો ઉદ્ધાર કરવા પ્રજા શક્તિવાન થશે. એટલુંજ નહીં પણ સંસાર તરી જશે; જેનું પુણ્ય એવા હિતેચ્છુ મહારાજાઓને લાગશે. માટે રાજા ધીરાજાઓને આ લેખકની નમ્ર વિનંતી છે કે સંસ્કૃત ભણેલા વિદ્વાનોને માન આપો. તેઓને ભ્રષ્ટ થતા અટકાવો, પ્રજામાં સંસ્કૃત ભાષાનો ફેલાવો કરો. પ્રજા પાસેથી મળેલા ધનનો તેમાં ઘણો ઉપયોગ કરો કે દ્રવ્ય વ્યય સન્માર્ગે થયલો લેખાશે, ને તમને પણ હજારોગણું પુણ્ય લાગશે. એવા પરમાર્થ કરવાથી તમો બીજા ભવમાં પણ આ જન્મનાં કરતાં અધિક સુખી થશો વળી તમો પણ સંસ્કૃત પર લક્ષ આપી તમારા ધર્મનાં પુસ્તકોનું મનન કરો કે તમો પણ રાજા જનકની માફક જીવન મુક્ત દશા મેળવી મોક્ષ મેળવી શકશો." અરે વળી આડા ચાલ્યા, ચાલો મૂળ વિષય સંભાળીએ.

જનક રાજા વિદ્યાનો શોખીન હતો. તેથી તેનાં રાજ્યમાં દૂર પ્રદેશનાં પંડીતો પણ આવતા હતા-તેમાં કોલાટ નામના ઋષી પણ આવેલા હતા. સાત આઠ વરશ સુધી પોતે પુછેલા પ્રશ્નનું કોઇથી નીરાકરણ થયું નહીં. આમાં કોલાટ ઋષી પણ સપડાએલા હતા.

કોલાટ ઋષી જનકપુરીમાં આવ્યા તે પહેલાં એક દીવસ પોતે પોતાને ઘેર સંધ્યામાં બેઠા હતા ને સંધ્યાને અંતે ગીતાના શ્લોક મોટેથી લલકારતા હતા. તે વખત તેમની આ કે જે

પતિવ્રતા હતાં તે પણ તેમની પડખે ઉભેલાં હતાં. તેનાં પેટમાં સાત કે આઠ માસનો ગર્ભ હતો. ને પેટમાનું બાળક શ્લોક સાંભળી બોલ્યું કે "પિતાજી! તમે અશુધ્ધ બોલ્યા." આ સાંભળી ઋષીનો તામસી મીજાજ તપી ગયો—હાલનાં જમાનામાં પણ તમે કોઇ પંડીત શાસ્ત્રી કે વેદીઆને મળશો ને જો તમે તેમની સાથે તેમનાં મત વિરૂદ્ધ વાદવિવાદ ચલાવશો તો તેમને એવો તો તામસ આવી જશે કે જુઓ પછી તમાશો! અરે પંડીતો માંહોમાંહે વાદવિવાદના સપાટામાં લડાલડી કરી મુકે છે, ને બાથમ બાથ પડી ચોટલા પકડી ઉપર તળે થાય છે—તેવાજ સ્વભાવનાં કોલાટ રૂષી પણ હતા. ક્રોધ મુકયા શીવાય સંસાર શી રીતે તરાય? હવે આ વીષય ક્રોધનો નથી ક્રોધની વાત પડતી મૂકો. પણ એવા ક્રોધી કોલાટ રૂષીને પેલા પેટમાનાં બાળક ઉપર ક્રોધ ઉત્પન્ન થયો ને તેને શ્રાપ આપ્યો કે "તું કોણ મોટો પંડીત થઇ ગયો કે મારામાં ખામી કાઢી? જા, તારા અંગ વાંકાં થજો" ક્રોધી હતા પણ મહા તપવાળા હતા તેથી તે શ્રાપ ફળ્યો ત્યાર પછી તે રૂષી જનકપુરીમાં રાજાના પ્રશ્નનો ઉત્તર આપવામાં રોકાયા ઋષીને ઘેર ઋષી પત્નિને પુરા નવ માસે છોકરો અવતર્યો—મહાત્માનો જન્મ થયો, પરંતુ શ્રાપને લીધે તેના અંગ વાંકા ચુકાં રહયાં તે બાળ પુર્વેનો મહાન સંસ્કારી હતો. કહેવત છે કે પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય. આણે તો વળી પેટમાંજ રહી પોતાના પીતાની ભુલ કાઢી તેની તે કેટલી શકતી! પછી તે પુર્વેના સંસ્કારી મહાત્માને આઠ વરસ પુરાં થતાં તેનાં હાડ વાંકા વળેલાં હોવાથી તેના પીતામહે તેનું નામ અષ્ટવક્ર મુની રાખ્યું

એક દીવસ હાથમાં લાકડી પકડી આસન સામુખી લઇ સંધ્યા કરવા બીજા રૂષી કુમારો જોડે તે સંધ્યા કરવા જતા હતા—જે ગામમાં નદી હોય ત્યાં બ્રાહ્મણ વીગેરે રૂષી કુમારો સઘળા નદી કીનારેજ સંધ્યા કરે છે હાલ પણ નર્મદા તાપી વીગેરે મોટી નદીનાં કિનારે બ્રાહ્મણોની થોકબંધ વસ્તી દેખાય છે. પણ હવે જમાનો પલટાયો એટલે કુથલી કરવાની મુકીને કોણ નદી કીનારે જઇ સંધ્યા કરવાની તસ્દી લે ? અરે એમાં બાળકોનો દોષ નથી પણ પહેલો દરજ્જે તેમની માતાનો, અને બીજે તેમનાં પિતાનો દોષ હોય છે હાલનાં જમાનાની ઘણી સ્ત્રીઓ પતિવ્રત એટલે શું તે પણ પુરેપુરૂં સમજતી નથી બાગબગીચે ફરવાની હમેશ બુજ હોય, ને કતીઆને તો ઘરેણાં ગાંઠા રેશમની તથા કસબી સાડીઓ વીગેરે જોઇતી હોય, પેલા બીચારાથી ટુંક પગારને લીધે બધે પહોંચી નહીં વળાય ત્યારે ઘર જેવા જેવું કરી મુકે છે બસ્સીને બિચારાને કંટાળો આપે છે ! વખતે કોઇ ખરાબ ભી ગાળ પણ દેવાને ચુકતા નથી. અને તેનાં સામે અનઘડ પતિઓનાં જવાબ પણ એવાજ પ્રકારનાં હોય છે જેથી કરીને એવા ઘણી આવી ખ્યાલમાં કાંઇ પણ કામ નિશ્ચિંતપણે કરી શકતા નથી તો પછી ત્રીકાળ સંધ્યા કેવા ! તેને તો નમસ્કાર કરી મુકે છે અષ્ટવક્ર મુનીનાં જન્મ વખતનો જમાનો એવો નહીં હતો. તે વખતની સ્ત્રીઓ સુશીલ હતી. અને ધર્મશાસ્ત્ર હાલત પ્રમાણે વર્તન રાખતી હતી. કોઇ વખતે અપવાદ પણ કરતા, પરંતુ પોતાનું પતિવ્રત છોડતા નહીં. તે સ્ત્રીઓ પોતાના બાળકોને નાનપણથીજ સારા સંસ્કાર પાડતા હતી. પછી એવાં બાળકો સારાં નીકળે

એમાં શું નવાઈ !—ઋતુધ્વજ રાજાની રાણીનો વૃતાંત તો તમારા જાણવામાં હશે. મદાલસાને ત્રણ દીકરા હતા; મોટો સુબાહુ અને નાનો અલર્ક મોટા અને વચલા બાળકને તેની માતાએ વૈરાગ્યનું જ્ઞાન આપ્યું હતું જેથી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો હતો તેથી તેઓ રાજ્યની ઇચ્છા છોડી દઈ પોતાનો વખત જીંદગાનો સદુપયોગ કરવામાં ગાળતાં જેથી તેઓ પોતાનું સાર્થક કરી શક્યા. અલર્કને રાજ્ય પ્રકરણ અને જ્ઞાન માર્ગ બંનેનો ઉપદેશ આપ્યો હતો. રાજ્ય પ્રકરણને લીધે મોહમાં ફસાયો હતો. પણ આખરે તેનાં મોટાભાઈ સુબાહુના જાણવામાં એ વાત આવી ત્યારે તેમણે યુક્તિ કરી એને મોહ જાળમાંથી છોડયો હતો. ત્યારે હવે વિચાર કરો કે મદાલસા સ્ત્રી હતી કે બીજી કોઈ ? જુઓ તેણે રાજ પ્રકરણ અને જ્ઞાન માર્ગ બંનેમાં પોતાના બાળકોને સુસંસ્કાર પાડી પાવરધાં કર્યાં. માટે બ્હેનો ! સતી સીતા, મંદોદરી, અહલ્યા, તારા, અનસુયા, મદાલસા, દ્રોપદી વગેરે સતિ સ્ત્રીઓનાં જીવન ચરીત્ર વાંચો, અને પતિવ્રત ધર્મ પાળો, સતિઓનાં આચરણ ગ્રહણ કરો. પછી જુઓ તમારા સંતાન સારાં નીકળે છે કે નહીં ? તેઓ પોતાનો ધર્મ બરાબર પાળશે, અને સંધ્યા વંદન કરી જીવન મુક્ત થઈ મોક્ષ મેળવી શકશે—અષ્ટાવક્ર મુની પણ તેવી પતિવ્રત સ્ત્રીને પેટે જન્મ્યા હતા નદી કીનારે સંધ્યાવંદન કરવા જતા હતા. એક વખત બીજા બ્રાહ્મણનાં છોકરાઓ તેમનાં હાડ વાંકા જોઈ તેમની ચેષ્ટા કરવા લાગ્યા એટલુંજ નહીં પણ તેમનાં હાથમાંથી ગૌમુખી તથા આસન ઝુંટવી લીધાં અને તેમને કહેવા લાગ્યા કે "તું તો નબાપો છે." એટલામાં એક કોઈ રૂષી ત્યાં થઈ

જતો હતો તેણે છોકરાને ધમકાવીને કહ્યું કે "શું તમે એના દાદાને ઓળખતા નથી ? તમને મારશે માટે એનાં આસન અને ગૌમુખી પાછાં આપી દો" આથી સઘળાંએ તેની ચીજ પાછી તેને આપી દીધી. અષ્ટાવક્ર મુનીને લાગ્યું કે "મારો બાપ કોણ હશે ?" સંધ્યા કરી ઘેર જઈ પોતાની માતાને પૂછવા લાગ્યો કે "માતા મારા બાપ ક્યાં છે ?" માએ બનેલી સઘળી હકીકત કહી બતાવી અને તેનો બાપ જનકપુરીમાં પ્રશ્નનો ઉત્તર નહી અપાયાથી રોકાયલો છે એવું કહ્યું. મુની કુમાર વિચાર કરીને બોલ્યા કે "માજી એ પ્રશ્નનો ઉત્તર તો સહેલો છે, હું ત્યાં જઇ એનો નીકાલ કરીશ માટે મને જવાની રજા આપો." પતિવ્રતા સ્ત્રીઓને તો ગમે તેવું વાંકુંચુકું બાળ હોય પણ તેમને તો તે પ્યારૂં લાગે છે. હાલની કેટલીક કુલટાઓને એવા બાળ જન્મે કે પછી રાતને દહાડો ફીકરમાંજ રહે છે. છોકરી હોય તો તેને કોણ પરણશે તેની શી ગતી થશે વીગેરે વિચારોમાં ગુંચાય છે, છોકરો હોય તો પણ તેને કોણ પરણશે એવા વિચારો આવ્યા કરે છે. છોકરાં જન્મ્યા ત્યારથી પરણાવવાની વાત. હવે ક્યાં ધર્મ રહ્યો છે ? કેટલાક ઉત્તમકુળ-બ્રાહ્મણમાં જન્મ ધરી કન્યાઓને ઉછેરી તેના નાણાં ઉપજાવે છે, વળી કેટલાક છોકરીવાળા પાસે વાંકડો કહો કે કેસર પહેણુ તે લે છે અને કેટલાક એવા પૈસાની લાલચથી પેટ પુરતી કમાણી નહીં હોય છતાં, એક ઉપરાંત બીજી કન્યા પરણી લાવે છે. આ બંને વર્ગ ધર્મથી ભ્રષ્ટ થયા છે. તેમની હાલત તે ક્યાંથી સુધરે ? ધર્મ ચુકયા કે સો હાથનાં ખાડામાં પડયા. એક વખત એવું બન્યુ કે એક જગ્યાએ કન્યાવિક્રય કરનાર

બ્રાહ્મણનું મુડદું નદી કીનારે બળ્યું હતું, ત્યાં એક ચંડાલ સ્ત્રી રોટલા ખાવા બેઠી, પણ જ્યારે તેનાં જાણવામાં આવ્યું કે તે જગ્યાએ કન્યા વીક્રય કરનારને અગ્નીદાહ કરવામાં આવ્યો છે, ત્યારે તેણે રોટલા નાંખી દીધા અને નદીમાં નાહી ને શુદ્ધ થઇ. અરે 'હે ભુદેવો તમે શાસ્ત્રનું અધ્યયન કર્યું, તેના વાદાવાદ કર્યા ને ઉલટ કન્યા વીક્રય કરી ભ્રષ્ટ થયા! અરે બ્રાહ્મણમાં એ રહ્યા નહીં અને શુદ્રમાં પણ નહીં. પેલી ચંડાલ સ્ત્રી કે જે શુદ્ર જાતીમાં ગણાય તેને જ્યારે તમારા જેવા પર તીરસ્કાર છુટ્યો ત્યારે પછી તમે શુદ્ર પણ કેમ ગણીને કહેવાઓ? તમારે માટે ઇશ્વરને ત્યાં ચોખ્ખો ન્યાયજ છે. અને મને તો લાગે છે કે નર્કનાં કુંડ શીવાય બીજી જગ્યાને માટે તમો લાયક ઠરશો પણ નહીં. અરે ગાય જેવી ગરીબડી બાળકીઓ જેની ઉમ્મર ફક્ત દશ કે બાર વર્ષની હોય તેનું પૈશાની લાલચે સાઠ વરસનાં બુઢ્ઢા સાથે પાણી ગ્રહણ કરાવવું! હદ થઈ તે બાળાનો સંસાર શી રીતે ચાલશે? બીચારી નાની ઉમ્મરે વિધવા થશે અને પછી જારકર્મ કરતાં શીખશે! અને તમો તેમનાં મા બાપો એ પાપના બોજામાંથી શા રીતે મુક્ત થશો! નહીંજ કોઈ કાળે પણ નહીં. અરે આપણે ક્યાં કુદયા. ખરે બહુ લંબાણ થાય છે. ને તેથી મારા વહાલા બીરાદરોને કંટાળો આવશે માટે મુળ વાત પર આવો. અને હવે ટુંકાણમાં પતાવો, કે જેથી બાઇઓને શ્રમ વેઠવો પડે નહીં. પણ ફીકર નહીં, હું ભુલ્યો. આપણે તો પાંચ પગથીઆંનાં પહેલા ભાગને કુદી ગયા છીએ માટે મારા બીરાદરોને તો ગમ્મત પડશે અને એમાંજ આનંદ થશે, અને બીજા કુથલા કરવાનું પડતું

મુકરી. અષ્ટાવક્ર મુની જવાને તૈયાર થયા. પણ નાનું બાળ તેને એકલા કેમ મોકલાય. તેથી તેની માતાનો જીવ ચાલે નહી, પણ બાળ ક આગળ લાચાર. તેમનાં મામા સાથે તેમને મોકલવામાં આવ્યા. જ્યારે તેઓ થોડાક દીવસ પછી જનકપુરીમાં જઈ પહોંચ્યા ત્યારે રાજાની સવારી નિકળી હતી. તે વખત અષ્ટાવક્રમુની સડકની વચ્ચો વચ્ચ પડાવ નાંખીને બેઠા. સ્વારીનાં ક્રમાનુસાર પહેલા હલકા નોકરો આવી પહોંચ્યા. "ચલવે સાલા રસ્તામાંથી બહાર ખસ." "તોજતો" આવો જવાબ તેઓ સપાઈઓને આપતા પણ પોતાની જગ્યાએથી ખસતા નહોતા. છેવટે વજીર તેમની પાસે ગયા. "આપ કોણ છો ? રસ્તામાં કેમ બેઠા છો ? જવાબ દીધો કે, 'શું તારી આંખે આંધળા છો? જનોઇ દેખાતી નથી? ખસવાનું કહે છે પણ મારા અપંગપણા પર વીચાર કરતો નથી ?" આપણે અહંકારાની વાત કહી ગયા તેવાજ વજીર હતા. તેમને વજીરાતનો મદ ચઢેલો હતો. પણ જીવન મુક્ત દશાએ પહોંચેલા જનક રાજા પાસે વજીરાત કરવાની હતી તેથી તેના તેજ આગળ તેનો વજીરાતનો મદ પ્રદીપ્ત થવા પામ્યો નહોતો. તેથી તે વખતે મનમાંને મનમાં ગુસ્સે થઇ શાન્ત થયો. અને બનેલી હકીકત રાજા જનકને નિવેદન કરી. જનક પોતે પાલખીમાંથી ઉતરી, પગે ચાલી તેમની પાસે ગયા ને લાંબા થઇ સુઇને પગે લાગ્યા "મહારાજ પોતે ક્યાંથી પધારો છો? શા માટે અત્રે પધારવું થયું છે? રસ્તામાં બેસવાનું પ્રયોજન શું છે? આપને અડચણ પડતી હશે માટે પાલખીમાં બીરાજો." અહો જેણે ભક્તિમાર્ગ લીધો છે તેનામાં વિવેકની ખામી હોતીજ નથી. ક્યાં આઠ વરસનું બાળક સુકા

અંગવાળુ બાળક અને ક્યાં જનક રાજા. લાળિ થઈને પગે લાગ્યો. અષ્ટાવક્રે જનકને ઓળખ્યો, ને કહ્યું "તમારા પ્રશ્નનો જવાબ દેવા આવ્યો છું." માહારાજાને બહુ આનંદ થયો. ઋષીને પાલખીમાં બેસાડી લઈ ગયા. એક ભવ્ય મકાનમાં ઉતારો આપ્યો અને તેમનાં મુકામે સઘળી જાતનો બંદોબસ્ત કર્યો. બીજે દીવસે બપોરે દરબાર ભરવાનો ઠરાવ થયો. તમામ પંડીતોને દરબારમાં આવવાને આમંત્રણ મોકલ્યાં. લગભગ ત્રણસોથી ચારસો શાસ્ત્રી પંડીતો કેટલાક વરસથી દરબારનાં સીધાં ખાતા હતા તે પણ સભામાં આવી બીરાજ્યા. બીજે દીવસે સોનાનો સુર્ય ઉગ્યો. અરે આખા નગરમાં ચર્ચા ચાલી કે માત્ર આઠ વરસનો ને દેખાવે કદરૂપો બાળક તથા જેના આઠ પાંસળાં તો વાંકા વળી ગયેલાં એવો બ્રાહ્મણ બાળ આઠ નવ વરસનાં જુના રાજાનાં પ્રશ્નનો ઉત્તર આપવા આવ્યો છે. લોકો તો આશ્ચર્ય ચકિત થઈ માંહો માંહે વાત કરવા લાગ્યા કે આજ લગભગ આઠ નવ વરસ થયાં કોઈ પણ પંડીતોથી જે સવાલનો જવાબ આપી શકાયો નથી તેનો જવાબ આપવા આ બાળ ઉત્સાહી જણાય છે. તેથી સઘળાઓ તેને જોવાને માટે દરબારમાં આવ્યા. પંડીતો અને નગરનાં લોકોથી દરબાર તો ખીચોખીચ ભરાઈ ગયો. રાજા જનક વખતસર આવી પહોંચ્યા. સૌ સૌનાં આસનપર ગોઠવાયા. એટલે ઋષીની પાલખી આવી. રાજા વીગેરે મોટા ગૃહસ્થો દરબારનાં દ્વાર સુધી તેમને સામા લેવા ગયા. માહારાજ તો પાલખીમાંથી ઉતર્યા ને અંગ વાંકાં હોવાને લીધે હાથમાં લાકડી છતાં ગરબડતા ગરબડતાં સભા મંડપમાં દાખલ થયા. ઉમ્મર ઓળંગતા બે ત્રણ ગોથાં ખાધાં જેથી પંડી-

તેને પણ હસવું આવ્યું. બાળ રૂપી બોલ્યા "તમો કેવળ મૂર્ખ દેખાઓ છો. શું મારા હાડકાં પ્રશ્નનો ખુલાસો કરવાનાં છે કે તમને હસવું આવ્યું!" પછી તેમને મોટા આસન પર બેસાડી રાજાએ તેમનું પૂજન કર્યું અને પછી પૂછ્યું કે "આ ખરૂં કે તે ખરૂં." બાળરૂપીએ કહ્યું કે તમને સ્વપ્ન આવ્યું હતું, તેમાં તમને રાજ્ય ગાદીપરથી ઉઠાડી મૂક્યા, હદપાર કર્યાં, તમને ત્યાં ક્ષુધા લાગી, તેથી ખીચડી મુકી. જ્યાં ખીચડી તૈયાર થઇ કે આખલો આવ્યો ને હાંડીનાં ભાગીને ચુરેચુરા કર્યાં. તે વખતે તમો જાગી ઉઠ્યા અને જાગ્રત થયા પછી તમે તો પોતાની ઇંદ્ર ભુવનનાં પલંગપર પોતાને પોઢેલા જોયા. એ બન્ને વાત ખરી. નીદ્રાનું સ્વપ્ન અલ્પ વખતને માટે છે. તેવુંજ આ સંસારનું સ્વપ્ન કાંઇક વિશેષ વખતનું છે." ભાઇઓ આ ઉપરથી તમો સમજ્યા તો હશો કે આ સંસાર સ્વપ્નવત છે. અરે પ્રલય થાય છે તો એક પળમાં થાય છે. તમે ધરતીકંપોની વાત નથી સાંભળી? હાલપણ ઘણે ઠેકાણે ધરતીકંપોની થયાની ખબરો આવ્યા કરે છે. આ ક્ષણીક દેહનો ભરોસો નથી. આ સ્વપ્નવત સંસારનો પણ ભરોશો નથી એતો માત્ર સ્વપ્નની માફક ક્ષણીક છે.

અરે તમોએ મૃગજળતો જોએ હશે. નહીં જોયો હોય તો દરીઆ કીનારે ખાર વાળી જમીનમાં અગર કોઇ મેદાનમાં બપોરનાં વખતે જવાને જરા તસ્દી લેજો. અને બારિક નજર કરીને જોશો તો તમને આબેહૂબ પાણી હોય એવું દેખાશે. વળી પાસેનાં ઝાડનાં પણ અંદર પડછાયા પડેલા માલુમ પડશે. એટલે

માણી રૂબધી શક પણ રહેશે નહી. વળી કેટલાક અજાણ્યા માણસ મેદાનમાં ચાલી ચાલીને તરસ્યા થાય અને એવું મૃગજળ તેના જેવામાં આવે તો તે તરફ પાણી જાણી તરસ છીપાવવાના હેતુથી દોડયા પણ જાય છે. પણ જેમ જેમ તેઓ જાય તેમ તેમ તે પાણી તો છેટે ને છેટે જતું દેખાશે પણ એ પાણીનો આભાસ છે એવું તો ભાન થતાં તેમને વાર લાગે છે. તે મૃગજળ જેવો આ સંસાર છે અને તેના વિષયોમાં માણસોની વૃતિઓ દોરાઇ જવાથી અજ્ઞાન મનુષ્યો ઘસડાયા કરે છે. અને ભ્રમીત વિષયોમાં લપટાતા જાય છે તેમ તેમ તેઓ તેમને વધારે ઘેરે છે જેવા હાલ મૃગજળને ખરૂં પાણી જાણી દોડનારનાં થાય છે તેવાજ હાલ વિષયોમાં લપટાઇ તેમાં ખરૂં સુખ માનનારાનાં થાય છે. આ જગતમાં જે વસ્તુ દૃશ્ય છે તે માત્ર ભ્રમણા છે બીજું કાંઈ નથી. અને ભ્રમણા આપણા મનપર ચોંટી છે, તેમાંથી દૂર થવાનું આપણું કામ છે. આ દાખલા પરથી નાસ્તિક ભ્રમણા રૂપી આ સંસાર પરથી તમારી આશક્તિ ઉઠી જશે અને આશક્તિ ઉઠી એટલે પછી બાકી શું ! અરે વૈરાગ્ય આવીને ઉભો રહેશે. વૈરાગ્ય આવ્યો કે પછી જુઓ કે જે પરમાત્માને મેળવવાને લાંબા કાળ થયાં આપણે ભગીરથ પ્રયત્ન કરીએ છીએ તે સફળ થાય છે કે નહીં. જરૂર આપણે પરમાત્માને મેળવીશું. એક વખત તમે સંસારના વીષયમાં લપટાયા તો તમારી ક્ષુધા વધતી જશે અને જેમ અગ્નીમાં ઘૃત હોમીએ છીએ અને તેનાથી અગ્ની જેમ પ્રદીપ્ત થાય છે અને પછી તો મોટો ભડકો થાય છે તેવાજ હાલ તમારા થશે. માટે આ સ્વપ્નવત અને મૃગજળ જેવા

ભ્રમણારૂપી સંસારમાંથી વિરક્ત થવા પ્રયાસ માંડ઼ે. એ સંસારની ભ્રમણામાંથી દૂર થવાનેજ આપણે આપણા કર્તા હર્તાને ભજવાનું છે. કારણકે તેને ભગવદ્ગીતાએ તથા વેદ નીરંજન નિરાકાર માન્યો છે, અને તેજ અમર અજરામર. બાકીનું સઘળું નાશવંત છે, બાજીગરનાં ખેલ જેવું છે. બાજીગરના તમાસા જોયા તો હશે કે એક પળમાં કેરીનાં ગોટલાનો આંબો બનાવે છે પછી તે આંબાપર કેરી લાગે છે. આ સઘળું પાંચ મીનીટમાં થાય છે. ખુબ હાથમાં આપી તેનો રૂપીઓ બનાવે છે વળી તેને ઉડાવી મેલે છે એ સઘળો હાથ ચાલાકીનો ખેલ છે. તેવોજ આ જગતનો ખેલ છે. અરે વળી ક્યાં દોડ્યા. જે પ્રભુ નિરંજન નીરાકાર છે તેજ આપણો ઉદ્ધાર કરનાર છે, આપણે તે માયાળુ પરમાત્મામાં દૃઢ શ્રદ્ધા રાખી એક તાર થઇ રાત ને દીવસ તેનાં કાલાવાલા કરવાનાં છે. આ પગથીઆંમાં છેવટનાં ભાગમાં તેવાં પ્રાર્થનો દાખલ કરવામાં આવ્યાં છે તેને તમે પ્રેમ સાથે એકતાર બની જઇ લલકારજો. પછી જોજો અમ્મત—પરમાત્મામાં તમે લીન થઇ જશો, ભ્રમણા મટી જશે, વાસનાઓ શાન્ત પડી જશે, અંતઃકરણ નિર્મળ અને સફેદ બરફ જેવું બની જશે. એટલુંજ નહીં પણ ભગવાનને મળવાની મહીનાં પાયા ચણાઇ જશે. અને જુઓ પગથીઆમાં પહોંચ્યા કે મહા તૈયાર: ભગવાન આવીને બિરાજશે. અહો ભાગ્ય દેવી! ક્યાં હતા અને ક્યાં આવી પહોંચ્યા! એ સૌ પરમાત્માનો રસ્તો પકડ્યો તેનાંજ ફળ.

ભાઇઓ રાત ને દહાડો પ્રેમ ભક્તિની ધુન મચાવો. હવે પ્રભુદ્વાર દૂર નથી. અરે પેલાં ભવ્ય મંદીરો સોનાનાં કળશ વાળાં

દેખાય છે. અરે દુંદુભીનાં નાદ સંભળાય છે. અરે સુવર્ણમય પ્રદેશનો આભાસ થાય છે. હવે બહુ દૂર નથી. ઓ ભગવાન તું તો દીનનો બેલી છે, હવે જરૂર તારાં દર્શન થશે. અરે ભગવાનને મળવાના એક તાનમાં ભુખ નિદ્રા તથા તરસ તો કોણ જાણે ક્યાં ઉડી ગયાં. ઉડી જાય એમાં નવાઇ નથી. એ ભગવાનનાં તેજનો પ્રભાવજ એવો છે. જેઓ પ્રેમ ભક્તિમાં દાખલ થયા છે તેમને એ અમુલ્ય લાભ જરૂર મળશે. ભાઇઓ પગથીઆંની ઝમાવટ ચૂકશો નહીં. ઇઠ પગથીઆથી આગળ ચઢયા જજો. સામેજ નજર રાખજો. આજુ બાજુ દ્રષ્ટીને જવા દેશો નહીં. હવે તમો થાકી ગયા હશો પણ ફીકર કરશો નહીં. આપણે પરમાત્માની નગરીનાં અંદરે આવી લાગ્યા છીએ. આપણે સઘળા નામચારો કે જેનાં આજ સુધી નામજ સાંભળવાં આવ્યાં છે ને જેની માત્ર શણગારેલી મૂર્તીઓ જોઇ છે તે પરમાત્માનાં સાક્ષાત દર્શન થશે. અરે હવે દૂર નથી, દેશાટણ કરવાની પણ જરૂર નથી.

ઘણા માણસો કાશી જગન્નાથ ગોદાવરી વીગેરે સ્થળે જાય છે અને આવ્યા પછી તડાકા મારે છે કે હમોએ તો માહાયાત્રા કરી. અરે આ નાશવંત સંસારમાં માત્ર મોટામાં ગણાવવાને તથા પોતાને પૈસાદાર લેખાવવાને એ તો સઘળા આડંબર છે. જાત્રા કરવાનો હેતુ તો જુદોજ છે. જેમ નર્મદાજીની પ્રદક્ષણા ઘણા માણસોએ કરી છે તેમાં કેટલાક યોગીઓ પણ આવી ગયા હશે. તેવીજ રીતે કાશી પણ ગંગા કીનારે છે એટલે ત્યાં પણ કેટલાક યોગીઓ ગયા હશે; એવા મહાત્માનાં ત્યાં પગલાં ફરી જવાથી

ત્યાંનાં રજકણો અને પરમાણુઓ પવિત્ર થયેલાં તેથી ત્યાં ફરવાથી આપણા પરમાણુઓ સુધરે એ ખરો હેતુ છે. એ બાબત એક વાર્તા નીચે આપી તે ધ્યાન દઇને વાંચી જજો.

એક વખત શ્રી શંકર પરમાત્મા પાર્વતિ માતા સાથે વિમાનમાં બેશી અંતરીક્ષ ફરવા નીકળ્યા હતા. એવામાં એક અરણ્ય આવ્યું ત્યારે શંકર પરમાત્માએ પોતાના ગણુને વિમાન નીચે ઉતારવા આજ્ઞા કરી. અને તે પ્રમાણે વિમાન નીચે ઉતાર્યું. ત્યારે શંકર અંદરથી નીકળી ત્યાં જમીનપર પડી ધુળમાં આળોટવા લાગ્યા. પાર્વતી માતા કહેવા લાગ્યાં કે "વળી આ શો ઢોંગ." શંકર મહાત્મા બોલ્યા કે "આ જગ્યાએ એક હજાર વરસ ઉપર મહાત્મા થઇ ગયા છે, તેનાં રહેવાથી આ જગ્યાનાં પરમાણુંઓ સુધરી ગયાં છે, અને એ જગ્યા મને બહુ વહાલી લાગે છે તેથી અત્રે આળોટું છું, કે જેથી હું પણ પવિત્ર થઇ જાઉં." પછી પાછા વિમાનમાં બેશી હજારો ગાઉ દુર ગયા ત્યારે પાછી ગણુને વિમાન નીચે ઉતારવા આજ્ઞા કરી. વિમાનમાંથી ત્યાં પણ નીકળીને પાછા ધુળમાં આળોટવા લાગ્યા પાર્વતિ માતાએ પુછ્યું "વળી અહીં શું?" જવાબ દીધો કે "અત્રે એક હજાર વરસ પછી એક મહાત્મા બેસવાનાં છે તેના પુન્યથી આ જગ્યાનાં પરમાણુંઓ આજથી સુધરવા માંડયાં છે, તેથી આ જગ્યાએ હું આળોટું છું." ભાઇઓ સમજ્યા કે યોગીઓ જેઓ ભગવાનનાં ભક્ત છે તેને માટે પરમાત્માને કેટલી કાળજી છે કે હજુ મહાત્મા તો હજાર વરસ પછી

મેળવવાનાં છે તે પહેલાં તેમની જગ્યાએ ઇશ્વર પરમાત્મા આળોટયા જેથી ત્યાંનાં પરમાણુઓ શુદ્ધ થયાં.

પહેલા દાખલા પ્રમાણે જે પરમાણું મહાત્માનાં તપ કરવાથી સુધર્યાં હતાં તેવીજ રીતે યાત્રામાં મહાત્માઓનાં જવા આવવાથી પરમાણુઓ સુધરેલાં હોય છે. વળી ત્યાં મેળાવડામાં કોઇ મહાત્મા આવી ચઢેલા હોય તેમનાં દર્શનને માટે ભકત લોકો ઘણી વખત જાય છે. પણ ઘણા ખરા કે જેઓ પગથીઆં બહારના છે તેઓ તો ખાલી મોટાઇનાં બણુગાં ફુકવા તથા ન્યાત જાતમાં આબરૂ મેળવવાને માટેજ જાય છે. વળી કેટલાક જાત્રા- માંથી લોટા, ટાટ, વાડકા વીગેરે ત્રાંબા પીત્તળનાં પાત્ર લાવી ન્યાતમાં લ્હાણું કરે છે, કે જેથી ભાઇ જાત્રાએ ગયા હતા તે બધા જાણે. આતો નકામું, એમાં કાંઇ માલ નથી. અરે ભગ વાનનું મંદીર તો આપણા હૃદયમાંજ છે. દુર્ગુણો મુકી દઇ સત્વ ગુણ ધારણ કરો, આશક્તિ છોડી દો, અને વૈરાગ્ય ધારણ કરો, પછી જુઓ કે તમને આપણા ઘનશ્યામ પ્રભુનાં દર્શન થાય છે કે નહીં ? જરૂર થશે. અને તે પ્રેમભકિતથી કાલાવાલા કરવાથીજ થશે. સઘળું આપણા હૃદયમાંજ છે. માટે આપણે કહી ગયા તેમ સઘળા દુર્ગુણો, આશક્તિ, વાસના વીગેરે તજી દઇ પરમાત્માને મેળવવાને એક ચીતે કાલાવાલા કરવા માંડો કે જીવનમુકત દશાનાં દ્વારમાં જલદીથી દાખલ થઇએ.

પગથીઉં પાંચમું.

ભાગ બીજો.

ભજનો.

કીર્તન ૧ લું રાગ ગજલનો.

કવાલી.

પ્રભુ મારા પ્રાણથી વાહાલા,
જપું તારા નામની માળા. પ્રભુ.

સંસારનું સુખનો એવું,
સ્વપ્નનાં બાચકા જેવું. પ્રભુ.

પ્રભુ તું રાખ તારા પક્ષે,
કદાપી કાળ નહીં ભક્ષે. પ્રભુ.

પુનર્પિ જન્મ નહીં પામું,
જે તાહારાં ચર્ણને સેવું. પ્રભુ.

હૃદયમાં ભક્તિની ચટકી,
કટારી પ્રેમની લટકી. પ્રભુ.

છોડયો સંસારનો લાહાવો,
સેવું નહીં નર્કનો ખાડો. પ્રભુ.
દાસપર હાથ હોય તારો,
ફરી ન આવે જન્મનો વારો. પ્રભુ.

કીર્તન ૨ જું રાગ ગીતિનો.

પ્રભુ ગહન ગતિ છે ન્યારી,
જગ તારવાનું કાર્ય છે ભારી;
મુજપર કૃપા હોય જો તારી,
તરી પાર ઉતરૂં હું વારી. પ્રભુ.

પ્રભુ સેવું જો તાહરાં ચર્ણ,
કદી ન આવે જન્મને મર્ણ;
પ્રભુ તાહારી પાંખતો ઝાલી,
આ અવસર જાય નહીં ખાલી. પ્રભુ.

હૃદયમાં લાગી તારી ચટકી,
ક્યાં જાય અંતરથી છટકી;
છોડું નહીં હવે હું તુજને,
રાખ હૃદય તારામાં મુજને. પ્રભુ.

અંતરમાં રમણુ છે તારૂં,
કદી મન પાછું નહીં વારૂં;
કર દાસની મુક્ત તું ફેરી,
ફરી ન આવે જન્મની વારી. પ્રભુ.

કીર્તન ૩ જું. રાગ ગજલનો.

પ્રભુ તું લાજ રાખ મારી,
ગુમાવ્યું આજ સુધી ભારી;

જોયો સંસારનો ઝગડો,
તેમાં નહીં મુજને રગડો. પ્રભુ.

પરમાત્મા પ્રીત તો જોડો,
અંતરથી નહીં કદી છોડો;
હૃદયની ઉર્મી તો જાગી,
હવે ક્યાં જાયછે ભાગી. પ્રભુ.

પ્રભુ સાથ પ્રીત તો જોડી,
હવે નહીં નાંખ તું તોડી;
પ્રભુ તારા પ્રેમમાં ડૂબ્યો,
સંસારનો રંગતો ભૂલ્યો. પ્રભુ.

સેવું દીન દયાળનું ચર્ણ,
છોડું નહીં પ્રાણ તારૂં શર્ણ;
દાસપર પ્રેમ તો ઝાઝ્યો,
હવે કદી જાય નહીં વાર્યો. પ્રભુ.

કીર્તન ૪ થું રાગ માહાડ.

કેમ રીસાયા રસીયાજી માહારા,
માનો માહારા પ્રાણ કેમ.

દર્શન આપો પ્રભુ દયા કરીને
તુટે હૃદયનાં પાહાણુ;

વચન આપો વાહાલા હેતે કરીને,
પ્રેમનાં વરસાવો બાણુ. માનો.

કસુર દાસની મનમાં નહીં લાવો,
રહ્યું આજ સુધી અજાણું;
અમૃત તારા પ્રેમ રસનું પીધું,
કેમ સેવે નરકની ખાણુ. માનો.

નહીં રીબાવો મારા કૃષ્ણજી વહાલા,
નીકળ્યો વખતનો વાણુ;
કંઠ સુકત હવે રહી છે પ્યાસ,
દેહનું થાશે હાણુ. માનો.

હૃદયે ચાંપો હરી હેતે કરીને,
તુટે જન્મોની દાણુ;
દાસ તાહારાની સેવા સ્વીકારો,
કરો આત્માનું કલ્યાણુ માનો.

કીર્તન ૫ મું રાગ પ્રભાત.

રામ રટણુ કરલેરે મનવા
તું રામ રટણુ કરલેરે. રામ
રામ વિના કોઈ કામ નહીં આવે,
છે મીથ્યા આ સંસારરે;
જ્યાં જોઈએ ત્યાં પ્રભુ તારી લીલા,
દેખાય છે અપરંપારરે; રામ.

સ્વપ્નાં તારાં આ જગનગર છે,
કાળનાં મુખમાં સૌ દીસેરે;
અરે મૂઢ તું શા પર મલકાય છે,
ખોલી અંતર કરી જો વિચારરે. રામ.

મોટા મોટા કરોડપતિ જેવા,
હાથી ઝુલતા જેને દરબારરે;
તેવા સમર્થ પણ નાચાર બન્યા છે.
ઝડપી લીધા કાળે મુખમારે. રામ.

દુષ્ટ કર્મ તારાં તજી દૈને વીરા,
ઉતાર ઉપાધીનો ભારરે;
પ્રભુ પરમાત્માનું ભજન કરીલે,
જો ઉતરવું હોય ભવપારરે. રામ.

મોહ માયા ભાર ઉતારો વહાલા,
સેવો પ્રભુને રાખો પ્યારરે;
દાસ કહે પ્રભુની પરમ કૃપાથી,
ઉતરશે બેડા તમારા પારરે.

કીર્તન ૬ ઠું રાગ ગીતિનો.

દીન દયાળ અરજ ધરજે,
દાસપર મહેર શાન્તીની કરજે. દીન.
પરીતાપ સહન હવે નહીં થાયે,
અગનની લોહથી અરે બચાવજે. દીન.

તપી રહ્યો છે સંસારનો બહુ તાપ,
પ્રેમ અમીની ધાર વરસાવજે. દીન.
મૃત્યુ સ્વર્ગ પાતાળમાં નથી સુખ,
દુઃખ રૂપી દરીઆથી તરાવજે. દીન.
છે જગત સ્વપ્નાવત મૃગજળ જેવું,
તેનાં બંધનથી મુક્ત કરાવજે. દીન.
પુનર્પી જન્મ ફરી નહીં પામું.
રેંટમાળની જુસરીથી છોડાવજે. દીન.
પ્રભુ તારા પ્રેમમાં બન્યો ગુલતાન,
આ શક્તિ અને અભીમાન તજાવજે. દીન.
શુન્ય સરખું દેખાય સંસારનું સુખ,
વૈરાગ્ય વૃત્તિ ઉર ધરાવજે. દીન.
દાસ કહે આ ભવાટવીનાં ફેરાથી,
છોડાવી પ્રેમ હૃદયમાં સોહાવજે.

કીર્તન-૭ મું

રાગ-આશાગોડી.

રામ નામ ભજો સબ કોઈ,
લોક લાજ સઘળી ખોઈ, રામ.

રામ રામ જપો મેરે પ્યારા.
મુક્તી મીલાનેકા આવે વારા;
સ્વપ્નાવત સંસારકા ઝગડા,
કાહેકુ વેઠતે મુરખ રગડા. રામ.

જયાં જોઉ‌ં ત્યાં રામને રામ,
રામ વીના ખાલી નહીં ઠામ;
અરે સમજ મુઢ ગમાર જંજાળી,
રામ વીના જગ્યા નહીં ખાલી. રામ.

આકાશ પાતાળ દરીઆ મેદાન,
સઘળે દેખાશે રામ નીશાન;
રૂવે રૂવે ધરાવી દે રામ,
બન જાયગા તુમેરા કામ. રામ.

તનમેં હોયગે પ્રગટ રામ,
તબ મીલેગા દીલમેં આગમ;
દાસ કહે અંતર રખલે હામ,
મીટા દેયંગે ચોર્યાંશી કે ખામ. રામ,

કીર્તન-૮ રાગ-ઠુમરી.

બીગડ્યો ભવ કોન સુધારે,
કહાન બીના કોન સુધારે રે. બીગડયો.

મનુષ્ય પ્રાણી છે અલ્પજ્ઞાની,
વારે વારે ગફલત કરેરે;
કનૈયા તેરી મદદ બીના,
દુખારા કદી નહીં મીટરે. બીગડ્યો.

નીતિ ધર્મ ગ્રહણ કરકે,
કનૈયાસેં ચીત્ત લગાદેરે;

જ્હાન મેરા ખાત ક્યાણુ હે,
કાલાવાલાસેં પાપ ટાળેરે; બીગડયો.

સત્વ ગુણ ધારણ કીયા હે,
કાયકુ ફીકર રખતે રે;
દાસ કહે પ્રભુ ભક્તિ કરકે,
તેજમાં તેજ મીલાં દેગેરે. બીગડયો.

કીર્તન ૯ મું.

રાગ—(ઠુમરી.)

નહીં મન મેરા નહીં તન તેરા,
દો સોંપી પ્રભુને પ્યારારે. નહીં

કાયકુ મુરખ વલખા મારતે,
નહીં હે કુચ તુમેરારે;
વીષય વાસનામાં લપટ રહવે,
નહી ઉતરનેકા આરારે. નહીં,

શા માટે તુમ રંજ ખેંચત હો,
દુનીઆ કા રંગ ન્યારારે;
બડે બડે જ્ઞાની લટક ગયે હે,
તુમહો પતંગ બીચારારે. નહીં,

નીર્મળ હોકે તાલી મીલાવો,
નહીં સેવે નરકકા આરારે;

તન મન ધન સોંપી ધો પ્યારા
મીટેગા કર્મકા ભારારે. નહીં.
પરમાત્માકે સાથ લગની લગાવો,
બની રહો એક તારારે;
દાસકે પ્રભુ મહેર કરેગા,
મીટાવે સબ અંધેરારે. નહીં.

કીર્તન ૧૦ મું.

રાગ—લલીતનો.

દયા નિધી પ્રભુ પ્રેમ તો ધરો,
ત્રિવીધ હૃદયનાં તાપને હરો. દયાનિધી.
આમુઝણ હવે થાય છે ઘણું,
તારી કૃપા વિના શી રીતે હણું;
અંતર વાસના દૂરતો કરો,
નહીં આવે ફરી જન્મનો ચારો. દયાનિધી.
સંસાર સુખતો ઝાંઝવા જેવું,
અલ્પ સુખને નહીં હવે સેવું;
લોને છોડી હવે પ્રેમનો ઝરો,
મીટાવો પ્રભુ ભવાટવીનો ફેરો. દયાનિધી.
જોયા છે અનેક ગર્ભના ખાડા,
રેંટમાં પ્રભુ નહીં હવે જોડો;
અક્ષય સુખતો અર્પણ કરો,
સંકટો સઘળાં દાસનાં હરો. દયાનિધી.

કીર્તન ૧૧ મું.

રાગ કાફી.

સંતો સઘળા સ્નેહી આવોરે.
પ્રભુનાં દર્શન કરીએ. સંતો

પ્રાયશ્ચિત પૂર્વનાં ધોઈએરે,
નિર્મળ હૃદયનાં થઈએ;
અદષ્ટ મેલ કાળાન્તરનારે,
મુક્તિ તેમાંથી મેળવીએ. સંતો.

સુખ સંસારનું તો જોયુંરે,
તેમાં નહીં દીઠું કાંઈએ;
ખાલી ફાંફાં શીદને મારોરે,
ફેરા ફોગટ ગુમાઈએ. સંતો.

ચાલો આત્મબંધુ બાંધવોરે,
મંત્ર વૈરાગનાં લઈએ;
પ્રભુને મળવાને ચાલોરે,
સંતો સૌ લેવા જઈએ. સંતો.

પ્રભુ દર્શન છે દુર્લભરે,
પુર્ણ શ્રદ્ધા રાખી ભજીએ;
દાસનાં પ્રભુને મેળવોરે,
અક્ષય સુખ ભોગવીએ. સંતો.

કીર્તન-૧૨. રાગ-મલ્હાર.

રામ બરસાદો ને પ્રેમ પાની,
દેહ મરભૂમિસે બન રાની. રામ.

ઘેરાયા બાદલ હુઆ અંધેરા,
રહી બારી બાનેકી અબ તની;
પ્રક્ષાલ્યા સબ પૃથ્વીકી કાની,
ખોલે દ્વાર સરકવા જાની. રામ.

આયે ગોતી ઠામ સબ નગરી,
પણ નહીં મીલે ગુરૂ જ્ઞાની;
લગી થાક ઉડા હોસ હમેશા,
દયા નહીં પ્રભુ કૃપ આની. રામ.

જાની એ કર્મ બ્રષ્ટ એધાની,
મીલી આખર ગુમ નીસાની;
ગયે ધર્મ પ્રાચીન સબ ભૂલી,
પાયે દુઃખ થઈ બાત હાની. રામ.

લગની પ્રભુકી સાથ લગાકે,
કરના બંદગી પ્રેમ આની;
દાસકે પ્રભુ હે બાત માલાનુ,
રખલે ગોદમાં ભક્ત જાની. રામ.

કીર્તન-૧૩ (રામગ્રી)

કહો ગુરૂ પ્રભુ ક્યારે આવશે,
મળવા મન બહુ મુંઝાય. કહો.

ચેન પડે નહીં મારા જીવને,
ઘણું બળે છે અંતર લ્હાય;
રહ્યો તળપી મળું ક્યારે નાથને,
કલેશ રહદયનો મીટવાય. કહો.

રાત્ર જુએ પપૈયા જેમ મેઘની,
જીવ દર્શન માટે તલપાય;
દીધાં તજી ઉપાધીનાં પોટલાં,
પ્રોવાયું ચીત્ત પ્રભુજી માંય. કહો.

મુક્યાં છોડી માયા અહંકારને,
પ્રભુ કરોને હવે કૃપાય;
ભુખ તરશ નીંદ્રા દીધાં તજી,
નહીં રેંટમાં ફરી જોડાય. કહો.

ન મળો પ્રભુજીને તમો પ્રાણીઓ,
ભવસાગર કેમ તરાય;
નારા દાસનાં પ્રભુજીને મેળવો,
થશે જરૂર તમને સ્હાય. કહો.

કીર્તન-૧૪ (પરજ)

(વાહારે મા તોડયા વહેલો)

બેડો પ્રભુજી બુડતો તારી,
મુકો સંસાર પાર ઉતારી. બેડો.

માયાવશ બન્યો હું પ્રાણી,
આવરણ ત્યોને નિવારી;
બન્યો હું વીષયમાં ઘેલો,
બચવા કેમ આવશે વારી. બેડો.

પડે પતંગ દીપક જોઈ,
થઈ છે દશા તેહવી મારી;
સત્ બુદ્ધી આપો ને વહાલા,
નાંખો કર્મનાં ભાર વિદારી. બેડો.

જીવ કર્મ તાંતણે બંધાયો,
નથી મળતી છુટવા બારી;
કરી મહેર બંધતો તોડો,
આપો ને દર્શન પ્રેમ ધરી. બેડો.

પકડયો પંજે પ્રભુ તાહારો,
છુટે નહીં હવે આપ ભરી;
દાસનાં પ્રભુને બેઉ પ્રીતે,
ઉરમાં આનંદ બહુ ધરી. બેડો.

કીર્તન—૧૫. રાગ—ધનાશ્રી.

ભાઇઓ સંત સમાગમ કીજે,
પ્રેમે પ્રસાદ ગુરૂનો લીજે. ભાઇઓ.

ગુરૂ વીના કોઈ જ્ઞાન ન પાવે,
વિના ગુરૂ મારગ ન સુઝે. ભાઇઓ.

જ્ઞાન વિનાનો ગુરૂજી નકામો,
જેથી નાદ અંતરે ના વાજે. ભાઇઓ.

કીધાં કર્મો સઘળાં બાળી જેણે,
અહોનીશ પ્રભુજીને ભજે. ભાઇઓ.

જીવન મુક્ત દશામાં જે મહાલે,
એવા ગુરૂએ પ્રભુજી રીઝે. ભાઇઓ.

સનાતન ધર્મનાં ગ્રંથો વાંચો,
બુઝ ગુરૂ પરીક્ષાની ભાજે ભાઇઓ.

એવે ગુરૂથી પ્રભુને મળાશે,
જશે મુકાઈ લોકીક લાજે. ભાઇઓ.

રાત દીવસ ગુલતાન બનીને,
પ્રેમે કીર્તન હરીના ગાજે. ભાઇઓ.

ગુરૂ પ્રતાપે દાસ પ્રભુ પામો,
કરો પ્રાર્થના મળવા કાજે. ભાઇઓ.

કીર્તન ૧૯ મું.

(સીતાજીના મહીનાનો રાગ)

થઇ રોઇ રોઇ રાતી આંખ,
પ્રભુ કેમ ન આવીઆ;
મન આકુળ વ્યાકુળ થાય,
સંદેશો કોન લાવીઆ. થઇ.

ગયા કલ્પો ઘણા વહી વહી,
મંદીર કોના વસાવીઆ;
થયાં ગાત્ર ઢીલાં થાકી લોય,
જો દયાદીલુ પાતળીઆ. થઇ.

બળે અંતરમાં બહુ લ્હાય,
વૈક્ષય કેમ મોકુલીઆ;
મળો પ્રભુ જેથી સુખ થાય,
નહી તો જશે પ્રાણીઆ. થઇ.

તમો દયાનીધી ભગવાન,
પુરણ ઢોંગી જાણીઆ;
નહીં રાખો પ્યારા, ભળભેદ.
છે ભક્તો તારા ભોળાઆ. થઇ.

આવી બેઠા પ્રભુજી પ્રેમથી,
કર્મ ઉપાધી ટાળીઆ;
વેગે દાસને આપો દર્શન,
પડે મ્હેલ સામળીઆ. થઇ.

કીર્તન ૧૭ મું.

(સીતાજીના મહીનાનો રાગ)

પ્રભુ જોઇ જોઇ તારી વાટ;
દર્શન હજુ ન પામીઆ;
મથ્યા કૃષ્ણજી કાળા ક્યાંય,
પત્તો નહીં કોઇ લાવીઆ. પ્રભુ.

મારા પ્રીતમ વ્હાલા કેય,
મુગટ ક્યાં શોભાવીઆ;
નહીં પડે ત્હારા વીના ચ્હેન,
ન મળો કેમ પાતળીઆ. પ્રભુ.

શું નથી સેવ્યા તારાં ચર્ણ
તલ્પાવો શીદ નારણીઆ;
જસ રાખો દયા ઉર માંહે,
જ્યો નહીં ભક્ત ભોળીઆ. પ્રભુ.

હમો ઝીલીએ તારાં તન,
રાખો ખોળે સામળીઆ;
તારા પયનું કરીએ પાન,
જાયે કર્મો જેથી ટાળીઆ. પ્રભુ.

દીધાં બાળી કર્મ અને પાપ,
પ્રેમ ભક્તિમાં મ્હાલીઆ;
નીભાવો દાસને મુખાવીંદ,
રાખો શરણે ગોકુળીઆ, પ્રભુ.

કીર્તન ૧૮ મું.

રાગ-જનજનરે.

તમો પ્રભુ પ્રેમમાં મ્હાલો,
સૌ ક્લેશ અંતરનો ટાળો;
વેષ વૈરાગનો તમો પાળો,
અહોનીશ પ્રભુને સંભાળો. તમો.

છે પ્રભુ કરૂણારસ વાળો,
વિના ભક્તિ પળ નહીં ગાળો;
મનુષ્ય દેહમાં સૌ સમાલો,
વખત ન ગુમાવો વહાલો. તમો.

પીઓ પ્રેમ રસનો પીઆલો,
પાપો વીધયો મનથી ખાલો;
કૃષ્ણને હૃદયે રાખી નિહાળો,
પુરે કોડ તાહારા છબીલો. તમો.

ધુર્ત ન મળે એવો એ કાલો,
ફરે ગાયોમાં બની ગોવાલો;
અજ્ઞાની ધારે કપટ વાળો,
તેનાં ઢોંગ જોઈ નહીં ભુલો. તમો.

કરી ભક્તિ કર્મો તમો બાળો,
કર્મ રહીત બનીને આળો;
દાસનો પ્રભુ છે દયા વાળો,
લેશે ગોદમાં બની ઘેહેલો. તમો.

કીર્તન-૧૯ (ઠુમરી.)

પીયારા દેદાર દેખલા જારે,
પ્રેમ પાની પ્રભુ પીલાજારે. પીયારા.
પરીતાપ સહન નહીં હોતે,
ધાર અમીની બરસા જારે;
નહીં હે હમ બેઇમાની બારે,
હમસેં દૂર તું મત જારે. પીયારા.
મ્હેન પક્ત નહીં હે મુજકું.
બચન હમકુ દેતા જારે;
કભી નહીં બીસરે દીલો જાન,
મુખરા તુમ બતલા જારે. પીયારા.
છોડ દી અમીરી લીઆ ફકીરી,
પ્યારા પાવીંદ મીલતા જારે;
કીઆ નીસદીન બંદગી તુમેરી,
હમસે છુટા ન પડજારે. પીયારા.
ગુલામ હય હમતો તુમેરા,
પંજા આપ મત છોડ જારે;
તેરે દાસકુ મત તલપાના,
દરીઆ તોફાની તરાજારે. પીયારા.

કીર્તન-૨૦ ગરબી.

વ્હેલા પધારો માહારાજ
પ્રભુ તમો વહેલા પધારો. પ્રભુ

રાત દીવસ જોઇ વાતડી,
તોએ નહીં મળી તારી ભાળ;
જપું માળા નીત તારા નામની,
પણ ન આવ્યો તમને ખ્યાલ. પ્રભુ.
દુર્ગુણો સઘળા દીધા તજી,
દીધો મુકી સઘળો સંસાર;
સતગુણો સૌ દાખલ થયા,
કેમ લગાડો છો હવે વાર. પ્રભુ.
ભુખ તરસ સૌ દીધાં ટાળી,
તજી નીદ્રા મુક્યો અહાર;
કરી પરવા નહીં દીનની,
કેમ ઉતરશે બેડો પાર. પ્રભુ.
હોય ખામી જો કાંઇ દાસની,
સુચવો દીનાનાથ દયાળ;
છોડું નહીં હવે હું તુજને,
જેમ ન છોડે માતાને બાળ. પ્રભુ.

કીર્તન-૨૧ ગરબી.

મોહોલે પધારો મોહારાજ,
પ્રભુ તમો મોહોલે પધારો. મોહોલે.
છો કારણવાદી પ્રભુ તમો,
નથી અજાણ્યું ઘર દ્વાર;
શા માટે ભેદ રાખો છો હવે,
નથી અળગો તુંથી લગાર. પ્રભુ.

જોતાં જોતાં ખેંચાઇ આંખડી,
પણ ન કરી દીનની બ્હાર;
તન મન ધન દીધું સોંપી,
શીદને લગાડો હવે વાર. પ્રભુ૦
વીરહ અગ્નિ રહયો છે તપી,
નયણે ઝરેછે આંસુ ધાર;
આવી ભેટો વ્હેલા પ્રાણીઆ,
જેથી થાય જીવને કરાર. પ્રભુ૦
માર વરશાવોને પ્રેમની,
બુઝે આગ અંતર માઝાર;
જીવન મુકત કરો દાસને,
રહું બની પ્રભુ એક તાર. પ્રભુ.

કીર્તન–૨૨

રાગ—આશાગોડી.

ભાવે ભકિત કરૂં તાહારા પ્રેમમાં,
આવી વસો પ્રભુ મારા ચીત્તમાં. ભાવે.
વસો લાડીલા ક્હાન અંતરમાં,
દીઠાં ચરીત્ર તમારા ખ્વાબમાં;
ચીત્ત ચસકયું ચીત્ર જોઇ પળમાં,
રાખો શર્ણે વાલમજી બાથમાં. ભાવે૦
જોઇ લીલા લાગ્યો છે મોહ તનમાં,
નહી રહું હવે આ સંસારમાં;

આપ્યું દર્શન તમારૂં સ્વપ્નમાં,
કેમ ઝાઝ મુક્યા બેસું નાવમાં. આવે.
ન જોયું સ્વરૂપ જોયું દર્પણમાં,
રહ્યા તેવા મુરખો બેભાનમાં;
થયો છે ચર્ણ સ્પર્શ એકાંતમાં,
રહે કેમ તેઓ ગફલતમાં. આવે.
આપો દર્શન દયા કરી પરમાત્મા,
રહું બની ગુલતાન પ્રેમ તાનમાં;
લીધું ચર્ણામૃત દાસે બ્રહ્માન્ડમાં,
કેમ પડશે હવે જંજાળમાં. આવે.

કીર્તન-૨૩

રાગ-ગજલનો (કવાલી.)

વેગે વહાલા આવોને વીરા,
થયાં દર્શન વીણ અધીરા;
રહ્યા તલપી જીવ હમારા,
કરો જીવણ લાડ તો પુરા. વેગે.
રહે ન ધીરજ પ્રાણ પ્યારા,
બતાવો ભવ તરવા આરા;
વળ્યા ગોની કામ સહુ તાહારા,
ગયા છે ઉડી હોસ હમારા. વેગે.
ભર્યાં નીશ દીન હમે વારા,
ન જોયાં મુખ્યાર્વિંદ તમારા.

છોડાવો નહીં કર્મનાં ભારા,
કદી નહીં પાછા હઠનારા. વેગે
બન્યા પ્રભુ સાથ એક તારા,
છોડ્યા કર્મ ઉપાધી બખારા;
આપો રહેવા ઠામ દુવારા,
નથી હમો તાહારાથી ન્યારા. વેગે
દર્શન હવે આપોને ધીરા,
વર્ષાવો અમીરસની ધારા;
રાખો હૃદયે દાસ કીરતારા,
શાને છોડી પ્રેમ ફુવારા. વેગે

કીર્તન–૨૪ સ્તુતિ

(ગાયન)

ઓ પ્રભુ તું સઘળે વ્યાપક,
છે બ્રહ્માન્ડનો કરનાર;
તારી કૃપા વીણુ પાન ન હાલે,
તુંજ જીવન પાળનાર. ઓ પ્રભુ.
આકાશ પાતાળ પૃથ્વી પાણી,
ન ખાલી જગ્યા તલ ભાર;
સચરાચર તું રહ્યો છે વ્યાપી,
કરૂં પ્રણામ સહસ્ત્રવાર. ઓ પ્રભુ.
માતા સ્તનમાં દુધ તે આપ્યું
ઉછાર્યો બાળ પ્રાણાધાર;

મોટપણે તેં સાધન આપ્યાં,
ભર્યાં અનપાણી ભંડાર. ઓ પ્રભુ
આ ઉપકાર ભૂલે જે પ્રાણી,
ન થાય તેનો ઉદ્ધાર;
તારા ગુણનો બદલો ન વાળે,
કેમ ઉતરે ભવ પાર. ઓ પ્રભુ.
તારે શરણે રહયો છું પ્રભુ,
ન મુકું તને કોઇ વાર;
દયા કરો પ્રભુ દાસના ઉપર,
કરો મુક્ત તારણ હાર. ઓ પ્રભુ.

કીર્તન-૨૫ સ્તુતિ.

(ગાયન.)

ઓ પ્રભુ દીનાનાથ દયાળ,
કીધા ઘણા ઉપકાર;
તારે શરણે રહ્યા જે નરો,
પામ્યા મોક્ષનાં દ્વાર. ઓ પ્રભુ.
હતા ભક્ત સુરદાસ તુલસી,
કરી ભક્તિ અપરંપાર;
પાતીકો સઘળાં તેનાં ટાળ્યાં.
ઉતાર્યાં સંસાર પાર. ઓ પ્રભુ.
ઉંધા મસ્તકે ગર્ભસ્થાનમાં,
માગી માફી વારંવાર;

કર્યો છુટકારો દયા કરીને,
    ન ભુલું તારો આભાર. ઓ પ્રભુ.
હતી ન શક્તિ બાળપણમાં,
    ઉછાર્યો તેં જગદાધાર;
મ્હોટપણે તેં જ્ઞાન બક્ષ્યું,
    કેમ વીસરૂં કીરતાર. ઓ પ્રભુ.
થયા ઉપકારો અનંત તારા,
    ભુલે પાપી નરનાર;
એવા દુષ્ટનાં ફેરા ન ટળે,
    ન ઉતરે ભવપાર. ઓ પ્રભુ.
ચર્ણ સેવ્યાં છે પ્રભુજી તારાં,
    રાખો હૃદયે ભરથાર:
દાસનાં પ્રભુ મ્હેર કરીને,
    કરો મુક્ત પ્રાણાધાર. ઓ પ્રભુ.

બોલો શ્રી શંકર પરમાત્માકી જય !
બોલો શ્રી હરનર્મદે માતકી જય !
બોલો શ્રી રામચંદ્ર મહારાજકી જય !
બોલો શ્રી કૃષ્ણ પરમાત્માકી જય !

પગથીઉં છઠ્ઠું.

જીવન મુક્ત.

વિવેચન.

અહો આજનો દીવસ ધન્ય છે. સુવર્ણ સરખાં સહસ્ર કીરણોથી ઝગઝગાટ કરતો સૂર્ય ઉગી રહ્યો છે. અરે આ પ્રદેશની શોભા તો જુઓ ! આખો પ્રદેશ સુવર્ણમય દેખાય છે. હીરા મોતીથી ચોક પુરાઈ રહ્યા છે. પ્રેમમય ફુવારા છુટી રહ્યા છે, ભક્તિરૂપી નીર્દોષ મંડલ દીપી રહ્યા છે, અરે પેલું સીંહાસન હીરા રત્ન તથા માણેકથી જડીત મીનાકારી વીશાળ ભવ્ય મંડપમાં શોભી રહ્યું છે. દુદુંભીનાં મોટા અવાજો થાય છે. મૃદંગો વાગી રહ્યાં છે. વીણા સારંગી તંબુરા સરોદાનાં સુર ઝામી રહ્યા છે. વળી જુઓ જુઓ સીંહાસન ઉપર નજર કરો ! પરમાત્માની અલૌકીક મૂર્તી બીરાજી રહી છે, ફરતે હજારો જ્યોતો પ્રગટી રહી છે—એજ આપણા પરમાત્મા, અરે એજ આપણો ઉદ્ધાર કરનાર. ખરે આપણી આજ સુધીની કરેલી મહેનત સફળ થયલી જણાય છે. હા પ્રભુ ! તને મળવાને તો ઘણા જણા લાંબો કાળ સુધી તપ કરે છે છતાં તેમનો લાગ ફાવતો નથી. અરે તું અધુરા તપવાળા મનુષ્યોથી નાસતો ફરે છે. અરે પેલા વાલ્મીક ઋષીએ આહાર નીદ્રા સઘળું તજી દઈને હજારો વરસ સુધી પીપળાની પ્રદક્ષણા કરી ત્યારે તારો

બેટા થયો. એ બાબતને દૃષ્ટાંત અત્રે ટાંકું છું તે ચીત્ત દઇને વાંચજો.

પૂર્વે વાલ્મીક નામના એક ઋષી થઇ ગયા. તેઓને જન્મ બ્રાહ્મણને ઘેર થયો હતો. પણ પાછળથી ભીલ લોકોની સોબતમાં પડયા, ને એક ભીલડી સાથે પરણ્યા પણ ખરા, અને તેને પેટે તેમનાં છોકરાં પણ થયાં. તેઓએ પોતાનો મુકામ જંગલમાં એક ઝુંપડી બાંધી અંદર રાખ્યો હતો. સાંજને વખતે બીજા ભીલો સાથે નજીકનાં ધોરી રસ્તાની બાજુમાં તીર કામઠાં તરવાર વીગેરે સાધને લઇ છુપાઇ રહેતા. રાજમાર્ગ મોટો હતો એટલે કોઇ સ્ત્રી અગર મરદ સંધ્યાકાળનાં વખતે ત્યાં આવી ચઢે કે તેમને તેઓ ઘેરી લઇ તેમની પાસેની સઘળી માલ મતા લુંટી લેતા, અને જો કોઇ આનાકાની કરતું તો તેને યમદ્વાર પહોંચાડતા. એવા ચંડાલ ચોરોને દયા હોતી નથી. ભાઇઓ તમોએ બહારવટીઆ ભીલની વાત સાંભળી તો હશે. જેઓ પોતાની આખી જીંદગી લુંટ કરવામાં ગુમાવે છે. એમાંના કેટલાક લાખો રૂપીઆની લુંટ કરી હશે પણ ધનવાન થયલો કોઇ દેખાયો નથી. નાની ઝુંપડી હોય છે તેની હવેલી કરેલી જોઇ નથી. હરામનું ધન કયાં સુધી પહોંચે ? પેલા વાલ્મીક પણ લાંબો વખત સુધી ઉપર મુજબ લુંટથી પોતાનું ગુજરાન ચલાવ્યું છતાં પણ કોઇ કોઇ વખત અન્નનાં પણ ફાંફાં પડતાં. માટે મારા બીરાદરો ! આ જગતની અંદર કુમાર્ગ અને દુષ્ટ કર્મોથી ધન મેળવે છે તેના હાલ પણ છેવટ દરીદ્રી થાય છે, એ ખચીત સમજજો. અરે તમે એવાં કર્મોવાળા કે જેઓ ઓછાં કાટલાંથી તોલીને આપે છે, કે ઓછા ગજથી ભરી

ને આપે છે તેઓના હાલ પણ ઉપર જોજો. વાલ્મીકનો જન્મ ઋષીને ઘેર થયો હતો કારણ કે તેના પૂર્વેનાં કૃત્ય સારાં હતાં. પણ કાંઈ પ્રારબ્ધને યોગે ભીલનાં સહવાસમાં દાખલ થયો, અને તેથી તને આવો રસ્તો સુઝયો. તેનાં પૂર્વેનાં સારા સંસ્કારને લીધે શ્રી પરમાત્માને ફીકર થઈ કે આતો ભ્રષ્ટ થયો, તેને કુમાર્ગે જતો અટકાવવો જોઈએ. તેથી પોતે વાણીઆનો વેષ લીધો અને લક્ષ્મી-જી શેઠાણી બન્યાં લક્ષ્મીજીએ લાખો રૂપીઆનાં ઘરેણાં પહેર્યાં અને સાંજના વખતે તે બંને જણા પેલા ચોરી રસ્તે થઈ ત્યાં આવી પહોંચ્યાં. તેમને વાલ્મીક મળ્યા ને તેઓ પોતાના નીયમ પ્રમાણે બોલ્યા કે "શણગાર ઉતારી આપો" ભગવાને કહ્યું ભાઈ હમો શણગાર ઉતારી આપવાજ અત્રે આવ્યા છીએ. પણ મારી વાત જરા સાંભળ. આ લુંટ કરી દાગીના તથા નાણાં વીગેરે તું મેળવે છે તેનું અનાજ કપડાં લાવી તું તથા તારી ઓરત અને બધાં છોકરાં વાપરે છે, પણ ચોરી કરવાનું પાપ તો તું તારે માથે વ્હોરી લે છે. ચોરી કરવાથી પાપ લાગે છે તે તો તું જાણતો હશે".

આપણી પૂર્વે થઈ ગએલા મહાત્મા ઋષીઓએ અજ્ઞાન લોકોને સારાનો રસ્તો ટુંકમાં બતાવી દીધો છે. પાપ અને પુણ્ય આ બે શબ્દોનાં ગુહ્ય અર્થ સમજાવી દીધા છે. નાહીએ તો પુન્ય લાગે ને ન નાહીએ તો પાપ લાગે. ગરીબ ભુખ્યા માણસોને ખાવાનું આપીએ તો પુન્ય લાગે. ખુન વીગેરે ગુન્હા કરીએ તો પાપ લાગે. અને કોઈ માણસને મારતો બચાવીએ તો પુન્ય લાગે. આ બે શબ્દોમાં લોકોને દુષ્ટકર્મ તજી દઈ સત્કર્મ કરવાનું રહસ્ય સમજાવી દીધું છે. અને તે પ્રમાણે હાલ કેટલાકઓક

પોતાની વર્તણૂક રાખે છે. માહારા વહાલા ઋષીઓ ધન્ય છે તમારી શક્તિને.

પરમાત્માએ વાલ્મીકને સમજાવ્યું કે "તારાં છોકરાં તથા બૈરીને પુછી આવ કે તું ચોરી કરી લઇ જાય છે, અને સઘળાં તે માલનો ઉપયોગ કરે છે. તેનાં પાપમાં તેઓનો પણ ભાગ છે કે નહીં ?" આવી લાખો રૂપીઆની લુંટ આવેલી તેને મુકી ને વાલ્મીક જાય પણ ખરો કે ? પણ પરમાત્મા જાતે આવેલા તેથી તેના તેજમાં સઘળું ભુલી ગયો. પરમાત્માં બોલ્યા કે "તારૂં ઘર દુર જણાતું નથી, અમો નાસી જવાના નથી, અંહીઆં બેસીએ છીએ, પછી તું પુછીને આવશે એટલે સઘળાં દાગીના તને ઉતારી આપીશું, તેની ફીકર રાખીશ નહીં. હમે સમજીએ છીએ કે આ મોટું અરણ્ય છે માટે નાસી જઇશું તો પણ મારી સાથે શેઠાણી છે તેનાથી મારા જેટલું નસાય નહીં અને તું હમને દોડીને પણ પકડી શકશે. માટે જો અમે નાસી જઇએ એવી ફીકર મનમાં રાખીશ નહીં" વાલ્મીક કે જેને સઘળા વાણીઓ ભીલ કહેતા હતા તે પોતાને ઘેર ગયો ને ઓરત છોકરાંને પુછ્યું કે "ભાઇઓ લુંટ કરીએ એતો પાપ ગણાય દુષ્ટ કર્મના ફળ તો ભોગવવાં પડે, માટે હું લુંટ કરૂં છું અને જે કર્મ બાંધુ છું તેનાં આખરે ફળ મળશે તેમાં તમો સઘળાં ભાગ ભરવા લાગશો કે ?" ઓરત તથા છોકરાંએ જવાબ દીધો "હમો શું કરવા ભોગવીએ ? હમો તો તારી પાછળ વળગેલાં, હમારો ખર્ચ તારે પુરો કરવાનો છે, તું પાપ કરીને લાવે કે ધરમ કરીને લાવે તે જોવાની હમને શી જરૂર !" વાણીઓ આ સાંભળીને તુરત શેઠ શેઠાણી બેઠાં હતાં

ત્યાં આવ્યો અને તેમને બનેલી હકીકત કહી સંભળાવી. શેઠે કહ્યું કેમ હવે સમજાયું કે તેં આટલાં વરસ સુધી પાપ કર્યાં તેના બદલામાં તારે નરકનાં ખાડામાં લાખો વર્ષ સુધી સડયા કરવું પડશે અને તેમાં તારાં સગાં વહાલાંમાંથી કોઇ પણ ભાગ ભરવા આવનાર નથી." વાલીઆને ભાન થયું ત્યારે બહુ બ્હીધો ને છુટકારાના ઉપાય સુચવવા શેઠને પ્રાર્થના કરી. શેઠે સમજાવ્યું કે "આ પીપળો છે તે ઝાડની ફરતે રામ નામની ધુન લગાવી રાતને દહાડો આહાર નીદ્રા તજી પ્રદક્ષણા ફરે તો જરૂર પરમાત્મા તને તારા પાપમાંથી મુક્ત કરશે, એટલુંજ નહીં પણ તારી ઉપર પ્રસન્ન થઇ તને વર પણ આપશે." પરમાત્માનાં ઉચ્ચારેલાં વાક્યની છાપ વાલ્મીકપર તરત પડી, તેનું નશીબ ઉઘડયું. શેઠ શેઠાણી તો ચાલ્યાં ગયાં. વાલીઓ લુંટવાની વાત ભુલી ગયો, અને પીપળાની પ્રદક્ષણા સુચના પ્રમાણે ફરવા લાગ્યો. ઓરત તથા છોકરાંને આ ખબર થઇ ત્યારે આવીને એને ઘેર લઇ જવાનું ઘણુંએ સમજાવે પણ ભાઇ એકના બે થાય નહીં. ભગવાન "રામ રામ" બોલવાનું કહી ગયા હતા, પણ દુષ્ટ કર્મનાં કાટનાં ચોડા ચટેલા તેથી રામનું પવીત્ર નામ નહીં બોલાવાથી "મરા મરા" શબ્દ તેનાં મોંમાંથી નીકળતા જતા હતા. ઓરત તથા છોકરાંને કાંઇ પણ જવાબ મળ્યો નહીં તેથી તેમણે જાણ્યું કે એ તો ગાંડો થઇ ગયો છે, તેથી તેઓ તેને ત્યાં પડતો મુકી ચાલ્યાં ગયાં. કોને દરકાર કે મરે કે જીવે તેની પાછી તપાસ કરે.

બીરાદરો આજ કાલ દુનીઆમાં ઘણાના હાલ એવાજ થાય છે. જયાં સુધી પુરૂષ કમાતો હોય ત્યાં સુધી ઓરત છોકરાં આવકારાં વગેરે મોટે નામેથી બોલાવશે, પણ જયારે તેનામાં કમાવાની શક્તિ

ઓછી થતી જ્યારે, કે તેની કીંમત સઘળામાં ઘટતી જતી જ્યારે; ને પુરૂષ ઘરડો થયો એટલે મરી જાય તો સુખી થાય એમ પણ તેનાં બૈરી તથા છોકરાં કહેવાને ચુકશે નહી. અરે દુનીઆમાં સ્વાર્થની સગાઇ છે, એ તમો ખચીત માનજો. આ જગતમાં નીરિક્ષણ કરશો તો એવા દાખલા તમારી નજરે ઘણા પડશે. ખરો બેલી તો પરમાત્માજ છે. તેને કાંઇ પૈસા ટકા જોઇતા નથી, પણ તે માત્ર પ્રેમ ભક્તિની આપણી પાસે ઇચ્છા રાખે છે.

પેલો વાલીઓ તો એક ચીત્તે પ્રદક્ષણા ફરવા લાગ્યો. જ્યારે એક હજાર વરસ થયાં ત્યારે "મરા મરા" ને બદલે "રામ રામ" શબ્દો નીકળવા લાગ્યા. ભગવાનના નામ સાથે તાર લાગવાથી મરા છુટી ને રામ રામ શુદ્ધ શબ્દ થયો. મતલબ કે કર્મનાં કાટ ધોવાયા. વળી રામ રામ કરતાં એક હજાર વરસ ગયાં ત્યારે કર્મ રહીત બન્યો, તમામ કાટ પુરેપુરા ધોવાઇ ગયા. એટલે ચતુર્ભુજ દર્શન થયું. તેજ વાલ્મીક પાછળથી રામાયણ પણ લખ્યું ! શું ભક્તિનો પ્રભાવ ! અરે કાંઈ કારણસર કુમાર્ગે દોરાઇ ગયેલા જીવોને પણ કાંઇ પૂર્વે કરેલાં સત્કર્મોને લીધે પરમાત્મા મદદ આપી ઉગારે છે. આ દયાળુ પ્રભુ તારી બલીહારી ન્યારી છે. ઓ મારા પગથીઆં બહારનાં આત્મબંધુઓ ! તમો પણ ધ્યાન આપો, લાંબો વખત ભક્તિ કરવાથી તમારા પણ કાટ ધોવાઇ જશે, અને આવો દયાળુ પરમાત્મા તમને મદદ કરવાને ચુકશે નહીં માટે ચેતો ગએલો સમય પાછો આવવાનો નથી.

આપણે ઘણો સમય થયાં ભગવાનને મળવાને તલ્પી રહ્યા હતા તે આજે તેમનાં દ્વારમાં દાખલ થવાને સમર્થવાન થયા છીએ.

કારણુ તો એજ કે પેલી પગથીઆની સીડી ઉપર પગ મુકવાથી અને પગની જમાવટ કરી દૃઢ શ્રદ્ધા રાખી અનુક્રમે આગળ ચઢવાથી આપણે આટલે સુધી આવી લાગ્યા છીએ.

આ ટુંક પુસ્તક વાંચી મનન કરી એમાં બતાવ્યા પ્રમાણે તમો શરૂઆત કરશો તો તમને એ સીડી ચઢતાં જરાપણ વીલંબ લાગશે નહીં. આમલી નીચેનાં તપસ્વીની વાત તમારા ધ્યાન બહાર ગઇ નહીં હોય. જુઓ કે તેમની આગળ પણ ભગવાન એક ક્ષણમાં આવીને ઉભા હતા. દૃઢ શ્રદ્ધાવાળી ભક્તિનો એવોજ પ્રતાપ હોય છે. સહેલાણી છવડા બની સહેલ મારીને અને સત્કર્મને બાજુએ મુકવાં એમાં તમારૂં કાંઇ વળે નહીં.

અરે ભગવાનનો પ્રદેશ, ત્યાંના વાધો તથા તેમની અલૌકીક મુર્તી જોઇ આપણે શાંત થઇ ગયા છીએ. અરે એ આનંદનું શું પુછવું ! જેણે અનુભવ્યો હોય તેજ જાણે. એ આનંદનું વર્ણન તો કોઇ પણ કરી શકવા નથી. કારણુ એવી શક્તિ કોઇનામાં છેજ નહીં. વળી જુઓ જુઓ કેવો પ્રેમરસ જામી ગયો છે. અરે સોળ હજાર એકસો ને આઠ ગોપીઓ અને તેટલાજ કૃષ્ણ પરમાત્મા. ઘંટડી આનો નાદ મચી રહ્યો છે. જ્યોતીનો તો કાંઇ પાર રહ્યો નથી, ફુલોના હાર ગળે શોભી રહ્યા છે. વિધવિધ અલંકારો શોભી રહ્યા છે. મોરલીનાં મધુર નાદ વાગી રહ્યા છે, પ્રેમ રસ ઉભરાઇ રહ્યો છે. અરે સઘળાં પ્રેમ ભક્તિમાં ગુલતાન બની રહ્યાં છે, અબીલ ગુલાલ ઉડી રહ્યાં છે. અરે પેલી મોરલીના મધુર નાદથી સઘળાં એક તાર બની ગયાં છે. વળી જુઓ જુઓ નરસીંહ મહેતા વચ્ચે ચોરાપર બેસી હાથમાં મસાલ

ગાતી રહ્યા છે. અરે જુઓ ભકતનો હાથ બળી ચાલ્યો પણ તેને તેનું ભાન નથી. કારણ કે આ સઘળાં જોડાં જોઈ તેઓ પ્રેમ રસને લીધે એકતાર બની ગયા છે. રાધાજી ભગવાનને ભકતનો હાથ બળી જતો બતાવે છે. ભગવાન દોડી જાય છે અને નરસીંહના હાથમાંની મસાલ લઈ ફેંકી દેછે અને ભેટી પડે છે, ને સંસારમાં પાછા જવાને આજ્ઞા કરે છે; અને કહે છે કે "થોડા દીવશ તારે સંસારમાં હજુ રહેવાનું છે, તું જયારે યાદ કરશે ત્યારે હું હાજર થઈશ. છેવટ તને મારા ખોળામાં રાખીશ. અરે ખોળામાં તો શું પણ હૃદયમાં રાખી તેજે તેજ મીલાવી દઈશ, કે જેથી તારી બબાટરીનો ફેરો ટળશે." આ રંગ શાનો ઝામ્યો હતો એ તો તમો સમજ્યા હશો. ભગવાનની રાસ લીલા જોવાની નરસીંહની ઇચ્છા થઇ અને શંકર પરમાત્માએ તેમનાપર પ્રસન્ન થઇ બતાવી તેજ આ રાસ લીલા.

શંકર પરમાત્મા અને ભગવાન એકજ સ્વરૂપ છે માત્ર વેષ જુદા છે. શંકર ભગવાન તો ભોળા ગણાય છે, ને ભાંગના ભોગી છે. દેત્ય હોય કે મનુષ્ય પ્રાણી હોય, જે એની ભક્તિ કરે છે તેને તે તાત્કાલીક લાભ આપે છે. અરે નરસીંહ મહેતા તો વૃસ્નવ ધર્મ પાળતા હતા. પણ પ્રથમ શંકરની ભક્તિ કરવાથીજ પરમાત્માનું દ્વાર જોઇ શકયા હતા. અરે ભાઇ! શંકર, વિષ્ણુ અને બ્રહ્માની ત્રીપુટી ગણાય છે, તે સઘળાં એકજ સ્વરૂપ છે, એમાં કોઇ જુદા નથી. માટે તમે જે કુળમાં જન્મ્યા હોય અને જે તમારો ઇષ્ટદેવ ગણાતો હોય તેનુંજ તમે શેવન કરજો. એક મુકી બીજાને, બીજો મુકી ત્રીજાને, એમ કુદકા મારશો નહીં. છેવટ એ રખડ પટીમાં

અને સંદેહમાં દેહનો અંત આવી જશે અને કાંઈ પણ સાર્થક કરી શકશો નહીં. કેટલાએક અજાણો શીવ માર્ગમાં જન્મ્યા હોય છતાં શીવને મુકી વિષ્ણુ ભગવાનને ભજવા મંડી જાય છે. વળી કોઈ રામાનંદીમાં તો કોઈ કબીર ભકતના અખાડામાં, તો કોઈ કુબેર પંથમાં એમ જુદા જુદા પંથોમાં દાખલ થાય છે. આજકાલ તો પંથોના અખાડાનો સુમાર રહ્યો નથી. તમોએ ભકતમાળ તો વાંચી હશે. સઘળા ભકતો પરમાત્માનીજ ભકિત કરતા હતા. તેઓના સમયમાં તો કોઈએ જુદા જુદા પંથો કાઢયા નહોતા. અને હાલતો જયાં જોઈએ ત્યાં પંથનાં અખાડા જાગી રહ્યા છે. એનું કારણ બીજું કાંઈ નહીં પણ કેટલાક પંથવાળા જેઓ દુષ્ટ વાસનાવાળા હોય છે તેઓ ઢોંગ જમાવી પગથીઆં બહારનાં અજ્ઞાન લોકોનું ધન લુંટી લેવા એ રસ્તો પકડે છે. અને ઘણા મનુષ્યો એવી કપટજાળમાં ફસાઈ પણ જાય છે. પણ ભાઈઓ પરમાત્માની ભકિત કરવામાં તો એક પાઈનો ખરચ થતો નથી. માટે આ પુસ્તક એક વખત દરેક ભાઈઓએ વાંચવાની તસ્દી લેવી કે જેથી ટુંકાણમાં આપણાં મુળ સનાતન ગ્રંથોનું તત્વજ્ઞાન સમજાય, અને લુંટનારા અખાડા બાંધીને બેઠેલા પુરૂષોની કપટ-જાળમાં ફસાતાં અટકાય. અરે આપણે આડી વાત પર નીકળી ગયા માટે મુળ વાત સંભાળો.

શંકર પરમાત્મા બહુ ભોળા અને દયાળુ છે. જેણે તેમને પકડયા છે તેની ફીકર તેનેજ હોય છે. જયારે ભકતને ભીડ પડે ત્યારે તે હાજર થાય છે. એ શંકરનાં ભોળાપણાની એક વાત અત્રે સંક્ષેપમાં કહું છું.

એક વખત એક ભસ્માસુર નામના દૈત્યે મહા અરણ્યમાં શીવનુ અપુજ્ય લીંગ હતુ ત્યાં લાંબા કાળ સુધી રહી તપ કર્યુ. તેની ઇચ્છા મોટા દૈત્યોને મારી તેમની રાજ્ય સમૃધ્ધી લઇ લેવી એવી હતી; અને તેજ કારણથી તેણે તે અરણ્યમાં તપ માંડ્યું. ભાઇઓ સીદ્ધિ મેળવવાને માટે જેને આપણે ભક્તિ કરીએ તો માત્ર તેજ મલીને અટકે છે, તેમાં આપણું કાંઇ સાર્થક થતું નથી. આપણો ધોરણ તો નીષ્કામ સ્વાર્થ વગરની પ્રેમભક્તિ કરી પરમાત્માને મેળવવાનો છે. અને એવીજ ભક્તિ ઉપયોગની છે. એવી નીષ્કામ ભક્તિ કરનારના વહેવાર ચલાવવાને ભગવાનનેજ ફીકર હોય છે. એનો દાખલો નરસીંહ મહેતો છે. તેણે સકામ ભક્તિ નહીં કરતાં નીષ્કામ ભક્તિ આદરી હતી. તે કાંઇ પણ આશા રાખતો નહોતો છતાં શ્રી પરમાત્માએ તેને હર વખતે મદદ કરી હતી. ભાઇઓ જે ધણીની આપણે સેવા કરીએ છીએ તેનેજ આપણી ફીકર હોય છે. તેને કાંઇ કહેવું પડતું નથી. તેવીજ રીતે ભક્તોની ફીકર પરમાત્માજ રાખે છે. અને ભક્તોનાં કષ્ટ વખતે ને મદદ આપ્યા વીના રહેતો નથી. એ બાબત ઘણાં દાખલા આગળ આવી ગયા છે.

આપણો અને પરમાત્માનો સબંધ નોકર અને શેઠના જેવો આપણે રાખવાનો છે. દરેક કામ આપણે કરીએ છીએ પછી તેમાં જીત મલે અગર નાશીપાસ થાઇએ તો પણ તે શેઠનુંજ છે. એમ જાણી આપણે તો ખુશ અગર દીલગીર થયા સીવાય શેઠનું કામ કરતા હોઇએ એમ કર્યા જવાનું છે, જરા પણ આ મેં કર્યુ અને આ કામમાં મેં ધાડ મારી એમ મનમાં વીચાર ના લાવવા-

ચનું કારણ નથી. કેટલાક માણસોને એવી ટેવ હોય છે કે જ્યારે કાંઇ કામ કર્યું હોય અને તેમાં તેને ફતેહ મળી હોય તો તે કહેશે કે ' આ કામ મેં કર્યું;' અને કોઇ વખતે કાંઇ આફત આવી પડે તો એમ કહેશે કે "આજ પરમાત્માને આફત આપવી નાંખવાનું ગમ્યું, જે તેને સુઝયું તે ખરું." આમ નાસીપાસી વખતે પરમાત્માને આગળ ધરશે. પણ આપણે તો પરમાત્માનાં ગુમાસ્તા છીએ. સઘળું તેનુંજ કામ કરીએ છીએ, પછી તેમાં ફતેહ મળે અગર નાસીપાસ થવું પડે તો હર્ષ કે શોક કરવો નહીં એજ આપણો ધર્મ છે. આવી રીતે તમે વર્તણુક રાખશો તો પછી જેમ શેઠને પોતાના નિમકહલાલ ગુમાસ્તાને માટે લાગણી હોય છે તેવીજ લાગણી પરમાત્માને તમારે માટે થશે. માટે જે તમારું સુખ અગર દુઃખ હોય તે બધું પરમાત્માનેજ સુપ્રત કરી દો એટલે તમો પોતાને મુક્ત થવા દેખશો. પછી કોઇ પણ દીવસ સુખ કે દુઃખ તમારે માથે ઓઢી લેવાની પંચાતીમાં પડશોજ નહીં. આવી રીતે કરશો તો તમારે માથેથી સઘળો ભાર ઉતરી જશે અને તે બધા ભાર શ્રી પરમાત્મા તેઓને માથે લઇ લેશે

ભસ્માસુર દૈત્ય સકામ ભક્તિ કરતો હતો. તેણે ઘણા વર્ષ સુધી પેલા અપુજ્ય શીવલીંગ આગળ બેસી તપ કર્યું તેથી શંકર પરમાત્મા તેનાપર પ્રસન્ન થયા, ને લીંગમાંથી પ્રગટ થઇ નીકળી બોલ્યા કે. " વરં બ્રુહિ વર બ્રુહિ. " દૈત્યે માંગ્યુ કે " મહારાજ મને એવું કંગન આપો કે તે જેના માથા ઉપર મુકું તે તુરત બળીને ભસ્મ થઇ જાય. શંકરે " અસ્તુ " કહી તેવું કંગન આપ્યું. જ્યારે શંકર પ્રગટ થયા ત્યારે દેવી પાર્વતી શંકરની અર્ધાંગના પણ સાથેજ

ખોળાપર બેઠાં હતાં. આખર દૈત્ય તે દૈત્ય. તેની ઇચ્છા એવી થઇ કે પાર્વતી બહુ સ્વરૂપવાન છે તેથી શંકરના માથાપર કંગન મુકું તો શંકર બળી જાય અને પાર્વતીને હું મારી પટરાણી બનાવું. અરે કેવો દુષ્ટ! આ જગતમાં પણ ઘણા પગથીઆં બહારનાં એવા મનુષ્ય પ્રાણી જણાય છે કે કોઇએ તેમના પર ઉપકાર કર્યો હોય ને તેથી તેમાંનો કોઇ આગળ કમાતો થયો હોય તો પાછળથી ઉપકાર કરનારને ખુવાર કરવા પ્રયત્ન કરે છે, એટલે દુંકા- ણુમાં કહેવાનું કે બેઠા હોય તેજ ડાળને કાપવા માટે છે. અરે કેટલાક રાજાઓ પોતાના કુંવરોને લાડથી ઉછેરે છે, પાળી પોષી મોટા કરે છે, અપૂર્વ હેત રાખે છે અને કેળવણી આપે છે જ્યાં તેજ પુત્રોને જયારે રાજ્યનો લોભ થાય છે ત્યારે બાપની દરકાર જરા પણ કરતા નથી. જયારે તેમને સમજ શક્તિ આવે છે અને જયારે પુખ્ત વયનાં અને લાયક થાય છે ત્યારે તેઓ બાપને મર- વાની રાહ જુએ છે! એથી પણ અધીક તો એ છે કે કેટલાક ચંચળ કુંવરોને પોતાના પીતાની મરવાની રાહ જોવાની પણ ધીરજ રહેતી નથી, ત્યારે નીચ માણસોને પૈસા આપી તેમની પાસે ઝેર વીગેરે અપાવી બાપનો જીવ લે છે!! ધીક્કાર હોજો એવા રાજ- કુંવરોને. ભસ્માસુર પણ તેવોજ દુષ્ટ હતો. મૂઢ સમજ્યો નહીં કે જે શંકર પરમાત્માએ તેને કંગન આપ્યું તેનેજ મારી તેનીજ અર્ધાંગના લેવાનો વિચાર કર્યો!! ધીક્કાર છે એવા માણસોને કે જે ડાળે તેમને આશરો આપ્યો તેજ ડાળને તેઓ કાપવા ઇચ્છા રાખે છે. ભસ્માસુરને સેંકડો રાણી હતી છતાં પાર્વતીને પોતાની પત્નિ કરવાનું મન થયું એનું કારણ શું હશે? એનું કારણ તો એજ

જણાય છે કે તેનાં ઘરની સઘળી રાણીનું મન તેનાથી જળવાય નહીં, કોઈને વહાલી તો કોઈને અકારી કરી હશે તેથી તેમાંની ઘણીનાં તેનીપર નીશાશા લાગ્યા હશે, જેથી તેની જીંદગીપર કાટ ચઢી ગયા હશે, જેના પરીણામે તેના મોતની નીશાનીને માટે મહાદેવ પાર્વતી ઉપર તેની નજર ગઇ. એક કરતાં વધુ સ્ત્રી કરનારની પણ દશા એવીજ થાય છે. પાદશાહો સેંકડો બેગમો કરતા હતા તેનું પરીણામ તો તમોએ જોયું હશે. કન્યાઓને માટે લડાઇ કરીને ઘણા રાજવંશી પાયમાલ થઇ ગયા છે. શ્રી રામચંદ્ર મહારાજે એકજ પત્નિ કરી હતી. તે પ્રમાણે હાલનાં જે રાજાઓ એક પત્નિવ્રત પાળતા હશે તેઓજ સુખી હશે. તેમનાં ઘરમાં તો કંકાસ પગ મુકવાની પણ હીંમત કરી શકતો નહીં હોય. ધન્ય છે એવા એક પત્નિવ્રતવાળા રાજાઓને. તેમની સ્ત્રી પતિવ્રત ધર્મ પાળી શકે છે, તેમની પ્રજા પણ ઉત્તમ થાય છે; ને એવી ઉત્તમ સંસ્કાર પામેલી પ્રજા પોતે ધર્મ ચુસ્ત રહી પોતાનો રાજ્ય કારભાર સારી રીતે ચલાવે છે. હવે બીજી બાજુ તપાસીએ. જેઓ એક કરતાં વધુ સ્ત્રી કરે છે તેમનાં ઘર સંસારનું તમો નીરિક્ષણ કરશો તો તમને માલુમ પડશે કે સવારનાં પહોરમાં ઉઠતાંની સાથે બંને સ્ત્રીઓ લડવા માંડે અને તેમનું સમાધાન કરવામાં તેમનાં ધણીનો કીંમતી વખત રોકાઇ જાય. અને ઘરનું સઘળું કામ ચોકસાઇથી થાય નહીં, કારણ કે એક એવી ઇચ્છા રાખે છે કે બીજી કરશે. વળી બંનેપર પેલા મરદનો સરખો પ્રેમ રહી શકતો નથી. જેથી એક જણનાં નીશાશા તેનાં ઉપર ઉતરે છે કે જેનાં પરીણામે પેલા પુરૂષનું કાંઇ પણ અહિત થયા વીના રહેતું નથી અને ભવિષ્યમાં તેનું શું થાય છે તે તો પરમાત્માજ જાણે.

જેવા રાવણના હાલ સીતા પર નજર કરવાથી થયા હતા તેવાજ ભસ્માસુરનાં પણ થવાનાં છે. એનાં પાપનો ઘડો ભરાઈ ગયો છે માટે એ મારા બીરાદરો તમો પણ એક પત્નિવ્રત ધર્મ પાળજો. તેમાંજ લાભ છે. ધણી જો એક પત્નિવ્રત પાળતો હોય તો તેની સ્ત્રી પણ પતિવ્રતા નીકળવાનો ઘણો મોટો સંભવ છે, અને જો ધણી વ્યભીચારી હોય તો તેમની સ્ત્રી પણ એવી નીકળે છે, જ્યારે ધણી બીજીને ચાહે છે ત્યારે સ્ત્રીનો પ્રેમ ધણીપર રહેતો નથી અને તે બીજા કોઈને ચાહે છે. એ તો ભ્રષ્ટ થવાનાં લક્ષણ છે. જેવું ભસ્માસુરને કંગન મળ્યું કે તે લઈ શંકરના માથા ઉપર મુકવા તૈયાર થયો. શંકર તો સર્વજ્ઞ એટલે તેનાં મનનો ભાવ સમજી ગયા, જેથી તેઓ ઉઠીને નાઠા. આગળ શીવ અને પાછળ ભસ્માસુર. ત્યારે વિષ્ણુ મોહીની રૂપ ધારણ કરી તેમની સામે આવ્યા તેનું રૂપ અનુપમ હતું, તે પાર્વતીના રૂપને આંટી નાંખતું હતું. તેને જોઈ ભસ્માસુર કામાતુર થઈ ગયો અને રાવણની પેઠે મદાંધ બની ગયો, ને મોહીનીનાં મોહપાશમાં સપડાયો. તેની દ્રષ્ટી શંકર પરથી ખસી જઈ મોહીની પર ચોંટી.

જગતનાં ઘણાખરા માણસો જરા શણગાર સજેલી અને રૂપવતી સ્ત્રીને જુએ છે કે તેમને તેનાંજ વિચારો આવી પોતાનું મન ભ્રષ્ટ કરે છે. પણ વિચારતા નથી કે એમાં શું ભર્યું છે. જ્યારે સ્ત્રીઓ ઘરડી થાય છે ત્યારે તમે તેના હાલ નથી નીહાળતા? એ તો હાડને માંસની પુતળીઓ છે, તેમાં મોહી રહેવાનું કાંઈ કારણ નથી. એવા સ્ત્રીના વિચારો તમને ધર્મ ભ્રષ્ટ કરશે, અને

તમારી ભુખ કાંઇ મટવાની નથી. એક, વળી બીજી, વળી ત્રીજી એમ પરંપરા ચાહવાજ કરશે, જેવા તમારા હાલ બીજાના ગયાથી- આમાં કહી ગયા તે વેંખા રાખનારનાં જેવા થશે. એ સઘળું નાશવંત છે, તેમાં મોહ રાખવાથી તમારૂં સાર્થક થવાનું નથી. આપણે તો આપણા ઉદ્ધાર કરનાર શ્રી પરમાત્મા ઉપર મોહ રાખી તેની સાથે એક તાર બનીશું તોજ છેવટનો મારગ-મોક્ષ મેળવી શકીશું.

એવી મોહીનીનું રૂપ ધારણ કરેલી શ્રી પાર્વતી ભસ્માસુર કામાતુર થઈ ગયે એમાં કાંઇ નવાઇ નહોતી. કારણ તેણે જીત સાધ્ય કરી નહોતી. મોહીનીએ ભસ્માસુરને કહ્યું "ઓ મારા મુગટના મણી! તમો ક્યાં ફરો છો, તમારી સાથે મારી વરવાની ઇચ્છા થાય છે, અને હું તમને શોધી શોધીને થાકી ગઈ છું." આ સાંભળી ભસ્માસુરના આનંદનો પાર રહ્યો નહીં. જ્યારે રસોઈ કરી રહીએ ત્યારે ચુલામાંનો દેવતા બહુજ તેજવંત ભાસે છે. પ્રદીપ્ત જણાય છે, કારણ કે થોડા વખતમાં તેનાપર પાણીનો છંટકાવ થાય ને બુઝાઈ જવાનો છે. તેવીજ રીતે દીવેલ, તેલ કે ઘી ભરેલા કોડીઆમાં દીવો સળગાવ્યા હોય અને જ્યારે દીવેલ તેલ કે ઘી ખુટી જાય અને દીવેટમાં રસ કમી થઇ જાય ત્યારે દીવો મોટો થઇ તુરત બુઝાઇ જાય છે તેવીજ દશા પેલા ભસ્માસુરની તે વખતે થઇ. મોહીની બોલ્યાં "મહારાજ તમો બહુ સારૂં નાચી જાણો છો એવું મેં ઘણાને મોઢે સાંભળ્યું છે તે પરથી તમારો નાચ જોઈ પછી તમારી સાથે વરવું એવી મારી ઇચ્છા છે, માટે જો તમો નાચો તો તમને સ્વયંવર હાર પહેરાવું."

નાચતાં નહીં આવડતું હોય પણ ઇંદ્રજાળમાં ફસાયલો એટલે ના કહેવાયજ કેમ. આ જગતમાં તેઓએ ઘણા દાખલા જોયા હશે કે ઘણાં પગથીઆં બહારનાં પ્રાણીઓ એવા કુબારજાની મોહીનીમાં પડી, નહીં કાજે એવાં કૃત્યો કરે છે. એવા પણ દાખલા મળી આવે છે કે કેટલીક રાંડોએ પોતાના યારો પાસે પોતાનાં ધણીને મારી પણ નંખાવ્યા છે! કેટલાએક કર્મચંડાળો વિધવા સાથે વ્યભીચાર કરે છે અને જ્યારે તેમને ગર્ભ રહે છે ત્યારે તોડી પડાવી બમણા પાપમાં પડે છે. એટલુંજ નહીં પણ કોઇ વખત છોકરૂં જન્મે તો તેને યમદ્વાર પહોંચાડી બાળ હત્યાઓ પણ કરવાને ચુકતા નથી. નબળે માર્ગે દોરાએલી વૃત્તી શું નહી કરી શકે! મોહીનીએ ભસ્માસુરને કહ્યું કે "એક હાથ કમરા પર મુકો અને બીજો હાથ (કે જેનામાં કંગન પહેરેલું હતું) માથા પર મુકો ને પછી નાચો." મદાંધને ભાન ક્યાંથી હોય કે જમણો હાથ પોતાને માથે મુકવાથી તેમાંનાં કંગનનાં બળે પોતે બળી જશે. તેનાં પાપનો ઘડો ભરાયલો તે ફુટવાનો વખત થયો હતો એટલે કાંઇ પણ ભાન રહ્યું નહીં. તેથી સુચના મુજબ ડાબો હાથ કમરા પર મુકયો અને જમણો હાથ માથે મુકી નાચવા જાય છે. શું નાચે? નાચ પુરો થઇ ગયો! જેવો કંગનવાળો જમણો હાથ માથે મુક્યો કે બળીને ભસ્મ-રાખનો ઢગલોજ તો. બીરાદરો ભસ્માસુરનાં જેવાં કૃત્યવાળાના હાલ પણ એવાજ થવાનાં માટે સમાલજો. વૃત્તિને ખોટે માર્ગે જવા દેશો નહીં. શું શંકર પરમાત્મા પ્રથમથી જાણતા નહોતા? સઘળું જાણતા હતા અને આ પાપી દૈત્યનો નાશ કરવાનો તેમનો વિચાર હતો માટેજ

એ પ્રમાણે થયું. શંકર પરમાત્મા ભોળો દેવ ગણાય છે, એણે સેંકડો દૈત્યોને વચન આપ્યાં હતાં તથા તેમને ઇચ્છીત વર પણ આપ્યા હતા. બાણાસુર હીરણ્યકશ્યપ વીગેરે દૈત્યો એનાં ભોળપણનો લાભ લેવાને ચુકયા નહોતા. પણ તેઓ પાપી હતા તેથી આખરે તેમની બુરી દશા થઇ. કોઇને શંકા થશે કે જયારે તેઓ શંકરના ભકતો હતા છતાં તેમની એવી માઠી દશા કેમ થઇ હશે. ભાઇઓ આજે પણ એવા દાખલાઓ ઉપર ભોળવાઇ કેટલાક મનુષ્યો દુષ્ટ કર્મ કર્યાં જાય છે, ને પછી શંકરને ભોળો જાણી, મોટો આડંબર રાખી, અધમણેક ભસ્મ લગાવી, દુષ્ટ કર્મ કરવાનું જારી રાખી, કર્મ તો શીવ ભોળો છે તે બાળી મુકે છે એમ સમજી, તેની ભક્તિ કર્યાં જાય છે, ઘંટ વગાડે છે, આરતી કરે છે, ટોપલા ભરીને બીલી તથા ફુલ ચઢાવે છે પણ સમજતા નથી કે જે દૈત્યોને શીવે તપથી સીદ્ધિ આપી તેથી તેઓ ફુલાઇ જઇ વધારે પાપ કરવા લાગ્યા જેથી પૂર્વનાં તેમનાં સત્કર્મો હશે તે સઘળાં ખોઇ બેઠા, અને સીદ્ધિ મળવાથી થોકબંધ પાપ કરી એકદમ તેમનાં પાપનાં ઘડા ભરાયા અને તે થોડા વખતમાં ફટાફટ ફુટી ગયા, અને પોતાના રાજપાટ ખોઇ બેસી કોણ જાણે કયા રવ રવ નરક ભોગવતા હશે: માટે દુષ્ટ કર્મ જારી રાખી આડંબરથી શીવની ભક્તિ કરનારા મારા આત્મબંધુઓ, શુધ્ધ મનથી તમામ દુષ્ટ કર્મો તજી દઇ સત્વગુણ ધારણ કરીને શુદ્ધ પ્રેમથી શંકરની ભક્તિ કરશો તોજ સારાં ફળ મળશે. માટે લાંબો વિચાર કરો, ઉંડા ઉતરો. પારખીને એક દીવસમાં તારો, બાંધીને પણ તારો. એ વાત

પરથી કેટલાક એમ માની બેઠા છે કે જે દુષ્ટ કર્મ કરનારાં હતાં, તેને પણ તાર્યાં, માટે આપણે પણ દુષ્ટ કર્મ જારી રાખો, ને શંકર બોલો છે એટલે ભક્તિ કરવાથી પાપ બળી જશે. પણ સ્વપ્નમાં પણ એવી આશા રાખશો નહીં. પારધીની વાત નીચે પ્રમાણે છે.

એક પારધી શીકાર કરવા બીલીનાં ઝાડ ઉપર બેઠો હતો. ત્યાંથી એક ગાભણી હરણી જતી હતી. તેનાં તરફ તેણે બાણ તાક્યું ત્યારે હરણીને વાચા થઈને બોલી કે "મારે જણવાનો વખત થયો છે, માટે હું જણીને પાછી આવું ત્યારે મને મારજે." પારધીને તેનાં બોલવા ઉપર ભરોસો પડવાથી તેને જવા દીધી. એટલામાં એક હરણો દોડતો આવ્યો. તેના ઉપર તેણે બાણ તાક્યું ત્યારે હરણો બોલ્યો "ભાઈ મારી આ ગાભણી છે, તે જણવા ગઈ છે તેને મેં વચન આપ્યું છે કે પ્રસુતી વખત હાજર રહી સારવાર કરીશ, માટે મારા બોલવા ઉપર ભરોસો રાખ અને મારી આ જણી રહેશે કે તુરત હું અત્રે હાજર થઈશ, પછી મને મારવો હોય તો મારજે." તેને પણ પારધીએ જવા દીધો. પારધી વાટ જોઈને બેઠો. થોડીવારમાં હરણીએ બચ્ચાંનો જન્મ આપ્યો. ગુફા નજીક હતી. અને હરણીના બચ્ચાં જન્મે કે તુરત ચાલે છે, તેથી બચ્ચાં સાથે ત્રણે જણ પારધી સમક્ષ આવી ઉભાં. પ્રથમ હરણીએ કહ્યું કે "મને માર." હરણાએ કહ્યું કે "એ સુવાવડી છે માટે મને માર." બચ્ચું પણ બોલ્યું કે "મને માર." પારધી તો આખા દીવસનો ભુખ્યો હતો, પણ આ મૃગોની કીંમત જોઈ તે તો અજાયબીમાં ગરક થઈ ગયો, અને વિચારવા લાગ્યો કે મનુષ્ય પ્રાણીને પોતાનો જીવ બહુ વહાલો હોય છે અને

આ જંગલનાં જડ પ્રાણીઓ પોતાનો જીવ આપવાને તૈયાર થયાં છે, વળી પોતાનાં વચન પાળનારાં છે, માટે એમને મારતાં પહેલાં એમનો ખુલાસો લેવાની જરૂર છે, માટે પૂછ્યું અરે બાપલ્યા ! દુનીઆમાં મનુષ્ય પ્રાણી કે જેનામાં ચૈતન્ય છે, બુદ્ધીવાળા છે, જેઓ આ દેહ ક્ષણભંગુર છે તથા સંસાર નાશવંત છે એમ જાણે છે, છતાં મરવાની બહુ બીક રાખે છે, ને તમો તો જીવ આપવાને તૈયાર થયા એનું કારણ શું ?”

ઓ મારા વાંચનારાઓ, આ સંસારનાં અજ્ઞાન જીવો બુદ્ધિનો ઉપયોગ કરતા નથી તેથી જડ પ્રાણી કરતાં પણ અધિક જડ બને છે. ને વિષયની જાળમાં ફસાઈ રહે છે, જેથી બુદ્ધિ ઉપર કાટ ચઢી જાય છે તેથી આ સંસાર કેવો છે તેનો વિચાર કરવાને ફુરસદ લઈ શકતા નથી, અને માયામાં ફસાઈ જવાથી ડરે છે. પરંતુ જે ગૃહસ્થોએ આપણાં શાસ્ત્ર વાંચ્યાં છે, અને તેણે મનો નિગ્રહ કર્યો છે તેણે આ નાશવંત સંસારને બરાબર જાણ્યો છે: તેઓ તો મોતની જરાપણ દરકાર રાખતા નથી. પશુવત જીંદગી ગાળનારાં પ્રાણી રાતને દીવસ મોતની બીકમાંજ રહે છે, જેથી તેમનાં મનમાં હોળી સળગી રહી હોય છે. કોઈ એંસી વરસના ડોસા અગર ડોસીને તમે પૂછશો કે હવે ક્યારે મરશો ? અને તેને મરવાનું કહેશો તો દુઃખ લાગશે એટલુંજ નહીં પણ તમને ગાળ પણ દેશે. તમે ઉંડા ઉતરી તેમની સ્થિતિ તપાસશો તો તેનાં કેટલાં છોકરાં તો જુવાન વયે મરી ગએલાં હશે અને દરીદ્ર અવસ્થા ભોગવતાં હશે અને બહુ જાતનું કષ્ટ હશે છતાં તેમને મરવાનું મન થતું નથી. ધન્ય છે પેલા મૃગોને કે જડ છતાં જેઓ

જીવની દરકાર રાખતાં નથી અને પોતાનાં વચન પર દૃઢ રહ્યાં છે. પગથીઆં બહારનાં અજ્ઞાન પ્રાણીઓ દૃઢતા એટલે શું તે પણ સમજતા નથી તો પછી તેમનામાં દૃઢતા ક્યાંથી આવે! અને જ્યારે દૃઢતા નથી તો એક વચની શા રીતે હોય! હાલની દુનીઆમાં ઘણીઆઓનાં વર્તન બારીકીથી તપાસશો તો તેમની પાસે લેવાનાં કાટલાં જુદાં અને આપવાનાં જુદાં એવા રીતે બે જાતનાં કાટલાં રાખેલાં હોયછે. લેવાનાં ચાલીશ બારનાં ત્યારે આપવાનાં સાડત્રીશ બારનાં. એટલુંજ નહીં પણ ઘડામાં પણ મોકાણ. વળી આગળ ચાલો તો હાથ દાઢી ઉપર ફેરવી આપતી વખત ઓછું ને લેતી વખત વધારે! જ્યાં લોભે તો ઘર ઘાલ્યું છે તો પછી દૃઢતા ક્યાંથી સંભવે? અને એક વચની ક્યાંથી બને? પૂર્વે તો હરીશ્ચંદ્ર જેવા સતવાદીઓ ઘણા થઇ ગયા છે. ઉજ્જૈન નગરીનાં રાજા વીક્રમ પણ સતવાદી હતા. જેને હજુ બે હજાર વર્ષ થયાં હશે. કેટલો પરોપકારી રાજા કે એક વખત જંગલમાં દાવાનળ પ્રગટ્યો હતો અને તેમાં એક કાળા અને ઝેરી નાગ સપડાયો હતો. તે વખતે વિક્રમ રાજા ત્યાં થઇને જતો હતો તે વખતે તે સાપ તેનાં બહુ કાલાવાલા કરી પોતાને બહાર કાઢવા તેની પ્રાર્થના કરવા લાગ્યો. રાજાને દયા આવવાથી તે સાપને બળતો ઉગાર્યો પણ તેને બહુ પરીતાપ થતો હતો તેથી તેનાં જીવને ઠંડક કરવાને રાજાએ તેને પોતાનાં પેટમાં રાખ્યો. સાપ કર્મ ભ્રષ્ટ હતો, તેથી રાજાનાં પેટમાં રહેવાથી રાજાના શરીરને દીનપરદીન શુષ્ક કરવા લાગ્યો ને બિચારો રાજા મરણ તોલ થઇ ગયો, છતાં નાગને બહાર નીકળવા કહ્યું પણ નહીં

અને નાગે પેટમાં સુખ મળવાથી બહાર નીકળવાની ઇચ્છા પણ દર્શાવી નહીં. ધન્ય છે એવા રાજાને કે નાગને પરમાર્થને ખાતર પોતાનાં જીવની દરકાર કર્યા વગર પોતાનાં પેટમાં રાખ્યો અને તેનાં જીવને સાંત્વન આપ્યું. આ વાતને આજે લગભગ બે હજાર વરસ થયાં તોપણ વિક્રમ પરદુઃખભંજન એવા તેની કીર્તિ લોકોની બત્રીસીએ ચાલી રહી છે, ને ભવિષ્યમાં પણ તે ભુસાવાની નથી. આ રાજા સીડીનાં છેલ્લે પગથીએ ચડેલો હતો, જેથી તેને પોતાનાં મોતનો ભય દૂર થયો હતો. માટે મારા વ્હાલા મસ્ત આત્મબંધુઓ, પગથીઆંપર ચડવાનો નિશ્ચય કરો પછી તમને આપો આપ જણાશે કે જે મોતનાં વિચારો તમને રોજને રોજ કંટાળો આપે છે અને જેનાથી તમો ભયભીત થઈને ફરોછો તેનો ડર જતો રહેશે. તેવીજ રીતે પૂર્વેનાં સારા સંસ્કારને લીધે પેલા મૃગોનો ડર જતો રહ્યો હતો, અને એક-વચની બન્યાં હતાં. મૃગો પારધીને કહેવા લાગ્યાં કે "ભાઇ જ્યાં સુધી તમે આ પ્રપંચમાંથી મુક્ત થયા નથી ત્યાં સુધી તમારા જીવ તમને બહુ વહાલા લાગે છે. હમોએ તો પૂર્વે સઘળું જોયું છે, મનોનિગ્રહ કર્યો છે તેથી હમો મોતની દરકાર રાખતાં નથી; પણ ભાઈ સઘળા આત્મબંધુ ગણાય છે, અને તું હમેશાં ગરીબ પ્રાણીનો જીવ લઇ તેના પર નીર્વાહ ચલાવે છે. તારા કુટુંબનાં માણસો તારી કમાણીમાં ભાગ લેશે પણ કર્મમાં ભાગ લેવાનાં નથી. અને જે દુષ્ટ કર્મો તું કરે છે તેનાં ફળ તો તારેજ ભોગવવાં પડશે. માટે તારા કુટુંબીને પુછી આવ કે તેઓ તારા પાપનાં ફળ ભોગવવામાં ભાગ ભરશે કે?" ને પ્રમાણે તે પુછી

આવ્યો તો તેને જવાબ મળ્યો કે "જે કરે તે ભોગવે. હમે તો તારી પાછળ વળગેલાં એટલે તું હમારૂં પોષણ કરવાને બંધાયલો છે. હમે કાંઇ તારા પાપમાં ભાગ ભરવાનાં નથી." આ વાત પારધીએ મૃગોને આવીને કહી ત્યારે મૃગોએ તેને બોધ આપ્યો કે "ભાઇ આ જગતમાં ઘરનો મુખ્ય માણસ પોતાની સાથે વળગેલાં માણસોનાં ઉદર પોષણ સારૂ પાપ કરી દુષ્ટ કર્મો બાંધ્યો જાય છે. તેના ધનનો ઉપયોગ કરતી વખત સઘળા હાજર રહે છે, અને ભોગવતી વખતે કોઇ નહીં. તારાં સગાં સબંધી તારે માટે આવ્યાં નથી પણ સૌ સૌને માટે પુર્વેનાં રૂણુરણબંધને લીધે આવી લાગ્યાં છે, માટે હવે પાપ કરવું છોડી દે અને તું બેઠો છે તે ઝાડ નીચે આ શંકરનુ અપુજ્ય લીંગ છે તેની દૃઢ શ્રદ્ધા રાખી ભક્તિ કર. શંકરને બિલ્વ પત્ર બહુ વહાલાં લાગે છે માટે તું બેઠો છે તે બીલીના પાન રોજ નાહી ધોઇ શુદ્ધ થઇ ચડાવવાનું વૃત રાખ અને આજથી જીવહત્યા કરવાનું પાણી મુક. અને ખુબ મન લગાડી ખરા અંતઃકરણથી શંકરની ભક્તિ કર જેથી તારાં તમામ પાપ બળી જશે અને છેવટ તને મોક્ષ પ્રાપ્ત થશે." પારધીને મૃગનાં બોલવા પર ભરોશો પડયો, કારણકે તેઓ એક વચની જણાયાં હતાં, અને પોતાનો જીવ પણ આપવાને તૈયાર થયાં હતાં, તેથી તે મૃગોનો તેણે ઉપકાર માની રજા આપી અને પોતે મનમાં દૃઢ સંકલ્પ કર્યો કે આજ પછી કોઇ પણ પ્રાણીનો જીવ લેવો નહીં અને શીવનું પુજન કરવું. પછી પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે વર્તી નીયમસર શીવનું પૂજન કર્યું કે જેથી છેવટે મોક્ષ મેળવવા ભાગ્યશાળી નીવડયો.

પારધીએ અનાયાસે શીવનાં લીંગ પર બીલીપત્ર તોડીને નાંખ્યાં, ને તે દીવસે શીવરાત્રી હતી તેનું તેને ભાન નહીં હતું છતાં તે દીવસે તે ભુખ્યો રહયો, ને પરમાત્માની દયા તેનાપર પડી તેથી તેની વૃત્તી સુધરી ગઇ, ને જીવ હત્યા કરવામાં પાપ છે એવું સમજ્યો. જેથી તેને મૃગના બોલવાપર ભરોસો પડયો ને તેમને જવા દીધાં. પછી મૃગનાં બોધથી પોતે જીવહીંસા કરનારા કુળમાં જન્મેલો હતો છતાં દુષ્ટ કર્મ કરવાનું છોડી દીધું. પણ ભાઇઓ કેટલાક લોક ભમતો આવા દાખલા લઇને ધારે છે કે ઘણો વખત પાપ કર્યાં છતાં થોડા વખતની ભક્તિથી માણસો તરી જાય છે, અને બધા દેવોમાં શંકર ભોળો દેવ છે માટે તેને ગમે તેમ કરી રીઝવી પોતાનાં પાપનું નિવારણ સહેજમાં કરી શકે છે. શંકર બહુ ભોળા છે. એ વાત સત્ય છે પણ આપણે દુષ્ટ કર્મો કર્યાં જઇએ ને ખોટો બહિર ડોળ રાખી શંકરની પુજા કરીએ તેમાં શું વળે ? શંકર એવો ભોળો નથી. દુષ્ટ કર્મ જારી રાખી ભક્તિ કરનારાના હાલ તો પેલા દૈત્યનાં જેવાજ થાય છે. તેનાં પૂર્વનાં સારા સંસ્કાર હતા ત્યાં સુધી રાજ્ય કર્યું અને પાછળથી ઉન્માદ બની જઇ બહુ પાપ કર્યાં અને આખર પાપનો ઘડો ભરાવાથી દેહનો નાશ થયો. જ્યાં સુધી તમો મનોવૃત્તી સાધ્ય કરી દુષ્ટ કર્મો તજશો નહીં ત્યાં સુધીની તમારી ભક્તિ આડંબર રૂપ છે—એ ખરી ભક્તિ નથી. મનનો કચરો સાફ કરી પ્રેમભક્તિ કરે તો તેજ ખરી ભક્તિ કહેવાય, અને તેવી ભક્તિ કરવાથીજ સંસાર તરી શકાય છે.

ખરી ભક્તિ કરવાથી પૂર્વનાં પ્રાયશ્ચિત બળી જાય છે. તેનો ઇતિહાસ ટુંકમા અત્રે કહું છું તે ધ્યાન દઇને વાંચજો. માર્કંડ

ઋષીનું પ્રારબ્ધ કર્મ પ્રમાણે એવું બંધાયું હતું કે બારમે વરશે તેનું મોત હતું. માર્કંડ મહા વિદ્વાન ઋષી હતા. શંકરની ભક્તિ દ્દઢતાથી મક્કમ રહી કર્યાં જતા હતા. જે દીવસે તેનો કાળ હતો તે દીવસે પણ શંકરના ભાણુની સાથે એકતાર બની ગયા હતા, અને તેને વળગી રહ્યા હતા. કાળ આવ્યો તેને શ્રી શંકર પરમાત્માએ અટકાવ્યો. જેથી તેનાં મોતની પળ વીતી ગઇ ને માર્કંડ દીર્ઘાયુષિ થયા. ભક્તિ શું નહીં કરી શકે? પૂર્વે હજારો રાજા રાજ્ય કરી વૃધ્ધ ઉમર થાય ત્યારે, ને પોતાના પાટવી કુંવર લાયક થાય ત્યારે, તેને રાજ્ય સોંપી, અને દંપતી કોઈ એકાંત પવિત્ર જગ્યાએ જઇ, તપ કરી પરમાત્મા સાથે એકતાર બની પોતાનાં કર્મોને બાળતા હતા જેથી છેવટે મોક્ષ પામવા સમર્થવાન થતા. માટે શંકરની અગર રામચંદ્રની અગર કૃષ્ણ પરમાત્માની ગમે તેની ભક્તિ કરો. એ સઘળાં નામો જુદાં છે પણ ઇશ્વર તો એક છે, સર્વજ્ઞ છે અને સર્વવ્યાપક છે.

અહો શું રાસલીલાની ખુબી! અરે શોલ હજાર એકસો આઠ જોડાં જોઇ તેનાં તેજ આગળ તો આપણી આંખને અંધારાં આવે છે. અરે રાસલીલામાં સૌ એક બીજાને ભાળી પડે છે, કાઇને તેમની દેહનું ભાન જણાતું નથી, અરે બધાં પ્રેમરસમાં ગુલતાન બની ગયાં છે. જો આપણે પગથીઆં ઉપર ચડયા નહીં હત તો આ વખત ક્યાંથી આવત. ઓ મારા વ્હાલા પ્રભુ! પગથીઆં ઉપર ચડયાં નહીં હોત તો આ તારી રાસલીલા જોવાનો અપૂર્વ લાભ શા રીતે મળત. આ તો રાતને દીવસ પ્રેમ શીવાય બીજું કાંઇ જણાતું નથી. આનંદ આનંદ વ્યાપી રહ્યો છે. આ

મારા વ્હાલા પ્રભુ તારા દરબારમાં પ્રવેશ કરવાથી હમે. અલ્પ પ્રાણીને જે આનંદ થાય છે તેનું હમારાથી વર્ણન કરી શકાતું નથી. ઇશ્વરે કૃષ્ણનો અવતાર લીધો હતો તે તમારી જાણ બહાર નહીં હોય. છતાં તે બાબત અત્રે ટુંકમાં હેવાલ આપું છું. આ છેવટનો ભાગ છે. હવે તમો એકતાર બની ગયા છો, તેથી પ્રભુ દ્વાર જોવા પામ્યા છો, એટલે હવે શ્રદ્ધા સંબંધી કાંઇ પણ સુચના કરવાની રહેતી નથી.

પૂર્વે મથુરાંનગરીમાં કંશ નામનો રાજા થઇ ગયો. તે મહા જુલમી હતો, અને પાપી પણ હતો. લાખો પ્રાણીનો વગર ન્યાયે કચરઘાણ કર્યો જતો હતો, એવા પાપીનાં રાજ્યમાં અક્રુર વીગેરે ભક્તો પણ હતા. પણ તેઓનું પેલા દુષ્ટ આગળ કાંઇ ચાલતું નહીં. કૌરવનાં જેવુંજ તો. કે જેનાં રાજ્યમાં દ્રોણ, ભીષ્મ પીતા, વીદુર વીગેરે ભક્તો હતા છતાં દુષ્ટ દુર્યોધન તેમનું માનતો નહોતો જેથી આખરે તે દુષ્ટે પોતાનાં પ્રાણ ગુમાવ્યા. કંશ રાજા પણ દુર્યોધન તથા રાવણનાં જેવો મદાંધ હતો. તે અહંકારી હતો અને મદાંધ બનવાથી પાપ અને પુણ્યનું તેને ભાન રહ્યું નહોતું. તે કંશનાં ભારે જુલમથી દેવ, દાનવ, બ્રાહ્મણ તથા ભક્ત લોકો બહુ ત્રાસ પામતા હતા, જે શ્રી પરમાત્માથી સહન થઇ શક્યું નહીં તેથી તેમણે કંશને આકાશવાણી દ્વારા ખબર કરીકે "હે દુષ્ટ પાપી કંશ તારા રાજ્યમાં ન્યાયનું નામ નથી, વગર અપરાધે ઘણા જીવોનો તેં કચરઘાણ કર્યો છે, તું મદાંધ આંધળો બની ગયો છે, પણ યાદ રાખજે કે તારી ભગિનિ દેવકીને પેટે આઠમું બાળક જન્મશે તે તારો મદ

દેનારશે, અને તારો અંત આણશે." આ સાંભળ્યું કે કંશે સાવચેતી ખાતર તુરત દેવકીને તથા તેનાં ધણી વસુદેવને પકડી મંગાવી કાળા ગૃહમાં પુર્યાં ને તેમનાં પર સખત પહેરો ચોકી મુકી દીધાં. દેવકીને છોકરૂં જન્મે કે તુરત પોતાને ખબર આપવા ઉપરી અમલદારને આજ્ઞા કરી. જ્યારે જ્યારે છોકરૂં જન્મતું અને તુરત વરદી મળતી ત્યારે કંશ રાય ત્યાં જતો અને બાળકને શલ્યા પર પછાડી મારી નાંખતો. વસુદેવ અને દેવકીની આનાકાની વ્યર્થ જતી. જેનાં ગૃહ વામ ગયા હોય, જેનું બુરૂં થવાનું હોય તેને ક્યાંથી સુઝ પડે કે પોતે મહા પાપ પોતાને માથે વ્હોરી લે છે. એ પ્રમાણે દેવકીના સાત બાળકોને ઠાર કર્યાં. આકાશ વાણી તો આઠમા ગર્ભને માટે હતી અને આ સાત નિર્દોષ બાળકોને શા માટે માર્યાં હશે એવી શંકા ઉત્પન્ન થશે. પણ ભીરુહૃદયી એવા મદાંધને આઠમોજ ગર્ભ મારશે અને બીજા નહીં મારે તેનું પણ ભાન રહેતું નથી. પોતાનો જીવ બચાવવાને રખેને સાત પૈકી કોઈ તેનો જીવ લે એવી ધારતી હતી. અને પોતાની ભગિનિ કે જે એકજ કોઠામાં પાકેલી, અને દુનીયામાં ભાઈનું વ્હેનપર અને વ્હેનનું ભાઈપર અપૂર્વ હેત સ્વભાવીક હોય છે, પણ આની બાબતમાં તો ઊલટુંજ બન્યું. તેનાં સાત બાળકોને મારી નાંખ્યા! આવી ઇચ્છા થવી એજ અનિષ્ટ સુચવે છે. પૂર્વનાં થોડા ઘણા સારા સંસ્કાર હોય તેનો અંત ત્વરાથી આવે છે.

એક ગરીબ બ્રાહ્મણે પોતાની કન્યા પરણાવવા નાણાં માગીને એકઠા કરેલા રૂપીઆ એક શેઠને ત્યાં કન્યા પરણાવતી વખત કામ લાગે એવા હેતુથી મુકેલા પણ તે શેઠ પાછળથી વિશ્વાસઘાત

કર્યો જેથી તે કરોડાધિપતી જુજ વખત સુખ ભોગવી તારાજ બની નષ્ટ પામ્યો. તે બાબત અંત્રે જરૂરની જાણી ટુંકાણમાં કહ્યું છું કે જેથી પગથીઆં બહારનાં અજ્ઞાન પ્રાણીઓની આંખ ઉઘડે અને પગથીઆં પર ચડવાનું મન થાય.

એક શહેરમાં એક નગર શેઠ હતો. તે નગરમાં એક કંગાલ સ્થિતિનો બ્રાહ્મણ પણ રહેતો હતો. બ્રાહ્મણ વૃદ્ધ હતો. કન્યા વિક્રય કરનારામાંનો નહોતો. તેને તો દીકરીનું લગ્ન કરતાં બસેં પાંચસેં રૂપીઆ ખર્ચવા પડે તેમ હતું. કન્યા જન્મી ત્યારથી તેને ફીકર હતી કે એ કન્યાને સોલ વરસની ઉમર થયે પરણાવવી પડશે. ને ખરચનાં ખાડામાં ઉતરવું પડશે. જેમ તેમ. આપણા લોકો પણ કન્યાને લાયક ઉમરની થાય ત્યારે પરણાવતા હતા. સીતા દમયંતી વગેરે મોટી ઉમરની થઇ સ્વયંવર રચી પરણ્યાં હતાં. પણ જ્યારે મુસલમાન બાદશાહો હીંદુસ્થાનમાં રાજ્ય કરવા લાગ્યા અને તેઓ તેમના અમલદાર મારફતે હીંદુ કન્યાનું હરણ કરી જવા લાગ્યા ત્યારે આપણા લોકોએ કન્યાને નાની ઉમરમાં પરણાવવા માંડી. કારણકે તે લોકો કુંવારી કન્યાનુંજ હરણ કરતા. જેથી લાયક થતાં પહેલાંજ એટલે ઘણી નાની ઉમરમાં છોકરીઓને પરણાવવાનો રીવાજ ચાલુ થયો. પછી મનોનીગ્રહ વગરનાં પુરાણીઓ પણ કહેવા લાગ્યા કે કન્યાને નવ વરસે પરણાવવી એવો શાસ્ત્રનો નીયમ છે. અજ્ઞાન લોકો એવા પુરાણીનાં વચનને શાસ્ત્ર માની તેમનું કહેવું સત્ય છે એમ માનવા લાગ્યા. પણ બાઇઓ વેદ કે છ શાસ્ત્રો કે ગીતા કોઈ પણ ઠેકાણે બાળ લગ્ન કરવાનું કહ્યું નથી. મુસલમાની રાજ્ય વખતે જુલમ હતો અને તે વખતનાં

ડાહ્યા માણસોએ એવો રસ્તો લીધો. પરંતુ હાલનાં જમાનામાં આપણું ઇંગ્રેજ સરકાર તો કોઇનાં ધર્મમાં હાથ ઘાલતા નથી અને પ્રજાને પોતાનો ધર્મ વ્યવહાર સ્વતંત્ર પણે ચલાવવા દે છે તો પછી બાળ લગ્ન કરવાની શી જરૂર? બાળ લગ્નથી તથા કજોડાંથી ઘણા ગેર ફાયદા થાય છે. પ્રજા કમતાકાત તથા ઓછી વયની બની જાય છે. ઘણી સ્ત્રી બાળપણમાંજ વિધવા થાય છે, ને પાપ કરતાં શીખે છે. આ લેખકનો મત વિધવા વિવાહની વિરૂદ્ધમાં છે. આપણે તે વિષય લઇ બેઠા નથી એટલે એ બાબત વધારે ચર્ચા કરવાની અત્રે જરૂર નથી. લાયક ઉમ્મરની બાળા થાય ત્યારે લાયક ઉમ્મરનો વર જોઇ લગ્ન ગાંઠ જોડવી કે વિધવાઓ થવાનો સંભવ ઘણો ઓછો રહે. બાર વરસની અંદરના છોકરાંઓને જાદુ જાતનાં રોગ થાય છે અને મરણનું પ્રમાણ પણ તેટલી ઉમ્મર સુધીમાં ઘણું હોય છે. પણ આપણે ત્યાનાં લોકો એક વરસનાં બાળકથી માંડીને બાર વરસનાં છોકરા સુધી તો કરોડો બંધ લગ્ન કરે છે. સાંભળવા પ્રમાણે કડવા કણબી તો પેટમાંના ગર્ભનાં પણ વહેવા કરી મુકે છે. હવે હીંદુસ્થાન કાંઇ પહેલાંનાં જેવું અજ્ઞાન નથી. હાલ કેળવણી ઘણી વધી ગઇ છે એટલે લોકો પણ સમજતા થયા છે તો આ કઢંગો બાળ લગ્નનો રીવાજ નાબુદ કરવા પ્રયત્ન કરશે એવી આ લેખકની સૌને વિનંતી છે. પેલા બ્રાહ્મણને ત્યાં પોતાનો ભીક્ષાવૃત્તિનો ધંધો કરી, મહામહેનતે કન્યા જન્મી ત્યારથી તેણે પાંચશો રૂપીઆ ભેગા કર્યા હતા. પોતાનું ઘર મજબુત નહીં તેથી કોઇ ચોરી જાય એવી બ્હીકને લીધે તે રૂપીઆ પોતાનાં ગામનાં નગરશેઠને ત્યાં લઇ ગયો. નગરશેઠની એક વીધવા છોકરી પણ તેમની

સાથે રહેતી હતી. બ્રાહ્મણે પોટલી છોડી ને શેઠને કહ્યું કે "આ રૂપીઆ રાખો, મારે કાંઈ વ્યાજ જોઈતું નથી, મારી છોકરીને લાયક વર શોધીને પરણાવવાની છે અને મારે વર શોધવા મહા-સ્થાન જવું છે, મારી ઝુંપડી ભાંગેલી તુટેલી તેથી વખતે કોઈ તેમાંથી ચોરી કરી લઈ જાય માટે તમને સાચવી રાખવા આપું છું. અને લગનને આગલે દીવસે મારે એ રૂપીઆનો ખપ પડશે ત્યારે લઈ જઈશ." શેઠે રાખવા કબુલ કર્યું અને પોતાની વિધવા છોકરીને રૂપીઆ ગણી લઈને મુકવા કહ્યું. તેણે રૂપીઆ બરાબર ગણી લઈને પેટીમાં મુકયા. પછી બ્રાહ્મણ કેટલેક દીવસે વર શોધી ને વહેવા નક્કી કરી પાછો આવ્યો. લગન આવવાને અમુક દીવસ રહ્યા ત્યારે તે શેઠને ત્યાં પોતાનાં રૂપીઆ લેવા ગયો. જ્યારે રૂપીઆ માંગ્યા ત્યારે શેઠે કહ્યું કે "રૂપીઆ કેવા ?" બ્રાહ્મણ ગાભરો બની ગયો. પેલી વિધવા શેઠની દીકરી પણ ત્યાં બેઠી હતી. તેને બ્રાહ્મણે પુછયું "બ્હેન તે દીવસે હું રૂપીઆની પોટલી લાવ્યો હતો અને શેઠે તમને ગણી મુકવાનું કહેવાથી તમે ગણી લીધા હતા તે રૂપીઆ આજે પાછા લેવા આવ્યો છું માટે મને તે પાછા ગણી આપો." વિધવાએ કહ્યું કે "હું કાંઈ રૂપીઆની વાત જાણતી નથી." આ સાંભળી બ્રાહ્મણની ઉમેદ ભાગી ગઈ. પગ ધ્રુજવા લાગ્યા. કોઈ પણ પ્રકારનું લખાણ પણ કરી લીધેલું નહીં તેથી વધારે ગભરાયો અને ધારવા લાગ્યો કે આ વખતે ઈશ્વર શીવાય આપણું કોઈ બેલી નથી. આખરે બિચારો ભાંગેલા પગે ઘેર આવ્યો. તેની સ્ત્રી તેની આવી પ્રકૃતી જોઈને તેનું કારણ પુછવા લાગી. પણ બિચારાની હડપચીજ બંધ થઈ ગઈ એટલે

જવાબ આપી શક્યો નહીં. તેનાં મનમાં શેઠ પર વેર લેવાનાજ ઉભરા આવ્યા જતા હતા, પણ બિચારાનો ઉપાય રહ્યો નહોતો અને વળી બ્રાન આવશે તો મેં શું બતાવીશું એવા વિચારથી શેઠને ઘેરથી આવતી વખતે બજારમાંથી ઝેર વેચાતું લઇ આવ્યો અને ઘેર આવીને તે ખાઇને પોતે આત્મઘાત કીધો. તેનો મરી ગયો પણ તેની વાસના શેઠને ત્યાંનાં રૂપીઆ લેવામાંજ ભરાયલી હતી. જ્યાં સુધી આપણે કર્મ રહીત બન્યા નથી ત્યાં સુધી આપણને વાસના વળગેલીજ હોય છે. બાપનાં મરી ગયા પછી અને તેની દીવસ કીધા વિત્યા પછી કેટલાક ગામનાં દયાળુ સદ્ગૃહસ્થોએ ફંડ એકઠું કરી તે વડ ને છોકરીને પરણાવી. પરમાત્મા કોઈનું અડેલું રાખતો નથી. તેને તો દરેકની ફીકર હોય છે, પણ આપણો તેના પર ભરોસો રહેતો નથી, એવા આપણે અધીરા છઇએ. પાપ તો મોએ ચઢીને બૂમ પાડે છે. બ્રાહ્મણનાં મરી ગયા પછી ગામમાં વાત ચાલી કે શેઠ બ્રાહ્મણનાં રૂપીઆ ખાઇ ગયો જેનાં દુઃખે બિચારો બ્રાહ્મણ મરી ગયો. નગર શેઠને કુટુંબમાં એક વિધવા દીકરી અને શેઠાણી એટલાંજ હતાં. શેઠાણી બીજી વખતનાં પરણેતર હતાં. તેમને કેટલાક દીવસ વીત્યા બાદ સીમંત આવ્યું. અને પાલખીમાં બેસાડી શણગાર સજાવી આખા ગામમાં તેમને ફેરવવામાં આવ્યાં. આ જોઈ અજાન લોકો બોલવા લાગ્યા કે " આ ચંડાળ શેઠ બ્રાહ્મણનાં રૂપીઆ ખાઇ ગયો ને-વળી તેને ત્યાં સીમંત !" પણ ત્રિકાળ જ્ઞાન થયા શીવાય લોકો પરમાત્માનો હેતુ જાણી શકતા નથી. તમો જીવન મુક્ત દશામાં દાખલ થશો તો તમને પણ ત્રિકાળ જ્ઞાન પ્રાપ્ત થશે. નવ માસ

પુરા થયા પછી શેઠને ત્યાં પુત્રનો પ્રસવ થયો, અને શેઠને ઘેર ઢોલ વાજાં વીગેરે વાગી રહ્યાં અને વધામણી વહેંચાઇ. છોકરાની ઉમ્મર સોલ વરસની થઇ ત્યારે બહુ હુશીઆર નીકળ્યો અને શેઠનું સઘળું કામ પોતે ઉપાડી લઇ શેઠને કામનાં બોજામાંથી મુક્ત કર્યા. તે દરમ્યાન શેઠની વિધવા દીકરી ગુજરી ગઇ અને તેનો જન્મ બીજા નગરમાં કોઇ નગરશેઠને ત્યાં પુત્રી તરીકે થયો. તે પુત્રીનાં લગ્ન આ નગરશેઠનાં પુત્ર જોડે થયાં. જ્યારે તે છોકરો બાવીશ વરસનો થયો ને વહુ પણ ત્યાંજ હતી ત્યારે એક દીવસે તે એકાએક ચીસ પાડી ઉઠ્યો ને બૂમ પાડવા લાગ્યો કે "ઓ મરી ચાલ્યો." આ જોઇ તેના મા બાપ તથા વહુ સઘળાં રડવા લાગ્યાં. છોકરાએ તે વખત બાપને હસારો કરી પાસે બોલાવ્યો ને કાનમાં કહ્યું કે "ઓ કમબખ્ત! પેલા ગરીબ બ્રાહ્મણનાં રૂપીઆ તને અનામત મુકવા આપેલા તે ખાઇ ગયો તે વખત તારી અક્કલ ક્યાં ગઇ હતી? તેજ બ્રાહ્મણ તે હું છું અને તારે ત્યાં મારું માગતું લેવા જન્મ્યો હતો. હવે તારૂં સઘળું નષ્ટ થવાનું છે. માટે હવે તારે તારાં કર્મનાં ફળ ભોગવવાં પડશે." પછી પેલી વહુને પાસે બોલાવી તેને કહ્યું "હે રંડા! તું ગયે અવતાર આ શેઠને ત્યાં દીકરી હતી અને પૂર્વનાં અઘોર પાપને લીધે તને વૈધવ્ય પ્રાપ્ત થયું હતું તે વખતે તને એક બ્રાહ્મણે રૂપીઆ પાંચસો ગણીને મુકવા આપ્યા હતા અને જ્યારે તે પાછા માંગવા આવ્યો ત્યારે "જાણતી નથી" એવું કહ્યું. કેટલી જુઠી? દુષ્ટ તારો તે અવતાર પુરો થયા પછી તેં હમણાંનો જન્મ ધર્યો. પેલા રૂપીઆ મુકનાર બ્રાહ્મણ તેજ હું અને આ અવતારે આ શેઠને ત્યાં પુત્ર તરીકે

જન્મ્યો મારું વેર તારી પર અને આ શરીર હતું તે હવે પૂરું થયું માટે હવે મરી જઈશ. રડું છું શા માટે? જા તારા પાપી કર્મનો બદલો ભોગવ." હાલ જેઓ વિધવાઓનાં પુનર્લગ્ન કરવાનો પક્ષ પકડી બેઠા છે તે ભાઈઓએ જરા વિચાર કરવાની જરૂર છે કે પૂર્વનાં નબળાં કર્મોને લીધેજ વૈધવ્ય પ્રાપ્ત થાય છે. હાલ પણ તમો નીરિક્ષણ કરશો તો માલુમ પડશે કે સૌભાગ્યવતી સ્ત્રી કરતાં વિધવા ઘણાં પાપ કરે છે. પૂર્વે દુષ્ટ કર્મ કર્યાં હોય તે લોકોની વૃત્તિ તમે તપાસશો તો પાપ કર્મ તરફ દોરાતી દેખાશે, કારણ કે પૂર્વનાં તેમનાં નબળાં કર્મને લીધે સારી મતિ સુઝતી નથી. તેવાજ હાલ વિધવાઓનાં છે. માટે પુનર્લગ્ન કરાવવાં કરતાં તેમને ધર્મને રસ્તે દોરી સારાં કર્મ કરતાં શીખવો અને તેને માટે શાળાઓ સદનો વગેરે સંસ્થા કાઢો; તેમની પાસે આપણા નીતિ ધર્મનાં ગ્રંથો વંચાવો અને તેમાંનાં વાક્યોનું આચરણ શુદ્ધ કરતાં શીખવો કે જેથી તેમનાં દુષ્ટ કર્મોનો કાટ ધોવાઈ જાય બીજે જન્મે વૈધવ્ય દશા પ્રાપ્ત થાય નહીં. શેઠનો દીકરો સારાં કર્મવાળો હતો પણ દુષ્ટ વાસનાને લીધે ફરી જન્મ લેવો પડ્યો હતો, પરંતુ પૂર્વનાં સત્કર્મને લીધે તેને ત્રિકાળ જ્ઞાન થયું હતું એટલે તેનાં છોકરાનાં અંતિમ સમયના શબ્દો ફળવા લાગ્યા. શેઠને વારમાં ધડમાં ધડા—ભડકા ગયો. માલ ભરેલાં વહાણો ડૂબી ગયાં, સમૃદ્ધિનો નાશ થયો, શેઠે દેવાળું કાઢ્યું અને કુતરાનાં હાલે મુઆ. હાલના જમાનામાં દુષ્ટ કર્મો કરવા છતાં તમો જેને સમૃદ્ધિવાન દેખો છો તેના પણ હાલ તેવાજ સમજવા. પરમાત્મા કાંઈ આંધળો નથી, તે તો ન્યાયી છે.

એજ પ્રમાણે કંસ રાજાને પણ પાપે ઘેરેલો હતો. નિર્દોષ સાત બાળકોને મારી નાંખ્યાં તેથી તેનાં પાપનો ઘડો ભરાયો અને તેનો કાળ—આઠમો ગર્ભ રહ્યો. કંસને મળવાને આપણે ઘણો વખત થયાં તલપી રહ્યા છીએ તેજ કૃષ્ણ પરમાત્માએ ત્યાં જન્મ લીધો. માબાપને ચતુર્ભુજ દર્શન આપ્યું. વસુદેવને કહ્યું કે "મને ગોકુળમાં નંદને ત્યાં મુકી આવો, અને નંદની સ્ત્રીને છોકરી જન્મી છે તેને અહીં લઇ આવો." વસુદેવ બોલ્યા કે "મહારાજ દરવાજા બંધ છે, બહાર પહેરેગીરો ચોકી ભર્યા કરે છે અને જમનાજીમાં પાણી હશે એટલે આપણા રસ્તા બંધ છે તે કેવી રીતે લઇ જાઉં?" ભગવાને કહ્યું "ફીકર નહીં, મને લઇને ચાલશો એટલે સઘળા રસ્તા ખુલ્લા થઇ જશે" વસુદેવ તેમને ખભે બેસાડીને નીકળ્યા. બારણાં તેની મેળે ઉઘડી ગયેલાં. પહેરેગીરો ભરનીંદરમાં ઘોરતા સંભળાયા. અને આગળ ચાલ્યા તો જમનાજીનાં પાણીના બે ભાગ થઇ વચ્ચે ખુલ્લો રસ્તો થઇ ગયો!! જસોદાને ત્યાં પહોંચ્યા. ત્યાં પણ બારણાં ઉઘાડાં અને સઘળાં ઉંઘતાં જણાયાં, જસોદાની ગોદમાંથી છોકરી ઉપાડી તેની જગ્યાએ કૃષ્ણ ભગવાનને મુક્યા ને કન્યાને લઇને ચાલ્યા. ને તેને લઇ જઇ દેવકીના ખોળામાં મુકી એટલે દરવાજા બંધ થઇ ગયા. છોકરી રડવા લાગી, તુરત પેલા ઉપરી અમલદારે કંસ રાજાને ખબર આપી. તે સાંભળી તે એકદમ ત્યાં આવ્યો, કેમકે તે જાણતો હતો કે આઠમો ગર્ભ તેનો કાળ નીવડશે. આવીને છોકરીને ઉપાડી શલ્યાપર પછાડવા જાય છે કે તે વીજળીની પેઠે તેના હાથમાંથી છટકીને ઉડવા લાગી અને ઉડતાં ઉડતાં બોલી કે 'અરે દુષ્ટ કં

મારે છે? તારો વેરી તો ગોકુળમાં છે." આ બનાવથી કંશ રાજા ઝંખા પડી ગયા અને ઘેર આવ્યા. પછી કેટલાક મારાઓને ગોકુળ તેનાં વેરીને મારવા મોકલ્યા. કૃષ્ણને મારવાનાં હેતુથી ઘણા છોકરાંઓને તેમની મારફતે મારી નંખાવ્યાં. જેથી તેનાં પાપનાં થોકબંધ ઢગલા થયા. જ્યારે શ્રી કૃષ્ણ અગીઆર વરસની ઉમ્મરનાં થયા ત્યારે ત્યાં આવી તેમણે કંશનો જીવ લીધો. મહાંધના થોકબંધ પાપ એકઠાં થયાં, જેથી તેના પાપનો ઘડો ભરાયો અને આખરે ફુટયો. વસુદેવ દેવકીને બંધનમાંથી મુકત કર્યાં, તથા તેમને દર્શન આપી કૃતાર્થ કર્યાં. નંદ જસોદાને પણ દર્શન આપી જન્મ મરણનાં ફેરામાંથી મુકત કર્યાં. એ કૃષ્ણ પરમાત્મા ગોકુળમાં રહી સોલ હજાર એકસોને આઠ ગોપીઓ સાથે રાસ લીલા રમ્યા હતા. આનો કેટલાક અજ્ઞાન લોકો એવો ઉંધો અર્થ કરે છે કે કૃષ્ણ વ્યભીચારી હતો. પણ કૃષ્ણ લીલાનાં કીર્તનોનાં અર્થ જ્ઞાન માર્ગે કર્યાં છે તે જ્યારે તમો પગથીઆં ઉપર ચઢશો ત્યારે સમજાશે. પગથીઆં બહાર રહી ખોટાં બણગાં ફુકી શું કામ પાપમાં પડો છો ?

હંમેશાં રાસલીલા ચાલતી હતી. પરમાત્મા ગોવાળ પણ બનતા હતા, ગાયો ચારતા હતા; પણ તેમનાં લાડીલા અને પ્રેમ-ભક્તિ કરનારા ભકતો તથા તેત્રીસ કોટી દેવતાઓ તેમને ઓળખતા હતા. એક વખત એવો બનાવ બન્યો કે શ્રી કૃષ્ણ ભગવાન ગાયોનાં ટોળામાં બેઠા હતા, ત્યાં ગોપીઓ ભોજનની થાળો લઇ આવી અને ભગવાનની આગળ મુકી, ભગવાનને આરોગવા વિનંતી કરી, ત્યારે ભગવાને કહ્યું "મને ભુખ લાગી નથી પણ સામે પાર

દુર્વાસા મુની બેઠા છે તે બહુ ભુખ્યા છે, માટે તેમની પાસે જઈ એ થાળો અર્પણ કરો, જેથી હું ઘણો ખુશ થઈશ." તેથી સઘળી ગોપીઓ થાળ લઈ જમના કીનારે ગઈ પણ તેમાં અથાગ પાણી હતાં તેથી ઉતરી શકાય એવું નહોતું. તેમાંથી આઠ મુખ્ય ગોપીઓ પાછી ભગવાન પાસે આવીને પાણીની હકીકત કહેવા લાગી અને ઉતરવું મુશ્કેલ છે એવું જણાવ્યું. ત્યારે ભગવાને કહ્યું કે "જમનાજીને હાથ જોડીને વીનંતી કરો કે શ્રી કૃષ્ણ જો બ્રહ્મચારી હોય તો માર્ગ આપો." ગોપીઓએ સુચના પ્રમાણે પ્રાર્થના કરી કે જેથી જમનાજીનાં પાણીનાં બે ભાગ થઈ ગયા અને વચ્ચે રસ્તો થયો. સઘળી ગોપીઓ ઉતરી ગઈ અને સામે પાર જઈ દુર્વાસા મુનીને પ્રણામ કરીને ભોજનની થાળો તેમની આગળ મુકી આરોગવા વીનંતી કરી. પોતે ભુખ્યા હોવાથી સઘળું આરોગી ગયા.

હજુ તો ઘણા દાખલા છે પરંતુ આ પ્રસંગોનો વીષય બહુ લંબાયો છે અને આપણું એ ઉદ્ધાર કરનાર ભગવાનનાં એકતાર થઈ કીર્તન કરવાનો વખત થયો છે. માટે ટુંકાણમાં પતાવવું એજ ઉત્તમ દેખાય છે. સોળ હજાર એકસો આઠ ગોપીઓ સ્ત્રી નહીં હતી પરંતુ તેઓ તો પ્રેમ ભક્તિની શણગાર સજેલી વૃત્તિઓ હતી, અને તે પ્રેમ ભક્તિનાં ક્રમ પ્રમાણે ગોઠવાયલી હતી. તેથી તેમાની આઠ પટરાણી ગણાતી હતી. ભક્તવત્સલ ભગવાન તે પ્રેમ ભક્તિવાળી વૃત્તિઓમાં એકતાર બની ગયા હતા. તેઓ તો બ્રહ્મચારી હતા. નિરંજન નિરાકારને કાંઈ લેપન હોયજ નહિ. ઓ મારા ભગવાન! તમો ભક્ત વત્સલ છો, સોળ હજાર એકસો આઠ ભક્તો સાથે તમારી

રાસલીલા ગાજી રહી છે અને તેનાં દર્શનનો અમુલ્ય લાભ હમને મળ્યો એજ તમારી પ્રેમ ભક્તિનો પ્રભાવ-એજ જીવન મુક્ત દશા, એજ મોક્ષ.

ભીરાદરો ! ઉપરનાં વીવેચનનું મનન કરી નીચેનાં કીર્તનો ભગવાન સાથે એકતાર થઇ લલકારશો તો ભક્તવત્સલ ભગવાન હાજરા હજુર થશે. તમારાએ ગોપીપદ પણ મુક્યાં તોજ આ અપૂર્વ લાભ લેવા ભાગ્યશાળી થયા છો. માટે હું મારા અજ્ઞાની તેમજ વિદ્વાન આત્મબંધુ ! આ પુસ્તક મનન કરી વાંચજો, અને એમાં સુચવ્યા પ્રમાણે તમારૂં વર્તન રાખજો કે જેથી આ અસાર સંસાર તરી જઇ પરમાત્માને મળી શકશો, અને મોક્ષ મેળવવાને ભાગ્યશાળી થશો.

પગથીઉં છઠ્ઠું

જીવન મુક્ત

કીર્તનો.

કીર્તન—૧. (સાખી)

મોર મુગટ શીરે ધર્યો,
છે કાને કુંડળ સાર;
વાઘા વસ્ત્ર અંગે શોભતા
ગળે એકાવળ હાર.
રાધા રૂક્ષ્માની છે ઢેલડી,
આદ્યરૂપ જગની નાર;
બન્યાં કૃષ્ણ ગોપી ઢેલડા,
સજ્યા શોભિત શણગાર.
મોરલી નાદ બજી રહ્યા,
થયાં છે સૌ એક તાર;
પ્રેમ રસ ઝાકાળી ગયા,
વરસે અમીની ધાર.
રાસ લીલા રંગાભામણી,
શોભાનો છે નહીં પાર;

બની રહ્યાં સુલતાન સૌ,
થઇ રહ્યો થૈ થૈ કાર. ૪
દર્શન આપ તું વીઠલા,
તુટે જનમોનાં તાર;
રાખ તું દાસને હ્રદયમાં,
ઉતાર ઉપાધી બાર. ૫

કીતર્ન-૨ સ્તુતિ. ગાયન.

જ્યાં દેખું ત્યાં તુજને દેખું,
તુંજ પ્રાણ આધાર. જ્યાં
વનમાં દેખું વરણુમાં દેખું,
દેખું સૌ સંસાર. જ્યાં
તુજ વિના કોઇ જગ્યા ન ખાલી,
લીલા અપરંપાર. જ્યાં
ઓ પ્રભુ તું દીનની અરજ પર,
ધ્યાન આપ આ વાર. જ્યાં
તુજ કૃપા વિણ કાંઇએ ન થાએ,
ન તરાય ભવ પાર. જ્યાં
પ્રેમ ભક્તિ દઢ શ્રદ્ધા તું આપ,
માગું એ વારંવાર. જ્યાં
તારી કૃપા જો થાય મુજપર,
ઉતરૂં સમુદ્ર પાર. જ્યાં
દાસ કહે ઓ પ્રભુજી માહારા,
મુક્તિ આપ આ ઠાર. જ્યાં

કીર્તન-૩. રાગ-આશાવરી.

(ક્યાંથી આ સંભળાય મધુર સ્વર)

ગુપ્ત સ્વર ક્યાં સંભળાય,
પ્રભુ આ ગુપ્ત સ્વર ક્યાં સંભળાય. ગુપ્ત
અંતઃકરણ આ નીર્મળ થયું છે,
એની અસરોને બહુ થાય;
જુઓ જુઓ આ નાદ ઘણા ભારે,
દુંદુંભી અવાજેન જણાય. પ્રભુ.
રત્ન જડીત આ આસન ગોબ્યાં,
હીરા મોતી ચોક પુરાય:
નીર્મળ ભકિતનો બાગ ખીલ્યો છે,
ફુવારા પ્રેમ ઉભરાય. પ્રભુ.
દિવ્ય ચક્ષુ જેને પ્રાપ્ત થયાં છે,
અદૃશ્ય વસ્તુ દેખાય;
દાસ વખ વૈરાગનાં પહેર્યાં,
ખરે પ્રભુ દર્શન થાય. પ્રભુ.

કીર્તન ૪ રાગ-આશાવરી

પવીત્ર ભુમી દેખાય,
પ્રભુ આ પવીત્ર ભુમી દેખાય. પવીત્ર.
નંદન વન આ રમણીય દીસે,
શીતળ વાયુ ઘણા વાય;
રંગ બેરંગી ફુવારાઓ છુટે,
આકર્ષણ તેનું ઘણું થાય. પ્રભુ.

સુવર્ણમય આ પ્રદેશ ખીલ્યો,
　　સ્ફાટીક મણીઓ જડાય;
સત્વગુણી આ મહેલ બીરાજે,
　　શાન્ત દષ્ટીથી જોવાય. પ્રભુ.

રત્નજડીત સીંહાસન શોભે,
　　અલૌકીક મૂર્તી જણાય;
દુંદુંભી ઘંટા મૃદંગો વાગે,
　　કરવા દર્શન મન જાય. પ્રભુ.

વૈરાગ વસ્ત્ર પહેર્યાં છે જેણે,
　　અખંડ દર્શન તેને થાય;
અંતઃકર્ણ દાસે શુદ્ધ કર્યું છે,
　　બેટોને તમો જદુરાય. પ્રભુ.

કીર્તન ૫. રાગ-આશાવરી.

જાણ્યા તમારા ઢંગ,
પ્રભુજી જાણ્યા તમારા ઢંગ.
નહીં મળવાનાં એ રંગ. પ્રભુજી.

બે ઇમાની માનો છો હમને,
શું થયા છે હમો પતંગ. ?
ભક્તિ તારી શું દીધી છોડી,
શું બન્યા છે વચન ભંગ.? પ્રભુજી

નાસ્તિક નરોની બાથે પડી,
શું નથી મચાવ્યો જંગ ?

કેમ ભરોસો નથી હમારો,
શું દીધો મુકી તારો સંગ? પ્રભુજી.
ક્યાં હવે, કોની પાસે જાઇએ:
બતાવો મારગ સલંગ;
ઉપાસક હમો છૈએ તારા,
દીધાં સોંપી હમારાં અંગ. પ્રભુજી.
બાંહ્ય પકડી છે તારી પ્રભુ,
ન છોડાવી શકે ભુજંગ;
દાસ હૃદે પ્રભુ આવી વસો,
શોભાવો સેહેજ પલંગ. પ્રભુજી.

કીર્તન-૬. રાગ-આશાવરી.

ભક્તોના તારણહાર.
પ્રભુજી ભક્તોનાં તારણહાર;
માને ભક્તો તને કીરતાર. પ્રભુજી.
ભક્ત વત્સલ છો પ્રીતમ પ્યારા,
કર્યો ભારી ભક્તોનો ઉદ્ધાર;
તાહારી કળા અકળીત ભારી,
નહીં જાણી શકે કોઇ પાર. પ્રભુજી.
મોહ માયામાં ભક્તોને પછાડયા,
જોયા તાવી તાવી તેનાં તાર;
ભક્ત તાહારાને રાખ્યા તેં ઝુઝ્યા,
પણ ડગ્યા નહીં તલભાર. પ્રભુજી.
દીઠી ભોળા પણ જાયે ન ગાંજ્યા,

જાન્હવા મુક્ત તમો કરનાર;
ભક્ત તારક છો પ્રભુજી વ્હાલા,
નહીં કરો ભક્તોને બેજાર. પ્રભુજી.
પડ્યું કષ્ટ પણ પાછા ન હઠ્યા,
ઉતર્યાં આખર ભવપાર;
દાસત્વપણું સ્વીકાર્યું છે દાસે,
રાખો હૃદયે પ્યારા દીલદાર. પ્રભુજી.

કીર્તન—૭. ગરબી.

વહેલા આવોને તમો પ્રાણીઆરે,
પરીતાપ સહન નહીં થાય. વહેલા.

અંતર ઓઝાળ્યાં દઢ ગાદલાંરે,
જાજમ તકીઆ છે પ્રેમનાં માંહ્ય;
મુક્યાં સંતોષ ગાલમશુરીઆંરે,
જય વિજયનો પહેરો છે ત્યાંય. વહેલા.

દુષ્ટ દ્વારપાળોને તજી દીધારે,
પવન વાસનાનો નહીં વાય;
સભા બેઠી છે સત્વ ગુણુનીરે,
ક્યારે પધારે રણુછોડરાય. વહેલા.

દયા ધર્મ સંતોષને પ્રેમજીરે,
નમવા ઉભા છે તમને પાય;
દાસનાં પ્રભુ વહેલા આવજોરે,
પાપ કલેશ દર્શને મીટી જાય. વહેલા.

કીર્તન-૮ રાગ-ઠુમરી.

જા જા રે કાંઈ કહેતો નથી,
ગોકુળીઆનાં સ્વામી રે. જા જારે.
ભક્ત ભિષ્મપિતાને હણાવ્યો,
દયા તમને નહીં આવી રે;
દ્રોણ ગુરૂ જે પુજ્ય બ્રાહ્મણ,
મરાવ્યો યુક્તિ બતાવી રે. જા જારે.
ભસ્માસુર ને કંસને બાળ્યો,
આં થતાં લાજ ન લાગી રે;
અશ્વત્થામાનો મણી કઢાવ્યો,
ઋષાની દાઝ ન જાણી રે. જા જારે.
કૌરવ પાંડવ સરખા સબંધી,
વઢવાડ તેમાં બલાવી રે;
અર્જીબડને હત્યારો બનાવી,
ફેરી પૃથ્વીની કરાવી રે. જા જારે.
એવા પ્રભુ કપટી દીસો છો,
જાણે તને પુરા યોગી રે;
દાસનાં પ્રભુ નહીં બેટા નો,
કાઢીશ પોકળ ધારી રે. જા જારે.

કીર્તન-૯. ઠુમરી.

મન મોહકારી બંસુરી વાગે રે,
પ્યારી પ્રભુ બહુ લાગે રે. મન.
નાદ સુની ચિત્ત આકુલ બન્યાં છે,

તનનું ભાન સૌ ભુલ્યાંરે;
કામ ધંધો સઘળો છોડી દઈને,
પ્રેમ ઘેલાં બની દોડયાંરે. મન.
વાંસની બંસુરીમાં જાદુ ભર્યો છે,
બ્રહ્માન્ડ સૌ મોહ માનેરે;
આકર્ષણ ઘણું થાય છે મનને,
કારણ જ્ઞાનીઓ જાણેરે. મન.
એ બંસીને વશ થયાં છે સઘળાં,
ઝાડ પાન પશુ પ્રાણીરે.
ત્રિગુણી બંસુરીનો સ્વર સુણીને,
લાજ સઘળી મુકાણીરે. મન.
મોરલીનાં ગુણ મહાત્માઓ જાણે.
હોય પૂરા મહા યોગીરે.
દાસ એ મોરલીને વશ બનોતો,
થશો તમો કર્મ ત્યાગીરે. મન.

કીર્તન-૧૦. રાગ-પીલુ.

(ઇસ તન ધનકી કૌન બડાઈ)

ભાળી ભાળી છબી તારી રૂપાળી,
લાગે પ્રીય પ્રભુજી વહાલી. ભાળી.
જોયો સંસાર રમત તોફાની,
પ્રભુ મુકી છે મોહની જાળી;
લાગે પતંગો માફક ફસાતા,
જાય છે અજ્ઞાનતામાં બળી. ભાળી.

જણાયું અજ્ઞાનતાનું અંધારૂં,
મૂઢ ત્યારે પ્રભુ તારી ઝાલી;
મુકી જાય સંસારની નિસાળ
રાત દીવસ રહ્યો છું લાગી   લાગી.
મુકાશ નહીં પગથીઆં પ્યારાં.
રાખો અંતરે પ્રભુ સંભાળી;
મુખારવિંદ તાહારૂં જોયા વિના,
પણ ગુમાવીશ નહીં ખાલી.   લાગી.
લાગોછો પ્રભુજી કામણગારા,
રહયો મોહી મુરત નિહાળી;
રાખો ત્રીકમ દાસને શરણું,
રહો હૃદયે પ્રેમથી માહાલી.   લાગી.

કીર્તન-૧૧ લાવણી.

મારગડા બતલાવો પ્રભુ,
મુઢ તમારી પકડી છે.   મારગડા.
ક્યાં છોડી હવે જશો પ્રભુજી,
શું પ્રીત તને અળખણી છે?
થયો ઘાયલ તારા પ્રેમમાં,
શા રીતે પ્રેમ એ છુટે છે!   મારગડા.
માયા મમતા મુકી દઇને,
ચીત્ત તારામાં પ્રોવાયું છે;
એ ચીત્તને કોણ ફટકાવે,
વારેલો નહીં કો ફિરે છે.   મારગડા.

તાહારી સાથે લગની લગાવી,
ગાઢ મૈત્રી કેમ તૂટે છે!
હૃદયે તાહારી મુર્તી શોભાવી,
તાહાદ કોની ઉઠાવે છે! મારગડો.
તેજ તાહારૂં અંતરે દીઠું,
જ્યોત તેજસ્વિ પ્રકાશે છે;
જોડયાં મોહ દાસે પ્રભુ સાથે,
આનંદ ઉર ઉછાળે છે. મારગડો.

કીર્તન–૧૨. ગરબી.

આવજો આવજો આવજોરે
પ્રભુ વહેલા મઢીએ આવજો. આવજો.
એરે મઢામાં સત્ય સ્થંભ મુકાવ્યો,
ધર્મની ધજા મોકલાવજોરે. પ્રભુ.
પ્રેમ પાણીથી ઇંટ ચુને ચણાવી,
પામરી શ્રદ્ધાની ઓઢાવજોરે. પ્રભુ.
દયાની ગારથી મઢી લીપાવી,
બીછાયત શાન્તિની આપજોરે. પ્રભુ.
સંતોષનાં રંગે મઢી રંગાવી,
બાધાં સત્કર્મનાં લાવજોરે. પ્રભુ.
વીવેકની સઘળી જ્યો જડાવી,
દેવી ભક્તિને નહીં ભુલજોરે. પ્રભુ.
દુર્ગુણી કચરો ઝાહાડી નંખાવ્યો,
સામગ્રી સત્વગુણી લાવજોરે. પ્રભુ.

વૈરાગનાં મંત્ર સૌ સાધ્ય કર્યાં છે,
જ્યોતો મહીમાં પ્રગટાવજોરે. પ્રભુ.
નીર્મળ ચાદરે સ્નેહ બીછાવી,
સત્વરે પ્રભુજી પધારજોરે. પ્રભુ.
ભેટવાને દાસ આતુર બન્યો છે,
જ્યોતમાં જ્યોતને મીલાવજોરે. પ્રભુ.

કીર્તન-૧૩. લાવણી.

લાજ રાખો મારા વ્હાલા પ્રભુજી,
શરમ તમને શું લાગે છે! લાજ
હૃદય પ્રેમરસથી પીગળાવ્યું,
તીક્ષણ બાણ કેમ વાગે છે?
બાંહ્ય પકડી છે તારી પ્રભુજી,
કેમ કરી હવે તે છૂટે છે! લાજ.
અંતરે તારી પ્રીત લગાવી,
કઇ રીતે પ્રીત એ તૂટે છે!
મનડું માન્યું છે તારી સાથે,
જુદાં મન કોણ કરાવે છે! લાજ.
હું. માહારૂં સૌ અર્પણ કર્યું છે,
આળસ તને શીદ આવે છે!
જરૂર મળશો તમને પ્યારા,
અંતર મારૂં કહેવડાવે છે. લાજ.
શરણું પકડ્યું છે તારૂં પ્રભુજી,
ક્યાં સુધી હવે તું રીબાવે છે?

દાસનો પ્રભુ બહુ છે કૃપાળુ,
લાડ ભકતોને લડાવે છે. લાજ.

કીર્તન-૧૪ લાવણી.

પુંઠ પકડી છે તારી પ્રભુજી,
ક્યાં મુકી હવે તું નાસે છે ! પુંઠ.

ભકત તાહારાની દાઝ નથી શું,
કેમ અરે ટળવળાવે છે ?

લગ્ની લાગી છે તાહારી સાથે,
ફાંફાં શીદને મરાવે છે ! પુંઠ.

જો દેખાતી હોય દાસની ખામી,
સુચવતાં શું બીક લાગે છે !

પાલવ પકડયો તાહારો પ્રભુ,
જોઉં શી રીતે છોડાવે છે ? પુંઠ.

તન મન ધન દીધું છે સોંપી,
શું લાજ તને નહીં આવે છે !

હૃદયે પ્રેમનાં તાંતણે બાંધીશ,
કોણ પ્રેમ ગાંઠ તોડાવે છે ? પુંઠ.

ભોળા પ્રેમી ભકતો છે તાહારા,
લાડ તેઓ તને લડાવે છે;

ભકત વત્સલ છે દાસનો પ્રભુ,
આવી ભકતોને હૃદયે રાખે છે. પુંઠ.

કીર્તન-૧૫. લાવણી.

કામણગારો દેખાય છે પ્રભુ,
વશીકરણ આ શું કીધું છે ! કામણગારો.

રાત દીવસ ગુલતાન બનાવી,
ચીત્ત માહારૂં ખેંચી લીધું છે;
શું શક્તિ એવી ભરી તાહારામાં,
વિના રામ બીજું ન સુઝે છે! કામણગારા.
હૃદયમાં તાહારી મુર્તી બિરાજે,
તેજ અપૂર્વ તેનું લાગે છે;
જોઉં પ્રતિબિંબ અંધારાં આવે,
એવું તેજ તારૂં પ્રકાશે છે. કામણગારા.
રહયો જઉં મોહી રૂપ નિહાળી,
ભુખ તરસ નિદ્રા ન આવે છે;
શું ચમક રાગી વીજળી જેવી,
તાર તેનાં બહુ આકર્ષે છે. કામણગારા.
રાસક્રીડા અદભૂત જોઇને,
થન થન હૃદય નચાવે છે;
છોડો નહીં હવે દાસને પ્રભુ,
દર્શન તમારૂં રીઝાવે છે. કામણગારા.

કીર્તન-૧૬. રાગ—ગજલનો.

પ્રભુ તું પત રાખ મારી,
હંમેશાં ભક્તિ કરૂં તારી;
અંતરવેલ વાસનાની કાઈ,
ચીત્ત દેવી ભક્તિમાં પ્રોઈ. પ્રભુ.
કર્મનાં બંધ તો છોડયા,
જંજાળનાં તાર તો તોડયા;

વૈરાગ મંત્ર સાધ્ય તો કીધો,
અમીરસ પ્રેમનો પીધો. પ્રભુ.
પ્રેમરસ લાગે છે મીઠા,
સ્વાદ કોઇ યોગીએ દીઠો,
સંસારની જાળ ઘણી ભારી;
તરવાની કોઇ વખત વારી. પ્રભુ.
બનો પ્રભુ સાથ એક તારી,
આવે નહીં જન્મની વારી;
દાસ બન્ને પ્રભુને પ્યારા,
રાખે નહીં તમને ન્યારા. પ્રભુ.

કીર્તન-૧૭. રાગ-ગજલનો.

પ્રભુ પ્રેમનાં બાણુ તો વાગ્યાં,
અંતરમાં પ્રીય ઘણું લાગ્યાં;
પ્રેમ જોઇ ભાન તો ભૂલ્યો,
સંસારનો તાપ તો ડુબ્યો. પ્રભુ.
દશા જીવન મુક્તની આલી,
આશક્તિ અભિમાન દીધાં ટાળી;
સ્થિતિ દેખાય ભાન ભૂલી,
પ્રભુ સાથ લાગી છે તાલી પ્રભુ.
પ્રભુ તારો પ્રેમ તો જાગ્યો,
આનંદનો પાર નહીં પામ્યો;
હ્રદયમાં તેજ તાહારૂં દીઠું,
સ્વરૂપ તારૂં લાગે છે મીઠું. પ્રભુ.

વર્ણવી ન શકાય રૂપ એવું,
તેમાં એકતાર થઈ રહેવું;
દાસે પ્રભુ અંતરમાં રાખ્યો.
જીવન મુક્ત દ્વાર તો પામ્યો. પ્રભુ

કીર્તન-૧૮ રાગ-હોળી.

કનૈયા ખેલુંગી હોળી પ્રેમ રસકી,
લગાવી ભક્તિ મારગમાં ચટકી. કનૈયા.
ગલાલ ઉડાવું તન મન ધનકી,
કેશર પીચકારી પ્રેમકી;
પ્રીત લગાવો વહાલા અંતરમાં રાખો,
લાગી લગની જશો ક્યાં છટકી! કનૈયા.
કામ ક્રોધ લોભ માયા જાળકી,
છોડ દી બળા સબ તનકી;
અંતર સાફ હુઆ સબ ખડકી,
ભરી મટકી રામ નામકી. કનૈયા.
અબતો હૃદય નિર્મળ હો ગયે પ્યારા,
મનમોહનકી મૂર્તિ અટકી;
દાસે અંતરમાં કનૈયાકુ રખાકે,
ફોડ ડાલી ભવાટવીકી મટકી. કનૈયા.

કીર્તન-૧૯ રાગ-હોળી.

કનૈયા ખેલુંગી હોળી પ્રેમ ભરી,
દીધો ભેખ સંસારનો ઉતારી. કનૈયા.
દુષ્ટ દુર્ગુણો સૌ ત્યાગી દઈને,

અંગે વસ્ત્ર વૈરાગ્યનાં ધારી;
કર્મનાં પોટલાં ફેંકી સૌ દીધાં,
ત્યાગી કર્મ બન્યો સંસ્કારી. કનૈયા.
પ્રેમ પીચકારી ઉડાવોને વહાલા,
બની રહ્યો પ્રભુ એક તારી;
તારી ભક્તિમાં મશગુલ બન્યો છું,
ભાગવશી ફરી કેમ વારી? કનૈયા.
ભક્તજનોને પ્રભુ રાખ્યા તેં શરણે,
એક ભક્તને લોને ઉમેરી;
દાસે પ્રભુપદ મહત્ત્વ કર્યું છે,
કેમ મુરારી હવે વિસારી? કનૈયા.

કીર્તન-૨૦ રાગ—હોળી.

મેં તો રામ નામકી હોળી જમાઈ,
પ્રાણી રામ સાથે લગાઈ. મેં તો.
રામ વિના કોઈ જગ્યા નહીં ખાલી,
સઘળે રામ ધૂન મચાઈ;
પ્રગટ હુવા જબ ફેરે ફેરે રામ,
ગયો મેલ હૃદયનો ધોવાઈ. મેં તો.
પંચ હાટડીમાં દેખાય રામ રામ,
પ્રેમ માંહ રામરસ લેવાય;
ઝાડપાન સઘળે રામ નિશાન,
નથી રહી ખાલી જગ્યા કોઈ. મેં તો.
વ્યાપી રહ્યો છે રામ અંતર માંહી,

રહ્યો આનંદ ઉર ઝવાય;
દાસે પ્રભુજીને હૃદયમાં રાખ્યા છે
રહ્યું ચીત્ત રામમાં પ્રોવાય. મેતો.

કીર્તન—૨૧ ઠુમરી.

મેતો કાનુડાસે પ્રીત લગાઇરે,
રહ્યું ચીત્ત કાનુડામાં પ્રોવાઇરે. મેતો.
તારા પ્રેમરસમાં મસ્તાન બનીને,
ગયું દેહીનું ભાન ભુલાઇરે;
સચરાચર સઘળે વ્યાપી રહ્યો છે,
દેખાય નહીં ઠામ ખાલીરે. મેતો.
ચમક રહી બીજલી બાદલ માંહી,
એવી ચમક તેં ભરી રાખીરે;
અમીરસ તાહારો ઝાખી ગયો છે,
આકર્ષણ થયું તેનું ભારીરે. મેતો.
બન્યા ભક્તિમાં એકતાર તેઓને,
લીધા અંતર પ્રીત લગાડીરે;
દાસે કાનુડા સાથ તાળી મીલાવી,
ક્યાં જશો હવે તરછોડીરે ? મેતો.

કીર્તન—૨૨. ઠુમરી.

મેતો રામસે રંગ લગાયોરે,
ફેરા ભવાટવીકા મીટાયોરે. મેતો.
કૌશલ્યા પેટે જન્મ લીયો હૈ,
દશરથકા તન કહેવાયોરે;

સીતાજી સાથ લગની લગાવી,
એક પત્નિવ્રત ધરાયોરે. મેંતો.
રામા અવતાર ધારણ કરકે,
દુષ્ટ દૈત્યોનો સંહાર કીનોરે;
છોડાવી દેવોને આનંદ આપી,
જન્મ સફળ કર દીયોરે. મેંતો.
રામ રાજ્ય સઘળે વ્યાપી રહ્યું છે,
અયોધ્યામાં આનંદ પાયોરે;
દાસે અંતરમાં રામકુ રખ્યકે,
રામરસ હૃદયમાં જમાયોરે. મેંતો.

કીર્તન-૨૩ ઠુમરી.

કાનુડે મેરા મન હર લીનોરે,
બજાવી મોરલી બાવલ કીનોરે. કાનુડે.
નાદ સુની વ્યાકુળ બન્યો હું
તનનું ભાન સૌ ભૂલ્યોરે;
પ્રેમ ધુનમાં ગુલતાન બનીને,
પ્રભુ સાથ પ્રીત લગાયોરે. કાનુડે.
ષડરસ સઘળા તજી દીધા છે,
રામરસ અંતર પાયોરે;
તન મન ધન સૌ સોંપી દીધું છે,
ભર્યો રામ નામનો વસાણોરે. કાનુડે.
કાનુડાસે એક ચીત્ત લગાયો,
તોડયા ભવ તંબુરાનાં તારોરે,

દાસે કાનુડા સાથ દોરી મીલાવી,
રામ નામકો પતંગ ચગાયોરે. કાનુડે.

કીર્તન-૨૪ રાગ-જનજનેરો.

મને લાગે કાનુડો કાળો,
મારા મન તણો માનેલો. મને.
મારા અંતરનો લાડીલો,
છે મારા તનનો જાણેલો;
વાહાલો પ્રેમનો ભરેલો,
બન્યો હું પ્રેમથી ઘેલો મને.
મેં વેષ યોગનો ધારેલો.
ગુલતાન પ્રેમથી બનેલો;
છે કાનુડો કામણગારો,
વૈરાગ ચીતમાં વસેલો. મને.
છે કાનુડો છેલ છબીલો.
વાગ્યો તેનાં પ્રેમનાં બાણો;
દાસને કાનુડો વહાલો,
તેના રંગ રસમાં માહાલો. મને.

કીર્તન-૨૫ આશાગોડી.

પ્રીત લાગી પ્રાણનાથ તાહારી,
છુટે નહીં હવે પ્રીત માહારી પ્રીત.
છે વહાલી વાંસલડી પ્યારી,
લટકા સહી પ્રેમ કટારી. પ્રીત.

મોહન મૂર્તી અજબ પ્યારી,
વાગ્યાં બાણ મોહનાં ભારી. પ્રીત.
રોમે રોમે લાગી પ્રીત તારી,
તારા ગુણ પર જાઉં વારી. પ્રીત.
તન મન ધન સોંપી કરી,
રહયો રૂપ આપનું ધરી. પ્રીત.
ઘો દર્શન ગીરિવરધારી,
બન્યો નિર્લેપ કર્મ ઉતારી. પ્રીત.
દાસે રાખ્યા છે અંતર હરી,
આપી વચન જશો ક્યાં ફરી ! પ્રીત.

કીર્તન—૨૬ રાગ—ગઝલનો.

પ્રભુ મારા લાગો છો પ્યારા,
ભક્તોનાં લાડ પાડનારા;
કરો નહીં કોડ મારા પુરા,
સંભળાવીશ વેણુ મધુરાં. પ્રભુ.
ચારી ગાયો પેટ તો ભરતો,
પરનારી પાછળ તું ફરતો;
આહીરડાની છાસ તો પીધી,
ઓઢવા ખભે કામળી લીધી. પ્રભુ.
ગોવાળીઆનું કામ તો કીધું;
ગોપીઓનું મહી લુંટી લીધું;
લીધાં વસ્ત્ર ગોપીઓનાં હરી,
આવી નહી શરમ તને જરી. પ્રભુ.

એઠાં બોર સબરીનાં ખાધાં,
પાણી કુંભાર ગોરાનાં પીધાં;
દાસનાં કર કોડ તું પૂરા,
કપટ નહીં બહાર પડે તારાં. પ્રભુ.

કીર્તન. ૨૭ ઠુમરી.

મેરા લટકાળો કહાન આવેરે,
લટકે ચાલ વાંકી ચુકી ચાલેરે. મેરા.
જમના તીરે વહાલો ધેન ચરાવે,
મધુરી શા મોરલી બજાવેરે;
પ્રેમ તાનમાં ગુલતાન બનીને,
પ્રેમ અમીની ધાર વરસાવેરે. મેરા.
દીસે રૂપાળો લાગે કામણગારો,
એવો મોહન બહુ મન ભાવેરે;
કાને કુંડળ માથે મુગટ ધરાવી,
ગળે હાર હીરોનાય સોહાવેરે. મેરા.
અંગે વાગા વસ્ત્ર પીતાંબર પહેરી,
મોહકારી નેણ બાણુ લગાવેરે;
ગોપીઓ સાથે વીરહ રમનારો,
વ્રત બ્રહ્મચારીનું ધરાવેરે. મેરા.
એહવા કહાન સાથે પ્રીત લગાવો,
ફેરા ચોર્યાશીનો તારો મીટાવેરે,
દાસે કહેવા સાથ તાલ જમાવી,
એકતાર થઈ ધૂન મચાવેરે. મેરા.

કીર્તન-૨૮ ઠુમરી.

મેં તો જોડી કહાનસેં દઢ એનારે,
બરસી રહી આનંદની હેલીરે. મેં તો.
કાળી નાગ ઉપર સ્વારી કરીને,
નાથ તેનાં નાકમાં નેં ઘાલીરે;
જમુનાં જળમાંથી ઝેર મીટાવી,
નીરમળ કીધાં તેનાં પાણીરે. મેં તો.
ભસ્માસુરને શીવે કંગન આપ્યું,
મુકતો હતો તેઓને બાળીરે;
રૂપ મોહિનીનું ધારણ કરીને,
બાળ્યો દૈત્યને કંગન મુકીરે. મેં તો.
એવા પરમાત્માને અંતરે રાખીને,
દીધી છે લાજ સઘળી છોડીરે;
દાસ કહાનસેં ગાઢ મૈત્રી બાંધી,
નહીં જાય કોઇ કાળે તોડીરે. મેં તો.

કીર્તન-૨૯. ધનાશ્રી.

મેં તો જોડી રામ સંગાતે જાન,
વહેલા આવોને મહેમાન મેં તો.
કામ ક્રોધ લોભ માયા મોહને,
મુકયાં કાઢી આપી અપમાન. મેં તો.
આશક્તિ અભિમાન ટાળી દીધાં,
દીધાં છોડી તેનાં સ્વસ્થાન. મેં તો.

વાસના જડ મૂળથી કાઢી.
ભાગી પૂર્વ જન્મની ખાણ. મંતો.
ભાગ્યાં અપમાનો દુર્ગુણો ટાળ્યાં.
થયું પ્રભુ ભજવાનું ભાન. મંતો.
દયા પરોપકાર પરમારથ લીધાં,
આપ્યાં ઉત્તમ રહેવા મકાન. મંતો.
નીતિ ધર્મોનાં ગીતો ગવડાવ્યાં,
રચ્યું મચી સત્યગુણ તાન. મંતો.
પ્રેમ સંતોષને હૃદયે ધરાવ્યા.
ત્યારે બની રહ્યા ગુલતાન. મંતો.
દાસ રામનો નિર્ભયો બન્યો છે,
થયો તેજમાં અંતર ધ્યાન. મંતો.

કીર્તન-૩૦. ધનાશ્રી.

મંતો જનકી રામ સંગાતે રે પ્રીત,
રચ્યું પ્રભુમાં પ્રેમાળ ચીત. મંતો.
ભરત શત્રુઘ્ન લક્ષ્મણ ભાઇ,
સોંપ્યું ભરતે રામને નીત. મંતો.
સતી સીતાને સ્વયંવરમાં વરીને,
રાખી તેને અંતઃપુર નીત. મંતો.
ભક્ત હનુમાનને સાથે રાખ્યો છે,
કીધી ભક્તિ જેણે વિપરીત. મંતો.
ગયો હરી રાજન રાવણ સીતાને,
રાખ્યા તે સાથે કઢંગી રીત. મંતો.

શોધ સીતાની હનુમંત લાવ્યો છે,
બાળી લંકાં તોડી તેની બાત. મંતો
શિર અહંકારીનાં નાંખ્યાં છેદી જેણે,
ગાવાં તે રામનાં દાસે ગીત. મંતો.

કીર્તન ૩૧ રાગ—ગજલનો.

રસીઆ મ્હારો લાગે છે કાલો,
ઘણો મને અંતરથી વહાલો. રસીઆ.
રસીઆ જોડે પ્રેમ તો જોડ્યો;
હવે કદી જાય નહીં તોડયો;
રસીઓ મારો દેખાય છે ભોળો,
બન્યો વીદુર પ્રેમથી ઘેહેલો. રસીઆ.
વિદુર પત્નિને પ્રેમથી ભેટયો,
કલેશ તેનાં અંતરનો મેટયો;
બાઇ મીરાંનો હાથ તો ઝાલ્યો,
આનંદે તેનાં મંદીર મહાલ્યો. રસીઆ.
આદ નરસીંનાં બાપનું સાર્યું,
મોસાળું કુંવરબેનનું પુર્યું;
સામળીઆની જાન તો કહાડી,
નરસીં પાસે નહીં હતી કોડી. રસીઆ.
એવા પ્રભુને પ્રેમથી માનો,
તેની સાથે જોડોને તાનો;
દાસને રસીઆ પ્રાણથી પ્યારો,
તેનાથી હવે નહીં રહું ન્યારો. રસીઆ.

કીર્તન—૩૨. રાગ—હોળી.

સામરો કેમ હજુએ ન આયો,
મોહ માયાકો લોભ મીટાયો. સામરો.
મચી રહી ધુન જગ નગરમાં,
પડરસકો રંગ રોળાયો;
અજ્ઞાન કે કાદવ ધુળ ઉડાય,
નહીં દર્શન સામરાકો પાયો. સામરો.
સુદામા સાથ મુલાકાત કરકે,
આપી આનંદ કલેશ ટળાયો;
દ્વારકામાં પ્રભુ બેઠી કરીને,
અખંડીત પ્રેમ ઉભરાયો. સામરો.
મીટાવી અંધેરા હુઆ ઉજીઆળા,
પ્રભુ તેજમાં તેજ મીલાયો;
દાસ કહે પ્રભુ ભકિત કર્યા વિના,
નહીં જાય સમુદ્ર તરાયો. સામરો.

કીર્તન—૩૩. રાગ ભેરવી.

ઓઢી પલંગપે પોઢો મોરે સૈયાં,
કરૂં સેવા અંતરથી કંનયા. ઓઢી.
સત્વગુની જ્ઞાન કે મહેલ બનાયા,
દ્વાર સત્કર્મકા મુકવાયા;
ઈંટ ચુના પ્રેમ રસસેં ચુનાયા,
સંતોષકા સબ લકડ જડવાયા. ઓઢી.
માલીયા શુધ્ધ ભકિતકા બાંધવાયા,

જબ પલંગ શાન્તિકા ધરાયા;
ગાદલાં દઢ વૃત્તિકા પથરાયા,
શ્રદ્ધા ચાદરે સંતોષ ઓઢાયા. ઓઢી.
નીર્મળ સ્નેહે પ્રભુ પધરાવ્યા.
ક્લેશ અંતરકા મીટવાયા;
દાસે હૃદયમાં રામરસ જમાયા,
પ્રભુકે તેજમાં તેજ મીલાયા. ઓઢી.

કીર્તન-૩૮ ગરબી.

પ્રભુ રંગ લાગ્યોરે લાગ્યો.
બાણો તારા પ્રેમનો વાગ્યો. પ્રભુ.
મોહ રંગ મુક્યોરે મુક્યો,
ફેરા ફરી ફરીને થાક્યો;
પાપી બોજ ટાળ્યોરે ટાળ્યો,
જીવનમાં હતો રંગાયો. પ્રભુ.
લોભી કામ ભુંડોરે ભુંડો,
સંભ્યો જેણે નર્કનો ખાડો;
અભિમાની અંધોરે અંધો,
પ્રભુ સાથે છુટ્યા એ બંધો. પ્રભુ.
મુક્યા ક્રોધ દીધોરે દીધો,
પકડ્યો છે મારગ સીધો;
માયા તાર તોડ્યોરે તોડ્યો,
સ્નેહ પ્રભુ સાથેરે જોડ્યો. પ્રભુ.
અભાગીઓ જાગ્યોરે જાગ્યો.

અંતરમાં સૂર્ય પ્રકાશ્યો;
રનેહ દાસે જોડયોરે જોડ્યો,
દેંવો લક્ષ ચોર્યાંશી તોડયો. પ્રભુ.

કીર્તન-૩૫. રાગ-આશાવરી.

(ક્યાંથી આ સંભળાય મધુર સ્વર .)
નહીં રાખો છળભેદ,
પ્રભુજી નહીં રાખો છળ ભેદ.
માને પરીબ્રહ્મ તને વેદ. પ્રભુજી.
ષડ્‌શાસ્ત્રોએ બ્રહ્મ માન્યો તેથી,
ધરાવે ભક્ત જનો નૈવેદ.
વેદ શ્રુતિ ભગવત ગીતાઓ,
મનાયા છો સઘળે અભેદ. પ્રભુજી.
શાસ્ત્ર પુરાણો શ્રવણ કરીને,
ગયો મુકાઇ મનનો ભેદ;
સચરાચર સૌમાં રહ્યા છો વ્યાપી,
ન કરો ભાવી ભક્તોને છેદ. પ્રભુજી.
સેવકો પ્રેમી છઇએ તાહારા,
છે દર્શન કરવા ઉમેદ;
છેહ ન દેશો પ્રભુ પાતળીઆ,
કરી ભક્તિ ઉતાર્યો છે મેદ. પ્રભુજી.
થયું ભાન તત્વજ્ઞાનનું જ્યારે,
ગઇ તુટી અજ્ઞાનતા કેદ;

ચરણ પ્રભુનાં સેવ્યાં જે હાથે,
બન્યું નિર્મળ હૃદય ચોક. પ્રભુજી.

કીર્તન-૩૬. રાગ-આશાવરી.

લાગ્યો મેળી તારો રંગ,
પ્રભુજી લાગ્યો મેળી તારો રંગ.
નહીં ઉડે એવો એ પતંગ. પ્રભુજી.
તારા પ્રેમમાં મસ્ત બન્યો છું,
મારે ઉછાળા હૃદયે ઉમંગ;
પાય પકડયા જે તારા પ્રભુજી,
ન કરીશ હવે આશાભંગ. પ્રભુજી.
તેજ તારૂં અલૌકીક જોઇને,
પહેર્યું પ્રભુ નામનું કંગ;
અહોનીસ તારાં ચર્ણું સેવીને,
મૂક્યો મચાવી ભક્તિનો જંગ. પ્રભુજી.
પાપ રહીત બન્યો છું પ્રીતમ,
રાખો પ્યાર બેસાડો ઉછંગ;
મસ્તક તમને અર્પણ કર્યું,
ન રાખો ભગભેદનાં ઢંગ. પ્રભુજી.
મોહન મારા મનથી છો પ્યારા,
મોને ભક્ત ઉગારી અપંગ;
દાસને પ્રભુ અંતરે શોભાવો,
રાખો જેમ શીરે જટા ગંગ. પ્રભુજી.

કીર્તન-૩૭ રાગ-પીલુ.

(ઇસ તન ધનકી કૌન બડાઇ)

જાગી જાગી ભૂધર જુઓ જાગી,
જાગી જાગી હૃદયે ઉર્મી જાગી. જાગી.
હવે પ્રભુ ભક્તિની લાગી લાગી,
દીધાં કામ ક્રોધ લોભ ત્યાગી;
મોહ માયા અહંકાર અભિમાની,
ગયા ઉડી તે રંગ પતંગી. જાગી.
સંતોષ શાન્તિએ હૃદય શોભાવ્યું,
નાઠી વાસના નાગી અભાગી;
દયા પરમાર્થ પરોપકાર આવ્યાં,
પધાર્યાં દૈવી ભક્તિ ઉમંગી. જાગી.
કર્મ સળગાવ્યા ગયાં ધોવાઈ,
નાઠો ભવ જગથી સોહાગી;
વિવેક વૈરાગ્ય આવીને ઉભાં,
જાગી જ્યોત હૃદયે પ્રીય રંગી. જાગી.
પ્રાણનાથ તારા પ્રેમમાં ઝુમી,
મહેર ચર્ણ સ્પર્શની માગી;
દાસનાં પ્રભુ છો છેલ છબીલા,
કટારી તારા પ્રેમની વાગી. જાગી.

કીર્તન-૩૮ ગરબી.

કોઇએ દીઠો છે કહાન સોહામણો.
કોઇએ દીઠો છે કહાન સોહામણો

રંગે કાળો પણ લાગે પ્રીતે વહાલો,
ગળે હાર સુંદર રળીઆમણોરે. કોઈએ.
કામણગારો વળી આંખે અણીઆળો,
મોર મુગટને પીતાંબર વાળો રે. કોઈએ.
મસ્તકે શિરપેચ ને તોરો રૂપાળો,
કાને હીરા મોતીનાં કુંડળ વાળોરે. કોઈએ.
સહુ ગોપીઓમાં ઘુમી રહ્યો છોગાળો,
તેમાં આઠ પટરાણીને ઘણો વહાલોરે. કોઈએ.
ઓળખ્યો અંતરયામી ભકતોએ છબીલો,
ગોકુળનાં આહીરે માન્યો ગોવાળોરે. કોઈએ.
વિના મહાત્મ્ય મળે એવો નથી ભોળો,
વશીકરણનાં જાદુએ જાણેલોરે. કોઈએ.
આવો ભોળી, ઓઢાવું ભક્તિની શાલો,
મારા અંતરનો પ્રાણ છે એ લાલોરે. કોઈએ.
એ તો ભકતોનાં પ્રેમે બને છે ઘેલો,
સંસાર સાગરથી તારવા વાળોરે. કોઈએ.
દાસને વાગ્યો પ્રભુ પ્રેમનો ભાલો,
તેના પ્રેમ રસમાં તમો મહાલોરે. કોઈએ.

કીર્તન-૩૯. ગરબી.

(મોહ્યું મોહ્યું મોહ્યુંરે મન સુંદર વર જુવમાં)
કામ છે કામ છે કામ છેરે,
પ્રભુ દર્શનનું મારે કામ છે. કામ છે.

ગોતી વળ્યો નગરીમાં તમને,
સહસ્ત્ર ગણું તારું નામ છે રે. પ્રભુ.
ગોકુળ જોયું વૃંદાવન જોયું,
જ્યાં જોઉં ત્યાં પ્રભુ ધામ છે રે. પ્રભુ.
પહાડ પાણી પર્વતો જોયા,
જગે જગ હરીનું નામ છે રે. પ્ર
બાગ બગા ડાળીઓમાં જ્યાં રે,
ખોળવા રહેવા તારું કામ છે રે. પ્રભુ.
જગ્યા ખાલી કોઈ દીસતી નથી,
સચરાચર સર્વે રામ છે રે. પ્રભુ.
પત્તો પ્રભુનો મળતો નથી ને,
પણ મળવા મને હામ છે રે પ્રભુ.
અંતઃકરણ નીર્મળ બને તો,
દેખાશે હૃદયે માહું ધામ છે રે. પ્રભુ.
દાસ પ્રભુને મળવાને દોડ્યો,
જોયા અંતર ઘનશ્યામ છે રે. પ્રભુ.

કીર્તન-૪૦. આરતી.

જય રામા કુંજ ગોપાળા ૨
ઓધારી છે ભક્તિની માળા. જય.
રાજા રાવણ અહંકારી. ૨
કરી યુદ્ધ નાંખ્યો વિદારી. જય.
લંકા સુવર્ણ નગરી. ૨
આપી વિભીષણને તારી. જય.

અમીરસ પાતાળે ચાંપી. ૨
રચ્યા છો બ્રહ્માંડે વ્યાપી. જય.
પાપી કૌરવોને સંહાર્યા. ૨
ભક્ત પાંડવોને ઉગાર્યા. જય.
દૈત હીરણ્યકશ્યપને મારી. ૨
સાધો પ્રહલાદ ઉગારી. જય.
ભસ્માસુર દૈત્યને બાળી. ૨
મોહિની રૂપ રચ્યા ભાળી. જય
માસીજી પૂતનાને મારી. ૨
કુબડી કુબજાને તારી. જય.
માર્યો કંસ મામો જે પાપી. ૨
બંધ માત પીતાનાં કાપી જય.
રચ્યા રાસ ગોપીના ચારી. ૨
ભક્તોએ જાણ્યા બ્રહ્મચારી જય.
પડ્યા છો પારધીનાં બાણે. ૨
પાખંડ ભક્ત જનો જાણે. જય.
રૂપ પરિબ્રહ્મ નિહાળી ૨
બ્રહ્મ બ્રહ્મ રટયો માહાલી. જય.

બોલો શ્રી શંકર પરમાત્માકી જય !
બોલો શ્રી હરનર્મદે માતકી જય !
બોલો શ્રી રામચંદ્ર મહારાજકી જય !
બોલો શ્રી કૃષ્ણ પરમાત્માકી જય !

સંપુર્ણ.

શુધ્ધિપત્ર.

કિર્તનો.

પૃષ્ઠાંક.	કીર્તન.	લીટી.	અશુધ્ધ.	શુધ્ધ.
૧	૩	૨	પર	ઊપર
૧	૩	૨	ટેક મુકી નથી.	ટેકમાં "આવો."
૧	૪	૧૪	વાચે.	વાંચે.
૧	૬	૨	થશે આ આખર ભુલથાપ્યું.	થશે આખરેથી ભુલથાપ્યું.
૧	૫	૫	વરદથા.	વહેવા.
૨	૬	૧૬	શોભા.	શોભા
૨	૮	૧૩	ઉપના.	ઉપજ્યા.
૨	૧૨	૨૦	દરશન.	દરશન.
૨	૧૮	૧૯	કહે.	કે.
૩	૩	૪	ઉગારવા.	ઉગરવા.
૩	૫	૧૪	છોડાવનાર નથી માન	છોડાવનાર નથી કો માન
૩	૬	૨	ટેકમા નમે છે.	ગાવુંપતાં.
,,	૧૦	૩	લંપટ.	લપટ.
૪	૧૭	૧૧	ગાગપતાં.	ગાગીપતાં.
,,	૨૦	૮	મગ.	માગ.
૪	૨	૧૦	ગાગપતાં.	ગાગાપતાં.
,,	,,	૧૧	માથા.	માથાનો.

પત્રાંક.	કીર્તન.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
,,	૫	૩	ટેકમાં અરે છે.	બીજી લીટીએ અરે ટેક.
,,	૬	૨	બચાવા.	બચાવો.
,,	૯	૧૪	કોવરી.	કાંવરી.
,,	૧૧	૧૫	રામક.	રામકે.
૫	૭	૧૦	દમો પ્રેમબાકનો કોઈએ ચાખ્યા.	દમો પ્રેમી બાકતો કોઈએ ચાખ્યા.
,,	૮	૧	મત.	મન.
,,	૯	૬	ઉગાર્યો.	ઉતાર્યાં.
,,	૧૪	૨	સાગ્યે.	સાંથી.
,,	૧૬	૪	ઉઘાડા.	ઉગાડ્યા.
,,	,,	૫	ગોરનું.	ગોરાનું.
,,	,,	૧૩	તયારી.	તૈયારી.
,,	૧૭	૮	કરયા.	કર્યા.
,,	,,	૧૨	નાજ.	બાજ.
,,	,,	૧૭	બ્હાર.	બ્હારે.
,,	,,	૧૮	કરો.	કરું.
,,	૨૫	૧	ટેક સત્યવાદી.	બીજી લીટીએ ટેક સત્યવાદી.
૬	૫	૭	સ્વપ્નાં તારાં	સ્વપ્ના વત.
,,	૬	૧	દીનદયાળ અરજ ધરજો.	દીનદયાળ અરજ ઉર ધરજો.
,,	,,	૪	બોહયા.	બાહેયા.
,,	,,	૧૮	સોહાવજો.	સોહાવજો.

પ્રકરણ.	પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨	૭	૧૭	કામ.	રામ.
,,	૧૪	૭	દીપક.	દીપકો.
,,	૨૨	૯	સ્વપ્નનાં.	સ્વપ્નામાં.
૬	૧૩	૧૩	મળશે.	મળાશે.
,,	૨૨	૭	રામ.	રામા.
,,	૨૪	૯	કામણ ગારો.	કામણ ગારોગો.
,,	૨૬	૨	પાડનાગ.	પાળનાગ.

વિવેચન.

૨	૨૮	૧૪	સંસ્કાર.	સંસાર.
,,	૩૪	૧	કામધંધો.	કામ ધંધો.
,,	૩૯	૮	[illegible]	કાઢી નાખવું.
,,	૪૨	૨૩	અંબેલો.	અંબેલા.
૪	૯૪	૭	મગળે.	મળશે.
,,	,,	૧૩	સાંગળી.	સાંભળી.
,,	૧૦૩	૨	[illegible]	[illegible]
,,	,,	૧૦	ફુલમાં.	ફૂલમાં.
,,	૧૦૭	૧૬	હાથોને	હાથીને.
,,	૧૧૧	૭	મસંદ.	પસંદ.
,,	,,	,,	ઉકેળે.	ઉકળે.
૬	૧૮૧	૧૧	દેવા.	દેવ.
,,	,,	૧૫	} એવા માણસોને પકડી જાય છે.	કાઢી નાખવું.
,,	,,	૧૬		

પગથીઆં.	પાનું.	લીટી.	અશુધ્ધ.	શુધ્ધ.
૪	૧૪૨	૨	વીંટેલો.	વીંટેલે.
,,	૧૪૪	૧૫	કપાલે.	કબીરે.
,,	,,	૨૧	બાલ્યા.	બોલ્યા.
,,	૧૪૭	૩	લાંબા લાગ્યા.	લાંબો લાગ્યો
,,	,,	,,	બોલ્યા.	બોલ્યો.
,,	૧૪૯	૧૫	ભગવાનને.	ભગવાનને.
૫	૧૮૫	૫	દશામાં.	જીવનમુક્ત દશામાં.
,,	૧૯૩	૩	ક.	કઈ.
,,	૧૯૫	૬	પોતાની.	પોતાના.
,,	,,	૧૫	ધરતી કંપોની.	ધરતીકંપો.
,,	,,	૧૮	જેન.	જોયાં.
,,	,,	,,	જેયા.	જોયાં.
,,	૧૯૬		અગત્ય.	અગત્યતા.
૬	૨૩૨	૧૭	વતન	પેરનવ.
,,	૨૪૦	૨	તમોએ	તમોએ
,,	૨૪૨	૮	પશુ	કાઢી નાખવું
,,	,,	૧૩	ભરાસો.	ભરોસો.
,,	૨૪૮	૧૮	બદલા	સઘળાં.

ભજનની.

અક્ષરવાર અનુક્રમણીકા.